છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* *પાના નં.*

- તંત્રી લેખ :
  ચૂંટણી – ૨૦૧૨ : કચ્છના પરિણામો પર એક નજર ........ અશોક મહેતા ....... ૭
- ભુજ ખાતે એક દિવસીય સેમિનાર – "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ"
  નવા ચૂંટાયેલ ગુજરાત રાજ્યના ધારાસભ્યશ્રીઓનું બહુમાન
  કચ્છના સર્વાંગી ઈતિહાસનું વિમોચન ........ ૯
- ઘાસ-ચારા અંગેનો અહેવાલ ........ ૧૧
- આગામી કાર્યક્રમો ........ ૧૨
- કચ્છી બિઝનેસ ડિરેક્ટરી – કચ્છી યલો પેજિસ ........ ૧૩
- કચ્છી મેળો ........ ૧૪
- "મંગલ મંદિર" વિશેષાંક ........ ૧૫
- આપ્તજનની વસમી વિદાય ........ ૧૫

*લેખ વિભાગ :*

**કચ્છ**

- કચ્છનો ભીમ : હરભમ – કચ્છની રસધાર : મણકો-૫ ........ દુલેરાય કારાણી ..... ૧૬
- કચ્છની નોબત - શરણાઈ વાદનની કળા - પરંપરા ........ જોરાવરસિંહ જાદવ ..... ૨૦
- પ્રતિભાવાન વ્યક્તિત્વ : રામસિંહ માલમ ........ હરેશ ધોળકિયા ..... ૨૩
- કચ્છમાં બાળકોની બચત બેન્ક ........ નાગજી પીરાણા ..... ૨૪
- કચ્છમાં લોકશાહીનો પહેલો ધબકાર આધોઈમાં ઝિલાયો! ........ નરેશ અંતાણી ..... ૨૬

**સમાજની ક્ષિતિજો**

- જીભની કોથળીમાં જીવનના ઝેર અને અમૃત ........ દિનેશ પાંચાલ ..... ૨૭
- પ્રભુને પત્ર ........ સંકલન : અક્ષય કંથારીઆ ..... ૨૯

**વિચાર મંથન**

- વૃક્ષ વંદના ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ..... ૩૦
- નિષ્ફળ માણસને કેટલી ગંભીરતાથી લેવો જોઈએ? ........ કૃષ્ણકાંત ઉનડકટ ..... ૩૨

**વિચાર-વિમર્શ**

- સામાજિક સંબંધ અને માનસિક વયનો વિચાર ........ ડૉ. ચંદ્રહાસ ત્રિવેદી ..... ૩૪

**ઇતિહાસ**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૩૫
  પ્રકરણ-૧૩ :
  ★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધાર સ્તંભોની લેખમાળા
  ★ કચ્છથી અનુસ્નાતકની પરીક્ષા આપવા અમદાવાદમાં આવનાર માટે જરૂરી સુવિધા
  ★ કચ્છમાં નર્મદાના પાણી અને કેનાલ બનાવવાની કામગીરી માટે એક સમિતિની રચના કરવામાં આવી – તે વિષયે ઉચ્ચ સ્તરે રજૂઆત, મીટિંગ અને વાર્તાલાપ
  ★ સમાજની વાર્ષિક સામાન્ય સભા, સ્નેહમિલન તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન

**વાર્તા**

- આઘાત - પ્રતિઘાત ........ ડૉ. ઊર્મિલા શાહ ..... ૩૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૮૫૪૬૪૪
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## તંદુરસ્તી

● ઓબ્સેસીવ કમ્પલસીવ ડિસ ઑર્ડર (ઓ.સી.ડી.) ....ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૪૨

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

● ગાંધીજીની અંતિમ પળ – અને પછી............................ સંકલન : શાંતિલાલ સંઘવી..... ૪૫

## સાયન્સ એન્ડ ટેકનોલોજી

● ટેકનોલોજીએ છૂટો મૂકેલો ઘોડો ................................................ દિલીપ ચિંચાલકર..... ૪૮

## માહિતી

● માંસાહારી કરતાં શાકાહારી વધુ બુધ્ધિશાળી ........................................ મેનકા ગાંધી..... ૪૯
● બ્રહ્માંડની સફરે : અંતરિક્ષના ઊંડાણમાં ................................................ મુરજી ગડા..... ૫૧

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું .......................................સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા..... ૫૩

## ફ્લેશ ચેનલ

સંકલન : દિનેશ આર. મહેતા

★ આઈ.કે. ગુજરાલનું નિધન ★ મુખ્યમંત્રીના કાફલાથી ટ્રાફિકમાં ત્રણ મિનિટથી વધુ ...... ૫૪
રૂકાવટ ન થવી જોઈએ ★ ડાયાબિટીસના દર્દીઓ માટે ટ્રેનમાં ખાસ પ્રકારના ભોજનની વ્યવસ્થા
★ પ્રિયંકા ગાંધી અને વૃંદા કરાતે અંગદાન કરવાનું નક્કી કર્યું
★ પી.ટી. ઉષા અને ગોપીચંદ ભારતીય ઓલિમ્પિક સંઘના સલાહકાર
★ ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો – નવા મિલકતદાર પાસેથી જૂના વીજ બિલનાં બાકી નાણાં વસૂલી ન શકાય
★ ચૂંટણી પંચનો નિયમ – મતદાનના ૪૮ કલાક પહેલાં બહારની વ્યક્તિઓએ વિસ્તાર છોડી દેવો પડે
★ ઈન્ટરનેટ પર અમેરિકાના એકહથ્થુ નિયંત્રણો સામે વિરોધ .................................... ૫૫
★ એક્સ્પાયરી ડૅટની દવાઓનાં વિતરણનો મામલો ★ પંડિત રવિશંકરનું અવસાન
★ આપણા દેશમાં રોકડા રૂપિયા કેટલા છે? ★ ટેબ્લેટ 'આકાશ-ટુ'નું વિતરણ વિદ્યાર્થીઓ માટે નહીં
★ ભારતના લેજેન્ડરી હોકી ખેલાડી - ક્લાઉડિયસનું અવસાન

## નિયમિત વિભાગો

● આંજો કાગર........................................................................................................ ૫૬
● અન્ય સંસ્થાઓના સમાચાર ................................................................................... ૫૮
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ................................................................... ૫૯
● જાન્યુઆરી -૨૦૧૩માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી........................................ ૫૯
● સાર સમાચાર ........................................................... સંકલન : શાંતિલાલ સંઘવી..... ૬૦
● શબ્દ રમત-૭૮ ............................................................ સંકલન : રજનીકાંત પારેખ..... ૬૧
● સુડોકુ – ૧૦૩૪ ........................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૬૩
● જાણવા જેવું ............................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૬૫
● વલોવતન ............................................................... સંકલન : દિનેશ આર. મહેતા..... ૬૬
● સમાજ દર્પણ ......................................................................................................... ૬૯
● સંસ્થા સમાચાર ...................................................................................................... ૭૦
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ........................................... ૮૫
● ઉડતી નજરે ........................................................................................................... ૮૮

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# ચૂંટણી – ૨૦૧૨ : કચ્છના પરિણામો પર એક નજર

*– અશોક મહેતા*

'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૧૩નો અંક આપશ્રી સમક્ષ પહોંચશે ત્યારે ૨૦૧૨નું વર્ષ પૂર્ણ થઈને ૨૦૧૩નું વર્ષ શરૂ થઈ ગયેલ હશે. નૂતન વર્ષની આપ સૌને શુભેચ્છા. આવતા વર્ષે આપશ્રીની તંદુરસ્તી જળવાઈ રહે અને દરેક ક્ષેત્રે આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહો તેવી અભિલાષા.

આપણી હિંદુ સંસ્કૃતિ મુજબ સંવત વર્ષનું ચલણ છે. સંવત વર્ષના છેલ્લા દિવસને આપણે દીપોત્સવી તહેવાર તરીકે ઉમંગભેર ઉજવીએ છીએ. કારતક સુદ-૧ થી શરૂ થતા નૂતન વર્ષને હર્ષોલ્લાસથી સ્વીકારીએ છીએ. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી રોજબરોજના વ્યવહારમાં, દુનિયાની સાથે રહેવા આપણે ઈસવીસનના વર્ષને અનુસરીએ છીએ. તેથી બંને પ્રકારના નૂતન વર્ષ આપણા જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગયેલ છે. આપણા જુવાનિયાઓ નાતાલને અને ૩૧મી ડિસેમ્બરને ઉમંગભેર ઉજવે છે.

ઈ.સ. ૨૦૧૨ના વર્ષના અંતિમ દિવસો કચ્છના રાજકારણના કેટલાક મહાનુભાવો માટે ખુશખુશાલ સાબિત થયા. આવતા વર્ષોમાં પ્રજાકીય કાર્યો ખૂબજ સારી રીતે કરી શકશે તેવી પ્રતિભા તેઓશ્રી ઉપસાવી શક્યા છે. વિજેતા ઉમેદવારો શ્રી છબીલદાસભાઈ પટેલ, શ્રી તારાચંદભાઈ છેડા, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી વાસણભાઈ આહીર, શ્રી રમેશભાઈ મહેશ્વરી તથા શ્રી વાઘજીભાઈ પટેલને પોતાના મતદાર ક્ષેત્રમાં બહુમતી પ્રજાજનનો વિશ્વાસ હાંસલ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. તેઓશ્રીની અસલ જવાબદારી હવે શરૂ થાય છે. સમગ્ર કચ્છની પ્રજાના હિત સાચવવામાં, પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવામાં, પ્રજાના પ્રશ્નો હલ કરવામાં તેઓશ્રી કોઈપણ પ્રકારની પાછીપાની નહીં કરે તેવી આપણે તેઓશ્રી પાસેથી આશા અને અપેક્ષા રાખી શકીએ.

અબડાસા વિભાગની વાત કરીએ તો કોંગ્રેસના શ્રી છબીલદાસભાઈ પટેલને ૬૦,૭૦૪ મત મળ્યા છે જ્યારે તેમના હરીફ ઉમેદવાર ભાજપના શ્રી જયંતીભાઈ ભાનુશાળીને ૫૩,૦૯૧ તથા જી.પી.પી.ના ઉમેદવાર શ્રી મહેશોજી સોઢાને ૧૯,૬૩૧ મત મળ્યા છે. શ્રી જયંતીભાઈ ભાનુશાળી તથા શ્રી મહેશોજી રાણાજી સોઢા પર પણ આ રીતે અનેક લોકોએ વિશ્વાસ મૂકેલ છે. તેથી તેઓએ પણ પ્રજાકીય કાર્યો કરવામાં આવતા દિવસોમાં તેટલો જ ઉત્સાહ દાખવવો ખૂબ જ જરૂરી બની રહેશે.

માંડવી - મુંદ્રા વિસ્તારની વાત કરીએ તો અહીં ભાજપના શ્રી તારાચંદભાઈ છેડાને ૬૧,૯૮૪ મત મળેલ છે. જ્યારે હરીફ ઉમેદવાર કોંગ્રેસના શ્રી કિશોરસિંહ પરમારને ૫૩,૪૭૮ તથા જી.પી.પી.ના શ્રી વિજયદાન ગઢવીને ૧૨,૭૨૦ મત મળેલ છે. શ્રી તારાચંદભાઈ છેડાની જેમ શ્રી કિશોરસિંહ પરમાર તથા શ્રી વિજયદાન ગઢવી પર પણ પ્રજાના કેટલાક લોકોએ પૂરેપૂરો વિશ્વાસ મૂકેલ છે. આપણે આશા રાખીએ કે શ્રી કિશોરસિંહ પરમાર તથા શ્રી વિજયદાન ગઢવી પ્રજાના કાર્યો અગાઉની માફક જ પૂરેપૂરી દિલચસ્પીથી કરતા રહેશે.

ભુજ વિસ્તારની વાત કરીએ તો અહીં ભાજપના શ્રીમતી નીમાબેન આચાર્યને ૬૯,૧૯૪ મત મળ્યા છે. જ્યારે તેમના હરીફ ઉમેદવાર કોંગ્રેસના શ્રી આમીરઅલી લોઢિયાને ૬૦,૨૦૧ તથા અપક્ષ ઉમેદવાર શ્રી આર.એચ. હિરાણીને ૧૬,૨૫૪ મત મળ્યા છે. આવતા દિવસોમાં શ્રી આમીરઅલી લોઢિયા તથા શ્રી આર. એચ. હિરાણી પોતાના સેવાકીય કાર્યો તેટલી જ પ્રબળતાથી ચાલુ રાખે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

અંજાર વિસ્તારની વાત કરીએ તો અહીં વિજેતા ઉમેદવાર ભાજપના શ્રી વાસણભાઈ આહીરને ૬૪,૭૮૯ મત, જ્યારે બીજા ક્રમે રહેલા કોંગ્રેસના શ્રી વી.કે. હુંબલને ૬૦,૦૬૧ મત મળેલ છે. શ્રી વી.કે. હુંબલ પર પણ મોટી સંખ્યાના લોકોએ વિશ્વાસ મૂકેલ છે. આપણે આશા રાખીએ કે તેઓ પણ આ વિશ્વાસના આધારે પ્રજાકીય સેવાના કાર્યો કરતા રહેશે.

ગાંધીધામ વિસ્તારની વાત કરીએ તો અહીં વિજેતા ઉમેદવાર ભાજપના શ્રી રમેશભાઈ મહેશ્વરીને ૭૨,૯૮૮ (કચ્છમાં સહુથી વધુ મત) અને દ્વિતીય ક્રમે રહેનાર કોંગ્રેસના ઉમેદવાર શ્રીમતી જયશ્રીબેન ચાવડાને ૫૧,૬૭૫ મત મળેલ છે. જયશ્રીબેનનો સાથી વર્ગ નાનો-સૂનો તો નથી જ. તેથી આવતા દિવસોમાં તેઓ પાસેથી પણ સક્રિય સેવાના કાર્યોની અપેક્ષા રહે છે.

*સીડીની ટોચ પર પહોંચેલો માણસ સીડીના પહેલાં પગથિયાનો ઋણી રહેવો જોઈએ.*

રાપર વિભાગની વાત કરીએ તો અહીં વિજેતા ઉમેદવાર ભાજપના શ્રી વાઘજીભાઈ પટેલને ૫૫,૨૮૦ જ્યારે દ્વિતીય ક્રમે રહેનાર કોંગ્રેસના ઉમેદવાર શ્રી બાબુભાઈ મેઘજી શાહને ૪૬,૦૬૪ મત મળેલ છે. નખશિખ સેવાધારી શ્રી બાબુભાઈએ તો પોતાની જિંદગી પ્રજાની સેવા કાજે સમર્પિત કરી દીધેલ છે. આવતા દિવસોમાં તેઓના સેવાના કાર્યો અવિરતપણે ચાલુ રહેશે તેવી અપેક્ષા રહે જ છે.

અન્ય ઉમેદવારો કે જેઓના નામોનો સમાવેશ ઉપરોક્ત વિગતોમાં થઈ શકેલ નથી તેઓની પણ પ્રજાકીય સેવાના કાર્યો કરવાની જવાબદારી સવિશેષપણે રહે જ છે.

આ બધા જ રાજકીય સેવા ક્ષેત્રના મહાનુભાવો નિઃસ્વાર્થપણે કચ્છની પ્રજાના સેવા કાર્યો કરવાના ચાલુ રાખશે તો કચ્છ હજુ પણ વધુને વધુ પ્રગતિના શિખરો સર કરતું રહેશે અને અહીંની પ્રજા વધુને વધુ આબાદ બનતી રહેશે.

સવિશેષપણે જોઈએ તો ભારતભરના મોટાભાગના રાજકીય ક્ષેત્રના મહાનુભાવોમાં હાલે લાંચ રુશવત, ખાયકી, ગુંડાગીરી વગેરે પ્રકારની અનિચ્છનીય બાબતોનું પ્રમાણ ખૂબ જ વધી જવા પામેલ છે. આઝાદી અને ત્યાર પછીના થોડા વર્ષો સુધીના રાજકીય મહાનુભાવોમાં જે સાદગી, સચ્ચાઈ, પ્રામાણિકતા વગેરેના ગુણો હતા તે ધીરે ધીરે વિસર્જિત થઈ રહ્યા છે. શું કચ્છના રાજકીય ક્ષેત્રના દરેક પક્ષના મહાનુભાવો તથા અપક્ષ મહાનુભાવો આ પ્રકારની બદીથી દૂર રહી પોતાનો પ્રભાવ પાડી શકશે? શું તેઓ વિવિધ દિશાના અનેક પ્રલોભનોને મહાત કરી સચ્ચાઈના રાહે ચાલી શકશે? આપણે આશા રાખીએ કે તેઓએ પણ કચ્છડાનું જ પાણી પીધેલ હોવાથી, તેઓ સચ્ચાઈનો ચીલો ક્યારેય પણ ચાતરશે નહીં. આપણે તેઓ પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકીએ કે તેઓ કોઈ પણ પરિસ્થિતિમાં કચ્છડાના પાણીને લજાવશે નહીં.

તાજેતરની ચૂંટણીમાં વિજેતા જાહેર થયેલા હોય કે નહીં, પરંતુ રાજકીય ક્ષેત્રના બધા જ મહાનુભાવોને અપીલ છે કે કચ્છને વધુ આબાદી તરફ દોરી જવા તેઓ નીચેના મુદ્દાઓ પરત્વે અગ્રીમતાના ધોરણે પોતાનું લક્ષ કેન્દ્રિત કરે જેથી કચ્છની સામાન્ય જનતા વધુને વધુ આબાદ બની શકે.

- ➢ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી શક્ય ત્વરાએ કચ્છના ખેતરોમાં પહોંચે.
- ➢ નર્મદા નદીના વધારાના પાણીથી કચ્છના ડેમો છલકાઈ જાય અને આ પાણીથી ચોમાસું તથા શિયાળુ પાક લઈ શકાય.
- ➢ નર્મદા નદીના પીવાના પાણી જોઈએ તેટલા પ્રમાણમાં કચ્છના બધા જ ગામોમાં નિયમિતપણે પહોંચે.
- ➢ કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગો માટે જરૂરી ક્ષમતાના ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થપાય.
- ➢ ચોમાસમાં ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં જ સમાવાય તેવી વ્યવસ્થા ગામેગામ ઊભી કરવા વ્યવસ્થા ગોઠવાય.
- ➢ કચ્છમાં મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરી તેને ઉછેરવાની પણ વ્યવસ્થા કરાય.
- ➢ ખેતી માટે ખેડૂતોને વિના વિલંબે જરૂરિયાતના પ્રમાણમાં વીજળી મળતી રહે.
- ➢ કચ્છના મહેસૂલી પ્રશ્નો શક્ય ત્વરાએ સુલજાવાય.
- ➢ કચ્છમાં બાકી રહેતી માળખાકીય સવલતોનો શક્ય ત્વરાએ વિકાસ થાય.
- ➢ માંડવી બંદરના જહાજીવાડાને વિકસાવી તેને અદ્યતન બનાવાય.
- ➢ કચ્છના ઉત્તર અને પશ્ચિમ વિભાગમાં પણ ઉદ્યોગો વિકસાવાય.
- ➢ ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ તેની નિર્ધારિત ક્ષમતાએ કાર્યરત બને.

દરેક પક્ષ, દરેક પ્રશ્ન માટે પોતાની એકેક અલાયદી સમિતિ બનાવી તેઓને આ લક્ષ્યાંક સિધ્ધ કરવા જવાબદાર ઠેરવે, તો એ દિવસો દૂર નહીં હોય કે જ્યારે આ લક્ષ્યાંકો પાર પાડી શકાય.

**જરૂરિયાત છે માત્ર ઈચ્છા શક્તિની – કચ્છ પ્રત્યેની ચાહતની!**

**સમગ્ર કચ્છમાં એક માન્યતા પ્રવર્તી રહેલ હતી કે શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી વાસણભાઈ આહીર અને શ્રીમતી નીમાબેન આચાર્ય – એમ ત્રણમાંથી કોઈ એક કે બે વ્યક્તિનો સમાવેશ પ્રધાન મંડળમાં કરવામાં આવશે.**

**તા. ૨૬-૧૨-૨૦૧૨ના શપથ સમારોહમાં કચ્છને બિલકુલ પ્રતિનિધિત્વ આપવામાં આવેલ નથી. જેથી કચ્છીઓમાં નિરાશા ફેલાવા પામી છે.**

**પ્રધાન મંડળના વિસ્તરણ પર આગાળની આશા મંડાયેલ છે.**

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# ભુજ ખાતે એક દિવસીય સેમિનાર – "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ"

## નવા ચૂંટાયેલ ગુજરાત રાજ્યના ધારાસભ્યશ્રીઓનું બહુમાન

## કચ્છના સર્વાંગી ઇતિહાસનું વિમોચન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તેના ૧૦મા મુખ્ય કાર્યક્રમ તરીકે રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના રોજ ભુજ ખાતે એક દિવસીય સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ છે. સેમિનારનો વિષય "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ" રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમ ભુજના આર.ટી.ઓ. સર્કલ પાસે શ્રી વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળ - ભુજના વિવિધલક્ષી સંકુલ ખાતે સવારમાં ૯.૦૦થી સાંજના ૬.૦૦ દરમ્યાન યોજવામાં આવેલ છે.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહના સમયે **ગુજરાત રાજ્ય વિધાનસભાની તાજેતરની ચૂંટણીમાં ચુંટાયેલ બધા જ ધારાસભ્યશ્રીઓનું બહુમાન કરવામાં આવશે.**

સાથે સાથે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા લખાવાયેલ **કચ્છના સર્વાંગી ઇતિહાસનું વિમોચન જાણીતા ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એંકરવાલાના વરદ્ હસ્તે કરવામાં આવશે.**

*ઉદ્‌ઘાટન સમારોહની વિગત નીચે મુજબ છે. (સવારમાં ૯.૩૦થી ૧૧.૩૦)*

| | | | | |
|---|---|---|---|---|
| ★ | **સમારંભ અધ્યક્ષ** | : | શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી | ઉદ્યોગપતિશ્રી, મુંબઈ |
| ★ | **કચ્છના સર્વાંગ ઇતિહાસનું વિમોચન** | : | શ્રી દામજીભાઈ એંકરવાલા | ઉદ્યોગપતિશ્રી, મુંબઈ |
| ★ | **ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓનું બહુમાન** | : | શ્રી છબીલદાસભાઈ પટેલ | અબડાસા વિભાગ |
| | | | શ્રી તારાચંદભાઈ છેડા | માંડવી વિભાગ |
| | | | શ્રીમતી નીમાબેન આચાર્ય | ભુજ વિભાગ |
| | | | શ્રી વાસણભાઈ આહીર | અંજાર વિભાગ |
| | | | શ્રી રમેશભાઈ મહેશ્વરી | ગાંધીધામ વિભાગ |
| | | | શ્રી વાઘજીભાઈ પટેલ | રાપર વિભાગ |
| ★ | **મુખ્ય મહેમાનશ્રીઓ** | : | શ્રીમતી પૂનમબેન જાટ | સાંસદ, કચ્છ વિભાગ |
| | | | શ્રી સુરેશચંદ્ર મહેતા | ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય |
| | | | શ્રી પુષ્પદાનભાઈ ગઢવી | ભૂતપૂર્વ સાંસદ |
| | | | શ્રી મૂકેશભાઈ ઝવેરી | ડાયરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. |
| | | | શ્રી જયંતીભાઈ ભાનુશાળી | પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી |
| | | | શ્રી વી. કે. હુંબલ | પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | | | શ્રી બાબુભાઈ મેઘજી શાહ | ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી - રાપર વિભાગ |
| ★ | **અતિથિ વિશેષશ્રીઓ** | : | શ્રી મહેશોજી રાણાજી સોઢા | નલિયા |
| | | | શ્રી વિજયભાઈ ગઢવી | માંડવી |
| | | | શ્રી કિશોરસિંહ રાજેન્દ્રસિંહ પરમાર | મુંદ્રા |
| | | | શ્રી આમીરઅલી લોઢિયા | ભુજ |
| | | | શ્રી આર. એચ. હીરાણી | ભુજ |
| | | | શ્રી અરુણભાઈ વચ્છરાજાની | ભુજ |
| | | | શ્રી માવજીભાઈ જાટીયા | અંજાર |
| | | | શ્રીમતી જયશ્રીબેન અજીતભાઈ ચાવડા | ગાંધીધામ |
| | | | શ્રી પ્રેમકુમાર ડાંગરે | ગાંધીધામ |

## સેમિનારની વિગત નીચે મુજબ છે :

### સેમિનાર સેશન-૧ (સવારે ૧૧.૩૦ થી બપોરે ૧.૩૦)

**સેશન કન્વીનર : શ્રી એસ. જગદીશન,** આઈ.એ.એસ., મેનેજિંગ ડાયરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. - ગાંધીનગર

*વક્તવ્યો :*

- કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી — શ્રી એસ. જગદીશન, આઈ.એ.એસ. એમ.ડી., સરદાર સરોવર નર્મદા નિગમ લિ. - ગાંધીનગર
- કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી — શ્રી ડી.કે. પટેલ સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, કચ્છ સિંચાઈ વર્તુળ - ભુજ
- ઔદ્યોગિક વિકાસ સાથે ઊભી થયેલી પાણીની માંગને કઈ રીતે પહોંચી શકાય? — શ્રી યોગેશ જાડેજા — એરીડ કોમ્યુનિકેશન
- નદીઓ આધારિત જળસંચય વ્યવસ્થાપન — શ્રી માવજીભાઈ બારૈયા, ડાયરેક્ટર - વી.આર.ટી.આઈ.

### સેમિનાર સેશન-૨ (બપોરના ૨.૧૫ થી ૩.૪૫)

સેમિનાર સેશન-૨ (બપોરના ૨.૧૫થી ૩.૪૫)

**સેશન કન્વીનર : શ્રી મધુભાઈ માંકડ** - પ્રગતિશીલ ખેડૂત તથા સામાજિક કાર્યકર

*વક્તવ્યો :*

- ખેતી, પશુપાલન તથા બાગાયતી પાકો — શ્રી મનોજભાઈ સોલંકી - પ્રગતિશીલ ખેડૂત
- કચ્છમાં આરોગ્યની સુવિધાઓ — શ્રી લીલાધરભાઈ ગડા - સામાજિક કાર્યકર
- મહેસૂલ બાબતે બાકી રહેતી સમસ્યાઓ — શ્રી શશીકાંતભાઈ ઠક્કર, નિવૃત્ત જી.એ.એસ.-૧, એડવોકેટ તથા કટારલેખક

### સેમિનાર સેશન-૩ (બપોરના ૪.૦૦ થી ૫.૩૦)

**સેશન કન્વીનર : શ્રી વિદ્યુતભાઈ બુચ,** ભૂતપૂર્વ પ્રમુખશ્રી, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ

*વક્તવ્યો :*

- માળખાકીય સવલતોમાં ખૂટતી કડીઓ — શ્રી નિમેષભાઈ ફડકે, એમ.ડી., ફોકિઆ
- ગૃહઉદ્યોગ, લઘુ ઉદ્યોગ તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે ઉદ્‌ભવતી નવી તકો — શ્રી અનિલભાઈ જૈન વાઈસ પ્રેસિડેન્ટ, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ
- હોટલ અને પ્રવાસન ઉદ્યોગ — શ્રી લાલ રાંભિયા - સામાજિક કાર્યકર

### કન્ક્લુડિંગ સેશન (સાંજે ૫.૩૦ થી ૫.૫૦)

કન્ક્લુઝન : ડૉ. તુષારભાઈ હાથી - કચ્છ યુનિવર્સિટી

★ ★ ★

## કચ્છનો સર્વાંગી ઇતિહાસ

કચ્છનો સર્વાંગી ઇતિહાસ બે ભાગમાં તૈયાર કરવામાં આવેલ છે. તેના પ્રકાશનની જવાબદારી ગૂર્જર પરિવારના શ્રી મનુભાઈ શાહે નિભાવેલ છે. અંદાજિત ૫૫૦ પાનાના ઇતિહાસને લખાવીને તૈયાર કરવામાં ત્રણ વર્ષથી પણ વધુ સમય લાગેલ છે. આશરે ત્રીસ જેટલા લેખકશ્રીઓએ પોતાના વિભાગના જરૂરી સંશોધન કરી સમાજ સમક્ષ ઇતિહાસની વિગતો રજૂ કરી છે. આ લેખકશ્રીઓની મહેનતને તેમજ પરામર્શ સમિતિ તથા સંપાદન સમિતિને ધન્યવાદ આપવા ઘટે. ઈ.સ. શરૂ થયાના ૫,૦૦૦ વર્ષ અગાઉથી આજ દિન સુધીની માહિતી કચ્છના આ ઇતિહાસમાં સાંકળી લેવામાં આવેલ છે. કચ્છના ઇતિહાસનો સવાલ છે ત્યાં લગી આ પ્રકારનો આ પ્રથમ પ્રયાસ છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે આ જવાબદારી નિભાવી તે બદલ તેને ખૂબ ખૂબ ધન્યવાદ. કચ્છના દરેક વાંચનપ્રિય નાગરિકે પોતાના ઘરની લાઈબ્રેરીમાં આ ઇતિહાસના બંને ભાગ વસાવવા લાયક છે.

કચ્છના સર્વાંગી ઇતિહાસનું વિમોચન રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના સવારમાં ૯.૩૦થી ૧૧.૩૦ દરમ્યાન ભુજ ખાતે જાણીતા ઉદ્યોગપતિશ્રી દામજીભાઈ એંકરવાલાના વરદ્‌ હસ્તે રાખવામાં આવેલ છે. ■

# ઘાસ-ચારા અંગેનો અહેવાલ

## કચ્છની ઘાસ-ચારાની જરૂરિયાત કચ્છ જ પૂરી પાડી શકે તેમ છે

## ૧૭,૦૦૦ એકરમાં ઘાસ-ચારો ઉગાડવા પ્રતિ એકરે રૂા. ૫૦૦/-ની પ્રોત્સાહન યોજના

વિષમ વર્ષમાં કચ્છમાં ઘાસ-ચારો ઉગાડવાની યોજના મક્કમ ગતિએ આગળ વધી રહી છે. પિયત વિસ્તારની ખેતીવાળા ખેડૂતોને આવતા ૯ મહિનામાં મકાઈ, જુવાર, બાજરો, રંજકો કે ગાજર ઉગાડવા સમજાવવામાં આવી રહ્યા છે. આ યોજનાના અમલીકરણ માટે મુંદ્રા, માંડવી તથા ભુજ તાલુકાના અનેક ખેડૂતો સાથે મીટિંગ યોજાઈ ગયેલ છે અને તે પ્રમાણે વાવણીની પણ શરૂઆત થઈ ગયેલ છે. અન્ય તાલુકાઓના આયોજનોની પણ શરૂઆત કરી દેવામાં આવી છે.

***યોજનાની જાણકારી માટે અથવા તો યોજનામાં સહાયરૂપ થવા નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધી શકાશે.***

- શ્રી મહેન્દ્રભાઈ ગઢવી — ભુજપુર — ૯૯૨૫૧ ૩૩૯૭૯
- શ્રી સોહિતભાઈ દેઢિયા — ગઢશીશા — ૯૮૨૫૭ ૩૭૦૮૮
- શ્રી મનોજભાઈ સોલંકી — માધાપર — ૯૮૨૫૪ ૨૮૧૦૦
- શ્રી ભરતભાઈ સેંદરવા — ભુજ — ૯૯૦૪૮ ૩૧૫૧૪
- શ્રી નવીનભાઈ મહેતા — મુંદ્રા — ૯૮૨૫૧ ૫૦૬૯૧
- શ્રી વસનજીભાઈ સોની — મુંબઈ — ૦૯૯૧૩૯ ૫૩૮૫૬, ૦૯૯૨૦૨ ૯૮૭૨૬
- શ્રી અશોક મહેતા — અમદાવાદ — ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૪૨૮૦ ૪૦૨૬૧


शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

WORK IS WORSHIP

**MA OM PARIVAHAN (P) LTD.**

WORK IS WORSHIP

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

***SPECIALIST IN HANDLING OF***

- 20' / 40' / 45' EX-IM Containers
- ODC, Heavy Machinery Packages – Shifting - Storage.
- General / Project Cargo Handling – Transportation
  Loading - Unloading - Warehousing.

**HEAD OFFICE**

A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East),
Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394
E-mail : maom@vsnl.net • somchand@maom.net

**Open & Closed Warehousing Facilities**
**at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

# આગામી કાર્યક્રમો

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • શનિવાર, તા. ૪-૧-૨૦૧૩ રાત્રિથી બુધવાર, તા. ૯-૧-૨૦૧૩ રાત્રિ | "કચ્છ દર્શન" – બસ દ્વારા (અમદાવાદ - કચ્છ - અમદાવાદ) પાંચ દિવસનો પ્રવાસ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | અમદાવાદ - ધોળાવીરા - ભુજ. ભુજ ખાતે ૬-૧-૧૩નું સંમેલન. કાળો ડુંગર, કચ્છનું રણ, ભુજ ખાતે સાઈટ સીઈંગ, માંડવી બીચ, વિજય વિલાસ પેલેસ, અદાણી પોર્ટથી અમદાવાદ. |
| • રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ સવારે ૧૦.૦૦થી સાંજના ૫.૦૦ | વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળ વિવિધલક્ષી સંકુલ, આર.ટી.ઓ. સર્કલ પાસે, ભુજ, કચ્છ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સુવર્ણ જયંતી વર્ષનો ૧૦મો મુખ્ય કાર્યક્રમ. | "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ" વિષય પર એક દિવસીય સેમિનાર તેમજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદના નેજા હેઠળ તૈયાર થયેલ કચ્છના સર્વાંગ ઈતિહાસનું વિમોચન તથા નવ નિર્વાચિત ધારાસભ્યશ્રીઓનું બહુમાન. |
| • રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ સવારમાં ૯.૩૦થી ૧૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સામૂહિક શ્રદ્ધાંજલિ સભા. વર્ષ ૨૦૧૨ના સમાજ પરિવારના સદ્‌ગત આપ્તજનોની સ્મરણાંજલિ નિમિત્તે. |
| • શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ સવારમાં ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન. |
| • શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ સાંજે ૬.૩૦ (વયસ્કો માટે) રાત્રે ૮.૦૦ (સમાજના દરેક પરિવારજનો માટે) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | વયસ્ક સમિતિ દ્વારા આયોજિત | 'ડાયરા'નો કાર્યક્રમ. |
| • રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૩ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી પિકનિક સાઈટ | યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત | એક દિવસનો પિકનિકનો કાર્યક્રમ. |
| • મંગળવાર, તા. ૧૨-૨-૨૦૧૩ | સિનેમા ગૃહ | વયસ્ક સમિતિ દ્વારા આયોજિત | વયસ્કો તથા સભ્યો માટે જૂની સામાજિક ફિલ્મ જોવાનો કાર્યક્રમ. |
| • શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ દરરોજ સવારના ૧૦.૦૦થી રાત્રિના ૧૦.૦૦ સુધી | સંસ્કાર કેન્દ્ર, પાલડી, અમદાવાદ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સુવર્ણ જયંતી વર્ષનો ૧૧મો મુખ્ય કાર્યક્રમ. | કચ્છી મેળો. |
| • રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ સવારના ૯.૦૦થી બપોરના ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા આયોજિત | 'હું અને મારું સજ્જ કુટુંબ' વિષય પર પરિસંવાદ – દરેક કુટુંબ માટે. (નંદક પંડ્યા દ્વારા) |

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# અમદાવાદ સ્થિત કચ્છીઓની
# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - કચ્છી યલો પેજિસ

કચ્છી યલો પેજિસ ડિરેક્ટરીનું કામ યોગ્ય રીતે ચાલી રહ્યું છે. જે કચ્છી પેઢીઓના ફોર્મ અમને પ્રાપ્ત થયેલ છે એ ફોર્મની વિગતો ચકાસીને, જરૂર પડે તો જે તે વ્યક્તિ પાસેથી ફોન દ્વારા જરૂરી વિગતો મેળવીને તેની વિગતો પૂર્ણ કરવામાં આવી રહી છે. ત્યારબાદ તે સંબંધી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજના પરિવારોના તથા અન્ય કચ્છી ઘટક સમાજના પરિવારોને વિનંતી કે તેઓ પોતાના ફોર્મ ભરીને તાત્કાલિક નીચેના સરનામે મોકલાવી આપે.**

**શ્રી કચ્છી યલો પેજિસ સમિતિ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ઉપરોક્ત ફોર્મ તા. ૨૫-૧-૨૦૧૩ સુધીમાં અમને પ્રાપ્ત થઈ શકે તે રીતે મોકલાવી આપવા અત્રેથી અપીલ કરવામાં આવે છે.

કચ્છી યલો પેજિસ ડિરેક્ટરી દરેક કચ્છી વ્યાપારી ગૃહના ટેબલ પર તેમજ પરિવારજનો પાસે આવતા પાંચ વર્ષ સુધી તો જરૂર રહેવાની જ છે. તેમાં આપેલ જાહેરાત દરેક વ્યક્તિને ખૂબજ ઉપયોગી સાબિત થઈ શકશે. આપશ્રી પણ આપના વ્યવસાયની જાહેરાત તાત્કાલિક મોકલાવી આપશો તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

***"કચ્છી યલો પેજિસ – કચ્છી બિઝનેસ ડિરેક્ટરી"માં આપવાની જાહેરાતના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.***

| | | |
|---|---|---|
| ● કવર પેઈજ - ૨ | રૂા. ૪૦,૦૦૦/- | અપાઈ ગયેલ છે |
| ● કવર પેઈજ - ૩ | રૂા. ૩૦,૦૦૦/- | |
| ● કવર પેઈજ - ૪ | રૂા. ૫૦,૦૦૦/- | અપાઈ ગયેલ છે |
| ● કવર પેજ-૨ની સામેનું પાનું (મલ્ટી કલર) | રૂા. ૩૦,૦૦૦/- | અપાઈ ગયેલ છે |
| ● કવર પેજ-૩ની સામેનું પાનું (મલ્ટી કલર) | રૂા. ૨૦,૦૦૦/- | |

| મલ્ટી કલર | |
|---|---|
| ● અંદર આખું પાનું | રૂા. ૧૫,૦૦૦/- |
| ● અંદર અડધું પાનું | રૂા. ૮,૦૦૦/- |
| ● અંદર ક્વાર્ટર પાનું | રૂા. ૫,૦૦૦/- |

| બ્લેક એન્ડ વ્હાઈટ | |
|---|---|
| ● અંદર આખું પાનું | રૂા. ૧૦,૦૦૦/- |
| ● અંદર અડધું પાનું | રૂા. ૬,૦૦૦/- |
| ● અંદર ક્વાર્ટર પાનું | રૂા. ૩,૫૦૦/- |
| ● અંદર ૧" સાઈઝ બોટમ પટ્ટી | રૂા. ૧,૦૦૦/- |

**મનુભાઈ શાહ**
**કન્વીનર - કચ્છી યલો પેજિસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

Aristo™ STAINLESS STEEL
**Mfgrs. of Aristo Brand Stainless Steel Utensils**
**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# કચ્છી મેળો

### સંસ્કાર કેન્દ્ર - પાલડી

### શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો ૧૧મો મુખ્ય કાર્યક્રમ એટલે શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન સવારમાં ૧૦.૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦.૦૦ વાગ્યા સુધી સંસ્કાર કેન્દ્ર - પાલડી, અમદાવાદ ખાતે યોજવામાં આવનાર "કચ્છી મેળો."

આ મેળો મુખ્યત્વે ત્રણ વિભાગમાં આયોજિત કરવામાં આવનાર છે. (૧) કચ્છી હેન્ડિક્રાફ્ટ્સ વગેરે આઈટમોના સ્ટોલ્સ, (૨) કચ્છી સંગીત, કચ્છના વાજિંત્રો સાથે કચ્છી કલાકારોની પ્રસ્તુતિ અને (૩) કચ્છી ફૂડ ફેસ્ટિવલ.

કચ્છી મેળાની તૈયારી સ્વરૂપે તાજેતરમાં જ "કચ્છી મેળા" સમિતિના કન્વીનર શ્રી કે.આર. શાહ તથા સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ ત્રણ દિવસ માટે કચ્છમાં ભુજ, માંડવી, નિરોણા, લોડાઈ, વગેરે સ્થળે જઈને વિવિધ વિભાગના કારીગરોને મળી આવ્યા અને તેમની સાથે આ મેળામાં સ્ટોલ્સ રાખવા બાબતે ચર્ચા કરી આવેલ છે. પરિણામ સ્વરૂપે કચ્છી બાટિક, કચ્છી ભરતકામ, કચ્છી હેન્ડિક્રાફ્ટ્સ, કચ્છી મડ વર્ક, સૂડી, ચપ્પુ વગેરે અનેક પ્રકારના સ્ટોલ્સ આ મેળામાં ઊભા કરવામાં આવનાર છે. આઈટમો બનાવવાનું ડેમોન્સ્ટ્રેશન અને તૈયાર માલનું સેલ આ મેળામાં કરવામાં આવશે.

"કચ્છી મેળા"ના દિવસો દરમ્યાન કચ્છી કલાકારો દ્વારા કચ્છી વાજિંત્રો સાથે કચ્છી ગીતો અને અનેક કચ્છી રચનાઓ રજૂ કરવામાં આવશે. કચ્છી સંગીતનો કાર્યક્રમ સામાન્ય રીતે દરરોજ સાંજના ભાગે રાખવામાં આવશે.

કચ્છી ફૂડ ફેસ્ટિવલમાં કચ્છી વાનગીઓના સ્ટોલ્સ રાખવામાં આવનાર છે. એક તરફ બાજરાના રોટલા, ખીચડી, કઢી વગેરે જમવાની આઈટમો હશે, જ્યારે અન્ય તરફ પેંડા, સાટા, મેસૂક, ગુલાબપાક, પકવાન, ખાખરા, અથાણા (કેરા અને બીજારો), દાબેલી વગેરે સ્ટોલ્સ પણ હશે.

અમદાવાદમાં આ મેળાનો યોગ્ય સમયે પ્રચાર થવાના કારણે હજારોની સંખ્યામાં લોકો આ મેળામાં ઉમટશે તેવી શક્યતા છે.

મેળાના સમય દરમ્યાન ઉપસ્થિત રહેવા અનેક મહાનુભાવોને પણ આમંત્રિત કરવામાં આવી રહ્યા છે.

જેઓ ઉપરોક્ત આઈટમોના સ્ટોલ્સ રાખવા માંગતા હોય તેઓને તેમજ મેળામાં પોતાની પેઢીની જાહેરાતના બેનર્સ મૂકવાની ઈચ્છા ધરાવનારે શ્રી કચ્છી જૈન ભવન પર સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**કે. આર. શાહ**
**કન્વીનર - કચ્છી મેળા સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## દ્રઢતા

આપણે ઈશ્વરના બાળક છીએ. આપણામાં અનેક શક્તિ ભરેલી પડી છે. આપણે જે પણ ધારીએ તે કરી શકીએ છીએ એટલી શક્તિ આપણામાં ભરેલી છે. આ વાત આપણે કદી પણ ન વિસરીએ. આપણે અનેકવાર નિષ્ફળ થયા હોઈએ તો તેનું કારણ એ છે કે કાર્ય કરવાની આપણી પદ્ધતિમાં કંઈક ભૂલ છે - હશે. આપણે ફરીથી પ્રયત્ન કરીએ તો સફળતા આપણને જરૂરથી મળશે. આ જીવન એક સંગ્રામ છે. લડવાને માટે આપણે હંમેશાં તૈયાર રહેવું જોઈએ. મનની સાથે અનેક સંજોગોની સામે લડાઈ કરવા આપણે સદાય તૈયાર રહેવાનું છે. આ યુદ્ધમાં આપણે જીતવાનું છે, હારવાનું નથી. જીવન સંગ્રામને જીતવા માટે આપણામાં દ્રઢતાનો ગુણ હોવો જરૂરી છે. જે આંખ નીચી નમતી નથી, જે વિચાર ભ્રમણામાં પડી જતો નથી, તેનો વિજય અવશ્ય છે. ■

*સંપત્તિ જાય તો કંઈ જતું નથી, આરોગ્ય જાય તો કંઈક જરૂર જાય છે, પણ ચારિત્ર્ય જાય ત્યારે તો બધું જ જાય છે.*

# "મંગલ મંદિર" વિશેષાંક

## માસ એપ્રિલ-૨૦૧૩નો અંક "કચ્છી સંસ્થા વિશેષાંક" હશે...

'મંગલ મંદિર' એપ્રિલ ૨૦૧૩નો અંક "કચ્છી સંસ્થા વિશેષાંક" તરીકે પ્રસિધ્ધ કરવાનું આયોજન ચાલી રહ્યું છે.

સમગ્ર ભારતમાં જે કચ્છી સેવાકીય સંસ્થાઓ કાંઈક વિશેષપણે કાર્યરત છે તે સંસ્થાઓની અને તેમની બહુલક્ષી મહત્ત્વની યોજનાઓ અથવા પ્રવૃત્તિઓની માહિતી સમગ્ર કચ્છી પ્રજાજનોને થાય તે ઉદ્દેશથી આ પ્રકારની કચ્છી સંસ્થાઓ પાસેથી તેમની વિગતવાર માહિતી આવકારપાત્ર છે.

આ માહિતી અનેકવિધ સેવાકીય ક્ષેત્રે આમ પ્રજાના લાભાર્થે હોવી આવશ્યક છે. માત્ર સમાજના યુવાવર્ગ કે સભ્યોનું મિલન સમારંભ, પિકનિક, પુસ્તક વિતરણ જેવી પ્રવૃત્તિઓની વિગત નહીં પરંતુ તે સાથે તેવી સંસ્થા દ્વારા અતિથિ ગૃહો, તબીબી કેન્દ્ર, ભોજનાલય, આવાસ યોજના, સ્કૂલ - કૉલેજ - હોસ્ટેલ ચાલતા હોય, ગૃહ ઉદ્યોગ ચાલતા હોય, ભવિષ્યનું સમય અને યોજનાબધ્ધ કોઈ વિઝન તૈયાર કરેલ હોય... કોઈ ઍવોર્ડ, પ્રશસ્તિપત્રો પ્રાપ્ત થયા હોય વગેરે સંબંધી માહિતી જરૂર હોય તો બે-ત્રણ તસવીરો નીચેના સરનામે તા. ૨૫-૧-૨૦૧૩ સુધી મોકલાવવા ખાસ અપીલ કરવામાં આવે છે.

**'મંગલ મંદિર'**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

*– તંત્રી મંડળ*

# આપ્તજનની વસમી વિદાય

શ્રી પૂનમચંદભાઈ નેણશી બાબરિયા (રાપર - મુંબઈ)એ રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨ના રોજ હંમેશને માટે દુનિયા છોડી સ્વર્ગવાસ સ્વિકારી લીધેલ છે. તેમના દુઃખદ અવસાનથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ન પૂરાય તેવી ખોટ સાલશે.

વર્ષ ૨૦૦૭માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મુંબઈ ખાતે એક અતિથિ ભવન ઊભું કરવા શ્રી પૂનમચંદભાઈની કંપની પૂનમ ડેવલપર્સ પાસેથી એસ.આર.એ.ની સ્કીમવાળા સાયન ખાતેના તૈયાર થઈ રહેલ નવા મકાનમાં ૪ માળ વેચાણથી રાખી લીધા હતા. ૪ માળના ટોટલ ૧૧,૦૦૦ ચો.ફૂટમાં લગભગ ૨૫થી ૩૦ રૂમ બને તેવી શક્યતા હતી. એ સમયે જરૂરી એમ.ઓ.યુ. પણ બંને પક્ષો તરફથી કરવામાં આવેલ હતા.

પ્લિન્થ સુધી આવેલ બાંધકામ પછી આગળના બાંધકામની એસ.આર.એ. તરફથી પરમિશન ન મળતાં એ બાંધકામ પર આજ સુધી પ્રગતિ સાધી શકાયેલ ન હતી.

પૂનમ ડેવલપર્સ, તેમના સબ ડેવલપર્સ લત્તા પ્રોપર્ટીઝ, મિડાઝ ટાવર, મિડાઝ ટાવરના ટેનન્ટો, ઝૂંપડપટ્ટીના માલિકો અને એસ.આર.એ. વચ્ચે આજદિન સુધી કોર્ટ કાર્યવાહી તેઓના મિડાઝ ટાવરના પ્રશ્ને ચાલુ રહેતા આપણે બુક કરાવેલ મકાનની આગળની સી.સી. પ્રાપ્ત થઈ શકેલ ન હતી.

આ વિકટ પરિસ્થિતિમાં શ્રી પૂનમચંદભાઈ અને તેમના વતી આ પ્રકારનો કાર્યભાર સંભાળતા તેમના ભત્રીજા શ્રી પારસ બાબરિયાએ દરેક સ્ટેજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પૂરેપૂરા વિશ્વાસમાં રાખ્યા હતા. દરેક સ્ટેજે તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારોને માહિતી આપતા રહેતા હતા અને દરેક પ્રશ્નની નિખાલસ મને ચર્ચા પણ કરતા હતા.

છેલ્લે છેલ્લે સ્વ. શ્રી પૂનમચંદભાઈ અને શ્રી પારસભાઈ શુક્રવાર, તા. ૭-૧૨-૧૨ના જરૂરી ચર્ચા કરવા રૂબરૂ અમદાવાદ આવી ગયેલ અને તેઓએ આ પ્રશ્ને શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કાંતિલાલભાઈ સાવલા સાથે નિખાલસ મને ચર્ચા કરી હતી અને આ કપરા સમયે પણ પોતે નક્કી કરેલ વાત પર અડગ રહ્યા હતા.

આ પ્રશ્ને સ્વ. શ્રી પૂનમચંદભાઈને ઍડવોકેટ શ્રી વાઘેલાનો સુંદર સાથ અને સહકાર સાંપડેલ. જેઓએ સાથે મળીને આ પ્રશ્નને નિકાલના દરવાજે લાવીને ઊભો રાખી દીધેલ છે.

જ્યારે આ પ્રશ્નનો નિકાલ આવતા મહિનાઓમાં જ સ્વ. શ્રી પૂનમચંદભાઈની ઈચ્છા મુજબ આવી રહેલ છે, ત્યારે તેઓ જાતે તેના સારા પરિણામો જોઈ શકશે નહીં. તેમના કુટુંબીજનોને તેમના પ્રયાસોના ફળો પ્રાપ્ત થઈ શકશે.

સદ્‌ગત શ્રી પૂનમચંદભાઈ તેમની પાછળ તેમનો બહોળો પરિવાર મૂકી ગયા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ બક્ષે તેમજ તેમના કુટુંબીજનોને તેમની પર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ અર્પે તેવી અભ્યર્થના.

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# કચ્છનો ભીમ : હરભમ

## કચ્છની રસધાર : મણકો-૫

● દુલેરાય કારાણી ●

જગતમાં જ્યાં જુઓ ત્યાં શક્તિ પૂજાય છે — શક્તિનાં પૂજન અર્ચન થાય છે. બુદ્ધિની એક શક્તિ આખી દુનિયા પર રાજ ચલાવી શકે છે. પણ એ બુદ્ધિની શક્તિમાં સામર્થ્ય ભરનાર તો શરીરની શક્તિ જ છે. અશક્ત અને નિર્માલ્ય શરીરમાં બુદ્ધિની શક્તિ પ્રવેશ પણ કરી શકતી નથી. એટલે શારીરિક શક્તિ એ જ એક મહાશક્તિ છે.

કચ્છની ધરતી પર શક્તિમાતાની સદા કૃપા રહી છે. આસમાની સુલતાની અનેક આફતોનો સામનો કરીને ખડતલ બનેલી કચ્છની ધરતી એ શક્તિની ધરતી છે.

અરબી સમુદ્રનાં ઊછળતાં મોજાં પર તરતા લાંબા વાંકા તુંબડાના આકારવાળા કચ્છને જુગજુગથી સાગરરાજ પોતાનાં મીઠાંમધુરાં ગાન સંભળાવી રહ્યો છે. કચ્છ ભીડેલા કોઈ યુગયુગના યોગીરાજ સમો કચ્છડો એકાંતમાં જાણે યોગસાધના કરતો એકલો, અટૂલો અને અડોલ ઊભો છે. ઘોર શોરથી ઘૂઘવતો સિંધુ એનાં ચરણ પખાળે છે. આવળ - બાવળ અને બોરડીની ઝાડીમાંથી સૂસવતો પવન એના કર્ણપટ પર આઝાદીનું સંગીત રેડી રહે છે. આ ભૂમિમાં એક અજબ જેવો ગુણ છે — એનું ધાવણ ધાવીને એની માટીમાંથી મર્દો પેદા થાય છે. અહીં એવા જ એક મર્દની કથા આપવામાં આવી છે.

મહારાઓ શ્રી દેશળજી બીજાનો સમય હતો. આ વાત પર માત્ર સવાસો વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે. કચ્છ - અંજાર તાલુકાના સંઘડ ગામમાં એ અરસામાં આહીરોનું પૂર હતું. આહીર જાતિ અસલથી એક લડાયક જાતિ તરીકે પ્રખ્યાત છે. કચ્છ પર આવી પડતી યુદ્ધની આફતો વખતે આહીર જાતિએ કચ્છને ખૂબ સહકાર આપ્યો છે - વતન માટે માથાં આપ્યાં છે.

સંઘડ ગામમાં હરભમ ભૂતો નામે એક બહાદુર આહીર યુવાન હતો. સંઘડ ગામનું એ નાક ગણાતો. એના જેવો બળવાન બેલી આખી અંજાર ચોવીસીમાં શોધ્યો પણ જડે એવું ન હતું. રમતગમતમાં અને મલ્લકુસ્તીમાં એને કોઈ આંટી જાય એમ ન હતું. દૂરથી ઢીંગલાનો ઘા કરીને શેરડીના સાંઠામાં એ ઢીંગલો પરોવી દેવો એને મન રમત વાત હતી. કચ્છી અર્ધો મણ ખજૂર ઠળીઆ સીખે ખાઈ જવી એ તો એને માત્ર શિરામણ જેવું હતું. કચ્છી બખ્ખના મલાખાડામાં કમર પર સધરો બાંધીને હરભમ ઊભો હોય તો ભાગ્યે જ એની સામે ટક્કર ઝીલવાને કોઈ તૈયાર થાય. આમ એના નામનો ચારે તરફ ડંકો વાગતો.

એક વખત સંઘડ ગામની સીમમાં હરભમે વાવેલી જુવારની કડબના ઓઘા ઉખેડીને તે ઘરના વાડામાં ખડકવા હતા. કડબના ઓઘા ખેતરમાંથી લાવવાના હોવાથી મોટા ગાડાની જરૂર હતી. એ વખતે હરભમના ગાડાની ધરી ભાંગી પડેલી હોવાથી હરભમે તેના કાકા પાસે ગાડાની માંગણી કરી. એ અરસામાં એના કાકાને પોતાને પણ રોજરોજ ગાડાની જરૂર પડતી હોવાથી ગાડું ચાર દિવસ પછી મળી શકશે એમ એના કાકાએ જવાબ આપ્યો.

કાકાનો આ જવાબ હરભમને ગમ્યો નહિ. ચાર દિવસ સુધી કડબને સીમમાં રેઢી મૂકી શકાય તેમ ન હતું. હરભમ મુંઝાયો. આખરે એને એક નવો ઈલાજ સૂઝી આવ્યો.

એ જ રાતે હરભમ છાનોમાનો એના કાકાના વાડામાં દાખલ થયો. કાકાનું ગાડું તો એના વાડામાં પડેલું જ હતું. હરભમે પચ્ચીસ-ત્રીસ મણ વજનનું મોટું ગાડું પોતાના માથા પર લઈ લીધું. આમ ગાડું ઉપાડી, ઘેર આવી, ગાડાને પોતાના બળદો જોડીને તે સીમમાંથી બધી કડબ ઉપાડી લાવીને તેને પોતાના વાડામાં ખડકી દીધી. એક જ રાતમાં કડબની મોટી કાલર રચી દીધી.

વહેલી સવારે કાકાનું એ જ ગાડું ફરી માથા પર ઉપાડીને ગુપચુપ કાકાના વાડામાં પાછું જેમનું તેમ રાખી દીધું. ગાડાના ચીલાનું નિશાન પણ દેખાય તેમ ન હતું.

સવારમાં હરભમના કાકાએ એના વાડામાં જ્યારે કડબની મોટી ગંજી ખડકેલી જોઈ ત્યારે અચંબાનો પાર રહ્યો નહિ. કાકાએ એને પૂછી જોયું : 'હરભમ! પછી ગાડું કોનું લઈ આવ્યો?'

**હરભમે હસીને જવાબ આપ્યો : 'કાકા, ગાડું તમારું ને બળદ મારા, એમાં સમજી જાઓ!' આ હતી હરભમની તાકાત!**

★

મહારાઓ શ્રી દેશળજીના દરબારમાં એક વાર રાજસ્થાનના ચાર બળવાન કુસ્તીબાજ મલ્લ આવી ચડ્યા. ચારે જણ મલ્લકુસ્તીના અઠંગ ખેલાડી હતા. મારવાડ, ગુજરાત અને સૌરાષ્ટ્રના મલ્લરાજોને હરાવીને એ કચ્છમાં આવ્યા હતા. જે રાજના મલ્લોને જીતીને એ વિજય પ્રાપ્ત કરતા ત્યાંના રાજા પાસેથી એક સોનાનું કડું જીતની નિશાની તરીકે લેવાનો એમનો રિવાજ હતો. આ રીતે એમણે આજ લગી નવ્વાણું સોનાનાં કડાં એકઠાં કર્યા હતા. હવે માત્ર એક છેલ્લું મેળવી લેવા કચ્છમાં પ્રવેશ કર્યો હતો.

કચ્છના રાજવી દેશળજી બાવા રમતગમતના અને મલ્લકુસ્તીના શોખીન હતા. આગંતુક યુવાનોની શરત સાંભળીને એમને

*ઘણું બધું કરવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો એ છે કે, એકી વખતે એક જ કામ હાથમાં લો.*

નવાઈ લાગી. આ મલ્લોને હંફાવે એવા કોઈ કચ્છી મલ્લની બાવાએ તપાસ ચલાવવા માંડી.

પેલા મલ્લોની હાથી જેવી કાયા અને સાવજ જેવી આંખો જોઈને એમની સાથે બાથ ભીડવા કોઈ તૈયાર થતું ન હતું. કચ્છના મલ્લો એ અરસામાં મલ્લકુસ્તીનો કાર્યક્રમ છોડીને બાવાના હજૂરી બનવા લાગ્યા હતા. એટલે એમની તાકાત હવે ઓસરતી જતી હતી. કચ્છના મલ્લોએ પોતાની આ નિર્બળતાને પણ પિછાણી લીધી હતી. એમણે વિચાર્યું કે આ રાક્ષસ જેવા તાલીમબાજો સાથે કુસ્તી લેતાં ક્યાંક હારી જવાય તો આખા કચ્છનું નાક વઢાઈ જાય. એમ સમજીને કચ્છના કોઈ પણ મલ્લે આ હરીફાઈમાં ઉતરવાની તૈયારી બતાવી નહિ.

કચ્છી મલ્લોને હિંમત હારી જતા જોઈને દેશળજી બાવા મૂંઝાઈ પડ્યા. એ વખતે એમની કચેરીમાં અંજારના યતિ મોતીચંદજી હાજર હતા. મોતીચંદ ગોરજી રાજના માનીતા હતા. બાવાના વિશ્વાસપાત્ર વૈદ્ય હતા. આયુર્વેદના નિષ્ણાત હતા. ભુજના મલ્લોને પાછી પાની કરતા જોઈને આ ગોરજી મહારાજને એક નવી વાત યાદ આવી.

'બાવા, હુકમ હોય તો એક અરજ કરું!' ગોરજીએ પોતાની દરખાસ્ત રજૂ કરતાં કહ્યું.

'અરે યતિદેવ! તમને વળી હુકમની આવશ્યક્તા હોય ખરી? ખુશીથી કહો!' બાવાએ સંમતિ દર્શાવતાં જણાવ્યું.

'આ મલ્લોનું માથું ભાંગી નાખે એવો એક મર્દ મારા લક્ષમાં છે.'

'પૂજ! એવું હોય તો પછી બીજું જોઈએ પણ શું? મને તો એમ થાય કે આ મલ્લો કદાચ કચ્છની આબરૂ પાડી જાય!'

'બાવા! કચ્છડો હજુ એવો કાયર બન્યો નથી. આવા મલ્લોને ભોંયભેળા કરી નાખે એવા અનેક નરવીરો હજુ કચ્છમાં હાજર છે. એમાંના એકનું નામ હું આપને આપું.'

'અને એ કોણ છે, પૂજ!'

'આહીર છે, બાવા!'

'ક્યાંનો છે?'

'એ છે સંઘડ ગામનો. આખા અંજાર પરગણામાં એનું નામ પ્રખ્યાત છે. હું આજે જ અંજાર જાઉં છું. આપ હુકમ કરો તો એને તેડી લાવું.'

'પૂજ મહારાજ, તમને તકલીફ લેવાની કશી જરૂર નથી. હું હમણાં જ એને બોલાવી લાવવા વેલનો બંદોબસ્ત કરું છું.'

તરત જ બાવાનો હુકમ છૂટ્યો. વેલવાડીમાંથી હાથી જેવા બળદોની વેલ તૈયાર થઈ અને વેલવાને વેલને સંઘડને માર્ગે મારી મૂકી.

હરભમ ભૂતો ખેતીનું કામ કરનાર એક ખેડૂત હતો. જેવો શક્તિશાળી હતો તેવો જ સાહસિક પણ હતો. મરદાની રમતગમતનું નામ પડે તો એ ગમે ત્યાંથી ઊડી આવે એવો શોખીન હતો. મહાકાય મલ્લોની તાકાતની વાત સાંભળી હિંમત હારી જાય એવો ન હતો. બાવાની વેલ એને બોલાવવા આવતાં એના આનંદનો પાર રહ્યો નહિ. એ તરત જ તૈયાર થઈ ગયો અને વેલમાં ચડી બેઠો. વેલ સડસડાટ કરતી ભુજના માર્ગે ઊપડી નીકળી અને થોડા જ સમયમાં ભુજ નગરીના દરવાજામાં આવી ઊભી.

કચેરીમાં આવી હરભમે બાવાને સલામ કરી.

'હરભમ, તને મલ્લકુસ્તીના દાવ આવડે છે?' બાવાએ પ્રશ્ન કર્યો.

'અન્નદાતા મારો ધંધો ખેતીનો છે પણ મલ્લકુસ્તીના દાવ ખેલવામાં પણ મને રસ છે.'

'અહીં આવેલા ધીંગા મલ્લો સાથે બાથ ભીડવાની હિંમત છે ખરી?'

'ખમ્મા બાવાને! બાવા, તમારો હુકમ હોય તો ભુજિયા કિલ્લા સાથે પણ લડી બતાવું!'

હરભમનો જવાબ સાંભળીને દેશળજી બાવા તો ખુશખુશાલ બની ગયા.

'ઠીક ત્યારે આવતીકાલે તૈયાર થઈ રહેજે!'

'ખમ્મા! આપ હુકમ કરો એટલી જ વાર છે!' અને બાવાને નમન કરી હરભમ ચાલતો થયો.

★

**ભુજનો દરબારગઢ આજે ભુજ નગરીના નગરજનોથી ઊભરાઈ રહ્યો છે. કારણ એ હતું કે આજની મલ્લકુસ્તી એક જબ્બર સાઠમારી જેવી બનવાની હતી.** આજુબાજુનાં ગામડાંના કુસ્તીરસિયા લોકો પણ આજનો કાર્યક્રમ જોવા દૂરદૂરથી આવી પહોંચ્યા હતા. આજના કુસ્તીજંગનો અખાડો રાજમહેલની રાણીઓ પણ જોઈ શકે એટલા માટે કાર્યક્રમ દરબારગઢમાં જ રાખવામાં આવ્યો હતો. દેશળજી બાવા દરબારગઢની ચાલીના ઊંચા ઓટલા ઉપર રેશમી ગાદી-તકિયા પર બિરાજમાન હતા. ઉપર ચક નાખીને રાણીઓ અને બાંદીઓ પણ બેસી ગઈ હતી.

ચારે તરફ દોરી બાંધી વચ્ચે અખાડાનું મેદાન રાખવામાં આવ્યું હતું. પાણી છાંટી મલ્લકુસ્તીના મેદાનને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું.

પ્રચંડકાય મલ્લરાજો લાલ લંગોટી લગાવીને અખાડા વચ્ચે ખડા થઈ ગયા હતા. વારેવારે પોતાની ધીંગી જાડી જાંઘ પર હાથનો પંજો પછાડતા હતા. હાથના પંજાના થાપાનો જોરદાર અવાજ દરબારગઢની દીવાલ સાથે અથડાઈને પોતાનો પડઘો પાડી રહ્યો હતો. એમનો આ અવાજ જ એમની સામે હરીફાઈમાં ઉતરનારની હિંમત ભાંગી નાખે એવો હતો. પરંતુ સંઘડ ગામનો આહીર હરભમ મલ્લોના આવા આડંબરથી ડરી જાય એવો ડરપોક ન હતો. એ પણ તૈયાર થઈને આજની સાઠમારીના મેદાનમાં હાજર થઈ ગયો.

ગામડાના એક આહીર યુવાનને આવા પઠ્ઠા પહેલવાન મલ્લો જોડે લડવા તૈયાર થયેલો જોઈને પ્રેક્ષકો વિધવિધ પ્રકારના વાર્તાલાપ પર ચડી ગયા હતા. કોઈ કહેતા કે આ બિચારા ગરીબ ગામડિયાના દિવસો આજે ભરાઈ ગયેલા લાગે છે. કોઈ કહેતા કે એને ઊભો કરીને બાવાએ 'ચડજા બેટા શૂલી પર!'નો પ્રયોગ અજમાવ્યો લાગે છે. કોઈ કહેતા કે મોતીચંદ ગોરજીએ એને ઘડોલાડવો કરવા ટાઢે પાણીએ ખસ કાઢવાની આ યુક્તિ અજમાવી લાગે છે. આમ સૌ કોઈ પોતપોતાને

*તમે બીજા તરફ કાદવ ઉછાળશો તો કાદવ બીજાને ગંદા કરે કે ન કરે, તમારા હાથ તો ગંદા કરશે જ.*

મનફાવતી વાતોમાં મશગૂલ હતા.

હવે આજના કુસ્તીજંગમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે એક મોટા મલ્લની સામે હરભમે એક જ વાર કુસ્તી લડવી. બંને પક્ષને આ નિર્ણય મંજૂર હતો. કુસ્તીમાં ઊતરનાર બંને યોદ્ધા પોતપોતાની ખુલ્લી સાથળ પર હાથના થાપા લગાવી તૈયાર થઈ ગયા. બંને રમતવીરોએ પ્રથમ હાથમાં હાથ મિલાવીને ખેલદિલી વ્યક્ત કરી. પછી કુસ્તીની શરૂઆત કરતાં બંને એકબીજાને જળોની જેમ ચોંટી પડ્યા.

હરભમને મહાત કરવા પેલો પ્રચંડ શરીરધારી મલ્લરાજ એક પછી એક પોતાના દાવ અજમાવવા લાગ્યો. આ તરફ હરભમ માત્ર બચાવની યુક્તિઓ જ લડાવી રહ્યો હતો. જેમજેમ વખત જતો ગયો તેમતેમ પેલા મલ્લને ખાતરી થઈ ગઈ કે હરભમને મહાત કરવો એ છાણમાં તલવાર ચલાવવા જેવું કે લાપસીમાં લીટા કરવા જેવું સરળ કામ નથી. હરભમને હરાવવાના એના તમામ પેંતરા એક પછી એક નિષ્ફળ જવા લાગ્યા.

*હટે, ખસે કે માર્ગ ન મૂકે,*
*બાઝ્યા સાવજડા બળવંત!*

એવા નરવીરો આ માનવ સાઠમારીમાં એકબીજાને હંફાવવા પોતપોતાના દાવ ખેલી રહ્યા હતા. ઘડીકમાં થતું કે હરભમ ગયો... ગયો, અને તરત જ કચ્છી જનતાના ચહેરા પર એક નિરાશાની છાયા છવાઈ જતી હતી. પરંતુ બીજી જ ક્ષણે હરભમ પેલા મલ્લના દાવને ગુલાંટ ખવડાવી દેતો અને તાળીઓના ગડગડાટથી આખો સમારંભ ગાજી ઊઠતો. **પ્રેક્ષકોએ હવે આ ગામડિયા જેવા લાગતા હરભમનું પાણી માપી લીધું હતું. સૌના મનમાં હવે કચ્છી પાણીના વિજયની આશા બંધાઈ ગઈ હતી.**

બરાબર ત્રણ કલાક લગી આ નર શાર્દૂલોનો રણસંગ્રામ ચાલતો રહ્યો. હરભમ પણ પેલા મલ્લના જુદા જુદા પ્રકારના દાવોથી પરિચિત થઈ ગયો હતો. આમ છતાં અત્યાર લગી બચાવની યુક્તિઓથી તે આગળ વધ્યો ન હતો. પેલો મલ્લ પણ સમજી ગયો હતો કે હરભમ બચાવના દાવોનો ખરેખરો ખેલાડી છે. પણ એથી આગળ વધવાની એની શક્તિ નથી એમ સમજી એ નિશ્ચિત પણ બની ગયો હતો.

અને હરભમે પણ એને એ જ ભ્રમમાં રહેવા દીધો. હવે તે મલ્લની જરાક સરતચૂકની જ રાહ જોઈ રહ્યો હતો. એકબીજાને પછાડી પાડવાના દાવ હજુ ચાલુ હતા. હરભમ હવે આક્રમણ કરવાની તક ઝડપી લેવા તડપી રહ્યો હતો. એટલામાં મલ્લને એની લાપરવાહીમાં જરા બેધ્યાન બનેલો જોઈને હરભમે આક્રમણનો પોતાનો દાવ અજમાવ્યો. અને એક જ ઝપાટે એને ચત્તોપાટ પાડી દીધો.

હર્ષના પોકારોથી દરબારગઢનું મેદાન ગાજી ઊઠ્યું. આગંતુક મલ્લોએ થોડીવાર તો 'દગો દગો!' એવા પોકાર કર્યા, પણ હવે એમનું કંઈ ચાલી શકે તેમ ન હતું.

★

કચ્છ, કાઠિયાવાડ અને રાજસ્થાનનાં રાજ્યોમાં વિજયમાળને વરવાની તમન્નાવાળા મલ્લરાજોના મનમાં આ પરાજય ડંખવા લાગ્યો. પરાજયની કલિમાને કોઈ પણ પ્રકારે ધોઈ નાખવા માટે કોઈ નવી યોજના તેઓ વિચારી રહ્યા હતા.

એ વખતે મલ્લોના સરદાર બાપુમલ્લે દેશળજી બાવાને વિનંતી કરતાં કહ્યું : 'ખુદાવિંદ, આ કુસ્તીના ખેલમાં અમારી હાર અમે સ્વીકારતા નથી. કારણકે કુસ્તીના નિયમોનો એમાં ભંગ કરવામાં આવ્યો છે. એટલે અમારી અરજ છે કે અમારા આ નાના મલ્લ સાથે હરભમ મુષ્ટિયુદ્ધ ખેલે અને એ ખેલમાં જે ખેલાડીનો વિજય થાય તે જીત્યો ગણાય એવો આપ હુકમ કરો!'

બાવાએ હરભમને બોલાવ્યો. તેની પીઠ થાબડી અને કહ્યું : 'હરભમ, તું આ નાના મલ્લ સાથે મુષ્ટિયુદ્ધ ખેલવા તૈયાર છો?'

'બાવા, તમારો હુકમ થાય તો હું જમ જોડે પણ લડી લેવા તૈયાર છું.' હરભમે હિંમતથી અનુમતિ આપતાં કહ્યું.

બસ, નિર્ણય થઈ ગયો. હવે મુષ્ટિયુદ્ધમાં જેનો વિજય થાય તેને જ વિજયમાળ વરે એવું નક્કી થઈ ગયું.

નાનો મલ્લ મુષ્ટિયુદ્ધમાં પારંગત હતો. એની કુશળતા અને ચાલાકીનો આ સમયે ઉપયોગ કરી લેવાના ઈરાદાથી જ બાપુમલ્લે આ યોજના રજૂ કરી હતી.

બંને વીરો જંગના મેદાનમાં ઊતરી પડ્યા. હરભમ આવા મુષ્ટિયુદ્ધથી વાકેફ ન હતો. આમ છતાં પોતાની તાકાતમાં એને પૂરી શ્રદ્ધા હતી.

મુષ્ટિયુદ્ધના ખેલાડીઓ બંને પોતપોતાના દાવ ખેલવા લાગ્યા. હરભમ પોતાના બચાવ માટે પૂરો સાવધાન હતો. મુષ્ટિયુદ્ધનો આ ખેલ ઘણી વાર ચાલ્યો. બંને યુવાન હતા, પહેલવાન હતા, ચિત્તા જેવા ચાલાક હતા. એકબીજાને હંફાવવાની તક જોઈ રહ્યા હતા.

એટલામાં લાગ જોઈને હરભમે નાના મલ્લના મસ્તક પર પોતાની વજ્ર જેવી મુઠીનો એવો જોરદાર પ્રહાર કર્યો કે એક જ મુઠીના ઘાથી એનું માથું જાણે એના ધડમાં પેસી જતું હોય એવો દેખાવ થઈ ગયો. મુષ્ટિયુદ્ધનો ખેલાડી મલ્લ તરત જ જમીન પર ઢળી પડ્યો. એના પ્રાણ પરવારી ગયા.

આખા સમારંભમાં એકાએક અવ્યવસ્થા ફેલાઈ ગઈ. ચારે તરફ ઘોંઘાટ અને કોલાહલ મચી રહ્યો. સૌ કોઈ હવે સરકી જવા લાગ્યા. મેદની વિખેરાવા લાગી.

હરભમ પણ મૂંઝાઈ પડ્યો. બાવાને મોં બતાવ્યા વગર જ તે ત્યાંથી પસાર થઈ ગયો. છાનોમાનો પોતાને ગામ સંઘડ પહોંચી ગયો.

ચારમાંથી હવે ત્રણ મલ્લ બાકી રહ્યા હતા. એમના મનમાં વેરનો અગ્નિ ભભૂકી ઊઠ્યો હતો. મુષ્ટિયુદ્ધના નિષ્ણાત મલ્લને મારી નાખનાર હરભમ ઉપર પૂરેપૂરો બદલો વાળવા ત્રણે તલપાપડ થઈ રહ્યા હતા.

હરભમનું કાસળ કાઢી નાખવા આ ત્રણે જણ ભુજથી ઊપડીને સંઘડ ગામે આવી પહોંચ્યા અને હરભમની શોધખોળ કરવા લાગ્યા. હરભમ તો આજે સવારથી જ સંઘડ ગામની સીમમાં પોતાનું ખેતર ખેડવાના કામમાં મંડી પડ્યો હતો. હરભમની ઘરવાળી હીરુ એને ભાત પહોંચાડવા જતી હતી ત્યારે એને કાને વાત આવી કે જાડા પાડા જેવા બે ધીંગા ધડબા માણસો ગામમાં હરભમની શોધ ચલાવી રહ્યા છે.

*દરેકમાં કંઈને કંઈ પ્રશંસા કરવું જેવું હોય છે, એની જ સરાહના કરો.*

આ વાત સાંભળી હીરુને બીક લાગી. તે ઝડપી ગતિએ હરભમ જ્યાં ખેતર ખેડતો હતો ત્યાં પહોંચી ગઈ અને હરભમને આ વાતથી વાકેફ કર્યો.

હરભમ સમજી ગયો કે ધીંગાધડબા માણસો બીજા કોઈ નહિ પણ પરાજિત થયેલા મલ્લો જ એનું વેર વાળવાને આવ્યા લાગે છે.

'અરે, એ તો આવે છે!' હીરુએ બંને મલ્લોને દૂરથી આવતા જોઈને ગભરાટમાં કહ્યું.

'આવે છે તો આવવા દે! તું ગભરાય છે શાની? ભલે એ પણ સૂંઠનો સ્વાદ ચાખતા જાય!' હરભમે ઠંડા પેટે કહ્યું. અને તરત જ હરભમે એક નવો જ વિચાર કરી લીધો. તેણે બંને બળદિયાને હળમાંથી છોડી નાખ્યા. બંનેને ખેતરના શેઢા પર ચરવા છૂટા મૂકી દીધા. બળદોની ખાંધે મૂકવાનું ધૂંસરું પણ હળમાંથી છોડીને છૂટું પાડી દીધું. પછી હળનો લાંબો દાંડો હાથમાં લઈને લોઢાની કોશવાળા વજનદાર હળ વડે ખેતરમાં ઢેફાં ભાંગવા મંડી પડ્યો.

જમીન ખેડવાના અતિ ભારે વજનના બાવળીઆ લાકડાના મોટા હળ વડે હરભમને ઢેફાં ભાંગતો ભાળીને એનો જાન લેવા આવેલા મલ્લો ત્યાંના ત્યાં જ થીજી ગયા. **સમજી ગયા કે પાંચ-સાત મણના વજનના હળ વડે ખેતરમાં ઢેફાંને ભાંગનારો હરભમ પળવારમાં એના એ જ હળ વડે એમનાં બંનેનાં માથાનાં તૂંબડાં તોડી નાખશે.**

હળ વડે ઢેફાં ભાંગતા હરભમનું દૃશ્ય જોઈને વેર લેવા આવેલા મલ્લરાજો ખસિયાણા પડી ગયા - સમજી ગયા - સમસમી રહ્યા. એમના પગ છૂટી ગયા અને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછે પગે પાછા ફર્યા.

હરભમની ઘરવાળી હીરુ તો પતિનું આ પરાક્રમ જોઈ મોઢા પર હાથ મૂકીને મનમાં ને મનમાં હસતી રહી.

'અને એ અહીં આવ્યા હોત તો?' હીરુએ હરભમને પૂછ્યું.

'અહીં આવ્યા હોત તો બીજું શું થાત? મારે બે-ત્રણ ઢેફાં વધુ ભાંગવા પડ્યાં હોત!' હરભમે હસીને જવાબ દીધો.

*સ્વ. દુલેરાય કારાણી લિખિત*
*"કચ્છની રસધાર : ભાગ-૧" માંથી સાભાર*

## કચ્છમાં લોકશાહીનો પહેલો ધબકાર આધોઈમાં

**(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)**

કચ્છ એ સમયે ધારાસભા વિનાનું 'ક' વર્ગનું રાજ્ય હતું. આથી એ સમયે કચ્છમાં લોકશાહી પદ્ધતિએ ચૂંટણીઓ ન યોજાઈ અને છેક ૧૯૫૦માં કચ્છમાં મુંબઈ મ્યુનિસિપાલિટી એક્ટ, ૧૯૨૫ અમલમાં આવતાં એ સમયે ભુજ, માંડવી, અંજાર અને મુંદ્રામાં નગરપાલિકાઓની પુખ્ત મતાધિકારવાળી ચૂંટણીઓ યોજાઈ. આ પછી ૧૯૫૨માં પ્રથમ લોકસભાની ચૂંટણીઓ યોજાઈ ત્યારે કચ્છમાં પણ કચ્છની સંસદની બેઠક માટેની ચૂંટણી યોજાઈ. પણ આ બધી જ ચૂંટણીઓ પહેલાં આધોઈમાં ચૂંટણીઓ યોજાઈ. આથી એમ ચોક્કસ કહી શકાય કે કચ્છમાં લોકશાહીનો પ્રથમ ધબકાર તો આધોઈમાં જ ઝીલાયો હતો.

*વિશેષ આભાર : હરિલાલભાઈ નાનજી પટેલ (આધોઈ), પૂર્વ સાંસદ*

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૯૮૨ ૨૦૭૪૮*


• શિખરજી
• સૌરાષ્ટ્ર દર્શન
• રાજસ્થાન
• પાલિતાણા-પંચતીર્થી
• ગિરનાર-સોમનાથ
• કચ્છ પંચતીર્થી
• જગન્નાથપુરી
• નાગેશ્વર-MP
• પૂના-કાવજ
• કાવી-ગંધાર-ઝઘડિયા
• કુલપાકજી-હૈદ્રાબાદ
• ચારધામ

|| અતિથી દેવો ભવઃ ||

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

**CHETAN MOTA'S**
tmt holydays
**LANDMARK FOR PACKAGE TOUR**

• કાશ્મીર-વૈષ્ણોદેવી
• લેહ લદાક-કાશ્મીર
• દાર્જીલીંગ-સીક્કીમ
• હિમાચલ
• ઉત્તરાંચલ
• કેરાલા
• સાઉથ
• રાજસ્થાન
• ભુતાન
• નેપાલ

૨૦૬, નેપચ્યુન હાઉસ, એન.એસ. રોડ, મુલુંડ રેલ્વે સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**Ph. : 2593 4545 • 2565 0533 • 93222 82993 • Fax : 2568 3231**
**www.tmtholydays.in • tmtholydays@yahoo.co.in**

લોક સંસ્કૃતિની વિરાસત

# કચ્છની નોબત - શરણાઈ વાદનની કળા - પરંપરા

• જોરાવરસિંહ જાદવ •

*ઢોલ - નગારાં - શરણાઈના સૂરો, ઘરોઘર વાગશે;*
*ઈ ટાણે કચ્છડાને, સુલેમાન જૂમા યાદ આવશે.*

સને ૧૯૮૫ના વર્ષની આ વાત છે. ફ્રાંસમાં 'ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છી નોબત - શરણાઈથી એનો દબદબાપૂર્ણ આરંભ થયો. પૅરિસના એફિલ ટાવર માથે આ નોબત - શરણાઈની જુગલબંદી કરનાર કલાકાર હતા મુંદ્રા - કચ્છના સુલેમાન જુમાણી. નોબત - શરણાઈ પર વાગતી કચ્છી રાગિણીઓ સાંભળનાર હજારો અને ટી.વી. પર જોનાર - સાંભળનાર કરોડો દર્શકોના હૈયામાં આનંદના રંગસાથિયા પુરાણા. એમના અંતરના આનંદમોરલા એકસામટા ટહુકી ઊઠ્યા. **પ્રસારણની પાંખે ચડીને કચ્છી લોકવાદ્યો સૌ પ્રથમવાર જગતચોકની વચ્ચે મુકાયાં. ગુજરાત અને ગુજરાતીઓ માટે આ ગૌરવપૂર્ણ ઘટના હતી.** એ પછી અઢી દાયકામાં જ એ ગૌરવનો આનંદ ઓસરી ગયો. દેશ અને દુનિયામાં નોબત - શરણાઈનો ડંકો વગાડનાર સુલેમાન જુમાના અવસાનની સાથે આ કળા અને કલાકારો અસ્તાચળના આરે આવીને ઊભા છે, ત્યારે કચ્છની હજારો વર્ષ પુરાણી આ કલા - પરંપરા કચ્છના બાજંદા નોબત શરણાઈ વાદકોનો પરિચય કરાવવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે.

એક બહુ જાણીતી કહેવત છે : 'નગારામાં તતૂડીનો અવાજ કોણ સાંભળે?' આ તતૂડીના અવાજને દબાવી દેનાર નગારા વિશે આપણે ઝાઝું જાણતા નથી. નગારું એટલે નોબત. એ 'દમ' તરીકે પણ જાણીતું છે. દમામી એટલે નોબતની સોબત કરનાર નગારચી. નોબત - શરણાઈ વગાડનારને બેસવાની જગા નગારખાનાં કે 'ટકોરખાનાં' તરીકે ઓળખાય છે. જૂના કાળે દેવદ્વારે, મંદિરોમાં, મસ્જિદોમાં અને રાજદ્વારે મંગલ ચોઘડિયાં વગાડવામાં આવતાં. લખપતિ નગરશેઠની હવેલીએ ભૂંગળ અને ભેર વાગતાં. અર્થાત્ ડંકો દેવાતો. યુદ્ધ અને સવારીના સમયમાં ઊંટ અને અશ્વો ઉપર બે બાજુ નગારાં મૂકીને વગાડવામાં આવતાં. એને વગાડનાર નગારચી 'મુરસલ' અટકથી ઓળખાતા. કચ્છમાં આજેય મીર અને લંઘા આ વાદ્યો વગાડે છે.

**કચ્છના આ અત્યંત લોકપ્રિય વાદ્ય નોબત સાથે પરંપરાગત રીતે શરણાઈની જુગલબંદી કરવામાં આવે છે.** નગારાની રચનાનો વિચાર કરીએ તો ત્રાંબા કે માટીની ગોળ કોઠી ઉપર ચામડું મઢવામાં આવે છે. નોબતની જોડીમાં 'નર' અને 'માદા' હોય છે. આ માદા કે માદીને કલાકારો જીલના નામે જાણે છે. માદીની કોઠી પ્રમાણમાં નાની હોય છે. એનું ચામડું મઢેલું મોઢું ૧૨થી ૧૫ ઈંચ જેટલું રાખવામાં આવે છે. જ્યારે નરનું મોઢું ૧૫થી ૨૦ ઈંચ જેટલું જોવા મળે છે. માદી માથે બકરાના ચામડાની દેશી પડી ચડાવવામાં આવે છે. એના છેડા ભેંસ કે પાડાના ચામડાની પંડીમાં ઘર (કાણું) બનાવી તેમાં વાધર પરોવી માદીની કોઠી સાથે વાધરને ચામડાની પટી સાથે ખેંચીને આકર્ષક આકારે ગૂંથીને મઢી લેવામાં આવે છે. જ્યારે નર નગારાની પડી ભેંસ કે પાડાના ચામડામાંથી બને છે. નોબતવાદન કરતાં પહેલાં લાકડાના ટિંટિયા સળગાવીને એના તાપે માદીના ચામડાને તપાવવામાં આવે છે. સુરનો જાણતલ કલાકાર એને ગોળ ગોળ ફેરવી સૂરના ઊંચાનીચા અવાજ પ્રમાણે તપાવીને સૂરમાં લાવી શકે છે. નર નગારાને ગરમ કરવાની જરૂર પડતી નથી. આ નોબતને બાંધવાનું કામ ડબગર કરે છે ને ઘણી વાર ઉસ્તાદ કલાકાર જાતે પણ કરી લે છે.

નોબતવાદન કરતાં પૂર્વે કલાકાર નગારાની જોડ્યને સૂંથિયા પર કે ત્રિકોણાકાર ઘોડી માથે ગોઠવે છે. નર અને માદી વગાડવાના દાંડિયા પણ જુદા જુદા હોય છે. નરનું વાદન જાડી દાંડીથી અને માદીનું વાદન જરાક જીણા-પાતળા દાંડિયાથી કરવામાં આવે છે. નગારવાદન સાથે સંગતમાં કચ્છી શરણાઈ વગાડવામાં આવે છે. આ બે જોડિયાં વાદ્યોની જુગલબંદી જે તે પ્રસંગને અનોખી ગરીમા બક્ષી જાય છે. એને સાંભળવાની મજા પણ કંઈક ઓર જ હોય છે. પ્રસંગ અને સ્થળને અનુરૂપ વાગતી નોબત-શરણાઈ પરંપરિત શુદ્ધ ભારતીય લોકવાદ્યો છે. જૂના કાળે રાજવીઓએ આ બધા કલાકારોને ખૂબ જ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પરિણામે તેઓને આજીવિકા મળતાં ટકી ગયા હતા.

કચ્છી રાજવીઓની જાહોજલાલીને યાદ કરતાં જીવનસંધ્યાએ આવીને ઊભેલા માંડવી કચ્છના જાણીતા નોબતવાદક શ્રી અબુ મીર કહે છે કે **અમારા કચ્છમાં રાજાશાહીના જમાનામાં રાજદરબારના નગારખાનામાં રોજ સવાર-સાંજ નોબત - શરણાઈનું વાદન કરવામાં આવતું** જેમાં કચ્છી રાગો આધારિત રજવાડી રેજાની ધૂનો વાગે. એને અનુરૂપ નોબત વાગે. રાજદરબારમાં શરણાઈ પર સમયને અનુરૂપ કચ્છી સસઈરાગ જેવા અનેક રાગોની ધૂનો વાગે. મોટા ભાગે કચ્છી તાલો ૧૪ માત્રના મુગલાઈ ઠેકા કે પછીથી કેરવામાં અથવા સ્વારી તાલ, ઝૂમરા તાલ, ચોતાલ કે વિલંબિત દીપચંદી તાલમાં શરણાઈવાદક બંધે જ વગાડે. આમ કચ્છી રાગની ધૂન મુજબ નગારચી પ્રથમ ઠેકો (તાલ) બાંધે. પછી એમાં એ તાલની દુગુન કરે, મુખડા વગાડે, ટૂકડા વગાડે, પરત રેલા અને ચક્રધાર વગાડે. ફિરત

*ખોટો માર્ગ પકડાઈ જાય એ પહેલાં બે વખત રસ્તો પૂછો.*

કરે અને છેલ્લે 'તીહા' અને 'નવધા' મારી મૂળ ઠેકા પર આવી જાય. આ પ્રમાણે નોબત વગાડવાનો બાઝ છે. તેમાં પછી નોબત વાદકની જેવી કુશળતા તેવું વગાડે. પણ રિયાઝ પ્રેકટિસમાં પછી નગારું વગાડવાની કલા કલાકારને હાથ બેસે છે. રાજ દરબારમાં આમ જ્યારે સૂર, રાગ અને તાલની જુગલબંદી રચાય છે ને દુગુન, તીગુન, ચોગુન, મુખડા, પરત, રેલા, ચક્રધાર, તીહા (તોડા) નવધા વગેરે રમતો નોબત પર વાગે ત્યારે કલારસિક દરબારીઓ કલાકારોને ભારે દાદ આપતા હોય છે. અમીર ઉમરાવો અને રાજા મહારાજાઓ જૂના કાળે કલાની કદર કરીને કલાકારને રહેણાંકના ખોરડાં, જમીન - જાયદાદ, ઈનામો અને વર્ષાસન બાંધી આપતા. રાજના પ્રોત્સાહનને કારણે કચ્છી લોકવાદ્યોના અને ગાયક કલાકારો ગીત, સંગીત, વાદ્ય અને નૃત્યની કલાઓને વિકસાવવા રાતદિવસ રિયાઝમાં રત રહેતા. નોબતમાં પારંગત થવા માટે કચ્છી વાદકો રાત-દિવસ કઠોર પરિશ્રમ કરતા, પરિણામે એમને રાજ દરબારમાં ગાયકો અને વાદકો તરીકે માનપાન મળતું.

આપણાં દેવમંદિરો સાથે ગીત, સંગીત અને નૃત્યની પરંપરા હજારો વર્ષથી જોડાયેલી જોવા મળે છે. શ્રીનાથજીની હવેલી, જગન્નાથજીનું મંદિર, અંબાજીનાં મંદિરો, સ્વામિનારાયણ મંદિરો અને પીરની મજારે ટકોરખાનામાં સવાર, સાંજ મંગલ ચોઘડિયાં વગાડવામાં આવે છે. મંદિરોમાં નોબતનો ડંકો વાગે એટલે ભક્તોને જાણ થઈ જાય છે કે દર્શન ખૂલી ગયાં છે. આજે તો તમામ મંદિરોમાં મશીનથી વાગતી નગારીઓ અને ઝાલરો આવી ગઈ છે. **યંત્રવાદે કેટલાય કલાકારોનો રોટલો છીનવી લીધો છે. એમને સંગીતવાદ્યના ઘરાનામાંથી ઉખેડી નાખ્યા છે.**

ગુજરાતમાં લગ્નપ્રસંગે મંગલવાદ્ય તરીકે ઢોલ, શરણાઈ, મશક અને ત્રાંસાં વગાડવામાં આવે છે, પણ કચ્છમાં તો નોબત શરણાઈ વગરનાં લગ્ન અધૂરાં ગણાય છે. લગ્નપ્રસંગે માંડવામુહૂર્ત અને ગણેશ સ્થાપનથી લઈને કન્યા વિદાય સુધીના તમામ પ્રસંગોમાં નોબત - શરણાઈથી વાતાવરણ ભર્યુંભર્યું બની જતું. કચ્છમાં મીર અને લંઘા જ્ઞાતિના કલાકારો પેઢી - પરંપરાથી નોબત - શરણાઈવાદન કરતા આવ્યા છે. અનેક નગારચીઓએ આ ક્ષેત્રે ઊંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી દેશ વિદેશમાં કચ્છનું નામ ગુંજતું કર્યું છે. અહીં એવા કેટલાય બાજંદા કલાકારોની પણ વાત કરીએ.

કચ્છી નોબત - શરણાઈનું નામ વિશ્વભરમાં પ્રસિદ્ધ કરનાર ઊંચા ગજાના મોખરાના કલાકાર છે સ્વ. સુલેમાન જુમા જુણાણી. કચ્છના સંગીતપ્રેમી લંઘા પરિવારમાં સને ૧૯૦૫માં જન્મેલા સુલેમાનભાઈએ તેમના પિતા જુમાભાઈ અને મુંદ્રાના બસુ લંઘા ઉસ્તાદ પાસે તાલીમ લઈને દસ વરસની વયે નોબતવાદન શરૂ કર્યું. રાજ દરબારમાંથી માંડીને દિલ્હીના દરબાર સુધી અનેક મોટા મેળાવડા અને મહોત્સવોને એમણે રળિયાત કર્યા હતા. એમની જોડે એમના દીકરા મરહુમ સુમારભાઈ શરણાઈ પર સંગત કરતા. સુમારભાઈના પુત્ર યુસુફભાઈએ પિતા પાસે તાલીમ લીધી. જાહેર કાર્યક્રમોમાં દાદા, પુત્ર અને પૌત્રની નોબત શરણાઈ પરની જુગલબંદી સાંભળવી એ પણ એક લ્હાવો ગણાતો. ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના કાર્યક્રમોમાં આ લેખકે મનભરીને અનેકવાર માણ્યા છે. **ફ્રાંસના એફિલ ટાવર ઉપર નોબતનો ડંકો વગાડનાર સુલેમાન જુમાને ગુજરાત સરકારે સને ૧૯૮૪માં ગૌરવ પુરસ્કાર અને સંગીત નાટક અકાદમી નવી દિલ્હીએ ૧૯૮૫માં લોકસંગીત એવોર્ડ દ્વારા એમને સન્માન્યા હતા.**

કચ્છ - અંજારના મરહુમ લંઘા અબ્દુલભાઈ જુસબ સોરઠિયા ઉચ્ચ કોટીના નગારાવાદક ગણાતા. ભુજના વતની મ. લંઘા રમઝુભાઈ બુઢા તારવાણીનું નગારા વાદનમાં મોટું નામ હતું. એમનું નોબતવાદન સાંભળવા જાહેર મેળાવડાઓમાં લોકો ઉમટી પડતા. નલિયાના નોબત - શરણાઈવાદક ભાઈઓ લંઘા ઉમરભાઈ (અભલા) આજી તથા ઈસ્માઈલભાઈ બુઢ્ઢા આજી સૂર અને તાલના તરવૈયા તરીકે ખ્યાતિ પામ્યા છે. શ્રી અબદુલ્લા નોબતના ઊંચા ગજાના કલાકાર છે, સાથોસાથ ઢોલવાદનના પણ બાજંદા કલાકાર ગણાય છે. બેય લંઘા ભાઈઓ કચ્છી નોબત - શરણાઈની કલાને જીવની પેઠે જતન કરીને જાળવી રહ્યા છે.

માતાનો મઢ જ્યાં આશાપુરાનાં બેસણાં છે એ કચ્છના રાજવી પરિવારનાં કૂળદેવી ગણાય છે. ત્યાં પણ સવાર-સાંજ ચોઘડિયા વગાડવામાં આવે છે. થોડા વર્ષો અગાઉ અહીંના નગારચી તરીકે મ. લંઘા અલીમામદ સાલેમામદ ખાવરા આ બંને કાકા ભાઈઓના નામનો કચ્છમાં એક કાળે ડંકો વાગતો. એમની આશાપુરા મઢના નગારચી તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. **કચ્છના મહારાવશ્રી જ્યારે માતાજીના દર્શને પધારતા ત્યારે ખાસ રોકાઈને આ બંને ભાઈઓનું નોબત - શરણાઈવાદન સાંભળતા.** આ કલાકાર બેલડીએ નોબત શરણાઈની સાથોસાથ સારંગી અને તબલા સાથે કચ્છની લોકવાર્તાઓ કહેવાની કલા પણ હસ્તગત કરી હતી. મહારાવશ્રી મોડી રાત સુધી જાગીને એમની આ સંગીતમય લોકવાર્તાઓ માણતા. કલારસિકોમાં એમનું નામ ઊંચા આદર સાથે લેવાતું.

કચ્છી નોબત - શરણાઈ વાદકોના ઘરાનાના કેટકેટલા કલાકારો તૈયાર થયા! એક સમયે કચ્છના મોથારા ગામના વતની લંઘા મામદભાઈ સાલેમામદ ભેખાતિયા નોબતવાદક તરીકે ઊંચી ખ્યાતિ ધરાવતા હતા. એમણે આની તાલીમ આપીને ઘણાબધા ઉસ્તાદોને તૈયાર કર્યા હતા. એમનો સંગીતપ્રેમી પરિવાર આજેય નોબતવાદન કલાનું જતન કરી રહ્યો છે જ્યારે ગઢશીશામાં રહેતા માંડવી (કચ્છ)ના વતની લંઘા ઈબ્રાહીમ કાદરધીન લાલોર તથા તેમના પુત્ર ગનીતભાઈ લંઘા પણ નોબતવાદનમાં સારું માનપાન ધરાવે છે. આ થઈ લંઘા કલાકારોની વાત.

હવે કરીએ નોબત - શરણાઈવાદક મીર કલાકાર કસબીઓની વાત. **કચ્છમાં મીર જાતિના કલાકારોએ નોબત - શરણાઈ વાદન અને ગાયકીમાં ઘણી ઊંચી સિદ્ધિઓ હાંસલ કરી છે.** એમાંના એક છે માંડવી તાલુકાના બાપટ ગામના મ.મીર ઉમર

*હસવું કે સોગિયા રહેવું, એ તમારા જ હાથમાં છે તો પહેલો વિકલ્પ જ કેમ પસંદ કરતા નથી?*

નુરમામદ દગા. તેઓ કચ્છના મોડ દરબારોના મીર ગણાતા. દરબારી પરિવારોમાં જ્યારે મેળાવડા, ઉત્સવો કે લગ્ન જેવા માંગલિક પ્રસંગો આવતા ત્યારે આ મીર પિતા-પુત્રની હાજરી અવશ્ય રહેતી. વળી મોડ દરબારોના કુળદેવ મોડપીર દાદા ગણાય છે. આ દાદાના સ્થાનકે ઉમર નૂરમામદના નોબત - શરણાઈના સૂર રેલાતા ત્યારે એને સાંભળવા માટે દૂરદૂરથી કલારસિકો ને ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ભેગા થતાં. સમગ્ર કચ્છ અને ગુજરાતમાં તેમની ખ્યાતિ ખૂબ જ ફેલાઈ હતી.

બીજા દરબારી મીર હતા રોહા-કોટડાના મ.મીર હુસેનભાઈ અલારખા મેરિયા. તેઓ રોહા જાગીર (કવિ કલાપીનું સાસરું)ના દરબારી મીર હતા. રોહા દરબારમાં નગારખાનું હતું. તેમાં બેસીને આ કલાકાર બાપ-દીકરો સવાર-સાંજ નોબતવાદન કરતા. તેમનું નોબતવાદન અજોડ ગણાતું. રાજદરબારી કચેરીમાં અને માંગલિક પ્રસંગોમાં તેઓ નોબતવાદન કરી સૌના અંતરમાં આનંદનો અબીલ ગુલાલ ઉડાડતા. હુસેનભાઈ રોહા દરબારની કચેરીમાં રાજવી અને અમીર ઉમરાવો સામે બેસી સારંગી અને તબલા પર રસપ્રચુર લોકવાર્તાઓ માંડતા. **રાત ખૂટે, પ્રાગવડના દોરા ફૂટે પણ વાત ન ખૂટે.** પોતાની કલા દ્વારા દર્શકોને ખુશ કરીને એમણે અસંખ્ય ઈનામ - અકરામો મેળવ્યા હતા. બહુ મોટી નામના મેળવી હતી. રાજ દરબારે સંગીતકાર અને વાર્તાકાર તરીકે એમનો ભારે આદર થતો.

સમગ્ર મીર સમાજને ગૌરવ બક્ષનાર બીજા લબ્ધપ્રતિષ્ઠ નોબતના સોબતી હતા માંડવીના મ.મીર બાવલાભાઈ હાજીભાઈ પોસલા. એમનું નોબત - શરણાઈવાદન સાંભળવું એ જીવનનો એક લહાવો ગણાતો. તેઓ વાદકની સાથે અચ્છા ગાયક હતા. કચ્છી લોકગાયકી, કાફી, કચ્છી રાસુડા, કચ્છી દરબારી રેજા અને લોકધૂનો પર અજોડ કાબૂ ધરાવતા હતા. કચ્છના કોઈ પણ કલાકારને બાવલા મીર સાથે કાર્યક્રમ આપવા બેસવું એ બહુ મોટી વાત ગણાતી. પણ એમની સાથે મીર આદમભાઈ ઈસ્માઈલ નોબતવાદન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેતા. આ કલાકાર બેલડીને દેશી રાજ્યોના રાજવીઆ તરફથી ઉત્સવો પ્રસંગે નોબતવાદન માટે ખાસ નિમંત્રણ આપીને તેડાવતા. કચ્છી કલાપ્રેમીઓ આજેય એમને ભાવપૂર્વક યાદ કરે છે.

માંડવી - કચ્છના વતની અને બાવલાભાઈ મીરના ખાસ શાગીર્દ મીર આદમના પુત્ર મ.મીર હારુન ધીસુરાને બાવલાભાઈએ શરણાઈ વાદનની કલા સંપૂર્ણપણે શીખવી હતી. એ જ્યારે શરણાઈ વાદનનો કાર્યક્રમ આપતા ત્યારે દૂરથી સાંભળનાર થાપ ખાઈ જતા. એમને એમ જ લાગતું કે આ બાવલા મીરની જ શરણાઈ વાગે છે. ગુરુ મીર બાવલાની જેમ હારૂન આદમ, કચ્છી ગાયકીના પણ મોખરાના કલાકાર હતા. હારૂન મીરની શરણાઈ સાથે મ. મીર પીનુભાઈ ઈસ્માઈલ ઘેલા નોબતની સંગત કરતા. એમણે મીર આદમ ઉસ્તાદ પાસેથી તાલીમ લઈને નોબત વાદનમાં પ્રવીણતા પ્રાપ્ત કરી હતી. આ જોડી તબલા ને સારંગી ઉપર જાણીતા ઉસ્તાદો સાથે સંગત કરતી. રજવાડી મીર જ્ઞાતિના રેજાની કચ્છી ગાયકીમાં તેમનું નામ અને સ્થાન ઊંચું ગણાતું. એમણે તોપાના ગુરુઓ પાસેથી ગાયકીમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું. કચ્છના કલારસિકો આજેય એમને રાજઘરાનાના ગાયક તરીકે યાદ કરે છે.

કચ્છ વાગડના કટારિયા ગામમાં મીર અલીમામદ અલ્લારખ્ખા ઘોરા નામના નોબતવાદક થઈ ગયા. આ બાપબેટાની જોડી પણ ઠીકઠીક જાણીતી બની હતી. કચ્છના નાના મોટા ઉત્સવોમાં તેઓ નોબત-શરણાઈથી નવો પ્રાણ પૂરતા. મીર કલાકારોની શ્રેણીમાં એવું જ એક અનોખું નામ છે માંડવી - કચ્છના વતની અને મીર હારૂન ઉસ્તાદના પુત્ર અબુ મીરનું. તેમને નોબત વાદનની કળા ગળથૂથીમાં મળી હતી. કિશોરવયે એમણે પિતાશ્રી પાસેથી નોબત વાદનની તાલીમ લીધી હતી. આજે તેઓ આકાશવાણીના મોખરાના નોબત શરણાઈવાદક ગણાય છે. સરકારના અને સંસ્થાઓના જાહેર કાર્યક્રમોમાં તેઓ મીર જાતિની વેશભૂષામાં માથે પાઘડી બાંધી નોબત - શરણાઈવાદન કરવા બેસે છે. ત્યારે કચ્છી રજવાડી કલાકારોની યાદ તાજી થાય છે. અબુભાઈ શરણાઈ વગાડે ત્યારે તેમના ભાણેજ મીર હાજીભાઈ ફકીર મહંમદ અથવા તેમના નાના ભાઈ મીર સતારભાઈ નગારાવાદન માટે બેસે છે. સાથે બીજી શરણાઈ પર મીર નૂરમામદ ઈસ્માઈલ બેસે છે. આ મંડળીનું નોબત - શરણાઈ વાદન સાંભળવા દૂરદૂરથી લોકો ઉત્સવોમાં ઊમટી પડે છે.

કચ્છી સંગીત વિરાસતના આ છેલ્લા કલાકારો ગણાય છે. આજે લંઘા અને મીર પરિવારો પેઢી - પરંપરાના વારસાને ટકાવી રાખવા સંઘર્ષ કરી રહ્યા છે, એને જાળવવા જતન કરી રહ્યા છે, પણ ઈલેક્ટ્રોનિક વાજિંત્રોની ભરમાર વચ્ચે એ વારસાને જાળવવાનું કામ હવે એમનાય ગજા બહારનું થતું જાય છે. **નવી પેઢીના યુવાનોને પશ્ચિમના સંગીતનું ઘેલું લાગ્યું છે. પરિણામે કચ્છી નોબત - શરણાઈવાદકો, જોડિયા પાવા, મોરચંગ, હાની, સુરંદો, ઘડો અને મોરલી વાદનની કલાના કસબીઓની કલા અસ્તાચળના આરે આવીને ઊભી છે.** કચ્છમાં યોજાતા રણ મહોત્સવ જેવા મોટા ઉત્સવો દબદબાપૂર્ણ રીતે ઊજવાતા થયા છે. દેશ વિદેશથી આવતા પ્રવાસીઓ સમક્ષ કચ્છી કલાકારોને ગૌરવપૂર્ણ રીતે રજૂ કરવામાં આવે છે.

આ બધા છેલ્લી પેઢીના કલાકારો છે. કચ્છી સંગીત કલા અને લોકવાદ્યોનો આ વારસો અસ્તાચળના આરે આવીને ઊભો છે. **સરકાર, સંગીત નાટક અકાદમી, શ્રેષ્ઠીઓ અને ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ તરફથી કચ્છી કલા અને કલાકારોને જીવતદાન મળે એવી કોઈ નક્કર યોજના આકાર લે તો અનેક કચ્છી કલાકાર પરિવારોને જીવતદાન મળી જાય.** એમની તાવડી પોરો ન ખાઈ જાય. એ શુભ દિવસની આતુરતાપૂર્વક રાહ જોઈએ.

*'સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સ કોલોની,*
*વિજય ચાર રસ્તા, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

*'તમે ખોટા છો' અગર 'તમારી ભૂલ છે' એ વાક્ય જેને કહેવાયું હોય એમને નથી જ ગમતું.*

# પ્રતિભાવાન વ્યક્તિત્વ : રામસિંહ માલમ

• હરેશ ધોળકિયા •

કચ્છમાં રાજાશાહી દરમ્યાન ક્યારેક પ્રતિભાવાન વ્યક્તિત્વો ઝળકતાં દેખાય છે. કેટલાંક વ્યક્તિત્વોને તત્કાલીન રાજા પ્રતિભાશાળી હોવાથી ઓળખી લેતા. પરિણામે તેઓ તેના સમયે જબરદસ્ત કામ કરી શક્યા. તો ક્યારેક અતિ સામાન્ય અને કચ્છને પ્રતિકૂળ રાજા આવવાથી તેનાથી કચ્છની પ્રજાને બચાવવા કોઈ વ્યક્તિત્વ ઊભું થતું દેખાય છે, જે કચ્છને કટોકટીમાંથી ઉગારે છે. તો વળી ક્યારેક કોઈક વ્યક્તિત્વ એવું આવે છે, જેને પોતાની પ્રતિભાને વ્યક્ત કરવા સત્તાનો મોહ જાગે છે જે ત્યારના રાજા સંતોષતા નથી. તેથી તે વેરવૃત્તિમાં ફસાય છે અને કચ્છને કટોકટીમાં મૂકી દે છે.

અઢારમી સદી દરમ્યાન કચ્છમાં રામસિંહ માલમ પ્રથમ કક્ષામાં સૂચવેલ વ્યક્તિ હતા. તેને તત્કાલીન મહારાવ લખપતજી (૧૭૫૨-૬૧) ઓળખી શક્યા. તેથી કચ્છને ખૂબ ફાયદો થયો.

રામસિંહ માલમની કહાણી એક જાદુ જ કહી શકાય તેમ છે. મૂળે તે ઓખામંડળનો વાઘેર. પણ બાળપણથી જ સાહસિક. એક વાર તરુણ રામસિંહ આફ્રિકા જતાં એક વહાણમાં ચડી બેઠો. રસ્તામાં દરિયો તોફાને ચડ્યો. વહાણ તૂટી પડ્યું. રામસિંહ દરિયામાં ફેંકાયો. તેના સદ્‌ભાગ્યે ત્યાંથી એક ડચ વહાણ પસાર થતું હતું. તેમણે તેને જોયો અને મહેનત કરી બચાવી લીધો. પણ ત્યાં તેનું કમનસીબ અટક્યું નહીં. રસ્તામાં સમુદ્રી ચાંચિયાઓએ તેને ઘેરી લીધો અને હુમલો કર્યો અને વહાણને લૂંટવા લાગ્યા. તે પળે રામસિંહે નીડરતાથી ચાંચિયાઓનો સામનો કર્યો અને ભગાડવામાં મદદ કરી. ડચ નાવિકો તો આ નીડર છોકરાને જોઈ ખુશ થઈ ગયા અને તેને તેમની સાથે હોલેન્ડ લઈ ગયા.

રામસિંહ તો હોલેન્ડનું કલાજગત જોઈને આશ્ચર્યચકિત જ થઈ ગયો. સાહસિક રામસિંહમાંનો કલાનો આત્મા જાગી ઊઠ્યો. તેણે એક બાજુ જીવવાની મથામણ કરવા મજૂરી કરવા માંડી. તો બીજી બાજું ત્યાંના હુન્નરો શીખવા માંડ્યા. સોના-ચાંદી પર નકશીકામ, મીનાકામ, હાથીદાંત અને લાકડાં પર કોતરકામ, ધાતુઓ ઓગાળવી અને તેમાંથી મિશ્રણો બનાવવાં, શસ્ત્રો અને યંત્રો બનાવવા, મશરૂકામ.... વગેરે અનેક વિદ્યાઓમાં તે પારંગત થયો. બરાબર અઢાર વર્ષ તેણે શીખવાની તપશ્ચર્યા કરી.

ત્રીસમા વર્ષે રામસિંહ ભારત પાછો આવ્યો. તે પોતાની કળાને ઓળખી શકે અને પોષી શકે તેવા રાજવીને શોધવા લાગ્યો. તેના અને કચ્છના સદ્‌ભાગ્યે કચ્છમાં ત્યારે મહારાવ લખપતજી ગાદી પર હતા. તે પણ કળાના મર્મજ્ઞ હતા. તેમણે તેની પ્રતિભાને ઓળખી લીધી અને તેને આશ્રય જ ન આપ્યો, પણ તેની બધી જ વિદ્યાને પ્રગટ કરવાની પૂરી સ્વતંત્રતા આપી.

**અને કચ્છમાં શરૂ થઈ આર્થિક અને ઔદ્યોગિક ક્રાંતિ. રામસિંહે વહાણ બનાવવાના ઉદ્યોગથી શરૂઆત કરી.** તેના પ્રયત્નોથી કચ્છનાં બંદરો પર 'જહાજવાડા' શરૂ થયા. તેણે કારીગરોની મદદથી એક પ્રયોગશીલ શાહી વહાણ તૈયાર કર્યું અને તેમાં કચ્છના ખલાસીઓને બેસાડી આફ્રિકા અને ઈંગ્લેન્ડની સફર કરાવી. તેના પરિણામે પાછળથી 'કચ્છી બનાવટ'નાં વહાણો દુનિયામાં જાણીતા થયા.

બીજા તબક્કામાં તે કચ્છના કારીગરોને યુરોપ લઈ ગયો અને ત્યાંના વિવિધ હુન્નર - ઉદ્યોગો બતાવ્યા અને શીખવ્યા. તે કાળમાં આવો પ્રયાસ - જેને અત્યારે 'એક્સપોઝર' કહે છે - અસાધારણ માની શકાય, જે તેની અસાધારણ પ્રતિભાનું દર્શન કરાવે છે. તેના પરિણામે કચ્છમાં રામસિંહે કલાત્મક નકશીકામના વિવિધ ઉદ્યોગો શરૂ કર્યા. તે સમય જતાં ખૂબ જ પ્રખ્યાત બન્યા અને સમગ્ર ભારતમાં તેની ખ્યાતિ પ્રસરી ગઈ.

ત્રીજા તબક્કામાં તેણે રાજા માટે આઈના મહેલનું બાંધકામ શરૂ કર્યું. તેનું બાંધકામ, તેની વાતાનુકૂલીનતા, તેની પ્રકાશ - વ્યવસ્થા, તેની કલાત્મકતા - આ બધું જ આજના ઈજનેરોને પણ આશ્ચર્યચકિત કરે છે. રામસિંહની કચ્છને આ અદ્‌ભુત ભેટ છે.

આ સાથે તેણે બીજા મહેલ પણ બાંધ્યા. અનેક ઉદ્યોગો પણ શરૂ કર્યા. **અનેક લોકોને તાલીમ આપી તૈયાર કર્યા અને પરંપરા વિકસાવી.** કચ્છની પ્રજાને કલા પ્રત્યે અભિમુખ કરી અને રોજગારી ક્ષેત્રે સમૃદ્ધ કરી.

આજે તેની પ્રતિભાનો વિચાર કરીએ તો માની પણ ન શકાય કે જન્મથી તદન સાધારણ, પછાત કહી શકાય તેવી કોમની, શિક્ષણથી વંચિત એવી આ વ્યક્તિએ સૂઝ, ચાતુર્ય, પ્રતિબદ્ધતા, જિજ્ઞાસા, શીખવાની તત્પરતા વગેરેથી પોતાની પ્રતિભાને નિખારી અને એક નાનકડા જીવનમાં અગણિત સિદ્ધિઓ મેળવી. તે દ્વારા પોતાનાં બહુપરિણામી વ્યક્તિત્વને પ્રદર્શિત કર્યું.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

# કચ્છમાં બાળકોની બચત બેન્ક

• નાગજી પીરાણા •

***'ટીપે ટીપે સરોવર ભરાય' એવી કહેવત બાળ મંદિર - કે.જી.થી ભણાવવામાં આવે છે. પરંતુ એનો વાસ્તવિક અર્થ ભાગ્યે જ બાળકોને સમજાવવામાં આવે છે. ૨૦૧૨ના વર્ષને વિશ્વમાં સહકારી વર્ષ તરીકે ઊજવવામાં આવ્યું. એ જાણીને રહીરહીને કચ્છના અગ્રણીઓએ બાળકોને ટીપે ટીપે સરોવર ભરવાની બચતની કળા પ્રેક્ટિકલ રીતે શીખવવાનું બીડું ઝડપ્યું. ચાલો આ અભિનવ પ્રયોગની માહિતી મેળવીએ.***

બચતની ટેવ માનવજાતમાં ક્યારે શરૂ થઈ તેનો કોઈ લિખિત ઇતિહાસ નથી. ભૂખ નિયમિત લાગતી રહે અને ખોરાક નિયમિત મળવાની ગેરન્ટી ન રહી હોય ત્યારે જ માનવોને બચતનું જ્ઞાન લાધ્યું હશે. શરૂઆત ગમે ત્યારે થઈ હોય, આપણા દેશમાં બચત જાણે ધર્મ બની રહ્યો છે, પરંતુ બાળકોને સમજણ આપવાની શરૂઆત છેક હવે થઈ છે. વિશ્વ સહકારી વર્ષને યાદગાર બનાવવાની કોઈ અભિનવ પ્રવૃત્તિનો વિચાર કરતાં કચ્છના રમેશ આહિરને બાળકોની જ બેન્ક બનાવવાનો વિચાર આવ્યો અને કચ્છ સહકારી સંઘના પ્રમુખ શિવજીભાઈ આહીરે તેમાં સાથ આપતા આ અનોખો પ્રયોગ શરૂ થઈ ગયો.

રમેશ આહિરે જ બાળકો માટે, બાળકો દ્વારા ચાલતી બાળકોની બેન્કની સ્થાપના કરી દીધી છે. આ બેન્ક કચ્છનાં જ ૬૫ બાળકો રમેશભાઈ જેવા વડીલોના માર્ગદર્શન હેઠળ ચલાવી રહ્યાં છે. હાલ તેઓ માર્ગદર્શન મેળવી રહ્યા છે, પરંતુ ઝડપભેર આ કળા હસ્તગત કરી રહેલાં બાળકો થોડા જ વખતમાં પોતાની જાતે બેન્કનું કામકાજ સંભાળતા થઈ જશે તેની બેન્કના સ્થાપક ચેરમેનને ખાતરી છે.

કચ્છમાં સૌપ્રથમ એવી બાળકોની આ બચત બેંક ટેકનિકલી કચ્છ સહકારી સંઘ દ્વારા ચાલુ કરવામાં આવી છે. આ સંઘના પ્રમુખ શિવજીભાઈ આહીર જણાવે છે :

'આજનો યુગ આર્થિક યુગ છે. તેમાં દરેક વ્યક્તિએ બચતની ટેવ પાડવી ખૂબ જ જરૂરી છે. **બાળકો આવતીકાલનું ભારત છે. તેમને બચતની ટેવ પડે તો આવતી કાલનું ભારત ઉજ્જવળ બની જાય.** આ ઉદ્દેશ્યથી બાળકોની બચત બેંક શરૂ કરવામાં આવી છે. બેંકના તમામ સભ્યો બાળકો જ છે. તેમની પોતાની કોઈ આવક ન હોવાથી આમ તો તેઓ આ બેન્કમાં એક રૂપિયોય જમા ન કરાવી શકે. તેમના ખિસ્સા ખર્ચમાં કાતર ફેરવવાનો અમારો વિચાર નહોતો.

એટલે બાળકોને નાણાં રળવાનો રસ્તો બતાવીને તેની આવક બેન્કમાં જમા કરવાની યોજના બનાવી છે. આ યોજના અનુસાર તેઓ પોતાના રોજબરોજના જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓમાંથી આર્થિક ઉપાર્જન કરીને તેમાંથી ઉપજતી રકમમાંથી બચત કરે છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં બાળકોને બચત કેવી રીતે કરવી તે માટેની જુદી જુદી ટ્રેનિંગ આપવામાં આવે છે.

શહેરી વિસ્તારનાં બાળકો ઘરમાં આવતાં છાપાંઓની પસ્તી ભેગી કરે, પાણીની બોટલના ઢાંકણાં, બોટલો વગેરે ચાર મહિના એકઠાં કરીને વેચે છે. એ વેચવાથી જે આવક થાય તે બાળકો પોતાની બેંકમાં જમા કરાવે છે.

ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોનાં બાળકોને જંતુનાશક દવાની બોટલો, પ્લાસ્ટિક, પતરાં, લોખંડની અન્ય વસ્તુઓ, પેપર બોક્સ વગેરે એકઠાં કરીને ચાર માસને અંતે આવી વસ્તુઓ બાળકની હાજરીમાં વેચીને તેમાંથી થતી આવક બાળકના બચત ખાતામાં જમા કરાવવાની ટેવ પાડવામાં આવે છે. દરેક બાળકને વાલી પોકેટમની આપતા હોય છે. જેમાંથી અમુક રકમ બાળક બચાવે અને પોતાના બચત ખાતામાં જમા કરાવે તેવી ટેવ પણ પાડવામાં આવે છે.

આ તો રોકડા નાણાં લઈને બચત કરવાની વાત થઈ. **રોકડ ઉપરાંત બાળકોને અન્ય વસ્તુઓના વપરાશમાં કરકસર કરીને પણ બચત કરવાનું શીખવાડવામાં આવે છે.** દરેક બાળક પોતાના ઘરે વપરાતી વીજળીમાં કરકસર કરીને બચત કરે તેવું આયોજન છે. રોજ સાંજે ૭.૩૦ને બદલે ૮.૦૦ વાગે લાઈટ ચાલુ કરે અને વહેલી સવારે અડધો કલાક લાઈટ વહેલી બંધ કરી નાખે.

### સાબરકાંઠામાં ગુજરાતની પહેલી બાળ બચત બેંક

બાળકો માટેની બચત બેન્કનો વિચાર નવો નથી. ગુજરાતની આ સૌપ્રથમ બેન્ક પણ નથી. ગુજરાત રાજ્યમાં બાળકોની જ અલાયદી સૌપ્રથમ બચત બેન્કનો જશ સાબરકાંઠા જિલ્લાને જાય છે. હવે કચ્છ પણ આ નવલી પ્રવૃત્તિમાં જોડાઈ રહ્યું છે.

*તમારે કંઈ સમજવું ન હોય તો તમને કોઈ સમજાવી શકવાનું નથી.*

રાત્રે મોડે સુધી લાઈટ ન બાળે અને દિવસે જરૂર વગર વીજળીનાં સાધનો ન વાપરે એવું બાળકને શીખવવામાં આવે છે. જેથી વીજળીની બચત થાય અને વીજળીનું બિલ ઓછું આવે. બાળકોને આ પ્રયાસનો લાભ મળે એટલા માટે અમે વાલીઓને આગ્રહ કર્યો છે કે દર મહિને વીજળીનું બિલ જેટલું ઓછું આવે તેટલી રકમ વાલીએ બાળકના ખાતામાં જમા કરાવવી.

બીજા તબક્કામાં એવું આયોજન કરાશે કે જે બાળકના વાલીઓ ચા-બીડી કે સિગારેટમાં ખર્ચ કરતા હોય તો અઠવાડિયે તેમાંથી ૫૦ ટકા રકમ બચાવે. આ રીતે જે રકમ બચે તે પણ બાળકના ખાતામાં જમા કરાવવામાં આવે. વર્ષને અંતે જે બાળકના ખાતામાં સૌથી વધારે રકમ જમા થઈ હોય તેનું જનરલ સભામાં પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવશે. સહકારી સંઘનો એવો લક્ષ્યાંક છે કે બાળક ૧૮ વર્ષનું થાય ત્યારે તેની બચત વ્યાજ સહિત ઓછામાં ઓછી રૂપિયા એક લાખ થઈ જાય.'

ગાંધી જયંતિ બીજી ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ સહકારી સંઘ - કચ્છ સમક્ષ પ્રસ્તાવ મૂકીને તા. ૨૦-૧૦-૨૦૧૨થી કચ્છમાં ૫૧ બાળકોની સભ્યો તરીકે આ બેન્ક ભુજમાં શરૂ કરવામાં આવી હતી. હાલ તેમાં ૬૫ સભ્યો નોંધાઈ ચૂક્યા છે અને તેનો ફેલાવો ભુજ શહેર ઉપરાંત તાલુકાનાં ૧૭ ગામડાંમાં થઈ ચૂક્યો છે.

આ બેન્કનો વિચાર શી રીતે આવ્યો, તે અંગે વાત કરતા બેન્કના ચેરમેન અને કચ્છ સહકારી સંઘના એક્ઝિક્યુટિવ રમેશ આહીર કહે છે : '૨૦૧૨નું વર્ષ આખું વિશ્વ સહકારી વર્ષ તરીકે ઊજવી રહ્યું છે. કચ્છ સહકારી સંઘ પણ તેને અનુલક્ષીને કાંઈક કરે એવી ઈચ્છા હતી. સંઘના આગેવાનોએ આ અંગે કોઈ યોજના તૈયાર કરવા મને જણાવ્યું.

મને એમ લાગ્યું કે, કોઈ સામાન્ય કાર્યક્રમ યોજાશે તો તે સરસ મઝાનો શમિયાણો, થોડાં ભાષણો અને ઉપદેશો પછી વિસરાઈ જશે. કાયમી સંભારણા રૂપે રહેશે નહીં એટલે કશુંક એવું કરવું જેથી વર્ષો સુધી તે ચાલુ રહે. આ દિશામાં વિચારતા ઈન્ટરનેટ ઉપર ખાંખાંખોળાં કરતો હતો, ત્યાં બાળકો માટેની ખાસ સહકારી બચત બેન્કનો એક નવો જ વિચાર આવ્યો. મેં આ વિચાર રજૂ કર્યો અને તે અંગે દરેક પાસાંનો વિચાર કરી આખરે આ પ્રવૃત્તિ અમે શરૂ કરી. કચ્છ જિલ્લા સહકારી સંઘે સહકાર ભવનમાં 'બાળ બચત બેન્ક' માટે એક રૂમ ફાળવ્યો છે. **આ બેન્કમાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરના સભ્યોને જ સમાવાય છે.** ૧૧ સભ્યોની કારોબારી બનાવી છે. જોકે, સહકારી કાયદાની જોગવાઈના કારણે તેના સંચાલક તરીકે વાલીઓનાં જ નામ છે. કાયદા મુજબ ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિ સંચાલનમાં અને કારોબારીમાં ભાગ લઈ શકે નહીં. **જેથી બાળકોના પાવર ધરાવતા પ્રતિનિધિ તરીકે વાલીઓ કારોબારીમાં ભાગ લે છે.** કચ્છમાં પૂરી સફળતા મળી જાય તો આ મોડલ અન્ય વિસ્તારોમાં પણ અમલમાં મૂકવાની અમારી યોજના છે.'

***"અભિયાન"માંથી સાભાર***

### બચત કરનારા બાળકોને મળશે લોન

જે બાળક દ્વારા બાળ બચત બેંકમાં બચત ખાતું ખોલાવીને બચત કરવામાં આવશે તેને આવી રકમ પર ચાર ટકા વ્યાજ મળશે. આ ઉપરાંત એક વર્ષને અંતે તેને શિક્ષણ માટે લોન પણ મળશે. આ લોનમાંથી બાળકો કોમ્પ્યુટર, લેપટોપ, સાઈકલ વગેરે સાધનો ખરીદી શકશે.

લોન લેનાર બાળકના ગેરન્ટર તરીકે તેના વાલીને રાખવામાં આવશે. જેટલી રકમની લોન લેવામાં આવશે તેટલી રકમ બાળકના વાલી ચૂકવી શકશે કે કેમ તે અંગે તપાસ કરીને જ લોન આપવામાં આવશે. જેથી ભવિષ્યમાં લોનની સો ટકા વસુલાત કરી શકાય.

## વૃક્ષ વંદના

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

વિવાદ જીવે છે. માણસ અને ઢોર તરસે મરે છે. આખી એક વચલી પેઢી એની વાટ જોવામાં ઘરડી થઈ ગઈ. **દરેક ચૂંટણી ટાણે દરેક નેતા કાદરપુર ભરી આપવાની જડબેસલાક ખાતરી આપે છે. ચૂંટણી પૂરી થઈ જાય છે. નેતાઓ ખોવાઈ જાય છે.** તરસી ભોમકા મણ મણના નિસાસા નાખે છે. 'અરે, એ તે ક્યારે? — ભસમ સહુ થઈ જાય, પછીથી?' લાંબીલચક ડાંફો ભરતા 'સઈ' ટીંબેથી કાંસને કિનારે કિનારે પાછા વળતા હતા, ત્યાં એક સામટા સુરવાળ ચોંટી પડ્યા. એમની તીણી તીર જેવી કલગીઓ મોટાભાઈના મલમલના ધોતિયામાં ભરાઈ ગઈ. જંગલી ઘાસને પણ માણસની કેવી માયા હોય છે! એની ફાંસ વીણતાં વીણતાં આંખ અધ્ધર કરી, તો સામે ખીજડો ખરબચડું મલકી રહ્યો હતો. અચાનક શ્વાસ થંભી ગયો. એવા જ એક શમીવૃક્ષના થડમાં મૃત પિતાનાં અસ્થિ દાટ્યાં હતાં - પાંડવોનાં શસ્ત્રોની જેમ - એ સાંભરી આવ્યું. અલબત્ત, પછી એ અસ્થિ તો છેક માનસરોવર અને કૈલાસની પવિત્ર ગોદમાં પહોંચાડી આવ્યો'તો. અસ્થિનું વિસર્જન થઈ શકે, લોહીની સુવાસ થોડી ઊડી જવાની હતી? ખીજડે ખીજડે વત્સલ પિતાનું વહાલ મહેક્યા કરશે - જીવીશ ને જાગીશ ત્યાં લગી!

***૧૩, ઐશ્વર્ય-૧,***
***પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર.***

## સામાજિક સંબંધ અને માનસિક વયનો વિચાર

**(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)**

સંબંધો લાંબા સમય સુધી જોડાયેલ રહેવાના હોય તે સંબંધો બાંધતા પહેલાં જો પરસ્પરની માનસિક વયનો વિચાર કરવામાં આવ્યો હશે તો તે સંબંધો વધારે સમય ટકશે. એટલું જ નહિ પણ તે સંબંધોમાં મીઠાશ વધારે રહેશે. સમાન માનસિક ઉંમરવાળી વ્યક્તિઓ વચ્ચે કંઈ મતભેદ પડે છે કે મનદુઃખ થાય છે ત્યારે તેઓ વધારે સરળતાથી તેનું નિરાકરણ લાવી શકે છે કારણકે તેમની વચ્ચે વયની ભૂમિકા સમાન હોય છે.

***સુહાસ, ૬૪, જૈન નગર,***
***પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.***

*અહમને ઓગાળી શકો તો ઘણી બધી સમસ્યાઓ ઓગળી જશે.*

# કચ્છમાં લોકશાહીનો પહેલો ધબકાર આધોઈમાં ઝિલાયો!

• નરેશ અંતાણી •

*૪૫ બેઠકો ધરાવતી સૌરાષ્ટ્ર બંધારણ સભાની સૌપ્રથમ સામાન્ય ચૂંટણીઓ ૧૯૪૮ના નવેમ્બર મહિનામાં યોજાઈ હતી. જેમાં ૪૫ બેઠકોમાંથી બે બેઠકો મોરબી રાજ્યને અપાઈ હતી. જેમાં એક મોરબીને અને એક માળીયાને, આધોઈનો સમાવેશ માળીયામાં કરાયો હતો. આ બેઠક પરથી કોંગ્રેસના અમૃતલાલ શેઠ (માળીયાવાળા)એ મોરબીના રાજવી લખધીરસિંહના બીજા નંબરના કુંવર કાલીકા કુમારને હરાવ્યા હતા. આમ, કચ્છનો જ એક ભાગ છતાં મોરબી રાજ્યમાં સમાવાયેલા એવા આધોઈમાં લોકશાહીનાં પ્રથમ પગરણ થયા કેમકે કચ્છમાં તો એ પછી છેક ૧૯૫૦માં નગરપાલિકાઓની પુખ્ત મતાધિકારવાળી ચૂંટણીઓ યોજાઈ હતી.*

કચ્છ રાજયના સમયમાં અંગ્રેજોની ચુંગાલમાંથી છૂટવા અને લોકશાહીના ઉદય માટે સમગ્ર હિંદુસ્તાનની સાથે કચ્છમાં લડતો તો ચાલતી જ હતી. વધારામાં જવાબદાર રાજ્યતંત્ર મેળવવાની પણ કચ્છમાં વ્યાપક લડત ચાલુ હતી. પરંતુ દેશને આઝાદી મળ્યા બાદ સાચી લોકશાહીના સૌપ્રથમ ફળ જો કોઈએ ચાખ્યાં હોય તો તે વાગડના આધોઈએ. હા, આ હકીકત સંપૂર્ણ સત્ય છે. કેમકે આઝાદી બાદ કચ્છમાં સૌપ્રથમ લોકશાહી પદ્ધતિએ આધોઈમાં ચૂંટણી લડાઈ અને લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ પણ કર્યો હતો. એક રીતે કહીએ તો કચ્છમાં આઝાદી બાદ લોકશાહીનો સૌપ્રથમ ધબકાર આધોઈમાં ઝીલાયો હતો. જોકે એ સમયે આધોઈ કચ્છમાં ન હતું, મોરબી રાજયનો એક ભાગ હતું.

આ અંગે વિગતે વાત કરીએ તો વાગડનું આધોઈ એક સમયે મોરબીનો ભાગ હતું. તેની વિગતો અગાઉ અહીંથી નોંધી છે. તેથી તેનું પુનરાવર્તન કરતા નથી. આ અંગેના ઈતિહાસમાં ડોકીયું કરીએ.

ભાવનગરના ઉદારમતવાદી રાજવી કૃષ્ણકુમારસિંહજીએ સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ તા. ૧૫મી જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે સત્તા ત્યાગ કરી જવાબદાર રાજ્યતંત્રની રચના કરવાની જાહેરાત કરી હતી. આ પછી સરદાર પટેલે સૌરાષ્ટ્રના રાજવીઓના નેતા જામનગરના રાજવી જામ સાહેબ દિગ્વિજયસિંહજીને એકીકરણમાં જોડાવા સંમત કર્યા. પરિણામે સૌરાષ્ટ્રના જૂનાગઢ સિવાયના બધાં રાજયોએ તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૪૮ના સૌરાષ્ટ્ર એકમમાં જોડાવા માટેના કરારના દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા. આ સમયે આધોઈ મોરબી રાજયની હકૂમતમાં હતું. આથી સ્વાભાવિક રીતે આધોઈ પણ સૌરાષ્ટ્ર એકમમાં જોડાયું.

સૌરાષ્ટ્રનાં રજવાડાઓમાં વિલીનીકરણ બાદ કચ્છ રાજયે ભારત સંઘમાં જોડાવા માટેના દસ્તાવેજ પર હસ્તાક્ષર છેક તા. ૪થી મે, ૧૯૪૮ના કર્યા અને ૧લી જૂન, ૧૯૪૮થી ધારાસભા વિનાનું 'ક' રાજય બન્યું. જયારે સૌરાષ્ટ્રને પોતાની ધારાસભા મળી હતી.

સૌરાષ્ટ્ર સંયુક્ત રાજયની રચના ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના કરવામાં આવી. તેના પ્રથમ પ્રમુખ તરીકે જામનગરના રાજવી જામસાહેબ દિગ્વિજયસિંહજી અને પ્રથમ મુખ્યમંત્રી તરીકે ઉછરંગભાઈ ઢેબરની વરણી કરવામાં આવી. આરંભમાં તેને 'સૌરાષ્ટ્ર બંધારણ સભા' એવું નામ આપવામાં આવ્યું.

૪૫ બેઠકો ધરાવતી સૌરાષ્ટ્ર બંધારણ સભાની સૌપ્રથમ સામાન્ય ચૂંટણીઓ ૧૯૪૮ના નવેમ્બર મહિનામાં યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ પક્ષે ૪૧ બેઠકો પર વિજય મેળવી લીધો. ઉછરંગભાઈ ઢેબરનો પણ જવલંત વિજય થયો અને તેઓ સૌરાષ્ટ્ર બંધારણ સભાના વિધિવત મુખ્યમંત્રી બન્યા. આ ચૂંટણી સમયે ૪૫ બેઠકોમાંથી બે બેઠકો મોરબી રાજયને અપાઈ હતી. જેમાં એક મોરબીને અને એક માળીયાને, આધોઈનો સમાવેશ માળીયામાં કરાયો હતો. આ અંગે રસપ્રદ વિગતો આપતાં કચ્છના પૂર્વ સાંસદ અને આધોઈના વતની હરિલાલભાઈ નાનજી પટેલે પોતાની એ સમયની સ્મૃતિઓને વાગોળતાં જણાવ્યું છે કે, માળીયા બેઠક પરથી કોંગ્રેસના અમૃતલાલ શેઠ (માળીયાવાળા)એ મોરબીના રાજવી લખધીરસિંહના બીજા નંબરના કુંવર કાલીકા કુમારને હરાવ્યા હતા. આમ, કચ્છનો જ એક ભાગ છતાં મોરબી રાજ્યમાં સમાવાયેલા એવા આધોઈમાં લોકશાહીનાં પ્રથમ પગરણ થયા. આધોઈનો કચ્છમાં પુનઃ સમાવેશ કઈ રીતે થયો તે પણ રસપ્રદ છે.

કચ્છ અને મોરબી રાજય વચ્ચે નાના મોટા ઝઘડાઓ થયા જ કરતા હતા. આથી હિંદ સરકારે એક વ્યક્તિના બનેલાં 'જી.એન. જોશી' પંચની રચના પણ કરી હતી. આ પંચની વિગતો મેળવવાના પ્રયાસો આ લખનારે આરંભ્યા છે. જે મળેથી તેની વિગતો પણ આ કટારમાં આલેખાશે. આઝાદી મળ્યા પછી આધોઈને કચ્છમાં સમાવવા હુકમો થયા હોવા છતાં મોરબી પાસેથી આધોઈને મેળવવા માટે કચ્છના વહીવટી તંત્રને અનેક મુશ્કેલીઓ પડી હતી. હિંદ સરકારે આધોઈનો કબજો કચ્છને સોંપવા હુકમ કર્યો હતો. એ સમયના અંજારના નાયબ કલેક્ટર હરિભાઈ છાયાએ ૧૯૪૯-૫૦માં 'ક' વર્ગના કચ્છ રાજય વતી આધોઈનો કબજો લીધો હતો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)**

*કામ નહિ, પરંતુ પોતાને કામ કરવું પડશે એ વિચાર આળસુ માણસને થકવી દે છે.*

# જીભની કોથળીમાં જીવનના ઝેર અને અમૃત

• દિનેશ પાંચાલ •

સ્વામિનારાયણ સંપ્રદાય તરફથી પ્રગટેલું એક પુસ્તક **"ઘરસભા"** હમણાં વાંચવા મળ્યું. એમાં એક સુંદર પ્રસંગ વર્ણવ્યો છે. દારૂના એક બહુ મોટા બારનો માલિક મરણ પામ્યો. મરણ પછી એનું વીલ વાંચવામાં આવ્યું. સ્વાભાવિક રીતે જ એની કરોડોની મિલકત એણે પત્નીને આપી હતી. પણ એક શરત મૂકી હતી. શરત એ હતી કે દર વર્ષે એની મરણ તિથિના દિને પત્નીએ શહેરના તમામ અખબારોમાં એવી જાહેરાત આપવી કે : **'મેં મારી જીભ થોડી ટૂંકી રાખી હોત તો મારા પતિ ઘણું લાંબુ જીવ્યા હોત!'** વાત સાચી હતી. દુનિયાનું ગમે તેવું કિંમતી અમૃત પણ માણસને તેની પત્નીના જીભના ઝેરથી બચાવી શકતું નથી. પત્ની ખૂબ રૂપાળી હતી. પણ પતિ માટે એ ઝેર પાયેલી છૂરી હતી.

જીભ વિષે એક બહુ પ્રચલિત ટકોર એ છે કે **'જીભને હાડકું નથી હોતું પણ તે ભલભલાના હાડકા ખોખરા કરાવે એવી શક્તિ ધરાવે છે!'** કહે છે કોકને મારી નાખવો હોય તો રીવોલ્વરની જરૂર પડે છે. કોઈને સળગાવી દેવો હોય તો પેટ્રોલની જરૂર પડે છે. પણ લોહી ન નીકળે એ રીતે કોઈનું ખૂન કરવું હોય તો ત્રણ ઈંચની તલવાર કાફી છે. એ તલવારનું નામ છે - જીભ! ટી.વી. પર વાઈલ્ડ લાઈફના પ્રોગ્રામમાં મેં ઘણીવાર જોયું છે, વાઘણ જે દાંતથી શિકાર કરે છે તે જ દાંત વડે પોતાના બચ્ચાને પકડી એક સ્થળેથી બીજા સ્થળે લઈ જાય છે. **જીભ એવી જ બેવડી ભૂમિકા ભજવે છે. એ મધમીઠા શબ્દો બોલી જાણે છે અને એની પાસે હળાહળ ઝેરનો પણ સ્ટોક હોય છે.**

પુરુષોએ સ્ત્રીની જીભને વગોવવામાં કાંઈ બાકી રાખ્યું નથી. એક સુપ્રસિધ્ધ હાસ્યલેખકે લખ્યું છે - 'હું દુઃખી થઈ જાઉં છું જ્યારે સ્ત્રીઓની જીભની લંબાઈ વિષે પુરુષો બઢાવી ચઢાવીને વાતો કરે છે. મારું ચોક્કસપણે માનવું છે કે સંસારમાં કોઈ સ્ત્રીની જીભ તલવાર જેટલી લાંબી હોતી જ નથી. હા, એ અલગ વાત છે કે બંદૂકો અને તોપગોળાઓથી ન થઈ શકે એટલો સર્વનાશ સ્ત્રીની એક જીભ એકલે હાથે કરી શકે છે! (એ મહાશયને બે પત્ની છે. એથી એમનું કથન વધુ અનુભવસિધ્ધ કહેવાય.) સાવિત્રીબેન જીવિત હતા ત્યારે એકવાર બચુભાઈએ મારા કાનમાં કહેલું — **'મારી બૈરીના મોઢામાં ભગવાને ભૂલથી જીભને બદલે રામપુરી ચપ્પુ ગોઠવી દીધો છે!'** સાવિત્રીબેન આ સાંભળી ગયેલા. તેમણે જવાબ આપેલો - 'હા, મારા મોઢામાં રામપુરી ચપ્પુ છે, પણ તે ભગવાને ભૂલથી નથી આપ્યો. ગુંડા જેવા ધણીની સાથે મારો પનારો પડ્યો હોવાથી ભગવાને મારા રક્ષણ માટે એવું કરવું પડ્યું છે!'

ખેર, સ્ત્રીની જીભ ઉપદ્રવી હોય એવો એક તરફી પ્રચાર એ પુરુષપ્રધાન સમાજની બહુ જૂની ખંધાઈ છે. સદીઓથી સ્ત્રીઓને માથે તરેહ તરેહના આક્ષેપો કરી પુરુષોએ જે વિષવમન કર્યું છે તેનો જોટો જડવો મુશ્કેલ છે. **શબ્દોના ઝેર કરતાં શોષણનું ઝેર વધુ કાતિલ હોય છે.** કોકનો જીવ લેવા બાટલીમાંના (પ્રવાહી ઝેર) કરતાંય અનેકગણું ચઢિયાતું બીજું ઝેર હોય છે. તે છે જીભનું ઝેર! એક પંક્તિ સ્ફૂરે છે : 'નિહાળવા બધી વખત આંખની જરૂર પડતી નથી / આવડત હોય તો ખૂન કરવા ખંજરની જરૂર પડતી નથી / એક શબ્દ પૂરતો છે પ્રેમ અને નફરત માટે... / બળી મરવા હંમેશાં સ્મશાનની જરૂર પડતી નથી!' એથી જ કહ્યું છે કે 'તલવારના ઘા રુઝાઈ શકે પણ વાણીના નહીં!'

એકવાર યુધ્ધમાં ખૂબ બહાદુરીભરી કામગીરી બજાવવા બદલ એક લશ્કરી જવાનને રાષ્ટ્રપતિના હસ્તે પરમવીર ચક્રનું સન્માન એનાયત થયું. રાત્રે જવાને પોતાની ડાયરીમાં લખ્યું 'આજે લાખો માણસની મેદનીમાં એક બહાદુર મર્દ તરીકે મારું સન્માન કરવામાં આવ્યું એનો આનંદ હૈયે બે-પાંચ મિનિટ રહ્યો. પણ એક સ્ત્રીએ મને 'નામર્દ' કહ્યો હતો એ શબ્દનો ચચરાટ પંદર વર્ષ પછી આજે પણ હું ભૂલી શક્યો નથી! હું તેને ચાહતો હતો પણ તેનો હાથ ઝાલવાની હિંમત બતાવી શક્યો નહોતો. તેણે ઝેર ઘોળવું પડ્યું હતું. મરતાં પૂર્વે એક પત્રમાં તે લખી ગઈ હતી 'આપણે આ જન્મે ન મળી શક્યા... આવતા જન્મે પણ હું તારી જ પ્રતીક્ષા કરીશ! પણ ભગવાનને પ્રાર્થના કરું છું કે તને થોડો મર્દ બનાવે!' પરમવીરચક્રના આનંદ કરતાં એણે વાપરેલા 'નામર્દ' શબ્દનો માર એટલો કાતિલ છે કે હું તે જીરવી શકતો નથી!' **મારા લશ્કરી મિત્રોએ કહેલું 'યુદ્ધ જીતવા મર્દાનગીની જરૂર પડે છે, પણ પ્રેમમાં તો દીવાનગી જોઈએ! સમાજ સામે લડવાની હિંમત જોઈએ!** તારા કરતાં તે વધુ મર્દ નીકળી. તું ન મળી શક્યો તો તારા વિના જીવવા કરતાં

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

એણે મોતને વહાલું કરી લીધું પણ અન્ય કોઈ જોડે જીવી જવાનું પસંદ ના કર્યું. સમાજમાં પ્રેમની એવી 'મર્દાનગી'ને પરમવીરચક્રથી નવાજતું નથી!'

એક મિત્રે કહેલું, 'મારા પ્રારંભિક દાંપત્યકાળમાં મેં ગુસ્સે થઈને પત્નીને એક તમાચો મારી દીધો હતો. **પત્નીના ગાલ પર પાંચ આંગળા પડી ગયા હતા. બાર કલાકમાં એ નિશાન ભૂંસાઈ ગયેલા, પણ એ ઘટનાને બાર વર્ષ થયા તો પણ પત્નીના દિલમાંથી પાંચ આંગળાના નિશાન મટ્યા નથી.** પ્રેમ કરતી વેળા પત્નીના વાળમાં મેં કેટલીયવાર વેણી નાખી આપી હતી. પણ વેણી વિસરાઈ ગઈ હતી. પેલો તમાચો યાદ રહી ગયો છે. કદાચ ચુંબન અને તમાચા વચ્ચે એજ ફરક છે. બંનેનું ઘટના સ્થળ એક જ હોય છે — ગાલ! પણ ચુંબનથી ગાલ ગુલાબી થઈ જાય છે, તમાચાથી રાતોચોળ! ચુંબન મોગરાની મહેક જેવું હોય છે. માણ્યું ના માણ્યું ત્યાં ખતમ! તમાચો દાઝેલા દેહના ઘાની જેમ દિલના આલબમમાં આઘાત બની વર્ષો સુધી સચવાઈ રહે છે!' **સાંસારિક જીવનમાં પ્રેમનું મૂલ્ય અનેકગણું વધારે છે. પરંતુ દરેક છીપલામાં મોતી હોતા નથી, તેમ દરેક દંપતી વચ્ચે પ્રેમ હોતો નથી, કેવળ અનુકૂલન હોય છે.** સમાજમાં લાખો પતિ પત્નીઓ ચહેરા પર સ્મિતનું મહોરુ ચઢાવીને જીવ્યે જાય છે. તેમનું ઐક્ય સંધ્યાટાણે ક્ષિતિજે સૂરજ અને સમુદ્રના મિલન જેવું આભાસી હોય છે. તેઓ ઔપચારિક રીતે ક્યારેક 'આઈ લવ યુ' પણ બોલી દેતા હોય છે પણ એ શબ્દો કાગળના ફૂલ જેવા (સુગંધ વિહોણા) હોય છે. પ્રેમ શબ્દોમાં નહીં, દિલમાં હોય છે. શબ્દો તો લાગણીના વાહક માત્ર હોય છે. પ્રત્યેક માણસના દિલમાં બે ખાતા ચાલતાં હોય છે. દિલના લોકરમાં લાગણીનું રોકડ ભંડોળ કેટલું છે તેનો હિસાબ જાણવા બે નંબરનો ચોપડો ખોલવો પડે. **દોસ્તો, 'આઈ લવ યુ' શબ્દે માણસને છેતરવામાં આડો આંક વાળી દીધો છે.** દુનિયાભરના લુચ્ચા, લફંગા, બદમાશ ગુંડાઓએ માણસને નથી છેતર્યો એટલો આ 'આઈ લવ યુ' શબ્દએ છેતર્યો છે. માણસને પ્રેમના નામે છેતરાવાનુંય પરવડે છે! (શુદ્ધ દારૂ ના હોય તો લઠ્ઠો ય ચાલે!) માણસને મન તો ઊજળું એટલું દૂધ! દૂધની ફેટ માપવાનું યંત્ર હોય છે. પણ પ્રેમની ફેટ માપવાનું યંત્ર હજી શોધાયું નથી. એથી 'આઈ લવ યુ' શબ્દમાં સાત્ત્વિક પ્રેમની ફેટ કેટલી છે તે માણસ જાણી શકતો નથી. પાણીવાળા દૂધને એ ચોખ્ખું સમજીને ગટગટાવ્યે જાય છે. એક રીતે એ સારું પણ છે. જીવનમાં માણસની ઘણીબધી ગેરસમજો અકબંધ રહી જાય છે. તેથી સંસારમાં ઘણા અકસ્માતો થતા અટકી જાય છે. તાત્પર્ય એટલું જ છે કે માણસની જીભ ક્યારેક ગુંડાના હાથની તલવાર બની રહે છે તો ક્યારેક ઑપરેશન કરતા ડૉક્ટરના હાથમાંની છરી!

*બરકત વિરાણીએ એથી જ કહ્યું છે :*

*ખબર તો પડશે ચાલ જઈએ સૌ પાસે જખમ લઈને*
*કોણ ઊભું છે દુનિયામાં નમક લઈને મલમ લઈને...!*

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮, મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

**શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢ (સૌરાષ્ટ્ર)ના અધિષ્ઠાતા - મહામુનિ - બાલ બ્રહ્મચારી સ્વ.પૂ. કલ્યાણચંદ્ર બાપાજી ૧૨૯મી જન્મ જયંતિએ તા. ૨૫-૧૨-૨૦૧૨જો વંદના...**

**જન્મ : વિ.સં. ૧૯૪૦ (કચ્છ - ઘેલડા) ● કાળધર્મ : સને ૧૯૭૧ (સોનગઢ - સૌરાષ્ટ્ર)**

કચ્છ મુલક સોહામણું, સરજેં સરજનહાર
ઈન ધરતી જે કુખ્ખમેં, પ્રગટ્યો પાવનકાર
ધર્મ સંજોગ અવતાર,
જનમ્યો કચ્છ ધરા મત્થે
જનમ્યો કચ્છ ધરા મત્થે, શ્રાવક જે ઘર
ઊગધેંને જેંકે પૈઈ, સાધુતાજી અસર
છડેને ઘરતડ,
દીક્ષા ગિણે ભાવસેં
દીક્ષા ગિણે ભાવસેં, કલ્યાણચંદ્ર શુભ નામ
સોનગઢ કે બેસણું, આશ્રમ કે સુખ ધામ
જેંમેં કરે આરામ,
મહાવીર સ્વામી પ્રભુ
મહાવીર સ્વામી મહા પ્રભુ જો, દેરાસર ગુલઝાર
પાઠશાળા તેંમેં ભલી, જૈનેંજી જોડધાર
દેશ દેશજા બાળ,
જૈનેંજા જેંમેં ભણે
જૈનેંજા જેંમેં ભણે, બાળક લાલમ લાલ
જેંજે રગરગમેં મિલે, ધર્મ સંધા સંસ્કાર
બાપાજી અંબ ડાળ
નીચે ઉછરે બાલુડાં
બાલુડાં જેંજા હુઆ, આત્મજ શ્વાસોશ્વાસ
જેંતેં બાપા નિત્ત રખેં, પિંઢજો જ્ઞાન પ્રકાશ
ભણી ગણી થૈ પાસ
છોકરા પાછા ઘર વરેં
કેંક શીખ્યા કેંક શીખધાં, જૈને સંધા બાળ
કલ્યાણ બાપાજી સદા, વરસે અમૃત ધાર
જૈનેંજો શણગાર,
કાળધર્મ પામીવ્યો
કાળધર્મ પામી વ્યો, સુના થ્યા સૌ લોક
ધરતી પણ ધોંખો કરે, આભ કરે તો શોક
નરનારીજા થોક,
બાપા હલધે સૌ રૂંના
સૂંના મિંધર માળીયા, સૂના સૌ આવાસ
આશ્રમજી ડેલી સૂન્ી, સૂની નગર જનવાટ
હીરદે કરે ઉચાટ
રશ્મિન સૂનુ થ્યો
અમર બાપા આત્મા, અમરાપુરીમેં વાસ
આત્મા કે શાંતિ મીલે, જપીયાં શ્વાસેશ્વાસ
પૂરો આય વિશ્વાસ
બાપા મોક્ષ મંદિરવ્યા.

*'રશ્મિન જો રણકાર : ભાગ-૧' માંથી સાભાર*

સતકાર્યે અમર સ્મૃતિ "બાપા" તમારી;
આપની આ જન્મતિથિએ કોટીકોટી વંદના અમારી.

*— રશ્મિન ખોના*

શુભેચ્છા સહ : **નયન મેપાણી** (M. 098211 63241)

**KRYSTAL Colloids PVT. LTD.**

**Processors - Manufacturers - Exporters**

301, 'Shivam' Appartment, Valji Ladha Road,
Mulund (W), Mumbai-400 080.

# પ્રભુને પત્ર

• સંકલન : અક્ષય કંથારીઆ •

*સૌના પ્રિય ભગવાન,*

જય ભારત સાથે જણાવવાનું કે હું તારા ભવ્ય મંદિરથી થોડે દૂર આવેલી એક સરકારી શાળાના ૭માં ધોરણમાં ભણું છું. મારા પિતાજી દાણાપીઠમાં મજૂરી કરે છે અને મારી મા રોજ બીજાનાં ઘરકામ કરવા જાય છે. હું શું કામ ભણું છું એની મારા મા-બાપને ખબર નથી. કદાચ શિષ્યવૃત્તિના પૈસા અને મફત જમવાનું નિશાળમાંથી મળે છે એટલે મારા મા-બાપ મને રોજ નિશાળે ધકેલે છે. ભગવાન, બે-ચાર સવાલો પૂછવા માટે મેં તને પત્ર લખ્યો છે. મારા સાહેબે કહ્યુંતું કે તું સાચી વાત જરૂર સાંભળે છે!

**પ્રશ્ન-૧ :** હું રોજ સાંજે તારા મંદિરે આવું છું અને નિયમિત સવારે નિશાળે જાઉં છું. **પણ હે ભગવાન, તારી ઉપર આરસપહાણનું મંદિર ને એ.સી. છે અને મારી નિશાળમાં ઉપર છાપરુંય કેમ નથી?** દર ચોમાસે પાણી ટપકે છે. આ મને સમજાતું નથી!

**પ્રશ્ન-૨ :** તને રોજ **૩૨ ભાતનાં પકવાન** પીરસાય છે ને તું તો ખાતોય નથી અને હું દરરોજ બપોરે મધ્યાહ્ન ભોજનના **એક મુઠ્ઠી ભાતથી ભૂખ્યો** ઘરે જાઉં છું! આવું કેમ?

**પ્રશ્ન-૩ :** મારી નાની બેનનાં ફાટેલા ફ્રોક ઉપર કોઈ થીંગડુંય મારતું નથી અને તારા પચરંગી નવા નવાં વાઘા! **સાચું કહું ભગવાન, હું રોજ તને નહીં, તારા કપડાં જોવા આવું છું!**

**પ્રશ્ન-૪ :** તારા પ્રસંગે લાખો માણસો મંદિરે સમાતા નથી અને ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટે જ્યારે હું બે મહિનાથી મહેનત કરેલું દેશભક્તિનું ગીત રજૂ કરું છું ત્યારે, સામે હોય છે માત્ર મારા શિક્ષકો ને શાળાના બાળકો. **હે ઈશ્વર! તારા મંદિરે જે સમાતા નથી ઈ બધાય મારા મંદિરે કેમ ડોકાતા નથી?**

**પ્રશ્ન-૫ :** તને ખોટું લાગે તો ભલે લાગે પણ મારા ગામમાં એક ફાઈવસ્ટાર હોટલ જેવું મંદિર છે ને એક મંદિર જેવી પ્રાથમિક શાળા છે. **પ્રભુ! મેં સાંભળ્યું છે કે તું તો અમારી બનાવેલી મૂર્તિ છો, તોય આવી ઝળહળાટ છે અને અમે તો તારી બનાવેલી મૂર્તિ છીએ, તોય અમારા ચહેરા ઉપર નૂર કેમ નથી?**

શક્ય હોય તો પાંચેય પ્રશ્નોના જવાબ આપજે, મને વાર્ષિક પરીક્ષામાં કામ લાગે! ભગવાન મારે ખૂબ આગળ ભણવું છે, ડૉક્ટર થવું છે પણ મારા મા-બાપ પાસે ફીના કે ટ્યુશનના પૈસા નથી. **તું જો તારી એક દિવસની તારી દાનપેટી મને મોકલે ને તો હું આખી જિંદગી ભણી શકું.** વિચારીને કેજે! હું જાણું છું તારેય ઘણાયને પૂછવું પડે એમ છે. પરંતુ ૭માં ધોરણની વાર્ષિક પરીક્ષા જો તું મારામાં ધ્યાન નહીં આપે તો **મારા બાપુ મને સામે ચાવાળાની હોટલે રોજના રૂા. પાંચના ભવ્ય પગારથી નોકરીએ રાખી દેશે! ને પછી આખી જિંદગી હું તારા શ્રીમંત ભક્તોને ચા પાઈશ,** પણ તારી હારે કિટ્ટા કરી નાખીશ! જલ્દી કરજે ભગવાન, સમય બહુ ઓછો છે તારી પાસે અને મારી પાસે પણ!

*લી. એક સરકારી શાળાનો ગરીબ વિદ્યાર્થી.*

***'લાફ્ટર એન્ડ હેલ્થ'માંથી સાભાર***

## જવાબદાર મેનેજર

મેનેજર માત્ર સફળ હોય તેના કરતાં તે જવાબદાર હોય એ વધુ અગત્યનું અને મહત્ત્વનું છે.

હાર્વર્ડ બિઝનેસ રીવ્યૂમાં આ અંગેના કેટલાક મંતવ્યો રજૂ થયા હતા. જે મેનેજર તેમજ કોઈપણ સંસ્થાના મુખ્ય અધિકારી ટ્રસ્ટી માટે પણ એટલા જ અગત્યના છે. આ ક્ષેત્રમાં જોડાયેલી વ્યક્તિઓ માટેની જે આચારસંહિતા છે તે અહીં દર્શાવવામાં આવી છે.

રૂઢિભંજકતાનું મહત્ત્વ સમજો. પરિવર્તન, આશા અને ભવિષ્ય એ નેતૃત્વના આદર્શો છે. અજાણી સરહદોમાં પ્રવેશવા તત્પર રહો.

સ્વ-શિક્ષણ અને સ્વ-વિકાસ માટે હંમેશાં તૈયાર રહેવું જોઈએ. નેતાઓએ સજ્જતા કેળવવાની બાબતમાં પાછીપાની કરવી જોઈએ નહીં.

લોકોના શક્તિ સામર્થ્યના સંવર્ધનમાં પૂરેપૂરો રસ લો. તમારા સાથીઓની પૂરેપૂરી ક્ષમતા કામમાં આવે તે રીતે તેમને સહાયરૂપ બનો.

કમભાગી અને અભાવગ્રસ્ત લોકોનો ખ્યાલ કરીને તેમને માટે ઘટતું કરો. સારા વહીવટદારો સમન્વયમાં માને છે.

કોઈપણ કામની પધ્ધતિ તથા પ્રણાલી વિશે જાગરૂપ રહો. લોકો કાર્યપધ્ધતિની યોગ્યતા ઈચ્છે છે, નહીં કે મહેરબાની. તમારી કાર્યપધ્ધતિમાં નિખાલસતા તથા પારદર્શકતા જણાશે તો યોગ્ય સાથ સહકાર આપશે.

તમારી સંસ્થા, તમારો વ્યવસાય, તમારું કાર્યક્ષેત્ર, તમારો સમાજ, તમારું કુટુંબ એ તમામ પ્રત્યેની વફાદારીનું મહત્ત્વ સમજો. એમના સહકાર વિના તમારી પ્રગતિ અસંભવ છે.

તમે લીધેલા નિર્ણયોના પરિણામની, તેની પ્રક્રિયા તથા તેમાં સંકળાયેલા લોકોની જવાબદારી સ્વીકારો. કેવી રીતે તમે કોઈ કાર્યમાં સફળતા મેળવી એના ઉપરથી વ્યક્તિ તરીકેનું માપ નક્કી થાય છે.

જાત વિશેની સભાનતા, નિષ્ફળતાનો સ્વીકાર, વિનમ્રતા અને માનવતા — એ કોઈપણ મેનેજર માટે અનિવાર્ય ગુણો છે.

***પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા***

# વૃક્ષ વંદના

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

માનવીને મૃત્યુ સામે સૌથી મોટું આશ્વાસન મળતું હોય તો તે વૃક્ષો તરફથી. વૃક્ષો જલદી મરતાં નથી. ઘણાં વૃક્ષો આપણી અગાઉની પેઢીની ઉંમરનાં હોય છે અને આપણે એમની આંખો સામે ઘરડા થઈ જઈએ છીએ ત્યારે પણ એ તો હતાં એવાં ને એવાં જ રહ્યા કરે છે. અમારા ગામમાં સાતસો વરસની આમલી હયાત છે. કબીરજીના દાતણની ચીરીમાંથી જન્મેલો વડ ઘેઘૂર થઈને જાતે જ એક જંગલમાં ફેરવાઈ ગયો છે. એનું ખરું મૂળ કયું એ કળવું મુશ્કેલ બની ગયું છે. કદાચ ખરું મૂળ ખરી ગયું હોય એમ પણ બને. વૃક્ષ જીવતું રહેવા માટે અવનવા વિકલ્પો શોધતું રહે છે. **એ માનવીની જેમ એટલી આસાનીથી મોતને તાબે થતું નથી. એને કાપી નાખશો તોય એનાં મૂળિયાં સાબૂત હશે, ત્યાં લગી એ ફરી ફરી પાંગરતું રહેશે. માણસને મૂળિયાં જ નથી ત્યાં કોના આધારે ઝઝૂમે?**

જીવસૃષ્ટિને અનુકૂળતા ખાતર 'વનસ્પતિ' અને 'પ્રાણી' જેવા બે વિભાગોમાં વહેંચીને જોવાનો રિવાજ પડી ગયો છે. જીવશાસ્ત્રના છાત્રને બૉટની અને ઝુઑલોજીના અલગ અલગ પાઠ્યપુસ્તક ભણવાં પડે છે. વનસ્પતિશાસ્ત્રનું પહેલું પગથિયું શેવાળછાયું હોવાનું. અંગ્રેજીમાં આ શેવાળને 'સ્પાઈરોગાયરા' જેવું શાસ્ત્રીય નામ મળ્યું છે. આપણો લોકકવિ શેવાળની પ્રીતને બે મોઢે વખાણે છે : 'હંસા પ્રીતિ ક્યાંયની વિપત પડે ઊડી જાય; સાચી પ્રીત શેવાળની, (જે) જળભેળો સુકાય!' આપણે અમીબાને કેવળ (ઝાડા થઈ જાય ત્યારે) અનુભવી શકીએ છીએ. ત્યારે શેવાળને તો નરી નજરે નિહાળી શકીએ છીએ. એને લીધે ક્યારેક લપસી પડીએ ત્યારે એ અમીબા જેટલી હિંસક લાગવા માંડે છે. કૈલાસ માનસરોવરની યાત્રા વખતે અમને એની ખરી જીવન શક્તિનો પરચો થયો. એટલી ઊંચાઈ પર બીજાં ઝાડઝાંખરાં સમૂળગાં સ્મૃતિશેષ બની રહે છે, ત્યારેય શેવાળ તો હાજર જ હતી. અમારા એક સહયાત્રીએ શિવસ્મરણમાં શેવાળનું વિસ્મરણ કર્યું એની સજા રૂપે એ સરખી ભોંયમાં ચાલતાં ચાલતાં દંડવત્ મુદ્રામાં સરી પડ્યા હતા. હાથની પહોંચી નાગફેણની માફક બેવડ વળી ગઈ હતી. શેવાળની તાકાતને નજર-અંદાજ કરવાનું એમને ભારે પડી ગયું હતું. કોપાયમાન થાય ત્યારે શેવાળ શિવજીનો પ્રકોપ ધારણ કરે છે. ક્યારેક લપસો તો સમજાય! લીલ હંમેશાં લપસણી હોય છે, કારણકે એ જીવનનું પ્રારંભિક રૂપ છે. અમીબાને 'ખોટા પગ' ફેલાવવાની આદત હોય છે. આ એક કોશી જીવ પણ એટલું તો સમજે છે કે ખોટું કર્યા વગર ટકી રહેવાનું કામ ઘણું અઘરું છે! દુર્ધર્ષ કૈલાસ પર્વતે લીલની લીલા વિસ્તરેલી છે અને માન સરોવરનાં પવિત્ર જળ સુધ્ધાં અમીબાના આક્રમણથી બચી શકતાં નથી. **જીવનની ખરી ક્ષમતાનો આપણને આ પ્રારંભિક જીવોમાં સાક્ષાત્કાર થાય છે.**

અમારા ગામ નજીક લુણવામાં એક લીમડાને 'મહાવૃક્ષ'ની લોટરી લાગી છે. જંગલખાતું પણ જબરી ચીજ છે. લુણવાના આ ભલાભોળા લીમડાને ક્યારેક પોતાનો આવડો મોટો મહિમા થશે, એવું તો સપનુંય શાનું આવે? કોઈએ ઓચિંતો જ ઓળખી પાડ્યો. એની છાયામાં લાંબી સોડ તાણીને સૂનારા પેલા પીરની દુઆનો જ પ્રતાપ. નહિતર અત્યાર લગી બાપડાનો ક્યાં કોઈ ભાવ પૂછવાય નવરું હતું? જંગલખાતાએ એને રાતોરાત હીરો બનાવી દીધો. હવે તો છેક સાબરના પૂલ પર્યંત એના પાટિયાં ચીતરાઈ ચૂક્યા છે. વાંચનારને ઘડીક તો એવું કુતૂહલ જાગે કે એને નિહાળવા નયણાં તરસ્યાં થઈ ઊઠે. પાવલામાં ચળ ઊપડે. પગ પવનપાવડીઓ બની જાય. મહામાનવ વિશે જાગે એટલી, બલકે એથી સવાઈ ઉત્કંઠા મહાવૃક્ષના નામે પણ જાગવી જ જોઈએ. પરંતુ સિદ્ધપુરને રસ્તે લુણવાના પાદરમાં ઊભેલા એ એકલા અટૂલા વૃક્ષરાજને પ્રત્યક્ષ મળવાનું થયું ત્યારે પેલો અચંબો ઓસરી ગયો. અદલ પરિવારથી સાવ વિખૂટો પડી ગયેલો કોઈ શાપિત વૃદ્ધ જ જોઈ લો! ગામલોક કહે છે : 'છે તો ઘણો જૂનો, પણ એની ડાળ પર પંખી નામેય માળો નથી બાંધતું.' આવડા ઘેઘૂર વૈભવને કોઈ ભોગવવા જ તૈયાર ન હોય, એય કેવી વિડંબના! એ વેદના એના પર્ણે પર્ણે વણાયેલી દીઠી. નીચે એના છાંયડે મજાર બિછાવીને પોઢેલા પીરની જેમ એય અલખની આરાધનામાં ડૂબેલો વરતાયો. એના મૌનમાં ખલેલ પાડવાનું પાપ વહોર્યા વગર જ એની વિદાય લેવામાં ઔચિત્ય લાગ્યું. મહાપુરુષોને પણ એમનું એકાંત વણબોટ્યું રહે એની ખેવના હોય છે. મહાવૃક્ષનો મહિમા બઝાડીને જંગલખાતાએ એ વૃક્ષર્ષિને અકારણ થોડા વિચલિત કરી દીધા છે. પંખીરવથી પણ છેટા ભાગતા તપસ્વીને માન કે માનવીની ખલેલ શાનાં ગમે?

**વૃક્ષોને પણ સાંસારિક માયા હોય છે. કેટલાંક વૃક્ષો કુટુંબીજનો જેવાં બની જતાં હોય છે.** એટલેસ્તો બચપણમાં જેની ડાળે ઝૂલેલો એ પીલુડીની કે મોટાભાઈએ બટકી નાખેલી પેલી રાતરાણીની દુર્દશા સાંભરતાંની સાથે મન ગ્લાનિથી ગોરંભાઈ જાય છે ને! વૃક્ષ માણસ કરતાંય વધારે માયાળુ હોઈ શકે. એમને પગ હોત તો મારા કૂવાને કાંઠે ઊભેલો પીપળો અને મારા ખેતરને દરવાજે પહેરો ભરતી કણજી જરૂર મને અહીં સો કિલોમીટર દૂર મારા નવા બંગલે મળવા દોડી આવત. સવારે મારો આસોપાલવ કે

*સફળતાના શિખરે પહોંચવા માટે કોઈ લિફ્ટ નથી. દરેક પગથિયું જાતે જ ચડવું પડે છે.*

મધુમાલતી મારી સાથે મોર્નિંગ વૉકમાં જોડાઈ નથી શકતાં એનો ઉભયપક્ષે ભારે વસવસો રહ્યા કરે છે. ઉત્ક્રાંતિ સ્થિરતાના મુકામને અતિક્રમી ન શકી એટલે વૃક્ષોએ વધવાનું અને વિસ્તરવાનું શરૂ કર્યું. સરુ, ચીડ અને ઑક હિમાલયની ગોદમાં ઊગી ઊછરીને હિમાલયની જ હરીફાઈમાં ઊતરે છે. અપંગ રજનીગંધા જાતે અભિસાર કરવા નથી નીકળી શકતી, પરંતુ એની સુવાસ આખી સોસાયટીને ગાંડી કરી મૂકે છે. કેસર આંબો વંથળી કે વલસાડમાં મહોરે છે ને એની આબરૂ દેશ દેશાવર લગી ફેલાઈ જાય છે. મહુડાની માયામાં મહુડો થઈ ગયેલા સ્વજનને ખુમારી અને ખુવારી સમાનાર્થી શબ્દો લાગવા માંડ્યા હતા. એમની નસોમાં તો જીવ્યા ત્યાં લગી એ નશો જીવ્યો જ, એમના મૃત્યુ પછી એ વારસાઈમાં પણ ઊતર્યો. હમણાં દિવાળી ટાણે એ ખાનદાન ખોરડાની મુલાકાતે જઈ ચડ્યો અને પેલા મહુડાની હયાતી ન ભાળી ત્યારે મન ગ્લાનિથી ભરાઈ ગયું. વહુવારુએ ટોણો મારીને કહ્યું પણ ખરું : 'ઘર આગળ મહુડો હતો એ તો કાંઈ નડતો નહોતો. એને કાપવાને બદલે આ લોહીમાં વસી ગયેલા મહુડાને ઉખેડોને, કહીએ! આબરૂની પંદર આની તો એણે કરી મેલી છે. જુઓને એમના દીદાર!'

દિવાળીને દિવસે આખો એક ટંક ખેતરો ખૂંદવામાં ગાળ્યો. કાનીવાડાનો એ બેઠી દડીનો વગદો મૂળ સોતો ઊખડી ગયો છે. નાનો હતો ત્યારે હું એની સોડમાં ઢોલણી ઢાળીને લેસન કર્યા કરતો. ક્યારેક ગુસ્સામાં દિવંગત માડી ચૂંટલા ભરતાં કે વગડાની સોટી લઈને ફરી વળતાં ત્યારે આંખોમાં ડબ ડબ આંસુ ખેરવીને કહેતો : **'મને મોટો થવા દો. વગદાના થડિયે બાંધીને ના મારું તો મારું નામ નહિ!' વગદાની એ લીલીછમ્મ સોટીના સળ હજી લગી ચચરે છે!** ગોરવાળાની ચંદન કોઈ રાતોરાત કાપી ગયું હતું. ઝાડને નામે ઝઘડા વહોરવા હોય તો વરસ આખું કંકાસમાં વીતે. વેંત જમીન દબાવવા માટે શેઢાપાડોશી કેવા કારસા કરતા ફરે છે! જાણીએ ત્યારે દયા જ જાગે.

ગઈ દિવાળીએ પિતાશ્રી હયાત હતા. હઠ કરીને અમને સહકુટુંબ વનરાવન લઈ ગયા હતા. સુકાઈ ગયેલી રૂપેણના પટમાં અમારું — દેસાઈઓનું સ્મશાન બતાવી કહે : 'એક દહાડો આપણેય અહીં જ વિરમવાનું છે!' કોણ જાણે એમને આગોતરાં એંધાણ વરતાયાં હશે કે કેમ! દર અગિયારસે એ વનરાવન - મહાદેવનાં દર્શન કરવા જતા. હવે એમની જગ્યાએ મોટાભાઈ જાય છે. મૃત્યુના દેવના સાનિધ્યમાં વનરાવનનું જંગલી સ્મશાન રમણીય લાગે છે. દિવાળીની ગોરજ વેળાએ જે સ્મશાનભૂમિનાં દર્શન કરેલાં ત્યાં જ નાતાલની સાંજે અમે સગા હાથે પિતાજીના નશ્વર દેહને મુખાગ્નિ આપ્યો હતો. એમણે બળવા માટે જરૂરી લાકડાંય અગાઉથી જ સંઘરી રાખ્યાં હતાં. જીવ્યા ત્યાં લગી ક્યારેય કોઈને મૂએલું સાંભળ્યું હોય, ને એના લાકડે જવાનું ચૂક્યા હોય એવું ગામ આખામાં કોઈને યાદ નથી. એમને માણસોની મેદની વચ્ચે ઝાડ થઈને જીવવાની કળા આવડી ગઈ હતી. ગયા અવતારમાં કદાચ એ આંબો હશે. વાસનામોક્ષ કરવા માટે જ એમના 'હજાર હાથવાળા'એ એમને મનખાવતાર દીધો હોવો જોઈએ : તમને ફરવાના અભરખા છે? જાઓ, જઈને ફરી આવો! સાજાંમાંદાંની ખબર પૂછતા રહેજો. પગ થાકે એટલે પાછા આવી જજો... જીવ્યા ત્યાં લગી એ ક્યારેય પગ વાળીને બેઠા નથી. જ્યારે જુઓ ત્યારે ફરતા ને ફરતા! એમનું ચાલે તો વનરાવનની અંતિમ સફર પણ એ પગપાળા જ પૂરી કરવાનું પસંદ કરત. રસ્તે બે-પાંચ ઘરડાંબૂઢાંની ખબર પૂછત, એકાદ-બે ખેતર પર નજર ફેરવી લેત. વાડ-કાંટો સરખો કરત. ને પછી ભગવાન ભોળાનાથને પાઘડી ઉતારી, પગે લાગી નામસ્મરણ કરતાં કરતાં જ... હા, મરતી વેળાએ પણ મોઢે તો ભગવાન જ હતા...

— ખેતરને શેઢે શેઢે અમને એમનાં પગલાં દેખાયાં. સાથે લઈ જતા ત્યારે પાછા વળી વળીને કેટલી કાળજી રાખતા! જોજો હોં, કાંટો ન વાગે. આ તો વગડો. તમે બહાર રહી રહીને હબાડદા હુંવાળા (સુંવાળા) થઈ જ્યા. ભંઠિયાથીય ભાગતા ફરો એવું કેવું? આપણે તો ખેડુ માણસ. ધરતી માતાના ખોળે અવતાર મળ્યો એય કાંઈ જેવું તેવું ભાયગ! મા ભૂખ્યા જગાડશે, પણ ભૂખ્યા સુવાડશે નહિ. કીડીને કણ અને હાથીને મણ. આ તો માંકડા જેવું મન - ભરોસો નથી રાખી શકતું. બાકી લેહ લાગી એને તો દાદો હાજરાહજૂર છે - કણેકણમાં, ક્ષણેક્ષણમાં. મોટાભાઈએ ભુલાવા આવેલાં ખેતરોનાં નામ તાજાં કરાવ્યાં. આ ધરવાડ, પાડાના કાંધ જેવી ઉપજાઉ જમીન. આષાઢ મહિને ઉભડક રાંપડું કાઢી જતા. મબલક ધાન પાકતું. કાંસ (નહેર)ના પાણીએ ઢગલો ઘઉં ઊતરતા. ડુંગરાવાળાની ભોંય થોડી ખારાશવાળી છતાં એણેય આપણને પરસેવાનું પૂરું વળતર આપ્યું છે. ક્યારેક રાત આખી કાંસ (કેનાલ)નાં પાણી ખેતરમાં વાળવા ધોખવું પડતું. વારાફરતી કાંસ પર 'ઝૂડ' બાંધી બાંધીને કાંસનાં પાણી પોતાની વીઘું - બે વીઘું જમીનમાં પહોંચતાં કરવાની એ પુરુષાર્થગાથા સાંભરે છે ત્યારે પાંપણનાં ઝૂડ તોડીને ભીનાં ભીનાં સ્મરણો ઘૂઘવી રહે છે. ખેડૂત હતા, એનોય એક આગવો મહિમા હતો. ખેડૂતનો દીકરો ભણે એટલે પહેલું કામ ખેતીને તરછોડવાનું કરે છે. અમે ભણ્યા. ખેતરો રઝળતાં મૂક્યાં. જ્યાં મબલકના મેળા હતા, ત્યાં આજે ભુતાવળના ભેંકાર પ્રવર્તી રહ્યા છે. પારકા તે પારકા. એમને શી પડી હતી કે તમારી ભોંયમાં પરસેવો સીંચે? હવે તો એ ધોરીડાય ગયા ને પેલા કાંસ પણ સૂકાઈ ગયા. ટ્રેક્ટર લઈને પાડોશીનો છોકરો ઘડી - બે ઘડી રમતરોળિયાં કરે અને વરસે દહાડે પાંચ મણ દાણા પહોંચાડીને ફોસલાવી દે. 'શું કરીએ ભા, દા'ડે દા'ડે વરહ વરહમાં આવતાં હોય ત્યાં માટી ભેળા માટી થયે પણ ધાર્યા ઉતાર ક્યાં ઊતરે છે? તમારો જમાનો સારો હતો. અમે તો તકલાદી પેઢીના મોટિયાર. આ જમીન કાંઈ અમને આળા દેતી હશે કે? ઓછામાં પૂરું કાદરપરું (= ચીમનાબાઈ સરોવર, જેમાંથી નહેર કાઢીને હજારો એકર જમીનને લીલી રાખી શકાતી)ય સુકાઈ ગયું. કાંસ આવ્યે કેટલાં વરસ થયાં, જાણો જ છો ને?' એની વાત ખોટી પણ નથી. **ભૂગર્ભ જળ રોજેરોજ ઊંડાં ઊતરી રહ્યાં છે.** કાદરપુર તળાવ વર્ષો થયાં ભરાયું નથી. ભવિષ્યમાં ક્યારેય ભરાશે કે કેમ એ સવાલ છે. સયાજીરાવે રૈયતને જીવાડવા બંધાવેલા એ જળાશયનું સ્વાર્થી રાજકારણીઓએ ગળું જ ટૂંપી દીધું છે. સરસ્વતી, સાબર કે નર્મદાનાં પાણી એમાં વાળવામાં આવે, ત્યારે એ ભરાય. વર્ષોથી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)**

*'મજામાં છું' એમ કહેતી વખતે તમારો સ્વર માંદલો કે માંયકાંગલો ન હોવો જોઈએ.*

# નિષ્ફળ માણસને કેટલી ગંભીરતાથી લેવો જોઇએ?

• કૃષ્ણકાંત ઉનડકટ •

*કોઈ એવું નથી જેના જીવનમાં હોય ના ખામી,*
*કોઈ એવા નથી રસ્તા કે જ્યાં ખાડા નથી હોતા*
*નવાઈ શું, વિચારો જો બધાના હોય ના સરખા,*
*તરંગો પણ બધી નદીઓ તણા સરખાં નથી હોતાં.*

*– દીપક બારડોલીકર*

જિંદગી બે વસ્તુથી બનેલી છે, સફળતા અને નિષ્ફળતા. કોઈ માણસ ક્યારેક સંપૂર્ણ સફળ નથી હોતો અને કોઈ માણસ ક્યારેય તદ્દન નિષ્ફળ હોતો નથી. કોઈ તમને પૂછે કે તમે સફળ છો કે નિષ્ફળ, તો તમે શું જવાબ આપો? સફળતાનો આધાર તેના પર છે કે તમે કેટલું મોટું અને ઊંચું સપનું જુઓ છો! સફળતાના કોઈ ચોક્કસ માપદંડ નથી. આપણે શિસ્ત, સમયપાલન, મહેનત, ધગશ અને બીજા અમુક ગુણોને સફળતાના માપદંડ ગણીએ છીએ. સાચી વાત છે, આ બધા વગર સફળતા શક્ય નથી. છતાં તેનું પ્રમાણ કેટલું રાખવું તેનું કોઈ ચોક્કસ માપ નથી. આટલા કલાક વાંચો તો આટલા ગુણ આવે એવું કોઈ છાતી ઠોકીને ન કહી શકે. હા, વાંચ્યા વગર પાસ ન થઈ શકાય એવું ચોક્કસ કહી શકે. નિષ્ફળતાનાં કારણો નક્કી છે, સફળતાના નહીં, કારણકે સફળતા બુદ્ધિ અને સક્ષમતા સાથે જોડાયેલી છે. ઘણા લોકો નસીબને સફળતા સાથે જોડે છે.

ખાસ કરીને નિષ્ફળ જનારા લોકો માટે નસીબ એ હાથવગું બહાનું છે. સફળ માણસ ક્યારેય એમ નથી કહેતો કે મારા નસીબને કારણે હું સફળ થયો છું, કારણકે એણે સફળ થવા માટે પૂરતા પ્રયત્નો અને અત્યંત મહેનત કરી હોય છે. એમ તો નિષ્ફળ જનારા વ્યક્તિએ પણ પ્રયત્નો કર્યા હોય છે. કોઈ માણસ એમ કહે કે મેં ખૂબ પ્રયત્નો કર્યા, પૂરતી મહેનત કરી પણ હું સફળ ન થયો, તો તમે તેને દાદ આપજો કે તેં પ્રયત્નો તો કર્યા. પ્રયત્ન કરનારો જ સફળ કે નિષ્ફળ જાય છે. જે કંઈ જ નથી કરતો તે નિષ્ફળ નહીં પણ અયોગ્ય છે. તમે પ્રયત્ન કરો અને નિષ્ફળ જાવ તો તમારો વાંક નથી. પણ જો તમે પ્રયત્ન જ ન કરો તો ચોક્કસપણે તમારો જ વાંક હોય છે.

આપણાથી આ ન થાય એવું માનીને ઘણા લોકો પ્રયત્ન જ નથી કરતાં. એવા લોકો ક્યાંય પહોંચી શકતા નથી. બે મિત્રો હતા. બંને એક પર્વતની તળેટીએ ઊભા હતા. એક મિત્રએ કહ્યું કે, 'ચાલ આપણે પર્વત ઉપર ચડી જે ટોચ આપણને દેખાય છે, ત્યાં સુધી જઈએ...' બીજા મિત્રએ કહ્યું, 'ના, આપણાથી ટોચ સુધી નહીં પહોંચાય.'' તેના મિત્રએ કહ્યું કે, 'તો ક્યાં સુધી પહોંચાશે? અડધે સુધી? પોણે સુધી? તું શરૂ તો કર. કદાચ ટોચ સુધી પણ પહોંચી શકાય.'

**ઘણી વખત અડધે પહોંચ્યા પછી જ એ સમજણ આવે છે કે અડધે પહોંચી શક્યા તો બીજું અડધું પણ પૂરું કરી શકાશે. જે પ્રારંભ નથી કરતો તેનો અંત નિશ્ચિત છે. તળેટીમાં બેસી રહેનાર કરતાં અડધે સુધી પહોંચનાર વધુ મહાન છે.**

તમારે તમારા ક્ષેત્રમાં સફળ થવું છે? થવું જ હોય છે કારણકે અંતે તો દરેક માણસ સફળ થવા માટે જ પ્રયત્નો કરતો હોય છે. કોઈના મોઢે ક્યારેય તમે એમ નહીં સાંભળો કે હું તો નિષ્ફળ જવા આ બધા પ્રયત્નો કરું છું. આપણે બધા સફળ થવા માટે કોઈ રોલ મોડેલને આદર્શ માની પ્રયત્નો કરતાં હોઈએ છીએ. મારે એ મુકામ સુધી પહોંચવું છે, એ મહાન માણસે જે કર્યું એટલું મારે કરવું છે. આપણે સફળ થવા માટે સફળ માણસના સિદ્ધાંતો, આદર્શો અને મહેનતને ધ્યાનમાં રાખીએ છીએ અને તેના જેટલી મહેનત કરવા પ્રયત્ન કરીએ છીએ.

સફળ માણસને આદર્શ માનવો સારી વાત છે પણ સાથોસાથ નિષ્ફળ માણસને પણ પૂરતી ગંભીરતાથી લેવો જોઈએ. સફળ માણસની સલાહ કરતાં ઘણી વખત નિષ્ફળ માણસની સલાહમાં વધુ દમ હોય છે. સફળ માણસો પાસે સફળતાનાં જે કારણો હોય છે તેના કરતાં નિષ્ફળ માણસ પાસે સફળ ન થવા પાછળનાં કારણો વધુ હોય છે. આમ કરો તો સફળ થવાય એ સમજવું જેટલું જરૂરી છે એટલું જ જરૂરી એ સમજવું પણ છે કે આમ ન કરીએ તો સફળ થવાય.

તમે ક્યારેય કોઈ નિષ્ફળ માણસને પૂછ્યું છે કે તમે શા માટે નિષ્ફળ ગયા? એ જે કારણો આપે તેનાથી તમે સાવચેત રહો તો તમારો સફળતાનો માર્ગ વધુ સહેલો બની જશે. ઘણા નિષ્ફળ માણસોની વાતમાં એવું આવે છે કે જો મેં આ ભૂલ ન કરી હોત તો હું સફળ થયો હોત. એ ભૂલ કઈ હતી એ જાણવું અને એ સમજવું બહુ જરૂરી છે. કારણકે આપણે ઘણી વખત એ ભૂલ કરવા જ જઈ રહ્યા હોઈએ છીએ.

સફળતાની કોઈ એક ફોર્મ્યુલા હોતી નથી. કોઈ એક માણસ એક રીતે સફળ થયો હોય તો બીજો માણસ એ જ રીતે સફળ ન થઈ શકે. તેની સફળતાની રીત જુદી હોઈ શકે. સફળ જનાર વ્યક્તિ કરતાં ઘણી વખત નિષ્ફળ જનાર વ્યક્તિ વધુ સાચો રસ્તો ચીંધી શકે છે. મેં આમ કર્યું હતું પણ તું આમ નહીં કરતો એવું કોઈ કહે તો એની વાત ધ્યાનથી સાંભળજો. સફળ થવા માટે શું નહીં કરવાનું એ નક્કી કરવું વધુ જરૂરી હોય છે.

સફળ થવા માટે બે યાદી બનાવવી પડે છે. એક યાદીમાં એ લખવું કે મારે શું કરવાનું છે અને બીજી યાદીમાં એ લખવાનું કે મારે શું નથી કરવાનું. જો તમને એ ખબર હશે કે તમારે શું નથી કરવાનું તો તમારે જે કરવાનું છે એના વિશે તમે વધુ સ્પષ્ટ હશો. ઘણી વખત આપણે જે કરતાં હોઈએ છીએ એ કરવા જેવું નથી એની આપણને ખબર જ નથી

*આપણને વધુમાં વધુ દુઃખી કરવાની શક્તિ તેમનામાં જ હોય છે, જેમને આપણે સહુથી વધારે ચાહીએ છીએ.*

હોતી. શું કરવાનું છે એ યાદી બનાવવા માટે તમે સફળ લોકોને મળો અને સમજો એ જરૂરી છે અને શું નથી કરવાનું એ માટે નિષ્ફળ લોકોની મદદ લો. સફળતા માટે શું નથી કરવાનું એની યાદી હંમેશાં મોટી હોવાની. સફળ થવા માટે કરવાનું બહુ થોડું હોય છે. શરત એ કે આપણને શું નથી કરવાનું એની ખબર હોય.

એક ગુરૂ પાસે એનો શિષ્ય બાણવિદ્યા શીખવા જતો. એક દિવસ શિષ્ય બાણવિદ્યા શીખતો હતો. ગુરૂ કંઈ જ બોલતા ન હતા. આખો દિવસ પૂરો થયો ત્યાં સુધી ગુરૂ કંઈ ન બોલ્યા. શિષ્યએ કહ્યું કે, 'આજે તો તમે મને કંઈ જ તાલીમ ન આપી.' એ સાંભળી ગુરૂએ કહ્યું કે, 'તું બધા પ્રયત્નો બરાબર જ કરતો હતો. મારૂં કામ તું કંઈ ખોટું કરે ત્યારે રોકવાનું જ હતું. તારી સફળ થવાની રીત તારી જ રાખ. તું નિષ્ફળ જઈશ એવું જ્યારે મને લાગશે ત્યારે હું તને કહીશ કે આમ ન કર.' બધામાં સફળ થવાની એક નેચરલ ખૂબી હોય છે. આપણે બધી વખત એવું સાંભળીએ છીએ કે તેની એ આવડત તો કુદરતી છે, જે કુદરતી હોય એને શીખવાડવાનું ન હોય. સફળ થવા માટે તમારામાં જે આવડત છે તેને છંછેડો નહીં.

તમારે સફળ થવું હોય તો કોઈની સફળતાની નકલ ન કરો. તમે તમારી રીતે જ સફળ થાવ. તમે તમારી રીત અપનાવશો તો સફળ થશો. દરેક વ્યક્તિ તેની જગ્યાએ મહાન હોય છે. સચીન તેંડુલકર ક્રિકેટનો આઈડિયલ પ્લેયર છે. ધોની સચીન તેંડુલકર ન થઈ શકે અને જો ધોની પોતાની ઓરિજિનાલિટી બદલીને તેંડુલકર થવા જાય તો એ ન બની શકે તેંડુલકર કે ન રહે ધોની. તેંડુલકર તેંડુલકર છે અને ધોની ધોની છે. બંને પોતપોતાની જગ્યાએ મહાન છે. એવી જ રીતે તમે તમારી જગ્યાએ યોગ્ય છો અને સફળ થવા માટે તમે તમારો જ મંત્ર બનાવો કારણકે તમારા રસ્તે જ તમે સફળ થઈ શકશો. કોઈની જગ્યાએ પહોંચવા કરતાં ઘણી વખત નવી જગ્યા બનાવવાનું કામ વધુ મહાન હોય છે. જેને સાવ જુદું અને તદ્દન અનોખું બનવું છે એ નવી સફળતાઓનું જ નિર્માણ કરે છે.

સફળતા માટે બીજો એક મંત્ર સમજવો પણ જરૂરી છે. **તમારે સફળ થવું છે? તો એક વાત યાદ રાખો કે નિષ્ફળતાથી ન ડરો. નિષ્ફળતાની તૈયારી જ સફળતા તરફ દોરી જાય છે. કોઈ નિષ્ફળતાથી અટકો નહીં. કોઈ મહાન માણસ સીધેસીધો સફળ થઈ ગયો નથી. અનેક નિષ્ફળતા પછી જ માણસ સફળ થતો હોય છે.** નિષ્ફળતા મેળવનાર માણસ પાસેથી એ પણ જાણવું જોઈએ કે એ ક્યાં અટકી ગયા? એ જ્યાં અટકી ગયા ત્યાં તમે નહીં અટકો એવો નિર્ધાર પણ જરૂરી છે.

સફળતા હંમેશાં સહજતાથી આવે છે. જેટલા સહજ રહેશો એટલા હળવા રહી શકશો. કૃત્રિમતા ક્યારેય કાયમી હોતી નથી. તમારા પ્રયત્નોમાં તમારી વફાદારી જ તમને સફળતા સુધી દોરી જશે. તમારે નિષ્ફળ નથી જવું તો નિરાશ કે હતાશ ન થાવ. પ્રયત્ન મૂકી દે છે એ જ નિષ્ફળ જાય છે. એક હલેસું મારે હોડી મધદરિયેથી કિનારે પહોંચી જતી નથી.

● **છેલ્લો સીન :**

*જે અન્યને જાણે છે તે શિક્ષિત છે પરંતુ જે પોતાને ઓળખે છે તે બુદ્ધિશાળી છે.* *– લાઓ જે.*

*સૌજન્ય : 'એઈડ્સ ન્યુઝલાઈન'*



## કીં ભુલાજેં તું પુત્તર?

**જન્મ : તેરા (કચ્છ) ● તા. ૨૨-૧-૧૯૭૧**

**દેહાંત : મુંબઈ ● તા. ૨૪-૧૧-૨૦૧૧**

**પ્રથમ પુણ્યતિથિ : તા. ૨૪-૧૧-૨૦૧૨**

**સ્વ. યોગેશ રશ્મિન ખોના**

**(ગામ : કચ્છ તેરા) ● પ્રથમ પુણ્યતિથિજો મિઠડે પુત્તરજ્યું મિઠડ્યું જાધું**

**તોજી વ્યક્તિત્વમેં હુંઈ એળી વિશેષતા, જે તું ભુલ્યો નતો ભુલાજેં,**
**તું નંયેં છતાંય અસાં ભેરો અંયેં, કો? ત તોજી જાધું કીં ભુલાજેં?**
**તોજી યાદગીરીલા ઘણે ઘણે, સત્કાર્ય કરેલા સુજે વિઠો;**
**પણ મન એળા મુંઝાયેલો કે, જીતરો કરીંયું તિતરો ઓછો લગે વિઠો.**
**જડેં ભેગા થીંયે સગાવહાલા, તેર તોજ્યું જ નિકરેં ગાલીંયું;**
**ને ખુશીજે પ્રસંગે અખ્ખજા ખૂણા નીરા, ને ભીંજેં પાંપણીયું.**
**તો વિગર જીંયણ થ્યો ખારો, જે મને નકો ચિત્તે ઘા-ડેવેં તું ગોઝારો.**
**જીંયણ મરણ નાંય પિંઢજે હથ્થમેં, ઈ આય કુધરતજો ધારો.**
**તોજી યાદેંજે સથવારે, જીવેલા મિલે હિંમતજો સહારો;**
**ને જીવન જીવી શકો 'રશ્મિન્', તો જેળો સત્વ વારો.**
**કમલબાઈ નાંગશી ખોના પરિવારજી, અંતરથી અરદાસ;**
**તોજે આત્માકે અનંત સુખ શાંતિ મિલે, પરમ પ્રભુજે પાસ.**

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**શિવજી નાંગશી ખોના પરિવાર એવમ્ સમસ્ત ખોના પરિવારજી**
**પાંપણભીની શ્રદ્ધાંજલિ....**

**કચ્છનાં કવિ કુલગુરુ, કચ્છી સાહિત્યનાં ભીષ્મપિતામહ : મહાકવિને**
**– મારા પરમ ગુરુદેવ –**

## પૂ. દુલેરાયભાઈ એલ. કારાણીજીને વંદના

(દુહા)

કવિ કારાણી તારી કચ્છમાં, નથી જડતી કોઈ જોડ;
તારા સાહિત્યની પાંખડીઓ, ખીલી કળાએ સોળ. (૧)
મણા નથી કચ્છ-કલાધરમાં, ગુંજે કાવ્યના કૂંજ;
સંતોને કવિઓના બે ભાગો, તેજ તણા છે પૂંજ. (૨)
ચાર દિશા સમચાર બાવની, ગાંધી-સોનલને કલ્યાણ;
દયાનંદ બાવનીમાં પૂર્યા, ધર્મ તેજનાં પ્રાણ. (૩)
ખેંગાર ને અબડાના નાટક, કચ્છ મહીં પંકાય;
ઝારાને જગડુના નાટકો, ને કહેવત કેમ ભૂલાય. (૪)
કિસ્સા બાવની ને પાપા પગલી, અન્ય મોંઘેરા ગ્રંથ;
આલમને અરપ્યા સઘળાં, પ્રેમ શૌર્યના પંથ. (૫)
ગામેગામનાં પાદર ખૂંદી, મેળવ્યો કચ્છ ઈતિહાસ;
તારી યશકલગીસમ ચમકે, કચ્છ કલાધર ખાસ. (૬)
ધન્ય કરી તે કચ્છ ધરણીને, ધન્ય કરી કચ્છ વાણ;
જોશીલી કચ્છી ભાષાને, આપ્યું જગમાં સ્થાન. (૭)
જ્યાં લગી ધરતીમાં ચમકે, સૂરજ તારા ચંદ;
ચમકશે તારી કૃતિઓ સઘળી, દેશ દેશને વૃંદ. (૮)
કરીએ શાં સન્માનો તમારાં, શબ્દો નથી સમર્થ;
તોયે જનતાનાં ભાવો ઝીલજો, અંતરના એ અરઘ્ય. (૯)
રસ ઝરણાં રસધારો પીરસી, કીધાં તે ઉપકાર;
અક્ષર દેહે અમર 'કારાણી', 'રશ્મિન્' કરે જયકાર. (૧૦)

***રશ્મિનનો રણકાર ભાગ-૧ માંથી સાભાર***

**છપાવનાર : એક શુભેચ્છક - મુંબઈ**

# સામાજિક સંબંધ અને માનસિક વયનો વિચાર

● ચંદ્રહાસ ત્રિવેદી ●

માનસિક વય, આમ તો આપણા ઘણા બધા માટે નવો વિચાર છે. થોડાંક વર્ષો પહેલાં મનોવિજ્ઞાનીઓને પરસ્પરના કજિયા - કલહનાં સમાધાન કરાવતાં કરાવતાં આ વિષય જાણવામાં આવ્યો જેને હવે વિજ્ઞાનીઓએ એક સિદ્ધાંત તરીકે રજૂ કર્યો.

વર્ષો પહેલાં આપણે ત્યાં લગ્નના સંબંધોમાં વયના કજોડાં વિશે ઘણી ચર્ચા થતી હતી અને તે અટકાવવા સમાજ સુધારકો બહાર પડ્યા હતા. આ બાબત સરકાર પણ જાગૃત થઈ ગઈ હતી અને તેણે પણ લગ્નનાં કજોડાં અટકાવવા કાયદા ઘડ્યા હતા. હવે આપણે ત્યાં એવાં કજોડાં ભાગ્યે જ જોવા મળે છે પણ માનસિક વયનાં કજોડાંનો પ્રશ્ન આગળ આવી રહ્યો છે.

અત્યારે આપણે ત્યાં જનરેશન ગેપ બે પેઢી વચ્ચેના અંતરનો પ્રશ્ન ઉપસ્થિત થયેલો છે પણ તે માનસિક વય વચ્ચેના તફાવતનો નથી. જનરેશન ગેપમાં કેવળ વય વચ્ચેના અંતરની સમસ્યા છે. એમાં શક્તિશાળી યુવાન પેઢી, આગળની પેઢીને પાછળ ધકેલીને આગળ આવી જાય છે અને જુની પેઢીને તે સહી લીધા વિના છૂટકો નથી હોતો.

માનસિક વયના પ્રશ્નમાં ઉંમર સાથે વિકાસ ન થવાનો કે વય કરતાં વધારે વિકાસ થવાની સમસ્યા હોય છે. કોઈ વયોવૃદ્ધ માણસ તદ્દન બાલીશ રીતે વર્તે, પોતાની જવાબદારીનો કંઈ ખ્યાલ રાખે નહિ અને વાતને ગંભીરતાથી લે નહિ તો એ માનસિક વયનો પ્રશ્ન છે. માણસનું વર્તન ઉંમરને અનુરૂપ હોવું જોઈએ અને હોતું હોય છે. જ્યારે તેનાં વાણી-વર્તનનો તેની ઉંમર સાથે મેળ ન વર્તાય ત્યારે સમજી લેવું પડે કે આ માનસિક વયનો પ્રશ્ન છે. માણસ ભલે ઉંમરમાં મોટો હોય પણ તેની માનસિક વય ઓછી છે. બીજે છેડે ઘણી વાર એવું જોવા મળે છે કે નાનું બાળક તેની વય પ્રમાણે ન વર્તતાં મોટા બાળકની જેમ વર્તતું હોય, ઘણીવાર બાર-ચૌદ વર્ષનો કિશોર વયસ્ક માણસની જેમ વર્તતો દેખાય અને ગંભીર થઈને વાત કરતો રહે. આ પણ માનસિક વયનો જ પ્રશ્ન છે. જે સમસ્યા બની શકે છે.

વ્યક્તિની વય જેમ વધતી જાય છે તેમ તેની પિચ્યુટરી, પિનીયલ, થાઈમસ, એડ્રિનલ અને ગોનાડસ જેવી અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવોમાં ફેરફાર થતા જાય છે અને એ સ્રાવોની અસર માણસના નાડીતંત્ર - નર્વસ સિસ્ટમ ઉપર થતી હોય છે. પરિણામે તેના વાણી વર્તનમાં ફેરફાર થતા હોય છે.

માણસ વય પ્રમાણે વર્તે એમાં કંઈ ખોટું નથી પણ જો તે વય પ્રમાણે ન વર્તે તો તે બરોબર નથી.

બાર-ચૌદ વર્ષના છોકરામાં તેની વયની છોકરીને જોઈને અમુક રીતના ભાવો થાય અને છોકરી પણ તેનાથી સભાન બનીને શરમાય તે તદ્દન સ્વાભાવિક છે. પણ જો આ વયે છોકરો છોકરીને જોઈને ભાગતો ફરે કે છોકરીને છોકરામાં કંઈ રસ જ ન દેખાય તો તે માનસિક વયનો પ્રશ્ન બની જાય છે અને ખરેખર તો તેની માનસિક સારવાર કરાવવી પડે.

એ જ રીતે જો યુવાન ઘરડા માણસ જેવી ગંભીર વાતો કર્યા કરતો હોય અને કોઈ સાહસ કરતાં પાછો પડતો હોય તો સમજવું કે તેના ગ્રંથિતંત્રના સ્રાવોમાં કંઈ ખામી છે અને એ પણ માનસિક વયનો પ્રશ્ન છે. યૌવન એ સાહસ કરવાની ઉંમર છે. એ વયે માણસ સાહસ માટે કૂદી ન પડે તો પછી જીવનમાં પછી તે ક્યારે કૂદવાનો?

આ જ પ્રશ્ન વૃદ્ધો માટે પણ હોઈ શકે છે. વૃદ્ધો વય પ્રમાણે ન વર્તે તો તેમનું સમાજમાં કે કુટુંબમાં માન-પાન જળવાય નહિ. લોકો વૃદ્ધજન પાસે પ્રેમની - પરિપક્વતાની આશા રાખતા હોય છે. કુટુંબને દોરવાને બદલે, આવી પડેલ પ્રશ્નની જવાબદારી લેવાને બદલે હળવાશથી તે વાતને લેતો હોય તો સમજી લેવું કે તેનો વય પ્રમાણે વિકાસ નથી થયો. ઘણીવાર આવા વૃદ્ધજનો તેમના સ્વજનો માટે પ્રશ્ન સમા બની ગયા હોય છે. ઘણીવાર તો આવા વૃદ્ધજનોને ઠપકો આપતાં કહેવું પડે કે વય પ્રમાણે વર્તો. વયસ્ક માણસો પાસે તેમનાં સ્વજનો સહાયની - માર્ગદર્શનની આશા રાખતાં હોય છે.

પતિ-પત્ની સમવયસ્ક હોય પણ જો તેમની વચ્ચે માનસિક વયનો મોટો તફાવત હોય તો તેમના લગ્નજીવનમાં ઘણા વિખવાદ ઊભા થાય છે. આ વિષમતા જો વણસે છે તો છુટાછેડામાં પરિણમે છે અથવા તો એક જ ઘરમાં બંને પોતપોતાની રીતે જીવવા માંડે છે પછી ભલે તેઓ બહાર એક જેવાં દેખાતાં હોય.

સામાજિક સંસ્થાઓમાં કે રાજકીય પક્ષોમાં જો માનસિક વયના મોટા તફાવતવાળા વધારે સભ્યો એક જ મંચ ઉપર ભેગા થાય છે તો તેમની વચ્ચે સુમેળ સાધવાનું મુશ્કેલ બની જાય છે. વેપારી પેઢીઓમાં જવાબદારીવાળી જગ્યાઓ માટે જો નવી ભરતી કરવાની હોય તો માનસિક વયના વિચારને પણ એક સ્થાન આપ્યું હશે તો ઠીક રહેશે.

આજકાલ આપણી સંસદમાં અને વિધાનગૃહોમાં ઘણીવાર જે રીતનું વાતાવરણ જોવા મળે છે તેના ઉપરથી એમ લાગે છે કે ત્યાં માનસિક વયના વધારે તફાવતવાળી વ્યક્તિઓ ભેગી થવાને કારણે કદાચ આવી પરિસ્થિતિ સર્જાતી હશે.

માનસિક વયની વાત વિચારવા જેવી છે પણ સાથે સાથે એ પણ ખરું કે જીવનમાં કેટલાક સંબંધો તો આપણને જન્મતાની સાથે જ મળી ગયા હોય છે જેની પસંદગીમાં આપણો કોઈ હાથ હોતો નથી અને તે બદલી શકાતા પણ નથી. આ સંબંધોમાં જો આ પ્રશ્ન આવેલ હોય તો આપણે કળથી કામ કાઢી લેવું પડે. પણ જે સંબંધો બાંધવાનું આપણા હાથમાં હોય છે ત્યાં આપણે વિચાર કરીને આગળ વધવું જોઈએ જે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)

*ક્રોધી સાથે ઝઘડો કરવામાં વાંધો નહિ, ભૂખ્યા સાથે ઝઘડો કરવાનું જોખમ લેશો નહિ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૩

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

- ★ **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધાર સ્તંભોની લેખમાળા**
- ★ **કચ્છથી અનુસ્નાતકની પરીક્ષા આપવા અમદાવાદ આવનાર માટે જરૂરી સુવિધા**
- ★ **કચ્છમાં નર્મદાના પાણી અને કેનાલ બનાવવાની કામગીરી માટે એક સમિતિની રચના કરવામાં આવી તે વિષયે ઉચ્ચ સ્તરે રજૂઆત, મીટિંગ અને વાર્તાલાપ.**
- ★ **સમાજની વાર્ષિક સામાન્ય સભા, સ્નેહમિલન તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન.**

'મંગલ મંદિર'ના માર્ચ-૨૦૦૨ના અંક નં.-૨૮૮થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધારસ્તંભોની લેખમાળા શરૂ કરવામાં આવી હતી. પ્રથમ મણકા તરીકે શ્રી માવજી ધારશી ફુરિયાનો પરિચય કરાવવામાં આવ્યો હતો. માર્ચ મહિનામાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ માટે શ્રી રતિલાલ જવેરચંદ પ્રેમચંદ વોરા (સતના) તથા સ્વ. જયાબેન હરીલાલ દોશી (મુંદ્રા)નાં પરિવાર તરફથી નોંધપાત્ર દાન જાહેર કરવામાં આવ્યા હતા.

કચ્છમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાની પરીક્ષા માટેનું કેન્દ્ર ન હોતાં, કચ્છથી દર વર્ષે ૨૫૦-૩૦૦ વિદ્યાર્થીઓ અમદાવાદ પરીક્ષા આપવા આવે છે. તેમને લગભગ એકાદ અઠવાડિયા સુધી રોકાવવાની જરૂરત પડે છે. તેમાં વળી આ વર્ષે ગોધરાકાંડના કારણે અમદાવાદમાં તોફાનો ફાટી નીકળતાં પરીક્ષા કેન્દ્રો સુધી આવવા જવાની પણ તકલીફ પડી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ દર વર્ષે કચ્છથી પરીક્ષા માટે આવતા પરીક્ષાર્થીઓ માટે જરૂરી વ્યવસ્થા કરે છે. ઉપરોક્ત સમયે તોફાનો હોતાં ઘણા બધા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓના વાલીઓ પણ તેમની સાથે આવેલ હતા. **શ્રી કચ્છી જૈન સેવા સમાજે ફક્ત તેઓના રહેવા જમવાની જ નહીં પરંતુ અમદાવાદ મ્યુનિ. વિસ્તારમાં શાહીબાગ તથા પાલડી ભવનથી મુખ્ય પરીક્ષા કેન્દ્રોમાં આવવા જવાની બસની ગોઠવણ કરી હતી.** તથા વાલીઓને કોઈપણ પ્રકારની ચિંતા ન કરવાનું જણાવ્યું હતું. લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓ તેમની એમ.એ. અને એમ.કોમ.ની પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ થાય તે માટે તા. ૫-૫-૨૦૦૨, તા. ૬-૫-૨૦૦૨ અને તા. ૧૨-૫-૨૦૦૨ના રોજ પાલડી ભવન તેમજ શાહીબાગ ભવન ખાતે શુભેચ્છા કાર્યક્રમોનું આયોજન થયું હતું.

આ સમારંભમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ, ટ્રસ્ટી શ્રી હીરજી પાસુભાઈ શાહ તથા અન્ય ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓ સાથે આવેલા વાલીઓને પણ સમાજ તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

તા. ૨૬-૭-૦૨નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નર્મદા નિગમના અધિકારીશ્રીઓ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારોની એક મીટિંગ મળેલ હતી. જેમાં નર્મદા નદીના પાણી વિશે પ્રાથમિક ચર્ચા થઈ હતી. કચ્છને કેટલું પાણી ફાળવવામાં આવી રહેલ છે અને કઈ સાઈઝની કેનાલ બનાવવામાં આવશે તેને લગતી પ્રાથમિક માહિતી નર્મદા નિગમ લિ.ના અધિકારીઓએ આપેલ હતી. જ્યારે સમાજના હોદ્દેદારોએ કચ્છને આ પ્રશ્ને કરવામાં આવી રહેલ અન્યાયની વિગતો રજૂઆત કરેલ હતી. આ પ્રશ્ને વાટાઘાટો દ્વારા નિકાલ લાવવા નજદીકના ભવિષ્યમાં ફરી મળવાનું નક્કી કરવામાં આવેલ હતું. સાથે સાથે મુંબઈ તથા કચ્છમાં રહેતા કચ્છીઓ કે જેઓએ આ બાબતે વિગતવાર અભ્યાસ કરેલ છે અને જેમની પાસે આ વિષયની પૂરેપૂરી માહિતી છે તેમને પણ સામેલ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

તા. ૩૦-૭-૨૦૦૨નાં રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. જેમાં નિવૃત્ત થતા છ ટ્રસ્ટીઓ સામે છ ટ્રસ્ટીઓની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. ગત વર્ષ દરમ્યાન સંસ્થા તરફથી થયેલ કાર્યવાહીનો અહેવાલ આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૧-૨૦૦૨નાં ઓડિટ થયેલા હિસાબોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે નીચે મુજબનાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા - મે.ટ્રસ્ટી તથા પ્રમુખ, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા - પ્રથમ ઉપપ્રમુખ,

*મોટી વાત તમારા જીવનમાં વર્ષો ઉમેરવાની નહિ, પણ તમારા વર્ષોમાં જીવન ઉમેરવાની છે.*

શ્રી નવીન નાનજી શાહ - દ્વિતીય ઉપપ્રમુખ, શ્રી પ્રતાપ નારાણજી દંડ - માનદ્ મંત્રી, શ્રી રોહિત રણછોડલાલ ગાંધી - સહમંત્રી, શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી - ખજાનચી તથા શ્રી ચંદ્રકાંત દામજી શાહ - સહ ખજાનચી તેમજ સંસ્થાની પ્રણાલિકા મુજબ વિવિધ સમિતિઓની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની તા. ૧૧-૮-૨૦૦૨ના મળેલ કારોબારી સમિતિની મીટિંગમાં નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો સહુની સહમતિથી શક્ય જલદી ચાલુ કરી શકાય તે માટે એક સમિતિની રચના કરવામાં આવેલ હતી. આ સમિતિએ પોતાની કાર્યવાહી શરૂ કરી દેતાં, **પ્રથમ તો નર્મદા નિગમના અધિકારીઓ સાથે શનિવાર, તા. ૧૭-૮-૨૦૦૨ના દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક મીટિંગનું આયોજન કરેલ હતું.** જેમાં અમદાવાદ સ્થિત વિવિધ સમાજોના સભ્યો, તેમજ આ યોજનામાં શરૂઆતથી રસ લેતાં મુંબઈ તથા કચ્છનાં વિવિધ આગેવાનો સહિત અંદાજિત ૧૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં નર્મદા નિગમનાં અધિકારીઓએ કચ્છ બ્રાંચ કેનાલની માહિતી આપેલ હતી. આ પ્રસંગે મુંબઈથી લેક્ષ જૈન, શ્રી દીપક મેપાણી તેમજ કચ્છથી શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી વિનોદ ગાલા, શ્રી શશીકાંત ઠક્કર તેમજ અન્ય કેટલાક આગેવાનો પધારેલા હતા. આ યોજનાની છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિ વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ દિવસો દરમ્યાન ગુજરાતના ઉદ્યોગ ખાતાના મંત્રી શ્રી સુરેશભાઈ મહેતા તેમજ ગુજારત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ સાથે પણ આ વિષયે વાર્તાલાપ કરવામાં આવેલ હતો અને વર્ષોથી લડત ચલાવતા કચ્છીઓની ઈચ્છા અનુસાર આ કચ્છ બ્રાંચ કેનાલના કામો શક્ય તેટલા જલ્દી ચાલુ થાય તે માટે ઈચ્છા વ્યક્ત કરવામાં આવેલ હતી.

તા. ૨૩-૮-૨૦૦૨ તથા તા. ૨૪-૮-૨૦૦૨નાં રોજ સમિતિના સભ્યો આ વિશે વર્ષોથી લડત ચલાવતા કચ્છી આગેવાનો સાથે ચર્ચા કરવા કચ્છ ગયેલ હતા. આ પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી હસમુખ ગઢેચા વગેરે સામેલ હતા. તા. ૨૩-૮-૨૦૦૨ના રોજ ભુજમાં 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, પત્રકાર શ્રી વિનોદ ગાલા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી જે.એસ. પટેલ તેમજ કચ્છ કિસાન સંઘના વિવિધ આગેવાનો સાથે રૂબરૂ ચર્ચા કરેલ હતી તથા એકબીજાના વિચારોનું આદાનપ્રદાન કરેલ હતું.

તા. ૨૪-૮-૨૦૦૨ના રોજ આ પ્રતિનિધિ મંડળે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ - માંડવીની મુલાકાત લીધી હતી. જ્યાં એક સંયુક્ત મીટિંગમાં ઉપસ્થિત વિવિધ કચ્છી આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ મીટિંગમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી લીલાધર ગડા, શ્રી લાલ રાંભિયા, શ્રી તુલસીદાસ ગજરા, શ્રી કેશવજી દેઢિયા, શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર તથા કચ્છ કિસાન સંઘના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ વિશે સારી એવી ચર્ચા કરવામાં આવી હતી અને અત્યારે પ્રવર્તતી પરિસ્થિતિમાં કઈ રીતે આગળ વધવું તે નક્કી કરવા માટે નજીકના ભવિષ્યમાં સંબંધિત બધા લોકોની એક મીટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

માસ ઓગસ્ટ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને શ્રી કચ્છી વિશ્રામ ગૃહના બાકી રહેતા નકરા સામે મુંબઈમાં શ્રી પ્રતાપ ગોવિંદજી લોડાયા, શ્રી જવેરચંદ ખીમજી લોડાયા અને કલકત્તાના શ્રી હસમુખભાઈ મોરારજી શેઠ તરફથી માતબર દાનો પ્રાપ્ત થયા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૩૯મો વાર્ષિક સ્નેહ મિલન તા. ૨૨-૯-૨૦૦૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં સારી સંખ્યામાં સમાજનાં સભ્યોએ ભાગ લીધેલ હતો. સમારંભના પ્રમુખ સ્થાને ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા હતા અને અતિથિ વિશેષ તરીકે શ્રી બાબુભાઈ વેરશી નાગડા હતા. સ્વાગત પ્રવચનમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ સૌને આવકાર્યા હતા. સમાજના પરિવારજનો તરફથી સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં મળી રહેતા સાથ સહકારને બિરદાવ્યા હતા. આજના સમારંભમાં તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

સ્વામિવાત્સલ્યનાં દાતાઓ શ્રી બાબુભાઈ વી. નાગડા તથા શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયાનું પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે સમાજ દ્વારા ગત વર્ષ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી તેમજ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને વિશિષ્ટ પુરસ્કાર તથા સન્માનપત્ર દ્વારા સન્માનિત કરાયા હતા. અન્ય વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સમાજનાં યુવક / યુવતીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. સ્વામિવાત્સલ્યનાં કાયમી દાતાઓ શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ વેરશી નાગડાનાં સહકારથી યોજેલ ભોજન સમારંભનો લાભ સમાજના સભ્યોએ લીધેલ હતો.

તા. ૨૫-૧૦-૨૦૦૨નાં રોજ શરદ પૂનમની રઢિયાળી રાતે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં શરદોત્સવની ઉજવણીમાં સમાજનાં પરિવારજનો સારી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. નવરાત્રિ માટેના પ્રણાલીગત પોષાકમાં ઉપસ્થિત યુવક / યુવતીઓ તથા બાળકોએ ઢોલ તથા ઑરકેસ્ટ્રાના તાલે રાસ ગરબાની રમઝટ બોલાવેલ હતી ને સાથે દૂધ-પૌંઆની લિજ્જત પણ માણી હતી. આ પ્રકારનો કાર્યક્રમ સમાજ તરફથી પહેલીવાર ઉજવાયો હતો, જેને ખૂબ જ ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો હતો. દાંડિયા રાસમાં ઉત્તમ રજૂઆત માટે વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તા. ૨૬-૧-૨૦૦૩નાં દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે લોક ડાયરાનું આયોજન

*પરત ચુકવણીની શક્તિ ન હોવા છતાં દેવું કરવું એ ચોરી કરતાં નાનો ગુનો નથી.*

કરેલ હતું. શ્રી લાલ રાંભિયા આયોજિત આ લોક ડાયરામાં કચ્છનાં ખ્યાતનામ કલાકારો શ્રી લાલ રાંભિયા, શ્રી ઈસ્માઈલ પારા, લોકગાયિકા ધનબાઈ ગઢવી, મોરચંગ વાદક શ્રી ઉમેશ જડિયા, શ્રી રાજેશ પઢારિયા તથા ઢોલક વાદક શ્રી શૈલેષ જાની વગેરેએ ઉપસ્થિત રહી પોતાની વિવિધ કલાઓની રજૂઆત કરી હતી. અમદાવાદ ગાંધીનગર સ્થિત અનેક કચ્છીઓ આ લોક ડાયરાની રસલ્હાણ માણવા મોડી રાત સુધી ઉપસ્થિત રહ્યા હતા. કચ્છના ખોફનાક ભૂકંપની બીજી વરસી નિમિત્તે તથા શ્રી કચ્છી જૈન ભવનને છ વર્ષ પૂરા થતા હોવાથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, તંત્રી વિભાગનાં શ્રી નિખિલભાઈ પંડ્યા, માહિતી ખાતાના શ્રી અખિલેશ અંતાણી તથા લેખકશ્રી માવજીભાઈ મહેશ્વરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત સમાજનાં આગેવાનો તથા આમંત્રિત મહેમાનોએ દીપ પ્રાગટ્ય કરીને કરેલ હતી. ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે સૌને આવકાર્યા હતા. ઉપસ્થિત મહેમાનોમાંથી શ્રી કીર્તિભાઈ ખત્રીએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. સંસ્થાના પ્રમુખ શ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ પ્રમુખ સ્થાનેથી ઉદ્‌બોધન કરેલ. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આભારવિધિ કરેલ હતી.

(ક્રમશઃ)

**આ જગમાં થોડા મલે!**

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**
**DAILY SERVICE FROM**
**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**
**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

E-mail : jdtcompany@gmail.com

વાર્તા

# આઘાત - પ્રતિઘાત

● ડૉ. ઊર્મિલા શાહ ●

પરણીને આ ઘરમાં પગ મૂક્યો ત્યારે મનમાં ઝંખના હતી **'મારે આ ઘરની ગૃહલક્ષ્મી બનવું છે, મારે કુળવધૂ બનવું છે...' મનમાં એક અનેરી ભાવના હતી...** ને અમારું કુટુંબ પણ કેવું! હર્યુંભર્યું. કોઈની ટોક લાગી જાય એવું સરસ એ સંયુક્ત કુટુંબ હતું. ઘરમાં બા-બાપુજી જેવાં વડીલોની છત્રછાયા નીચે જાણે સૌ આનંદકિલ્લોલ કરતાં ન હોય...! મોટા ભાઈ અને ભાભી અને તેમનાં અપૂર્વ અને અંજના. બંને કેવાં મીઠડાં છે. હું પરણીને આવી છું ત્યારથી અંજના તો જાણે મારો છેડો મૂકતી જ નથી. ભાભી ઘણી વાર કહે, હવે સુજાતાનો કેડો મૂકને, બિચારી હજી નવી નવી પરણી છે, આ શું વગર છોકરે બધી પળોજણ. અંજના મને મૂકે તો ને! અરે! ક્યારેક તો મારે નિશીથ સાથે બહાર જવું હોય ત્યારેય અંજના આગળ થઈ જાય... ભાભી માંડ માંડ એને સમજાવે. તોયે એની મીઠી કાલીઘેલી ભાષામાં કહે : કાકી નિશીથકાકાને લઈને બહાર જાય તો હું કેમ સાથે ન જાઉં! મને મન ન થાય? ને હું એને હસતી હસતી ટપલી મારું એટલે જઈને ભાભીના ગળે વળગી પડે. એવી મીઠડી કે હું મારા પિયર જાઉં ત્યારે તો એ મારી સાથે જ આવે. પિયરમાં મમ્મી-પપ્પાને પણ એ એટલી વહાલી લાગવા માંડી. જાણે મારા પેટની જ દીકરી ન હોય! મમ્મી કહેતા હતા, એ, અમારીય પૂર્વજન્મની લેણિયાત જ હશે!

આમ ને આમ મારાં લગ્નને ત્રણ વર્ષ પૂરાં થયાં ને ચોથું વર્ષ શરૂ થયું. મારા મનમાં થોડો સળવળાટ શરૂ થયો. હજી કેમ મને દિવસ નહીં ચડતો હોય! શરૂઆતમાં બે વર્ષ તો જો કે અમે બંનેએ તકેદારી રાખી હતી એટલે બરાબર, પણ છેલ્લા એકાદ વર્ષથી તો એય બંધ કરી હતી. બાએ પણ વચ્ચે પૂછ્યું હતું, બેટા સુજાતા, હવે બાળક થઈ જવા દેવું જોઈએ. પછી જેમ ઉંમર મોટી થતી જાય તેમ તેને મોટું કરવું આકરું પડે. **છોકરાં મોટાં કરવાં એ સહેલી વાત નથી. અમે બધાં છીએ ને ભેગાં છો ત્યાં સુધી ઊછરી જાય તો ખબરેય ન પડે.** હવે ઘણું હર્યાફર્યા. અને બાની આ ટકોર સાંભળી મનેય મનમાં જરા દુઃખ થયું. બા ખૂબ લાગણીથી મને કહેતાં હતાં. હુંય એ સમજતી હતી. વડીલ હોય એટલે એમનેય ચિંતા થાય. મારો ખોળો ભરાય એવી એમનેય ઝંખના હોય જ. પણ હુંય શું કરું? મારા મનમાંય ક્યાં ઓછો અજંપો હતો? હુંય કેટલી મથામણ કરતી હતી? નિશીથને મેં વાત કરી. તો એ તો ડૉક્ટર પાસે આવવા જ તૈયાર ન હતો. પણ છતાંય હું હિંમત ન હારી. હું એકલી ડૉક્ટર પાસે ગઈ. બધી જ તપાસ કરાવી. ટ્રીટમેન્ટ ચાલુ કરી. ટ્રીટમેન્ટમાં વારંવાર નિશીથનો સહકાર જોઈએ. હું સમજતી હતી કે એમનાય દિલમાં ઉચાટ તો શરૂ થયો જ છે. પણ એ પુરુષ છે ને! એ હંમેશાં એ ઉચાટને છુપાવ્યા જ કરે. ને હું? હું તો એક સ્ત્રી. માતૃત્વ માટે સ્ત્રીને સખત ઈચ્છા હોય જ, ને માતૃત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એને જીવનમાં પરિતૃપ્તિ ન જ થાય. અને એટલે હું ડૉક્ટરના કહ્યા મુજબ બધું જ કરતી હતી ચૂપચાપ મારી મેળે. મને ડર હતો. ભાભી – બા કે કોઈ જાણશે કે હું એ માટે ડૉક્ટરની ટ્રીટમેન્ટ કરું છું તો કેવું ખરાબ લાગે? મારી ઊણપ બહાર ન આવે! અને એટલે હું ડૉક્ટરને ત્યાં જવાનું હોય ત્યારે ગમે તે બહાનું કાઢી મારું કામ પતાવી આવતી. બહેનપણી, ખરીદી કે પિયરના બહાના હેઠળ હું ડૉક્ટરને મળી આવતી તે એટલે સુધી કે ક્યારેક તો નિશીથને પણ ખબર ન પડે કે હું ડૉક્ટરને ત્યાં જઈ આવી છું. બે-ત્રણ દિવસ પછી વાતવાતમાં હું એમને વાત કરું ત્યારે. પણ એ ટ્રીટમેન્ટ લગભગ આઠેક મહિના ચાલી. તેમાંય કશું પરિણામ ન આવ્યું. મારી ધીરજ ખૂટતી જતી હતી. બધું જ ડૉક્ટરના કહ્યા મુજબ કરું છું ને આવું કેમ? ડૉક્ટર ખૂબ હોશિયાર છે. અત્યાર સુધી એમની ટ્રીટમેન્ટથી કંઈ કેટલાયને ઘેર પારણાં બંધાયાં છે ને મને જ કેમ આવું? મને ક્યારેક મારા નસીબ પર પણ ગુસ્સો આવતો.

આખરે ડૉક્ટરે મને કહ્યું, 'બેન! તારી બધી જ ટ્રીટમેન્ટ કરી. ક્યાંય કશી જ કચાશ રાખી નથી. હવે તારા પતિની તપાસ કરાવી લેવી જોઈએ. **ક્યારેક બાળક ન થાય તેમાં પુરુષની પણ કોઈ મુશ્કેલી કારણરૂપ હોઈ શકે.'** વાત સાંભળી હું એકદમ ચમકી. શું વાત કરો છો? મારા પતિમાં? ના, ના, એવું ન બની શકે. હું ખુદ એ વાત સ્વીકારવા તૈયાર ન હતી. છતાંય વાસ્તવિક્તાને સ્વીકાર્યા વિના બીજો વિકલ્પ ન હતો. મારે બાળક જોઈતું જ હતું એ પણ હકીકત હતી. તો હવે શું?

મનમાં સખત દ્વિધા હતી. હું નિશીથને કેવી રીતે વાત કરું? એ મારી વાત સાંભળશે ખરા? સાંભળશે તો સ્વીકારશે ખરા? એ સ્વીકારશે તો ડૉક્ટર પાસે ટ્રીટમેન્ટ માટે તૈયાર થશે ખરા? મન સામે અનેક પ્રશ્નો ઊભા

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

હતા. બે-ચાર દિવસ તો મનમાં પાર વિનાની મૂંઝવણ થઈ. અંદર ને અંદર ધૂંધવાતી હતી. શું મને જ માત્ર મા બનવાના અભરખા છે? એમનેય બાપ બનવું ગમશે તો ખરું જ ને? પોતાના સર્જનનો આનંદ કોને ન હોય! બાળકનો આનંદ તો સ્ત્રી અને પુરુષ બંનેને સરખો જ હોય. એ માત્ર મારો આનંદ તો નથી જ. નિશીથ પણ બાળક તો ઝંખે જ છે. પણ પુરુષ હોવાને નાતે એ એમની ઝંખના મારી જેમ વ્યક્ત કરતા નથી.

અને ત્રણ-ચાર દિવસની એ મૂંઝવણ પછી મેં નિશીથનો મૂડ જોઈ એમને ધીરેથી વાત કરતાં કહ્યું, ડૉક્ટરે તમને મળવા બોલાવ્યા છે. નિશીથે થોડી આનાકાની તો કરી પણ તે માન્યા તો ખરા જ. મેં એમને કહ્યું ન હતું કે ડૉક્ટર તમારી પણ તપાસ કરવા માંગે છે. નહીં તો વાત આટલેથી જ અટકી જાય તેની મને ખબર હતી.

અને નિશીથ એક સાંજે ડૉક્ટરને ત્યાં આવ્યા. ડૉક્ટર પણ ખૂબ મળતાવડા ને સરસ સ્વભાવના હતા. મેં તેમને બધી વાત કરી જ રાખી હતી એટલે તેમણે ખૂબ સરસ રીતે નિશીથને આખી વાત સમજાવી, આખીય સમસ્યા તેમના મગજમાં ઉતારી. મારા આશ્ચર્ય સાથે નિશીથ તેમની તપાસ કરાવવા સહમત થયા. મારા આનંદનો પાર ન હતો. ડૉક્ટરની કુશળતા માટે માન થયું. નિશીથની બધી તપાસ કરાવી. રિપોર્ટમાં આવ્યું કે નિશીથને કેટલીક મુશ્કેલી છે. એકાદ ઑપરેશન કરાવે તો બાળક થવાની શક્યતા ખરી ને જાણે મારે માથે આભ તૂટી પડ્યું. અશક્ય, બિલકુલ અશક્ય. સંયુક્ત કુટુંબમાં અમે રહીએ છીએ. આખીય ટ્રીટમેન્ટની વાત ઘરમાં કોઈનેય કરી નથી. આ બધું જ બારોબાર ચાલી રહ્યું છે ને હવે નિશીથનું ઑપરેશન શક્ય જ કેવી રીતે બને?

હું સાવ જ હિંમત હારી ગઈ. ઘડીભર તો એમ થયું હવે બા-બાપુજીને વાત કરવી જ જોઈએ. બા મને વારંવાર છોકરાં થવા માટે ટકોર કરે છે. તેમનેય તેની ઈચ્છા તો છે જ પણ વાસ્તવિક્તાની તેમને જાણ ન થાય તો કેમ ચાલે? વાસ્તવિક્તાને સ્વીકારવી તો પડે જ ને! મેં નિશીથને વાત કરી, તમે બા-બાપુજીને વાત કરોને! નિશીથે પહેલાં તો કંઈ જ પ્રતિભાવ ન આપ્યો. એ ઑપરેશન કરાવવા તૈયાર ન હતા. લોકો પૂછે તો શું કહું? શાનું ઑપરેશન છે? તેમનેય મનમાં ક્ષોભ હતો, સંકોચ હતો અને એટલે નિશીથ તો બા-બાપુજીને વાત નહીં જ કરે તે સમજી શકાય તેવું હતું અને એટલે ઘણીબધી મથામણને અંતે મેં એક દિવસ બાને વાત કરી.

જમી પરવારીને અમે સૌ આઘાપાછાં થયાં એટલે હું બા પાસે જઈને બેઠી. 'બા, તમને એક વાત કહેવી છે, કહું?'

'કહેને બેટા! એમાં મૂંઝાય છે શું?'

મારામાં હિંમત આવી. મેં મારી ટ્રીટમેન્ટની વાત કરી!

બાએ કહ્યું, 'હું તારી સાથે આવત, બેટા...'

પણ વાત વધારતાં મેં નિશીથની તપાસની વાત કરી. ડૉક્ટરના નિદાનની વાત કરી, નિશીથના ઑપરેશન અંગેની વાત કરી ને બા એકદમ અકળાઈ ઊઠ્યાં. સખત ગુસ્સે થઈ ગયાં. કહે, તમે લોકો, ભણેલાગણેલાને કશું સૂઝે છે ખરું? ડૉક્ટરો તો નવરા છે. મારા નિશીથને આવું કશું હોય જ નહીં ને. બીજા બેય ભાઈઓને ત્યાં બે-બે દીકરા છે ને નિશીથને એવું હોય જ ક્યાંથી? આવા કયા ડૉક્ટર પાસે તમે લોકો જઈ આવ્યાં? અમને વાત તો કરવી હતી!

અને એ દિવસથી બાનું મારી સાથેનું વર્તન જાણે અચાનક જ ઓરમાયું થવા માંડ્યું. પછી તો નાની નાની વાતમાં છણકાઈ જાય. મહેણાં-ટોણાં મારે ને જાણે હું એમની નજર સામે ખમાતી જ ન હોઉં તેવું વાતાવરણ ઊભું થઈ ગયું. **બાને પગલે બાપુજીય જાણે અમારાથી અળગા ને અળગા થવા માંડ્યા.** હું ખૂબ મુંઝાવા માંડી. આટઆટલા પ્રયત્નો છતાં બાળક થતું ન હતું તેની મૂંઝવણ તો હતી જ, અકળામણ પણ હતી ને મન પણ આળું હતું. તેમાં વળી જાણે ઘા પર મીઠું ભભરાવવામાં આવે તેમ બાનો પ્રકોપ ને બાપુજીનું 'નરો વા કુંજરો વા' — મારાથી આ બધું સહ્યું જતું ન હતું. નિશીથ પણ બધું જ સાવ સૂનમૂન થઈને જોયા કરતા હતા. મને જ્યારે હૂંફની લાગણીની અને સથવારાની ખૂબ જરૂર હતી ત્યારે તે મને તેમાંનું કશું જ આપી શકતા ન હતા. હુંય સમજતી હતી કે તેમની પરિસ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી છે. એ કોને કહે? કેવી રીતે કહે? અને ભાભી, સગીબહેન જેવું જેમની પાસેથી મને હેત મળતું એય જાણે ધીરે ધીરે પરાયા થવા માંડ્યાં. ને જે અંજના મારો છેડો ઘડીય મૂકતી ન હતી તેને પણ તેમણે મારાથી ધીરે ધીરે દૂર રાખવા માંડી. એમનેય કદાચ ડર હશે કે બાળક માટે થઈને હું તેના પર કંઈ ટુચકો કરું તો! સમજ નથી પડતી. આખીય બાજી જાણે કેમ આમ પલટાઈ ગઈ છે. મને ઘરમાં જાણે એક એક પળ એક એક ભવ જેવી લાગે છે. નિશીથના રિપોર્ટની વાતે મારા જીવનમાં ઝંઝાવાત સર્જી દીધો છે. **માતૃત્વ કેવું છે? પોતાના સંતાનની મર્યાદા કે ક્ષતિ સ્વીકારવી એ મા માટે કેટલું મુશ્કેલ છે એ મને સમજાવા માંડ્યું.** મને મનોમન પસ્તાવો થાય છે કે આ બધી ઝંઝટમાં પડી તેના કરતાં મેં બાળક જ દત્તક લીધું હોત તો! આમેય ભાભીની અંજના તો મારા દિલના ટુકડા જેવી જ હતી ને! પણ કોણ જાણે મારા હૃદયમાં રહેલા માતૃત્વે મને આ બધું કરવા પ્રેરીને મારા જીવનમાં એક આંધી સર્જી દીધી, પણ હવે શું? હવે છે કોઈ આનો ઉપાય?

*૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

JASH Mercantile LLP

101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.

Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

શ્રી આર્યરક્ષિત કલ્યાણ ગૌતમનીતિ ગુણ ગુણોદય કલાપ્રભસાગર સૂરિભ્યો નમો નમઃ

# શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ સંચાલિત

**તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી આરાધના ભવન** અર્થાત્

## નવનીત વિવિધલક્ષી ભવન (શ્રી લાલજી રામજી ગાલાની સ્મૃતિમાં – ગામ : રાયણ, કચ્છ)

**ભવન સ્થળ** : પ્લોટ નં. ૧૦૪, કોમલ એન્કલેવની બાજુમાં, પી.ટી. કોલેજ રોડ, શાંતિવન પાસે (વાસણા પીરાણા બ્રિજ પાસે), પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**કાર્યકારી ઓફિસ** : ૫૦૨/બી, મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષ, મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસે, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**સંપર્ક** : **ટ્રસ્ટીશ્રી ટોકરશી મામા – ફોન : (079) 26604800 • મો. 98250 08500**

# પધારો... પધારો... પધારો...

## તા. ૧૫-૨-૨૦૧૩ના તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ
## પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સામૈયામાં પધારો

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સાહેબ** છ’રી પારીત સંઘ સાથે અમદાવાદ પધારી રહ્યા છે. તા. ૧૩-૦૨-૨૦૧૩નાં બોપલ, તા. ૧૪-૦૨-૨૦૧૩ના અમદાવાદ.

તા. ૧૫-૦૨-૨૦૧૩ના **તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી આરાધના ભવન** અર્થાત્ નવનીત વિવિધલક્ષી ભવનનાં ઉદ્‌ઘાટનમાં નિશ્રા આપશે.

તેઓશ્રીનું સામૈયું તા. ૧૫-૨-૨૦૧૩નાં સવારે ૮ વાગે પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસેથી કરવામાં આવશે.

સામૈયામાં શણગારેલ બેડા-૧૦૧ તથા ગહુંલીઓ ૧૦૧ સાથે લઈને ચાલવાનું છે.

શણગારેલ બેડા તથા ગહુંલીઓને ઈનામો આપવામાં આવશે.

શણગારેલ બેડા તથા ગહુંલીઓ માટે આપના નામ તુરંત નોંધાવશો.

★ બેડા તથા ગહુંલી માટે નામ નોંધાવવા માટે સંપર્ક ★

(૧) વિજય દેઢિયા : મો. ૮૧૨૮૮ ૮૪૬૦૦ (૨) ધનરાજ દેઢિયા : મો. ૯૮૭૯૮ ૮૩૧૩૪

(૩) ટોકરશી મામા : મો. ૯૮૨૫૦ ૦૮૫૦૦ (૪) ચેતન ધરોડ : મો. ૯૪૨૬૫ ૨૯૩૪૧

---

**લી. શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**

ટ્રસ્ટી મંડળ : (૧) શાંતિલાલ મુળજી સાવલા (૨) હરખચંદ રામજી ગાલા (૩) ટોકરશી કેશવજી શાહ, (૪) લક્ષ્મીચંદ શામજી છેડા (૫) પ્રવીણચંદ્ર પાસુભાઈ શાહનંદ (૬) કિરીટ પ્રેમજી નંદુ

તથા કારોબારી સમિતિનાં સૌ સભ્યોના જય જિનેન્દ્ર.

★ છ’રી પારીત સંઘની વિગત માટે સંપર્ક ★

ચંદ્રકાંત દેઢિયા (૦૯૦૯૯૨ ૨૧૧૯૯) • બીપીનભાઈ ગાલા (૦૭૫૬૭૦ ૮૫૬૮૫)

# ભુજ (કચ્છ)થી શ્રી શંખેશ્વર તીર્થ છ'રી પાલક યાત્રા સંઘ

**દિવ્યકૃપા દાતા : શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રણેતા, ભારત દીવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

**પ્રેરણા - નિશ્રા : શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રતિષ્ઠાપક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**સંઘ પ્રયાણ : પોષ સુદ-૧૧, મંગળવાર, તા. ૨૨-૦૧-૨૦૧૩**

**સંઘમાળ : પોષ વદ-૧૩, શુક્રવાર, તા. ૦૮-૦૨-૨૦૧૩**

## ● છ'રી પારીત સંઘનો કાર્યક્રમ ●

| ક્રમ | વાર | તારીખ | પડાવનું નામ - ગામ |
|---|---|---|---|
| ૧. | મંગળવાર | ૨૨-૧-૨૦૧૩ | માધાપર, વર્ધમાન નગર, દક્ષિણ-ઉત્તર સીટી સ્ક્વેર |
| ૨. | બુધવાર | ૨૩-૧-૨૦૧૩ | યોગીનગર ગેઈટ સામે |
| ૩. | ગુરૂવાર | ૨૪-૧-૨૦૧૩ | ઈન્દ્રપ્રસ્થ દૂધઈ મંદિરની બાજુમાં |
| ૪. | શુક્રવાર | ૨૫-૧-૨૦૧૩ | કુંભારડી (કથાવાળું ગ્રાઉન્ડ) |
| ૫. | શનીવાર | ૨૬-૧-૨૦૧૩ | લોધેશ્વર હોટલ થઈ ખારોઈ રોડ, મનફરા |
| ૬. | રવિવાર | ૨૭-૧-૨૦૧૩ | નીલપર |
| ૭. | સોમવાર | ૨૮-૧-૨૦૧૩ | સરણાવાંઢ પાટીયું |
| ૮. | મંગળવાર | ૨૯-૧-૨૦૧૩ | રાપર (વાગડ) |
| ૯. | બુધવાર | ૩૦-૧-૨૦૧૩ | હરિપર |
| ૧૦. | ગુરૂવાર | ૩૧-૧-૨૦૧૩ | ગોકુલ હોટલથી આગળ ૩ કિ.મી. |
| ૧૧. | શુક્રવાર | ૧-૨-૨૦૧૩ | સર્વોત્તમ હોટલ પાસે |
| ૧૨. | શનીવાર | ૨-૨-૨૦૧૩ | બાબરા બસ સ્ટેન્ડ પાસે |
| ૧૩. | રવિવાર | ૩-૨-૨૦૧૩ | માનપુરા |
| ૧૪. | સોમવાર | ૪-૨-૨૦૧૩ | રામદેવ ચૌધરી હોટલ |
| ૧૫. | મંગળવાર | ૫-૨-૨૦૧૩ | બાસ્પા પાટીયું ગાંધી આશ્રમ |
| ૧૬. | બુધવાર | ૬-૨-૨૦૧૩ | સમીથી આગળ ૬ કિ.મી. |
| ૧૭. | ગુરૂવાર | ૭-૨-૨૦૧૩ | શ્રી શંખેશ્વર તીર્થે સંઘ પ્રવેશ |
| ૧૮. | શુક્રવાર | ૮-૨-૨૦૧૩ | શ્રી શંખેશ્વર તીર્થે સંઘમાળ. |

# શ્રી શંખેશ્વર તીર્થથી શ્રી શત્રુંજય મહાતીર્થ છ'રી પાલક યાત્રા સંઘ

**સંઘ પ્રયાણ : પોષ વદ-૧૩, શુક્રવાર, તા. ૮-૨-૨૦૧૩**

**સંઘમાળ : મહા વદ-૭, રવિવાર, તા. ૩-૩-૨૦૧૩**

## ● છ'રી પારીત સંઘનો કાર્યક્રમ ●

| ક્રમ | વાર | તારીખ | પડાવનું નામ - ગામ |
|---|---|---|---|
| ૧. | શુક્રવાર | ૮-૨-૨૦૧૩ | શ્રી શંખેશ્વર તીર્થે સંઘમાળ બાદ પ્રયાણ પાવાપુરી |
| ૨. | શનીવાર | ૯-૨-૨૦૧૩ | માંડલ |
| ૩. | રવિવાર | ૧૦-૨-૨૦૧૩ | ધાકડીથી આગળ |
| ૪. | સોમવાર | ૧૧-૨-૨૦૧૩ | વિરોચન નગર |
| ૫. | મંગળવાર | ૧૨-૨-૨૦૧૩ | સાણંદ |
| ૬. | બુધવાર | ૧૩-૨-૨૦૧૩ | બોપલ |
| ૭. | ગુરૂવાર | ૧૪-૨-૨૦૧૩ | પાલડી |
| ૮. | શુક્રવાર | ૧૫-૨-૨૦૧૩ | પાલડી વાસણાથી ૩ કિ.મી. આગળ |
| ૯. | શનીવાર | ૧૬-૨-૨૦૧૩ | છાપરડા |
| ૧૦. | રવિવાર | ૧૭-૨-૨૦૧૩ | કલીકુંડ તીર્થ |
| ૧૧. | સોમવાર | ૧૮-૨-૨૦૧૩ | કોંઠ |
| ૧૨. | મંગળવાર | ૧૯-૨-૨૦૧૩ | ઉદય વિહારધામ |
| ૧૩. | બુધવાર | ૨૦-૨-૨૦૧૩ | ફેદરા |
| ૧૪. | ગુરૂવાર | ૨૧-૨-૨૦૧૩ | ખડોલ વિહારધામ |
| ૧૫. | શુક્રવાર | ૨૨-૨-૨૦૧૩ | તગડી |
| ૧૬. | શનીવાર | ૨૩-૨-૨૦૧૩ | બરવાડા |
| ૧૭. | રવિવાર | ૨૪-૨-૨૦૧૩ | મૂલઘરાઈ |
| ૧૮. | સોમવાર | ૨૫-૨-૨૦૧૩ | અયોધ્યાપુરમ થઈ વલભીપુરથી આગળ |
| ૧૯. | મંગળવાર | ૨૬-૨-૨૦૧૩ | નવા ગામ |
| ૨૦. | બુધવાર | ૨૭-૨-૨૦૧૩ | ગુણોદય તીર્થધામ (સોનગઢ) |
| ૨૧. | ગુરૂવાર | ૨૮-૨-૨૦૧૩ | ગુણોદય તીર્થધામ (સોનગઢ) કીર્તિધામ |
| ૨૨. | શુક્રવાર | ૧-૩-૨૦૧૩ | અઢીદ્વીપ તીર્થ |
| ૨૩. | શનીવાર | ૨-૩-૨૦૧૩ | પાલીતાણા પ્રવેશ |
| ૨૪. | રવિવાર | ૩-૩-૨૦૧૩ | શ્રી શત્રુંજય મહાતીર્થે સંઘમાળ |

**છ'રી પારીત સંઘના કન્વીનરો : ★ બાબુભાઈ ઉર્ફે રણશી લખમશી શાહ - ભુજપુર ★ પ્રેમજી ખીમજી છેડા - ગોધરા ★ હંસરાજ લાલજી મસાલાવાલા - ભોજાય**

**છ'રી પારીત સંઘની વધુ માહિતી માટે સંપર્ક : ચંદ્રકાંત દેઢિયા (૦૯૦૯૯૨ ૨૧૧૯૯) ● બીપીનભાઈ ગાલા (૦૭૫૬૭૦ ૮૫૬૮૫)**

**સૌજન્ય : શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**

# ઓબ્સેસીવ કમ્પલસીવ ડિસઓર્ડર (ઓ.સી.ડી.)

## [Obsessive Compulsive Disorder (O.C.D.)]

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

આગળના બે લેખોમાં આપણે ‘‘વારંવાર હાથ ધોવા’’ (Compulsive Behaviour - અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો) તથા ‘‘મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ’’ (Obsessive Thoughts - અનિચ્છિત દબાણ પૂર્વકના વિચારો)ના કિસ્સાઓ વિષે જાણકારી મેળવી. આ લેખમાં આપણે મૂળ બીમારી ‘‘ઓબ્સેસીવ કમ્પલસીવ ડિસઓર્ડર - ઓ.સી.ડી.’’ વિષે જાણકારી મેળવીએ.

વિશ્વ આરોગ્ય સંસ્થા – WHO (World Health Organisation) ના માન્ય આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ (International Classification of Diseases ICD-10) પુસ્તકમાં ઓ.સી.ડી.ના લક્ષણો વિષે ઊંડાણમાં વર્ણન કર્યું છે.

- **લક્ષણો :**

ઓ.સી.ડી.ના સામાન્ય રીતે વારંવાર જોવા મળતા લક્ષણોમાં અનિચ્છિતતા દબાણપૂર્વકના વિચારોમાં **ગંદકી** (dirt) અને / અથવા **જીવજંતુ** (germs) વિષેના હોય છે. અને આ વિચારો પર કાબૂ મેળવવા દર્દી **ધોવાની પ્રક્રિયા** (Compulsive Washing) કલાકો સુધી કાર્ય કરે છે.

દર્દી વારંવાર / કલાકો સુધી હાથ ધોયા કરે છે, કલાકો સુધી નાહ્યા કરે છે, વારંવાર સાબુ લગાડ્યા કરે છે, પાણીનો વપરાશ ખૂબ જ વધી જાય છે. ઘરમાં પાણી ખલાસ થઈ જાય છે. ટોઈલેટમાં પણ લાંબો સમય લાગે છે.

જીવજંતુ કે ગંદકીનો ચેપ દર્દીને ન લાગે અથવા દર્દી એનાથી દૂર રહે એ માટે દર્દી ઘરની બહાર જાય ત્યારે બીજી વસ્તુઓને હાથ કે શરીર અડી ન જાય તેની કાળજી લે. રસ્તા પર ચાલતી વખતે પોતાના હાથ શરીરથી જોડીને રાખે જેથી બીજી વ્યક્તિઓ પોતાને અડી ન લે. (સુષ્માએ ડૉક્ટરની કેબિનનો દરવાજો જાતે ન ખોલ્યો પરંતુ પતિને દરવાજો ખોલવા કહ્યું. જેથી ગંદકી કે જીવજંતુ સુષ્માના શરીર પર ન લાગે.) દર્દીને વ્યવહાર કે સામાજિક પ્રસંગોમાં નછૂટકે જવું પડે તો ઘરે આવીને તરત જ પોતે નાહી લે તથા કપડાં (પોતાના, પતિના, બાળકોના) ધોઈ નાખે.

દર્દી વારંવાર ઉધરસ કરતી. કારણ પૂછતાં એણે જણાવ્યું કે એને એમ થતું કે જીવજંતુ મોઢામાં જાય છે, જે ઉધરસ કરીને જીવજંતુને શરીરની બહાર કાઢે છે.

બીજું વારંવાર જોવા મળતું લક્ષણ છે **ફરી ફરીથી ચકાસવું** (Checking and rechecking). એકની એક વસ્તુ દર્દી ફરી ફરીથી ચકાસે છે. આ ચકાસવાની ક્રિયા દર્દી પોતાને સંતોષ ન થાય ત્યાં સુધી કર્યા કરે છે. ચકાસવાના સામાન્ય રીતે જોવા મળતા લક્ષણો નીચે પ્રમાણે છે :

૧. ઘરનો દરવાજો અને / અથવા તાળું બરોબર બંધ કરેલ છે કે નહીં એ વારંવાર ચકાસવું.

૨. રસોડામાં ગેસનો ચૂલો બંધ કરેલ છે કે નહીં.

૩. ઘરની બારી બરોબર બંધ કરેલ છે કે નહીં.

૪. ઈલેક્ટ્રીકલ સ્વીચ બરોબર બંધ કરેલ છે કે નહીં.

આ ચકાસવાની પ્રક્રિયા દર્દી ૧૦ વખત, ૧૫ વખત કે એનાથી પણ વધારે વખત કરે છે. આથી સમય વેડફાય છે, મોડું થાય છે, દર્દીને મનમાં અજંપો રહે છે, બેચેની થાય છે, મન અસ્વસ્થ રહે છે. આ બધાથી **રોજિંદા જીવનના કાર્યો પર નકારાત્મક અસર થાય છે.**

ત્રીજું લક્ષણ છે **એકની એક ક્રિયા વારંવાર કરવી.** કપડાં પહેરતી વખતે કપડાં કાઢવા, પહેરવા, ફરી કાઢવા, ફરી પહેરવા.... આ પ્રક્રિયા ઘણી વખત કર્યા બાદ છેવટે (મનમાં સંતોષ થયા બાદ) દર્દી કપડાં પહેરે છે. ઘરથી બહાર જતી વખતે ઘરનો ઉંબરો ઓળંગવા દર્દી અંદર-બહાર, અંદર-બહાર ઘણી વખત કર્યા બાદ જ છેવટે ઉંબરો ઓળંગે છે (જાદુઈ નંબર ૭ કે ૧૧ વખત કર્યા બાદ). આમ કરવાથી ભલેને પછી કાર્યક્રમમાં પહોંચવા માટે મોડું થાય.

- **અનિચ્છિત દબાણ પૂર્વકના વિચારો (Obsessive thoughts) લક્ષણો :**

આ વિચારોને લીધે દર્દી અસ્વસ્થ રહે છે, બેચેન રહે છે, મન ઉદાસ રહે છે, ઉમંગ-ઉત્સાહ ઓછો થઈ જાય છે. અપરાધભાવ (guilt feeling) આવે છે. ઘણી વખત જિંદગી બોજ લાગે છે, જીવવા જેવી લાગતી નથી, મરવાના વિચારો આવે છે.

૧. ‘મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ.’

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ ★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

૨. ‘મારી પૌત્રી જોડે જાતીય દુષ્વ્યવહાર કરીશ.’

૩. ‘મારા શરીરમાંથી દુર્ગંધ આવે છે. આથી અન્ય લોકો મારાથી દૂર ભાગે છે.’

૪. ‘માથામાં ખોડો થયો છે.’ (દર્દી ઘણી વખત વાળ ખેંચીને કાઢે છે.)

૫. ‘શરીર પર (હાથ પગ પર) સૂક્ષ્મ જીવજંતુ ચાલે છે.’ (હાથ પગ પર પાવડર, ક્રીમ, મલમ લગાડ્યા જ કરે છે.)

૬. બહાર જતી વખતે બેડરૂમના કબાટને જોવું જ જોઈએ નહીં. કુટુંબની પ્રિય વ્યક્તિને ગંભીર અકસ્માત નડશે.

ધર્મ તથા ભગવાન પર શ્રધ્ધા રાખનાર વ્યક્તિને **ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના** (Sexual thoughts) **વિચારો** આવે છે. દર્દી આ જાતીયતાના વિચારોને કાબૂમાં રાખી શકતો નથી. ધાર્મિક ક્રિયા કરતી વખતે પુરુષને સ્ત્રીના સ્તન, યોનિ, સંભોગ વિષેના વિચારો આવે છે તથા સ્ત્રીને પુરુષના લિંગ, સંભોગ વિષેના વિચારો આવે છે. આવા અનિચ્છિત વિચારોથી દર્દી પોતાની જાતને અપરાધી માને છે (guilt feeling), પાપી માને છે, જીવન જીવવા જેવું લાગતું નથી, આત્મહત્યાના વિચારો આવે છે.

દર્દીની વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવવાની આદત વધીને વ્યસન થઈ જાય છે. દર્દી વસ્તુઓ સપ્રમાણમાં તથા વ્યવસ્થિત એ જ ક્રમ પ્રમાણે ન ગોઠવાય ત્યાં સુધી દર્દીને ચેન પડતું નથી. આ ગોઠવણી કરવામાં કિંમતી સમય વેડફાય છે, અન્ય મહત્ત્વના કાર્યો મોડા થાય છે કે થતા જ નથી. દર્દી ઘરની તથા અન્ય વ્યક્તિઓને પણ વસ્તુઓ વ્યવસ્થિત મૂકવા તેમની ઈચ્છા વિરૂધ્ધ દબાણ કરે છે. આથી પરસ્પર ઘર્ષણ થાય છે તથા સંબંધોમાં તિરાડ પડે છે.

**જૂની વસ્તુઓનો સંગ્રહ** એ પણ ઓ.સી.ડી.નું લક્ષણ છે. દર્દી કોઈપણ વસ્તુ, પેપર, પત્ર કાઢી નાખતો નથી. ભલેને એ વસ્તુઓ વર્ષો જૂની હોય અને વર્ષોથી ઉપયોગમાં ન લેવાઈ હોય. દર્દીના મનમાં હોય છે કે આ વસ્તુઓ ભવિષ્યમાં ઉપયોગી થશે, મહત્ત્વના કામ માટે કામ લાગશે. આમ જૂની **બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ** વધતો જાય છે.

દર્દી એકના એક પ્રશ્ન વારંવાર પૂછે છે. સામેની વ્યક્તિએ પ્રશ્નનો ઉત્તર આપે બાદ પણ એ જ પ્રશ્ન બીજી, ત્રીજીવાર વારંવાર પૂછે છે. જ્યાં સુધી દર્દીને સંતોષ ન થાય ત્યાં સુધી પ્રશ્ન પૂછ્યા જ કરે છે. દર્દી શું ઉત્તર મળે છે એના પર ધ્યાન આપતો નથી પરંતુ પોતાને શું પ્રશ્ન પૂછવો છે એના પર જ ધ્યાન આપે છે.

- **નિદાન :**

ઉપરોક્ત લક્ષણો ઉપરાંત નીચેના મુદ્દાઓ ઓ.સી.ડી. બીમારીનું નિદાન કરતી વખતે લક્ષમાં લેવામાં આવે છે :

૧. દર્દીને સમજ હોય છે કે જે પોતે કરી રહ્યા છે (વારંવાર હાથ ધોવા, ફરી ફરીથી ચકાસણી કરવી, એકનું એક કાર્ય વારંવાર કરવું, અનિચ્છિત વિચારો વગેરે) તે યોગ્ય નથી. દર્દી આથી બેચેની અનુભવે છે, મનમાં ચિંતિત રહે છે, મનોવ્યથા અનુભવે છે (insight into illness).

૨. આ વિચારો, વર્તણૂક, વ્યવહાર વગેરે દર્દીના કાબૂમાં નથી હોતા. એ પ્રમાણે ન કરે તો બેચેની વધી જાય છે (distress).

૩. દર્દીના મનમાં હંમેશાં ડર તથા ભય રહે છે કે જો ત્રણ કે પાંચ વખત કાર્ય નહીં કરે તો કાંઈક નુકસાન થશે, અશુભ થશે. પ્રિય પાત્રને અકસ્માત નડશે. આ અશુભ ન થાય તે માટે દર્દી ઉપરોક્ત વર્તણૂક કે વિચારો કરવાનું ચાલુ રાખે છે.

૪. વિચારો અને / અથવા કાર્યોમાં રોજનો કિંમતી સમય વેડફાય છે. (રોજનો એક કલાક કે તેથી વધારે) (time consuming).

૫. ઉપરોક્ત લક્ષણોને લીધે રોજિંદા કાર્યોમાં તથા રોજિંદી જવાબદારીઓમાં ખલેલ પહોંચે છે (કામ પર મોડું પહોંચાય, ઘરનું કામ મોડું થાય, વ્યવહાર કે સામાજિક પ્રસંગોમાં પણ મોડું પહોંચાય કે ગેરહાજર રહે) (interferance with normal routine)

- **મનના (મગજના) અવયવોમાં ફેરફાર :**

બોઝલ ગેન્ગલિયાના કોડેટ ન્યુક્લિયસ (caudate nucleus) તથા થેલામસ (Thalamus) તથા ઓરબીટો ફ્રન્ટલ કોરટેક્ષ (Orbito-frontal cortex) વચ્ચેના સંદેશાઓની આપ-લે માં ફેરફાર થાય છે. આથી ઉપરોક્ત મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. ન્યુરોટ્રાન્સમીટર સીરોટીનની માત્રામાં ફેરફારો થાય છે.

- **સારવાર :**

**(૧) દવાઓ** : શારીરિક બીમારી. ડાયાબિટીસના નિદાન બાદ ડૉક્ટરો ઈન્સ્યુલીનનું પ્રમાણ શરીરમાં વધે એ પ્રકારની દવાઓ આપે છે. દવા કઈ અને કેટલી માત્રામાં આપવી એ દરેક દર્દીની જરૂરત પ્રમાણે ડૉક્ટર નક્કી કરે છે.

મનની બીમારી ઓ.સી.ડી.માં મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનિનની માત્રા ઓછી થાય છે. જેને લીધે ઓ.સી.ડી.ના લક્ષણો જોવા મળે છે. યોગ્ય માત્રામાં એસ.એસ.આર.આઈ. (SSRI) દવાઓ આપવાથી ધીમે ધીમે બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે. ફ્લુઓક્ષેતીન (fluoxetine), ક્લોમીપ્રામીન (clomipramine), ફ્લુવેક્ષામીન

GLOBAL MERCANTILE PVT. LTD.
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

(fluvoxamine) ઓ.સી.ડી.ની બીમારી માટે મહત્ત્વની દવાઓ છે. કઈ દવા તથા કેટલી માત્રામાં દવા આપવી એ દરેક દર્દીની જરૂરત પ્રમાણે મનોચિકિત્સક નક્કી કરે છે.

ઓ.સી.ડી.ની બીમારીમાં ઉપરોક્ત લક્ષણો સિવાય (અ) અજ્ઞાત ડર (anxiety) તથા (બ) અશુભ બનાવ બનશે એવા ભય હોય છે. સારવારમાં આ વિષે ધ્યાન આપવામાં આવે છે તથા જરૂરી દવાઓ આપવામાં આવે છે.

- **કોગ્નિટીવ બિહેવિયર થેરાપી :** સી.બી.ટી. (Cognitive Behaviour Therapy C.B.T.) ઓ.સી.ડી.ની સારવારમાં દવાઓ જોડે સી.બી.ટી.ની સારવાર ઉમેરવામાં આવે તો સારવારના પરિણામો વધારે સારા મળે છે. ઓ.સી.ડી.ની સારવાર માટે સી.બી.ટી.માં અલગ અલગ પધ્ધતિઓ છે. જેવી કે :

(અ) જેકોબશનની પ્રોગ્રેસીવ મસ્કુર રીલેક્ષેશન થેરાપી (Jacobsons Progressive Muscular Relaxation Therapy)

(બ) સીસ્ટમીક ડીસેન્સેટાઈઝેશન (Systemic Desensitization)

(ક) થોટ સ્ટોપીંગ (Thought Stopping)

(ડ) રીસ્પોન્સ પ્રિવેન્શન (Response Prevention)

(ઇ) ફલડિંગ (Flooding)

(ફ) ઈમ્પ્લોઝન થેરાપી (Implosion Therapy)

દર્દીના લક્ષણો તથા વ્યક્તિત્વ, કુટુંબીજનોનો પ્રતિભાવ વગેરે પરિબળોને લક્ષમાં લઈ સારવારની પધ્ધતિ નક્કી કરાય છે. દર્દી તથા કુટુંબીજનોનો સાથ અને સહકાર મળે તો અપેક્ષિત પરિણામો જલદી મળે છે.

**(3) કાઉન્સેલિંગ : અભિગમમાં ફેરફાર:**

પ્રસંગ કે ઘટના પ્રત્યેનો નકારાત્મક અભિગમ બદલી, તટસ્થ કે હકારાત્મક અભિગમ અપનાવવા કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિઓનો, ક્ષમતાનો તથા સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ ‘ના’ કે ‘હા’ કહેવાનો નિર્ણય લેવો જોઈએ.

**(૪) હકારાત્મક જીવનશૈલી :**

નિયમિત મોર્નિંગ વૉક, નિયમિત યોગ, મેડિટેશન, યોગ્ય પ્રમાણમાં સમયસરની ઊંઘ, યોગ્ય પૌષ્ટિક આહાર, પોતાના માટે મનોરંજક પ્રવૃત્તિ (વ્યવસાય સિવાયની), મિત્રો જોડે ગુણવત્તાભર્યો સમય ગાળવો વગેરે હકારાત્મક જીવનશૈલી દર્દીએ જાળવવી જરૂરી છે.

- **સારાંશ :**

ઓબ્સેસીવ કમ્પલસીવ ડિસઓર્ડર (ઓ.સી.ડી.) એ એક મનની બીમારી છે જેમાં મનના અવયવોમાં ફેરફાર થાય છે તથા ન્યુરોટ્રાન્સમિટરની માત્રામાં ફેરફારો થાય છે.

વારંવાર હાથ ધોવા, નહાવામાં વધારે સમય લાગવો, ફરી ફરીથી ચકાસવું, એકની એક ક્રિયા વારંવાર કરવી, અનિચ્છિત વિચારો, ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના વિચારો, કાર્ય તથા સમયના ભોગે વધારે પડતી ચોક્સાઈ, બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ કરવો – ઓ.સી.ડી.ના લક્ષણો છે.

દવાઓ, કોગ્નિટીવ બિહેવિયર થેરાપી, કાઉન્સેલિંગ તથા હકારાત્મક જીવનશૈલી સારવારના ઘટકો છે. સારવારના પરિણામો અન્ય શારીરિક બીમારી પ્રમાણેના મળે છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, ‘પ્રભુકૃપા’, એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

## ૧ થી ૧૦૦ સુધીના આંકડાનો સરવાળો કરવાની સહેલી રીત

૧ થી ૧૦૦ સુધીના આંકડાનો સરવાળો નીચેના સૂત્ર અનુસાર સહેલાઈથી થઈ શકે છે.

$$\text{સૂત્ર} = \frac{n\ (n + ૧)}{૨}$$

n = ૧૦૦ લખીએ તો

$$\frac{૧૦૦\ (૧૦૦ + ૧)}{૨} = \frac{૧૦૦ \times ૧૦૧}{૨} = ૫૦૫૦$$

૧ થી ૧૦,૦૦૦ સુધીના આંકડાનો સરવાળો પણ આ જ રીતે થઈ શકે.

$$\frac{n\ (n + ૧)}{૨}$$

n = ૧૦,૦૦૦ લખીએ તો

$$\frac{૧૦૦૦૦\ (૧૦૦૦૦ + ૧)}{૨} = \frac{૧૦,૦૦૦ \times ૧૦,૦૦૧}{૨}$$

$$= ૫,૦૦,૦૫,૦૦૦$$

આ રીતે ગમે તેટલા આંકડાનો સરવાળો આપ પાંચ જ મિનિટમાં કરી શકશો.

આ સૂત્રના શોધક હતા ૧૮૯૨ની ૩૦મી માર્ચે પોલેન્ડમાં જન્મેલા પ્રખર ગણિતશાસ્ત્રી સ્ટીફન બનાખ.

FAVOURITE
FAVOURITE SAFETY PRODUCTS
MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030
Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com
Dhiren Shah (Dand)
Director
M. : 98795 00916

# ગાંધીજીની અંતિમ પળ – અને પછી

• શાંતિલાલ સંઘવી •

*અંતિમ પળ.*

તે દિવસ હતો તારીખ ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮.

સાંજે સાડા ચાર વાગ્યા ને આભા ભોજન લાવી. એ એમનું અંતિમ ભોજન થવા સરજાયું હતું. બકરીનું દૂધ, બાફેલી ભાજી, નારંગી, આદુનો ઉકાળો, ખાટા લીંબુનો રસ – આ હતું તેમનું ભોજન. ભોજન કરતાં કરતાં સરદાર વલ્લભભાઈ સાથે તેઓ વાતો કરી રહ્યા હતા. સરદાર અને નહેરુ વચ્ચે મતભેદ પડ્યા હોવાની વાતો ઊડી હતી. બીજા પ્રશ્નોની જેમ આ પ્રશ્ન પણ ગાંધીજી સામે આવી પડ્યો હતો.

ગાંધીજી અને સરદારની વચ્ચે બેઠેલી આભા વચ્ચે બોલતાં સંકોચાતી હતી. પરંતુ સમય પાલનની બાબતમાં ગાંધીજી જે આગ્રહ સેવતા હતા તેનાથી તે પરિચિત હતી. એટલે તેણે નછૂટકે ગાંધીજીનું ઘડિયાળ લીધું અને ગાંધીજી સામે ધર્યું. ગાંધીજી બોલ્યા, 'હવે મારે પ્રાર્થનામાં જવાનો વખત થયો.' એમ કહેતાં જ તેઓ ઊઠ્યા. બાજુના બગીચામાં આવેલા પ્રાર્થનાના સ્થળ તરફ ચાલ્યા. તેઓએ પોતાના ભાઈના પૌત્ર કનુ ગાંધીની પત્ની આભા તથા બીજા ભાઈની પૌત્રી મનુની સાથે ચાલવા લાગ્યા. ગાંધીજીએ એ બંનેના ખભાનો ટેકો લીધો. ગાંધીજી આ બંનેને પોતાની 'હાથ લાકડી' કહેતા. બે મિનિટ એ રસ્તે ચાલતાં ગાંધીજી દરરોજ વિનોદે ચઢતા અને એમની ઠઠ્ઠા ઉડાવતા.

આભા કહેવા લાગી, 'બાપુ, તમારું ઘડિયાળ આજે ઝૂરતું હશે. આજે તમે એના તરફ નજર પણ નથી કરી.'

ગાંધીજીએ તરત કહ્યું, 'તું જ મારું ઘડિયાળ છો. પછી મારે ઘડિયાળ તરફ નજર કરવાની જરૂર શી?'

મનુએ કહ્યું, 'પણ તમને એના તરફ જોવાની પણ ક્યાં પડી છે?' અને ગાંધીજી હસવા લાગ્યા.

એટલામાં ગાંધીજી પ્રાર્થના સ્થળ નજીકની હરિયાળી ઉપર આવી પહોંચ્યા. એમણે કહ્યું, 'આજે મને દસ મિનિટ મોડું થયું. મોડું થાય એ મને ગમતું નથી. મારે અહીં બરોબર પાંચ વાગે આવી જવું જોઈતું હતું.'

પ્રાર્થના સ્થળ પહેલાં આવતા પાંચ પગથિયાં એમણે વટાવ્યાં. પ્રાર્થના વખતે તેઓ જે પીઠ ઉપર બેસતા તે થોડા જ વાર દૂર રહી. લોકો ઊઠીને ઊભા થયા. જે લોકો નજીક હતા તે તેમના પગે પડવા લાગ્યા. આભા અને મનુના ખભેથી હાથ ઉપાડીને તે જોડીને તેમણે સહુને વંદન કર્યા.

**બરાબર તેજ વખતે ભીડમાંથી રસ્તો કરીને એક વ્યક્તિ આગળ ધસી આવી.** એ પણ ગાંધીજીને પગે પડવા આવ્યો હશે એવું લાગ્યું. પરંતુ પ્રાર્થનાને મોડું થતું હોવાથી મનુએ તેને રોક્યો. તેણે એનો હાથ પકડી લીધો. આભાને એણે ધક્કો માર્યો ને તે પડી ગઈ. **બેએક ફૂટ છેટેથી જ એણે ઉપરાઉપરી ત્રણ ગોળી ચલાવી દીધી.**

પહેલી ગોળી લાગતાં જ ગાંધીજીનો જે પગ ઊંચો થયો હતો તે નીચે પડી ગયો. પણ ગાંધીજી ઊભેલા જ રહ્યા. બીજી ગોળી લાગી ને ગાંધીજીનાં સફેદ વસ્ત્રો પર લોહીનાં લાલ ડાઘ દેખાતા થયા. એમનો ચહેરો સફેદ પડી ગયો. એમના જોડેલા હાથ છૂટા થઈ ગયા. **એમના મોંમાંથી શબ્દ નીકળ્યા "હે રામ."** ત્રીજી ગોળીનો અવાજ સંભળાયો. શરીર લોચો થઈ ધરતી પર ઢળી પડ્યું. ચશ્માં નીચે પડી ગયા. ચંપલ પગમાંથી સરી ગયા.

આભા અને મનુએ પોતાના નાજુક હાથે ગાંધીજીને જમીન ઉપરથી ઉપાડી લીધા અને બિરલા ભવનમાં લઈ ગયાં. આંખો અરધી ખુલ્લી હતી. દેહમાં હજુ જીવ હોય એમ લાગતું હતું. ગાંધીજી પાસેથી ગયેલા સરદાર તરત જ પાછા આવી ગયા. તેમણે નાડ જોઈ જે ખૂબ મંદ ગતિએ ચાલતી હતી.

કોઈ તરત જ ડૉ. દ્વારકાપ્રસાદ ભાર્ગવને બોલાવી લાવ્યું. ડૉ. ભાર્ગવે કહ્યું કે હવે દુનિયાની કોઈ વસ્તુ તેમને બચાવી શકે એમ નથી કારણકે આ દુનિયા છોડી ગયે દસ મિનિટ થઈ ગઈ છે.

પ્રથમ ગોળી શરીરના બંને અડધિયાંને જોડતી રેખાથી સાડા ત્રણ ઈંચ જમણી બાજુ અને નાભિથી અઢી ઈંચ ઊંચે પેટમાં પેસીને પીઠ ફાડીને બહાર નીકળી ગઈ હતી. બીજી ગોળી એ જ રેખાથી એક ઈંચ જમણી બાજુ પાંસળીઓની વચ્ચે થઈને શરીરમાં પેસીને પહેલી ગોળીની જેમ જ પીઠ ફાડીને બહાર નીકળી ગઈ હતી. ત્રીજી ગોળી મધ્યરેખાથી એક ઈંચ ઉપર ચાર ઈંચ જમણી બાજુએ લાગીને ફેફસામાં જ ભરાઈ રહી.

ગાંધીજીની તહેનાતમાં રહેનારા ભાઈ-બહેનો શબની પાસે બેસીને હીબકાં ખાવા લાગ્યા. ડૉ. જીવરાજ મહેતા આવ્યા. તેમણે પણ મૃત્યુ થઈ ગયું હોવાનું જાહેર કર્યું. નહેરુ કચેરીએથી દોડતા આવ્યા. ગાંધીજીની પાસે ઘૂંટણભેર બેસી ગયા અને લોહીથી ખરડાયેલાં ગાંધીજીના કપડામાં માથું ઘાલી રડવા લાગ્યા. ગાંધીજીના નાના પુત્ર દેવદાસ ગાંધી તથા અબુલ કલામ આઝાદ આવ્યા. તેમની પાછળ અનેક પ્રમુખ વ્યક્તિઓ આવવા લાગી. દેવદાસે પિતાના શરીરને સ્પર્શ કર્યો, ધીરેથી પડખું દબાવ્યું. ગાંધીજીનું માથું આભાના ખોળામાં હતું. ગાંધીજીના મોં ઉપર શાંતિની રેખા ફરફરી રહી હતી. જાણે હમણાં જ સૂતા હોય એવા એ લાગતા હતા. બધાએ આખી

*આત્મવિશ્વાસ એવી મૂડી છે, જે તમારા ચહેરાને ખૂમારીવાળો અને ઉજ્જવળ બનાવે છે.*

રાત જાગરણ કર્યું. ગાંધીજીનો ચહેરો એટલો સૌમ્ય લાગતો હતો અને એમના દેહ ઉપર એવી આભા છવાઈ ગઈ હતી કે ત્યાં શોક દેખાડવો એ ત્યાંની પવિત્રતા નષ્ટ કરવા જેવું લાગતું હતું.

બહાર ભારે ભીડ થવા લાગી. લોકો મહાત્માજીનાં અંતિમ દર્શનની માંગણી કરવા લાગ્યા. બિરલા ભવનના ઉપલા માળે શબને ટેકવીને રાખવામાં આવ્યું. શબ ઉપર પ્રકાશ પડતો રાખવામાં આવ્યો. લાખો લોકો રોતા રોતા પણ શાંતિથી શબની પાસેથી પસાર થવા લાગ્યા. મધ્યરાત્રિના સુમારે શબને નીચે લાવવામાં આવ્યું. શોકગ્રસ્ત આપ્તજનો આખી રાત ઓરડામાં બેઠા રહ્યા ને હીબકા ભરતા ભરતા ગીતાનો પાઠ કરતા રહ્યા. પ્રાર્થના વખતે ગાંધીજીએ જે શાલ ઓઢી હતી તે તથા સૂતરની આંટી કાઢી લેવાનો પ્રસંગ આવ્યો. શાલ કાઢતાં જ એક ખાલી કારતૂસ બહાર નીકળી પડી.

હવે સૌની સામે ઘૂંટણ સુધીની ધોતી પહેરેલા જ ગાંધીજી રહ્યા. હાજર રહેલાઓમાંના ઘણાની ધીરજ ખૂટી. ઘણા પૉશ આંસુએ રોવા લાગ્યા. અમુક લોકોએ એવું સૂચન કર્યું કે દેહને મસાલા ભરીને થોડા દિવસ રહેવા દેવો. જેથી દિલ્હીમાં ન હોય એવા એમના આપ્તજનો અગ્નિસંસ્કાર થાય તે પહેલા એમનાં દર્શન કરી શકે. પરંતુ દેવદાસે તથા ગાંધીજીના મંત્રી પ્યારેલાલે અને બીજા થોડા લોકોએ એ વાતનો વિરોધ કર્યો. એમનું માનવું હતું કે આમ કરવાથી તો ‘બાપુ અમને કદી માફ નહીં કરે.’ એટલે પછી શબને અગ્નિદાહ દેવાનું નક્કી કર્યું.

સવાર થતા જ અંતેવાસીઓએ ગાંધીજીના દેહને નવરાવ્યો. સૂતરની આંટી અને એક માળ ગળામાં પહેરાવી માથું, બંને હાથ તથા છાતીના ભાગ સિવાયના આખા શરીર પર ઓઢાડેલી ઊનની ચાદરને ફૂલ તથા ફૂલની પાંખડીઓથી ઢાંકી દેવામાં આવી. શબની બાજુમાં ધૂપ બળી રહ્યો હતો. જનતા દર્શન કરી શકે તે માટે દેહને સવારે પાછો રવેશમાં લઈ જવામાં આવ્યો.

સવારે ૧૧ વાગે ગાંધીજીના ત્રીજા પુત્ર રામદાસ નાગપુરથી આવી ગયા. શબને નીચે ઉતારવામાં આવ્યું. એને બહારના ઓટલા પર મૂકવામાં આવ્યું. ચહેરો શાંત છતાં વિષાદપૂર્ણ લાગતો હતો.

એક રણગાડી ઉપર ઊંચો બાજઠ ગોઠવી એના પર નનામી રાખી હોય તો શબને સૌ જોઈ શકે. ભારતના ખુશકી, તરી અને હવાઈ સેનાના બસ્સો જવાનો ચાર મોટા દોરડાં બાંધીને ગાડીને ખેંચતા હતા. નહેરુ, પટેલ તથા બીજા કેટલાક નેતાઓ અને કેટલાક અંતેવાસીઓ એ વાહન પર બેઠા.

અફાટ ભીડમાંથી રસ્તો કરતી એક એક ઇંચ આગળ વધતી એ યાત્રા સાડા પાંચ માઈલનો પંથ કાપીને સાંજે ચારને વીસ મિનિટે જમુનાને કિનારે પહોંચી. **પંદર લાખ જેટલા લોકોએ એ સ્મશાનયાત્રામાં ભાગ લીધો. બીજા દસ લાખ લોકોએ શબના દર્શન કર્યા.** યાત્રા બરાબર જોઈ શકાય એ માટે અનેક લોકો ઝાડ પર ચડી ગયા હતા. બધા જ ધર્મના લોકો ‘મહાત્મા ગાંધી કી જય’ની ગર્જના વારે વારે થયા કરતી હતી. મેદનીમાંથી મંત્રોચ્ચાર પણ કાને પડતો હતો. ત્રણ વિમાન સ્મશાનયાત્રાના માર્ગ ઉપર ઊડી રહ્યા હતા.

જમુનાના પવિત્ર પ્રવાહની ધારે છેક સવારથી જ દસેક લાખ લોકો શબ સ્મશાનભૂમિ ઉપર આવી પહોંચે તેની રાહ જોઈ રહેલા હતા. નદીથી સોએક ફૂટ દૂર ઇંટની અને પથ્થરની નવી ઓટલી બાંધી લેવામાં આવી હતી. બે ફૂટ ઊંચી, આઠ ફૂટ લાંબી અને આઠ ફૂટ પહોળી હતી. ઉપર ચંદનકાષ્ટની ચિતા રચી હતી. ગાંધીજીના શબને ઉત્તર તરફ માથું અને દક્ષિણ તરફ પગ રહે એ રીતે ચિતા પર ગોઠવવામાં આવ્યું.

પોણા પાંચ વાગે રામદાસે ચિતામાં અગ્નિ મૂક્યો, જ્વાળાઓ ઊઠી, અફાટ મેદનીમાંથી ‘આહ’ના અવાજો ઊઠવા લાગ્યા. મેદનીએ પાણીના પૂરની જેમ ચિતા તરફ ધસારો કર્યો, જ્વાળા વધતી ચાલી અને ગાંધીજીનો દેહ ભસ્મીભૂત થતો ચાલ્યો. ચિતા ચૌદ કલાક સુધી બળતી રહી. એ બધો વખત ભજનો અને ગીતાપાઠ ચાલુ રહ્યા. ૨૭ કલાક પછી ચિતાના અંગારા ઠંડા પડી ગયા. ત્યારે ચિતાની રાખ તથા અસ્થિઓ એકત્ર કર્યા. રાખને ખૂબ ભાવપૂર્વક ખાદીની થેલીઓમાં ભરી લીધી. રાખમાંથી એક ગોળી નીકળી. અસ્થિઓને એક તાંબાના પાત્રમાં રાખવામાં આવ્યા અને તેને બિરલા ભવનમાં લઈ જવામાં આવ્યું. મોટાભાગની ચિતા ભસ્મ બરાબર ચૌદમા દિવસે ભારતભરની નદીઓમાં પધરાવવામાં આવી. અસ્થિ વિસર્જનનો મુખ્ય સંસ્કાર પ્રયાગમાં ત્રિવેણી સંગમ આગળ કરવામાં આવ્યો. ૧૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૪ વાગે દિલ્હીથી પાંચ ડબ્બાની એક ખાસ ટ્રેન અલાહાબાદ જવા રવાના થઈ. મનુ, પ્યારેલાલ, સુશીલા નૈયર, પ્રભાવતીબેન તથા ગાંધીજીના અન્ય અંતેવાસીઓ તે ટ્રેનમાં ભસ્મપાત્ર સાથે રહ્યા. ગાડી રસ્તામાં અગિયાર જગ્યાએ ઊભી રહી. લાખો નર નારીઓએ શ્રધ્ધાપૂર્વક એ ભસ્મને વંદન કર્યા, પ્રાર્થના કરી, ફૂલો ચઢાવ્યા.

૧૨મી તારીખે એ પાત્રને નાની પાલખીમાં મૂકી એક ટ્રક ઉપર ગોઠવીને શહેર તથા આજુબાજુના ગામડાંઓની પંદર લાખની વસ્તીની વચ્ચે ફેરવવામાં આવ્યું.

લાખો નરનારીઓ ભજન ગાતા ગાતાં ટ્રકની આગળ ચાલતા હતા. સરોજિની નાયડુ, મૌલાના આઝાદ, રામદાસ ગાંધી તથા સરદાર પટેલ એ ગાડી ઉપર બેઠા હતા. **જેનું મસ્તક નમીને છાતી સુધી આવી ગયું હતું, તે જવાહરલાલ પગે ચાલતા હતા.**

ટ્રક નદી કિનારે પહોંચી. ગાંધીજીના અસ્થિની નજીકમાં નજીક પહોંચવા માટે લાખો લોકો ઘૂંટણખૂટ પાણીમાં આગળ વધ્યા. ઘડો ઊંધો વાળવામાં આવ્યો. ભસ્મ પાણીમાં વેરાઈ. અસ્થિના ટુકડા સમુદ્રની દિશામાં ગયા.

ગાંધીજીના મૃત્યુથી આખો દેશ ઘેરા શોકમાં ડૂબી ગયો. **આજના યુગમાં ઇતિહાસમાં કોઈ વ્યક્તિને માટે આટલી ઊંડી અને આટલા ઘેરા શોકની લાગણી નથી થઈ.** એ માણસ પાસે ધન ન હતું, સંપત્તિ ન હતી, સરકારી પદ ન હતું, ઉચ્ચકોટીનું શિક્ષણ પણ ન હતું, કોઈ વૈજ્ઞાનિક સિધ્ધિ પણ ન હતી, કોઈ પ્રકારની કલાત્મક પ્રતિભા પણ ન હતી છતાં શાસનના અને

*બાળકને ક્યારેય એમ ન કહો કે, ‘તુ આ નહિ કરી શકે’, ‘તને આ નહિ આવડે’,*

પ્રજાના દોર હાથમાં રાખીને ફરનારા લોકોએ ૭૮ વર્ષના એક લંગોટીધારીને શ્રધ્ધાપૂર્વક નિવાપાંજલિ આપી. જગતના કરોડો લોકોએ પોતાનું સ્વજન ગુમાવ્યું હોય તેમ આંસુ સાર્યા.

એમના જમાનાની કોઈપણ જીવિત વ્યક્તિએ મહા બળવાન પ્રતિસ્પર્ધીઓ સામેની લાંબી અને વિકટ લડતમાં પણ સચ્ચાઈ, દયા, ત્યાગ, વિનય, સેવાવૃત્તિ અને અહિંસાપૂર્વક વ્યવહાર ચલાવવાનો આટલો કઠોર પ્રયત્ન નથી કર્યો અને તે પણ આટલી સફળતાપૂર્વક.

તેઓ પોતાના દેશ પર પકડ જમાવી બેઠેલા બ્રિટિશ શાસન સામે તથા પોતાના જ દેશવાસીઓની ખામી અને ક્ષતિઓની સામે અવિરત લડત આપતા રહ્યા અને છતાં તેમના પોતાના ચારિત્ર્ય ઉપર નાનામાં નાનો ડાઘ સરખો પણ લાગવા દીધો નહીં.

***મૂળ લેખક : લૂઈ ફિશર***
***ગુજ.અનુ. : સોમાભાઈ પટેલ અને***
***મગનભાઈ નાયકના લેખના આધારે.***

*અત્રે થોડી વિશેષ હકીકત રજૂ કરવી જરૂરી લાગે છે. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પહેલાં પણ ગાંધીજી કોંગ્રેસીઓના વ્યવહારથી ખિન્ન હતા. આઝાદી પછી દિલ્હીમાં ખેલાતા રાજકારણ અને સત્તાકારણથી વિશેષ દુ:ખી હતા. ગાંધીજીએ ફેબ્રુઆરી માસમાં સેવાગ્રામમાં પોતાના માણસોની સંગિતી બોલાવવાનું નક્કી કરેલું. કોને કોને બોલાવવા તેની યાદી પણ તૈયાર થઈ ગયેલી. આ ખબર દિલ્હી પહોંચ્યા અને સત્તાવર્તુળોમાં ખળભળાટ મચી ગયો. સરકારને ખબર પડી કે બાપુ નારાજ છે. લાચારી કે અસહાયતા એ બાપુની પ્રકૃતિમાં જ ન હતા. બાપુ કશું ઉગ્ર પગલું લે એવી શક્યતા જાણીને સત્તા વર્તુળોમાં ગભરાટ ફેલાયો.*

*પરંતુ ગોડસેની ગોળીઓએ રસ્તો સરળ કરી આપ્યો. તમામ ખુરશીવાળા ગાંધીની કસોટીમાંથી બચી ગયા. સૌને 'હાશ' થઈ.*

*આને જ કહેવાય નિયતિ? આઝાદી મળતાંની સાથે જ કૃષ્ણ મેનન (જીપ કૌભાંડ), ધર્મા તેજા, હરિદાસ મુંદડા, પ્રતાપસિંહ કૈરોન વગેરે કૌભાંડો શરૂ થઈ ગયા હતા. સાચા લોક સેવકોને બાજુએ ધકેલી દેવામાં આવતા હતા. પ્રભાશંકર પટ્ટણી અને ગાંધીજી વચ્ચેનો પત્ર વ્યવહાર હાલમાં પ્રકાશિત થયો છે. એમાં કોંગ્રેસીઓના વ્યવહારની ઘણી વિગતો બહાર આવી છે. શરૂથી જ જ્યાં જ્યારે સીધી લડાઈનો પ્રસંગ આવે ત્યાં રાજકીય કોંગ્રેસીઓ ગાંધીજીને આગળ કરતા. પ્રસંગ સમેટાઈ જાય ત્યારે ગાંધીને બાજુએ મૂકી દેતા.*

*દિલ્હીના રાજકારણીઓમાં એકમાત્ર અપવાદ હતા – સરદાર પટેલ.*

***સંકલન : શાંતિલાલ સંઘવી***

*તક તમારા દરવાજે ટકોર નથી મારતી,*
*તમારે એના દરવાજે*
*ટકોરા મારવાના હોય છે.*

## ટેક્નોલોજીએ છૂટો મૂકેલો ઘોડો

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

એના આ શો રૂમ પર આવશે, એટલે કે ક્લિક કરશે, એના હિસાબથી તે કંપનીને ફી ચૂકવશે. આ કંપની ઘરના ગેરેજમાં બે કોમ્પ્યુટર મૂકીને ઊભી થયેલી કોઈ મામૂલી કંપની નહોતી. દુનિયાની સૌથી મોટી ઈન્ટરનેટ ફર્મ યાહૂની સાથે એની ભાગીદારી હતી. બીલ વધારે આવતાં વપારીએ પોતાને ત્યાં તપાસ કરી તો ખબર પડી કે સેવા આપનારી કંપની જ વારંવાર દરવાજો ખટખટાવીને ગ્રાહક આવવાનો ભ્રમ પેદા કરી રહી હતી અને વધારે પૈસા વસૂલ કરતી હતી. **હવે વેપારી કહે છે કે પોતાના કોઈ જાસૂસીતંત્ર વગર માત્ર ઈન્ટરનેટ કંપનીને ભરોસે જો કોઈ વેબસાઈટ શરૂ કરે છે તો તે મૂર્ખ શિરોમણિ છે.**

આ તો થઈ દૂરના દેશમાંથી થઈ રહેલી જાસૂસી. પણ આજની નવી ઑફિસોમાં બધા પર ચાલી રહેલી જાસૂસીને માટે શું કહેવું? જો કોઈ પોતાનું લેપટોપ કોમ્પ્યુટર લઈને ખુશ થાય છે તો એને ખબર નથી કે એની એક હરકત પર એની ઑફિસનું ધ્યાન છે. કોઈ કર્મચારી બીમારીનું બહાનું કરીને રજા લે છે તો એની પોલ પકડાઈ જાય છે કે તે પોતાની પથારીમાં નથી. ૪૦૦ કિ.મી. દૂર ક્યાંક મોજમજા કરી રહ્યો છે. એમ તો ઑફિસની બહાર કોઈ શું કરે છે એનાથી અધિકારીને કોઈ મતલબ નથી. ઑફિસના સમયમાં કોઈ પોતાનું કામ કરે છે તો કોમ્પ્યુટરના ખૂણામાં બેઠેલું સ્પાય સોફ્ટવેર એની તરત ફરિયાદ કરશે. મોટા પગાર લેનારાઓને કોઈ મહત્ત્વનું કામ ન રહ્યું તો ઘણું કરીને આવી ઑફિસોમાં લોકો પોતાના કોમ્પ્યુટરો ઉપર એકબીજા તરફ હળવી મજાકો કરતા હોય છે. એમાં જો બોસનું નામ આવી ગયું તો ચોક્કસ માનજો કે એની પર આ કોમ્પ્યુટર ચાડી ખાશે.

'ગૂગલ'ના મરિસા મેયર કહે છે કે કોમ્પ્યુટર અત્યારે જે કામ ટેબલ પર બેસીને કરી રહ્યું છે તે કામ કેટલાક વર્ષો પછી ખિસ્સામાં કે પર્સમાં રહેલો ફોન પણ કરવા માંડશે. કોઈની સાથે વાત કરીને કે એનો ફોટો લઈને સ્વીચ ઑફ કરેલો કેસ પૂરેપૂરો બંધ નથી થતો. એમાં લાગેલું યંત્ર એ લોકોને ઓળખવાના પ્રયત્નમાં રહે છે. તે એમનું સરનામું અને તમારા એની સાથેના સંબંધોને જાણવા માટે રાતદિવસ મંડ્યું રહે છે. યુરોપ અને ઘણા એશિયાના દેશોના ગામડાંઓમાં શહેરી બેંકોમાંથી પૈસા જમા કરવાનું કે ઉપાડવાનું એનાથી સહેલું બની ગયું છે. હવે આપણે ત્યાં પણ મોબાઈલ મની જેવી યોજનાઓ બજારમાં વેચાવા મંડી છે. ભવિષ્યમાં એક સેલફોન એના માલિકનું પર્સ, પાસપોર્ટ, ફાઈલીંગ, લાઈસન્સ અને પર્સનલ સેક્રેટરી હશે ત્યારે એને ભૂલવીને આ કંપનીઓ એની પાસેથી શું શું નહીં કરાવી શકે?

'યાહૂ'ના પ્રભાકર રાઘવન કહે છે કે **આજની યુવાન પેઢી ઈન્ટરનેટને જીવનનું એક સત્ય માને છે. આ સત્ય કડવું નીકળે તો એનો જવાબદાર કોણ?** ટેકનોલોજીએ છોડેલો આ તેજ ઘોડો ખબર નથી ક્યારે તમને અને મને પટકી દેશે.

***સાભાર : 'નિરીક્ષક' - આજકાલ,***
***તા. ૧-૭-૨૦૧૨***

*માણસ પૈસા બચાવે એ જરૂરી છે, પરંતુ માણસ એ પૈસાથી પોતાને બચાવે એ ય જરૂરી છે.*

# ટેકનોલોજીએ છૂટો મૂકેલો ઘોડો

• દિલીપ ચિંચાલકર •

વાત જૂની છે પણ વાસી નથી. કદાચ વધારે પ્રસ્તુત બની ગઈ છે. ૨૦૦૬માં અમેરિકાની 'ટાઈમ' પત્રિકાએ પોતાના બહુ ચર્ચાયેલા 'પર્સન ઑફ ધ ઈયર'નો ઍવોર્ડ ઈન્ટરનેટનો ઉપયોગ કરનારા સામાન્ય માણસને આપ્યો હતો. એ વખતે એમ કહેવાયું હતું કે તમે, હું અને ઈન્ટરનેટ ક્રાંતિમાં યોગદાન આપનારા બધા સાથીઓ વિશિષ્ટ સન્માનના હક્કદાર છે. પત્રિકાએ આપણા બધાની પીઠ થાબડી અને તમને અને મને માહિતીના સ્રોતોનું વિકેન્દ્રીકરણ કરનારના નાયકનો પુરસ્કાર આપી દીધો. એ પણ કહેવાયું કે માહિતીના સ્રોત અત્યાર સુધી એક પોલાદી મુઠ્ઠીમાં બંધ હતો, આપણે એને આઝાદ કરી દીધો અને શક્તિના સંતુલનમાં વ્યાપક પરિવર્તન લાવી દીધું છે. આમ ચણાના ઝાડ પર ચઢાવવામાં આવ્યા આપણને ઈન્ટરનેટવાળાઓને. હવે ધીરે ધીરે ખ્યાલ આવે છે કે માહિતી કોની પાસે છે અને આ શક્તિનું સંતુલન કોના પલડામાં છે.

એક રાત્રે મારા પોતાના ઈ-મેલના ડબ્બામાં મારી પત્નીને નામે એક શુભેચ્છા પત્ર જોવા મળ્યો. ત્યારે એનું પોતાનું જુદું ખાતું નહોતું. જ્યારે જ્યારે એને જરૂર પડે ત્યારે એ મારા ખાતાનો ઉપયોગ કરતી. ઈન્ટરનેટના એ શરૂઆતના દિવસોમાં એના ઓળખીતાઓ હજી એટલા આધુનિક નહોતા કે જેની સાથે તે ઈમેલનો વ્યવહાર રાખે. તે શુભેચ્છાપત્ર મીનીનો હતો. મીની શાળામાં મારી સાથે ભણતા નીતિનની પત્ની હતી. હજી પણ છે. થોડા દિવસ પહેલાં 'સ્કૂલ યુનિયન'માં ૩૩ વર્ષ પછી મારી મુલાકાત આ મિત્ર સાથે થઈ રહી હતી.

આગળ વધતાં પહેલાં એટલું કહી દઉં કે આ ઘટના અને એ પત્ર કલ્પિત નથી. ઓળખાણ છુપાવવા માટેની કોઈની જરૂરિયાત નથી એટલે નામ પણ બદલ્યું નથી. નીતિન એક બહુરાષ્ટ્રીય કંપનીમાં મોટો ઑફિસર છે અને મીની એની પત્ની. **પોતાની માતૃભાષા પણ અંગ્રેજીમાં 'ડીપ ફ્રાય' કરીને બોલતી હતી. મારી બિલકુલ દેશી પત્ની માટે મીનીના મનમાં શો પ્રેમ હશે!** હું આ અવઢવમાં હતો ત્યાં તો આ બોક્સમાં મેં એક બીજો શુભ સંદેશાવાળો પત્ર જોયો. બે પ્યારી પ્યારી બિલ્લીઓ પૂંછડી હલાવતી એકબીજાની તરફ દોસ્તીનો હાથ ફેલાવી રહી હતી. 'લેટ અસ બી ફ્રેન્ડ્સ.' આ મારી પત્નીએ મીનીને મોકલેલા ઈ-કાર્ડની નકલ હતી. ગજબ! હું તો નીતિનની સામે આખો વખત કુર્તા-પાયજામામાં સંકોચાતો રહ્યો અને અહીં મારી પત્નીએ મીની સાથે આવી મૈત્રીની ગાંઠ બાંધી લીધી!

'અભિનંદન.' મેં પત્નીને કહ્યું! 'તું તો બહુ ઝડપી નીકળી.' ત્યારે એણે કહ્યું કે એણે આવું કોઈ કાર્ડ મોકલ્યું જ નથી. એટલે કે કોઈએ ખોટેખોટું એના નામે આ કાર્ડ મોકલી દીધું હતું. હમણાં તો અમે મીનીને એક બે પંક્તિઓ લખતા રહીએ છીએ. અને જવાબમાં એ પણ લખે છે. આજે અમે સારા મિત્રો છીએ. અમારા તરફથી કોણે પહેલું કાર્ડ મોકલ્યું હતું એનું રહસ્ય લાંબા સમય સુધી રહ્યું. એટલું સારું હતું કે એ સંદેશો એક સાથે ભણેલા મિત્રની પત્ની તરફથી બીજા મિત્રની પત્નીને ગયો હતો. સંદેશો સ્વપ્રેરિત હતો તો મારી તરફથી મીની કે નીતિન તરફથી મારી પત્નીને પણ તે મળી શકતો હતો. એ પછી શું થયું હોત તે ખબર નથી.

હમણાં થોડા સમય પહેલાં જ ખબર પડી કે કમ્પ્યુટર દ્વારા કહેવાયેલી કોઈ વાત કોમ્પ્યુટર સુધી જ રહેતી નથી. તમારા કોમ્પ્યુટરના તાર ઈન્ટરનેટની સેવા આપનારી કંપનીઓના કાન સાથે જોડાયેલા રહે છે. **ત્યાં બેઠેલા લોકોનું કામ જ એ હોય છે કે તેઓ બીજાની ખાનગી વાતો વાંચે અને એમના વિશે જાણે. બીજાની ગોપનીય માહિતી ભેગી કરે અને પોતાના કારોબાર વધારવા માટે એનો ઉપયોગ કરે.** આપણે ખુશખુશાલ રહીએ છીએ કે આપણે બેંક ખાતું, ફિક્સ્ડ ડિપોઝિટ અને રોકાણપત્રોને કોમ્પ્યુટરમાં નાખીને ઘણા વ્યવસ્થિત બની ગયા છીએ. અહીં ઈન્ટરનેટ કંપનીઓ આ બધી માહિતી ભેગી કરીને જેમનો ધંધો બીજાના રૂપિયા આમતેમ કરવાનો હોય છે એ સંસ્થાઓને આપતી રહે છે.

હેકર્સ એટલે ઈન્ટરનેટની માહિતી ચોરનારા આ લોકો શરારતી હોવાની સાથે સાથે અસાધારણ રીતે પ્રતિભાશાળી હોય છે. આપણે તો અજાણપણે એમને આપણા ગજવામાં હાથ નાખવા દીધો છે, પરંતુ એમની નિયતનો શું ભરોસો? તે આપણું પર્સ ગાયબ કરી શકે છે. સંતાડેલો કોઈ ફોટો ઉઠાવીને બ્લેકમેલ કરી શકે છે. કોઈની પીઠ પાછળ ચેટ કરીને તમે એને દગો કરી શકો છો પણ સર્ચ એન્જિનને નહીં. વિશ્વાસ ન પડતો હોય તો ક્યારેક સર્ચમાં તમારું નામ ટાઈપ કરીને બટન દબાવી દો. પછી શું થાય છે તે જુઓ.

સાઈબરની દુનિયામાં પોતાની સેવાઓ આપનારી આ કંપનીઓની સત્યનિષ્ઠાને વિશે એટલું જ કહેવાનું પૂરતું થશે કે તેઓ પોતાનાં સગાંઓને પણ છોડતી નથી. ચીનના એક વેપારીએ પોતાનો એક ઈલેક્ટ્રોનિક શોરૂમ (વેબસાઈટ) સાઈબર બજારમાં ખોલ્યો. સાઈબરની સગવડ આપનારી કંપની સાથે એની એવી સમજૂતી હતી કે જેટલા લોકો

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)

*બીજાને હસાવવાનો ધંધો તમે સ્વીકાર્યો હશે તો ક્યારેય ખોટ નહિ આવે.*

# માંસાહારી કરતાં શાકાહારી વધુ બુદ્ધિશાળી

• મેનકા ગાંધી •

બ્રિટીશ મેડિકલ જર્નલે એવો અભ્યાસ અહેવાલ રજૂ કર્યો હતો કે સાઉધમટમ યુનિવર્સિટીએ ૮૧૭૯ લોકો પરના સંશોધન અનુસાર જે લોકો ૩૦ વર્ષની ઉંમરે શાકાહારી બન્યા છે તેમનો આઈ-ક્યુ લેવલ માંસાહારી કરતા પાંચ પોઈન્ટ વધુ હોય છે. જે માણસો શાકાહારી હોય છે તેમનો આઈ-ક્યુ આંક ૧૦૬ હોય છે જ્યારે માંસાહારીઓનો આઈ-ક્યુ આંક ૧૦૪ હોય છે. જ્યારે શાકાહારી મહિલાઓનો આઈ-ક્યુ ૧૦૪ હોય છે અને માંસાહારી મહિલાઓનો આઈ-ક્યુ ૯૯ હોય છે. સંશોધન કરનારાઓએ આરોગ્ય સાથે પણ તેને સાંકળી લીધું છે. પરંતુ એનાથી શોધાયું કે વધુ બુધ્ધિશાળી લોકો શાકાહારી બને છે. પરંતુ જે લોકો શાકાહારી હોય છે તેમની તંદુરસ્તી સારી હોય છે. ખાસ કરીને ઑબેસિટી અને હૃદયરોગ બાબતે તંદુરસ્તી સારી હોય છે. શાકાહારીનું બ્રેન વધુ ડેવલોપ થાય છે. આ બાબતે હું સંમત છું. એટલું તો કહી શકાય કે શાકાહારી કુટુંબમાં જેનો જન્મ થયો છે. તે તેના આહારની પસંદગી માટે બ્રેનનો ઉપયોગ કરતા નથી. **સાચી વાત તો એ છે કે શાકાહારી લોકો તેમના બ્રેનના વિકાસમાં વધુ ધ્યાન આપે છે.** તેઓ અન્ય આહારમાં રસ નથી લેતા. ઉદાહરણ તરીકે જૈન અને મારવાડી સમાજમાં માનસિક ક્ષમતા વધુ હોય છે. એવું જ બ્રાહ્મણોમાં છે.

બ્રિટીશ મેડિકલ જર્નલમાં સંશોધકોએ એટલે જ નથી લખ્યું કે શાકાહારીઓ બુધ્ધિશાળી હોય છે પરંતુ એટલું તો સ્વીકાર્યું છે કે ખોરાકમાં ફળ અને શાકભાજી લેનારાઓની મગજની શક્તિ વધારે છે. આ અભ્યાસ અનુસાર શાકાહારીઓ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત મેળવે છે અને ઊંચા હોદ્દા પર નોકરી પણ મેળવે છે. સંશોધન કરનાર ડૉ. ગેલ જણાવે છે કે શાકાહારી ખોરાક વ્યક્તિના પરફોર્મન્સ પર પણ પ્રભાવ પાડતો હશે. જેના કારણે શાકાહારી લોકો માને છે કે પોતે સુપર બ્રેઈન પાવર ધરાવે છે. શું આ શારીરિક રચનાથી તેમને કુદરત તરફથી મળતા વધુ લાભના હક્કદાર તો નથી બનાવતી ને?

આ સંશોધનથી મને બહુ આશ્ચર્ય નથી થયું. ભારતમાં સિધ્ધિ મેળવનારા પૈકી ૭૫ ટકા લોકો શાકાહારી છે. ટોચના બિઝનેસમેન, ટોચના બિઝનેસ ફેમિલી, મોટાભાગના ટોચના રાજકારણીઓ, ફિલ્મ સ્ટાર, મોડેલ, રમતવીરોનો તેમાં સમાવેશ થાય છે. આ લોકો માંસાહારીવાળા વાતાવરણમાં (લશ્કર આવી જાય) ઉછર્યા છતાં શાકાહારી છે. મને એ વાતનો આનંદ છે કે મારી ૧૮ વર્ષની ઉંમરે મારા પતિ સંજય ગાંધીએ મને શાકાહારી બનાવી હતી.

મારો પુત્ર વરૂણ જન્મથી જ મારો ફેવરીટ શાકાહારી છે. તેનો આઈ-ક્યૂ ૧૬૧ છે, જે સંશોધકોની થિયરીને સાચી પાડે છે. જે શાકાહારી લોકોને હું ઓળખું છું તે લોકો ઍવરેજ બુધ્ધિશાળી છે. **નામાંકિત શાકાહારીઓની યાદી મારી પાસે છે.** હું ભગવાનની આભારી છું કે, ભારતમાં શાકાહારીઓની લાંબી યાદીમાંથી આ લોકોને પસંદ કરવા પડ્યા છે.

આ યાદીમાંથી મેં સૌથી બુધ્ધિશાળીઓને જ શોધ્યા છે. જેમાં હેન્ડસમ, સુંદર અને સેક્સી દેખાતા જેવા લોકો પણ છે.

ચાલો, આપણે ગ્રેટ **ખલીથી** શરૂઆત કરીએ. WWFનો આ કુસ્તીબાજ સૌથી વિશાળ કદવાળો છે. આવો માણસ મેં ટી.વી. પર નથી જોયો! તે માત્ર શાકાહારી નથી પણ એટલો ઉદાર છે કે તે ઘરવિહોણા લોકોને જમાડે પણ છે. મારી માન્યતાને બળ આપતી આ ઘટના છે કેમકે તેમાં બળ અને બુધ્ધિ બંને વધે છે.

**પ્રિતીશ નાંદી**ની વાત કરીએ તો તે કવિ, લેખક, ફિલ્મ બનાવનાર, પેન્ટર, ડિઝાઈનર, વિચારક અને જ્યારે ભારતમાં ઈલસ્ટ્રેટેડ વીકલી સૌથી વધુ વેચાતુ હતું ત્યારે તેના તે તંત્રી હતા. તે રાજયસભાના સભ્ય હતા. તે શાકાહારી છે.

**અંબાણી બંધુઓ,** તેમની પત્ની, પિતા, માતા વગેરે શાકાહારી છે. તેમની સંપત્તિ ઊભી કરવા પાછળ કદાચ શાકાહાર પ્રોત્સાહનરૂપ બન્યું હશે. એવી જ રીતે આદિત્ય **બિરલા અને તેમનું કુટુંબ,** ઈન્ફોસીસના ફાઉન્ડર નારાયણ મૂર્તિ માટે છે જેમણે આઈ.ટી. ક્ષેત્રના લાખો લોકોને નોકરી આપી છે. વિશાળ સંપત્તિ ઊભી કરનાર શાકાહારીઓની યાદી લાંબી છે. શું એમ કહી શકાય કે ભોજનમાં શાકાહાર એ આગળ વધીને સફળતા મેળવવામાં ચાવીરૂપ છે?

**ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ** સૌથી વધુ નામના મેળવનારા રાષ્ટ્રપતિ હતા. મારા પુત્ર સહિત ઘણાંના તે રોલ મોડલ હતા. તે તેજસ્વી નહોતા પણ લાગણી ભરેલા હતા, તેમજ શિસ્તમાં રહેતા હતા. મને હતું કે તેમને બીજી ટર્મ મળે, ખાસ કરીને કે જ્યારે તેમની જગ્યાએ આવનાર બીજાએ વિદાય લીધી ત્યારે કોઈ નોંધ પણ નહોતી લેવાઈ. જો કે તે શાકાહારી હતા.

દેશની સૌથી વિશાળ પાર્ટીના વડા માટે ગૌરવથી પણ કહી શકાય કે તે શાકાહારી છે. અભિનેત્રી હેમા માલિની, એ માત્ર સ્વરૂપવાન ડાન્સર નથી પરંતુ સ્માર્ટ અને મહેનતુ રાજકારણી પણ છે. તેમની પુત્રીઓ ઈશા અને આહના પણ મહેનતુ છે. અભિનેતા અમિતાભ બચ્ચને આરોગ્યનું ખાસ ધ્યાન રાખ્યું છે અને ઉંમર વરતાવા દીધી નથી. તે અને તેમના કુટુંબીજનોએ બુદ્ધિપૂર્વક અને ગણતરીપૂર્વક કેરીયર બનાવી છે.

*બીજાઓના અભિપ્રાયના 'ફૂટબોલ' ન બનો.*

મંદિરા બેદી એ પ્રથમ મહિલા કોમેન્ટેટર હતા, જે ક્ષેત્રમાં પુરુષોનું પ્રભુત્વ છે ત્યાં તે છવાઈ ગયા હતા. અને લાખો ક્રિકેટ ફેન માટે ગેમ રસપ્રદ બનાવી હતી. મીલિંદ સોમને મૉડલ તરીકે કારકિર્દી શરૂ કરી હતી. ભારતના ટેક્સ હાઉસ ઉદ્યોગને આગળ ધપાવવામાં તે ઉપયોગી બન્યા હતા. ચિન્ની અને નંદિતા ક્રિષ્નનનું નામ સાંભળ્યું હશે. કોઈ કંપનીની મશીનરી બગડી જાય તો ચિન્ની તેનું સોલ્યુશન આપે છે. પ્રાણીઓ માટેનું પ્રથમ આશ્રય સ્થાન પણ તે ચલાવે છે.

માયથોલોજી અને કલ્ચર અંગેના નિષ્ણાતો પૈકીના એક નંદિતા છે. તે શૈક્ષણિક સંસ્થા ચલાવવા ઉપરાંત પેન્ગવીનના સૌથી વધુ વંચાતા લેખકો પૈકીના એક છે.

ભારતના આધ્યાત્મિક ગુરુઓ શાકાહારી છે. શ્રી રવિશંકરે તો દેશના બૌધ્ધિક વર્ગને સાથે રાખ્યો છે. દેશમાં સૌથી મોટી એન.જી.ઓ. ચલાવતા ડૉ. બિન્દેશ્વર પાઠકે સ્વચ્છતા માટે આખી જિંદગી અર્પણ કરી દીધી છે. હવે તેમણે ઉર્જા મેળવવાના પ્રયોગો શરૂ કર્યા છે. હોમિયોપેથિક મેડિસીનને મુખ્ય માધ્યમ બનાવીને ડૉ. મુકેશ બાત્રાએ રૅનબેક્સી જેવું વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું છે. અહીં જે નામ આપું છું તે મારા જાણીતા શાકાહારીઓ પૈકી માત્ર એક ટકાના જ છે.

આ યાદીમાં મારી માતા પણ આવે છે કે જેમણે અમારા કુટુંબના બધાના મૉરલ તૂટી ગયા હતા ત્યારે તેમની કુનેહ અને હુંફાળા સ્વભાવથી કટોકટીભરી સ્થિતિમાંથી બહાર કાઢ્યા હતા. મારા કેટલાક પુસ્તકોના સહાયક લેખ ઓઝાયર હુસૈન અને નવાબ ઑફ લોરપુરે પ્રાણીઓ માટે મોટી સવલતો આપી હતી.

શાકાહારી બુધ્ધિશાળી નામાંકિતોએ એવું કંઈ ખાસ સાબિત નથી કર્યું પણ ઈતિહાસે નોંધ્યું છે કે સારા વિચારો શાકાહારી હોય છે. તેમણે શાકાહારનો પ્રચાર પણ કર્યો છે. જેમાં પાઈથાગોરસ, આઈઝેક ન્યૂટન, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, લીઓ ટોલ્સટોય, પ્લેટો, વૉલ્ટેરી, મહાત્મા ગાંધી, ચાર્લ્સ ડાર્વિન, આલ્બર્ટ સ્કીવીત્ઝર, ડૉ. બેન્જામીન સ્પૉક, ફ્રાન્ઝ કાફકા, એચ.જી. વેલ્સ, હેન્રી ડેવીસ થોર, આઈઝેક બેરાવીસ સિંગર, જર્મી બેથમ, લીઓનાર્દો દી વીન્સી, મીલ્ટન, પર્સી શેલી, જીઅન જેક્વસ રસેઉ, રાલ્ફ વાલ્ડો એમસેન, સોક્રેટીસ, ટોલ્સ્ટોય, વિલીયમ વર્ડસવર્થ, વિલિયમ બ્લેક, ડૉ. સી.વી. રામન, ઍની બેસન્ટ, બ્રોન્ટ સિસ્ટર્સ, રૂપર્ટ બ્રકુ, આઈઝેક પીટમેન, ઓવીડ, સેનિકા વગેરે વગેરે.....

માંસાહાર વ્યક્તિની બૌધ્ધિક તાકાત વધારતો હોય તો પછી આ બધા લોકો શાકાહારને શા માટે વળગી રહે? જ્યોર્જ બર્નાડ શૉ એ કહ્યું છે કે બૌદ્ધિક ક્ષમતા માટેની પોષણ ગાયમાંથી નથી મળતું. બેન્જામીન ફ્રેન્કલીન શાકાહારના હિમાયતી હતા.

બી.બી.સી.એ દર શનિવારે આવતા ખૂબ લોકપ્રિય શો આઈ-ક્યૂ કોન્ટેસ્ટ જોયો હશે તેમાં ૮૦ હજાર લોકોએ ભાગ લીધો હતો. જે વિજેતા હતા તે બ્રિટસ યુ.કે.ના હતા. ત્યાં ૧૧૩નો આઈ-ક્યૂ સ્કોર ધરાવતી ૪૦ લોકોની સ્ટ્રોંગ ટીમ હતી.

**સૌથી વધુ આઈ-ક્યૂ ધરાવતા સ્પર્ધકો પણ શાકાહારી હતા.** ગ્લક્સ્ટરના પાંચ સંતાનોની ૬૮ વર્ષની માતા મેરી બિડમેડે જણાવ્યું હતું કે મને સૌથી વધુ સ્કોર મળ્યો ત્યારે મને આશ્ચર્ય થયું હતું. મેં ક્યારેય મારી જાતને સૌથી વધુ બુધ્ધિમત્તાવાળી નહોતી કલ્પી! મને લાગે છે કે આપણે માંસાહારીઓ સારા વિચારક હોઈએ છીએ! આપણે માનીએ છીએ કે આગળ વધવા માટે આપણે ખોરાકની પસંદગીમાં પણ બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ.

મનુષ્ય એટલે શાકાહારી એમ સાબિત કરવું હોય તો આ અભ્યાસ વાંચવો જોઈએ. આજના જમાનામાં અસ્તિત્વ ટકાવી રાખવા પણ તમારે તમામ બુદ્ધિ શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. **માતા-પિતાઓને જણાવવાનું કે તમારા સંતાનોને વધારાની સલાહ આપો અને તેમને આજથી જ શાકાહારી બનાવો....**

*સાભાર : ગુજરાત સમાચાર, તા. ૧૦-૧૨-૨૦૧૨*

## દુ:ખીને જોઈ કરુણાવાન; સુખીને જોઈ પ્રસન્ન

દરેક વ્યક્તિની મોટા ભાગે આ જ મૂંઝવણ હોય છે કે જીવન સારી રીતે જીવવાની સાચી રીત કઈ?

સાચી રીત છે : 'દુ:ખીને જોઈ કરુણાવાન બનો અને સુખીને જોઈને પ્રસન્ન થાવ.'

જીવન એક સીડી સમાન છે. જે પગથિયા પર તમે ઊભા છો તેનાથી નીચેય પગથિયાં છે અને ઉપર પણ પગથિયાં છે. દરેક પગથિયે લોકો દેખાશે. તમે અમુક લોકોથી આગળ છો, અમુકથી પાછળ. જીવનની દરેક ક્ષણે આવું તો રહેવાનું જ.

સ્વસ્થ માનવી એ છે જે સમજે છે કે એની પાસે જે કાંઈ છે — ધનદૌલત, સાધન, શરીર સુદ્ધાં — એ ઈશ્વરની થાપણ છે એની પાસે. આ એક જાતની સેવા સામગ્રી છે, જેનાથી વિશ્વની સેવા કરવાની છે. તો જ્યારે પણ દુ:ખી વ્યક્તિને જુઓ ત્યારે તેના તરફ કરુણાવાન થજો અને યથાશક્તિ તેને મદદગાર થઈ તેનું દુ:ખ દૂર કરવા પ્રયત્ન કરજો. ઈશ્વર રાજી થશે અને આશિર્વાદ વરસાવશે.

હવે તમારાથી સમૃધ્ધ કે સ્વસ્થ કે વધુ માન-સન્માન મેળવનાર વ્યક્તિને જુઓ તો પ્રસન્ન થજો. એના ગુણો અપનાવી એના જેવા બનવા પ્રયત્ન કરજો. માનજો કે એ વ્યક્તિમાં જરૂર વિશેષ યોગ્યતા છે, જેથી એને તમારા કરતાં વિશેષ પ્રાપ્ત થયું છે. આપણી તકલીફ શું છે, ખબર છે? આપણે દુ:ખીને જોઈને કરુણાવાન તો બનીએ છીએ પરંતુ સુખીને જોઈને પ્રસન્ન નથી થતાં. કોઈને સુખી જોઈ જાણે - અજાણે કાં તો આપણે એની નિંદા કરવા લાગીએ છીએ અથવા તો હૃદયમાં તે વ્યક્તિ માટે છૂપો ઈર્ષ્યાભાવ રાખીએ છીએ. આપણે માની જ લઈએ છીએ કે એણે સફળતા સસ્તામાં મેળવી છે, નસીબથી મેળવી છે કે છળકપટથી મેળવી છે. આજથી જ સુખીને જોઈ પ્રસન્ન થતાં શીખી જાવ. જુઓ! જીવન આખું આનંદથી નૃત્ય કરતું જણાશે.

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*પૈસાથી તમે દવા ખરીદી શકો, તંદુરસ્તી નહિ.*

# બ્રહ્માંડની સફરે : અંતરિક્ષના ઊંડાણમાં

• મુરજી ગડા •

ગયા અંકમાં આપણે સૌર મંડળના સભ્યોની વાત કરી હતી; અંતરિક્ષમાં અંતર માપવાના વિશિષ્ટ એકમની વાત કરી હતી; તારાઓના જન્મ, જીવન અને અંતની વાત કરી હતી તેમજ આકાશગંગાની વિશાળતાની પણ વાત કરી હતી. જોકે આ બધી ચર્ચા આપણી આકાશગંગા પૂરતી મર્યાદિત હતી.

આકાશગંગામાં તારા અને ગ્રહો ઉપરાંત બીજી પણ અવનવી રચનાઓ છે. એમાંથી થોડા નામ આગળ આવી ગયા છે. તે સિવાય નોવા, વ્હાઈટ, ડ્વાર્ફ, ન્યુટ્રોન સ્ટાર, પલ્સાર, ક્વેઝાર, નેબ્યુલા, ગ્લોબ્યુલર ક્લસ્ટર વગેરે વધુ જાણીતી રચનાઓ છે. એના ઊંડાણમાં જવું એટલે નવું પ્રકરણ ખોલવા જેવું થશે.

આકાશગંગા એક ગેલેક્સી માત્ર છે. સો વરસ પહેલાં આકાશગંગા એ જ સંપૂર્ણ બ્રહ્માંડ હોવાનું મનાતું હતું. વધુ શક્તિશાળી દૂરબીન શોધાયા પછી આકાશમાં વધુ દૂર સુધી જોવાનું શક્ય બન્યું છે. હવે ખગોળવેત્તાઓને બધી દિશાઓમાં અગણિત ગેલેક્સીઓ દેખાય છે. એમની સંખ્યા પણ અબજોની હોવાનું મનાય છે. દરેક ગેલેક્સીમાં અબજોની સંખ્યામાં તારા તો ખરા જ.

આપણી પડોશી ગેલેક્સી એન્ડ્રોમેડા (M31) એના ચકરડાના સ્વરૂપે નરી આંખે જોઈ શકાય છે. એ આકાશગંગા કરતાં પણ મોટી છે. આપણાથી તે વીસ લાખ પ્રકાશવર્ષ દૂર છે. અત્યારે જે દેખાય છે તે એનું વીસ લાખ વર્ષ પહેલાનું સ્વરૂપ છે. ગેલેક્સીઓ આપણી બધી બાજુએ છે. એટલું જ નહીં, બધી ગેલેક્સીઓ એકબીજાથી દૂર જઈ રહી છે. આનો અર્થ એ થયો કે બ્રહ્માંડ સતત વિસ્તરી રહ્યું છે.

આ સમજાવવા માટે ફુગ્ગાનું ઉદાહરણ આપી શકાય. ટપકાવાળો ફુગ્ગો ફુલાવતાં એના ઉપરના ટપકા એકબીજાથી દૂર જતા રહે છે. ફરક એટલો છે કે ટપકા માત્ર ફુગ્ગાની સપાટી પર હોય છે. એકની અંદર બીજો એવા અલગ અલગ કદના ઘણા બધા ફુગ્ગા હોય અને તે બધા એક સાથે ફુલાવવામાં આવે તો દરેકે દરેક ફુગ્ગાના ટપકા એકબીજાથી વધુ દૂર જશે. એવું જ ગેલેક્સીઓનું થઈ રહ્યું છે.

આ બધા ગપગોળા નથી. તારાઓ અને ગેલેક્સીના કદ, અંતર, ઝડપ વગેરે માપવાના સાધનો શોધાયા છે. વેધશાળામાં જઈ જાતે જોઈ તપાસી શકાય છે. વૈજ્ઞાનિક સામયિકોમાં અને આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્રીઓના સંમેલનોમાં આવી બધી બાબતોની ચર્ચા થાય છે. ઘણા એને સ્વતંત્ર રીતે ચકાસતા હોય છે અને પછી જ એને સ્વીકારાય છે. બધું પુરવાર થયા પછી લાંબા સમય બાદ એને પાઠ્ય પુસ્તકોમાં સમાવાય છે. થોડા વર્ષો પહેલાં સૂર્યના નવમાં ગ્રહ પ્લુટોને હવે ગ્રહ ન ગણી એના જેવા નવા શોધાયેલા અન્ય પિંડો સાથે લઘુ ગ્રહ તરીકે અલગ વર્ગમાં નાખવાનો નિર્ણય આવી જ સંયુક્ત રીતે લેવાયો હતો.

બ્રહ્માંડની શરૂઆત આશરે ૧૩.૭ અબજ વરસ પહેલાં થયાનું હવે બધાએ સ્વીકારી લીધું છે. એની પાછળનું કારણ એક અતિ ઘન રચનાનો વિસ્ફોટ છે. જેને BIG BANG (મહા વિસ્ફોટનું) નામ આપ્યું છે. ત્યારથી બ્રહ્માંડ સતત વિસ્તરતું રહ્યું છે. એના વિસ્તારનો ખ્યાલ કોઈને નથી. જેમ જેમ વધુ શક્તિશાળી દૂરબીન શોધાય છે તેમ વધુ દૂરની ગેલેક્સીઓ જોવા મળે છે. આપણા દ્રવ્ય, ઉર્જા, સમય અને અવકાશનું સર્જન પણ આ મહાવિસ્ફોટ સાથે જ થયું છે. પૃથ્વી પર આપણે આપણી સગવડ માટે દિશાઓને નામ આપ્યા છે. અંતરિક્ષમાં દિશાઓ જેવું કંઈ નથી. આપણા જેવી સમયગણના પણ ત્યાં નથી. બ્રહ્માંડની સમય ગણના તદ્દન જુદા પ્રકારની છે. એને આ લેખમાં સમાવવું શક્ય નથી.

બ્રહ્માંડનો સમયકાળ અને એમાં બનેલી ઘટનાઓને સરળતાથી સમજાવવા એક વૈજ્ઞાનિકે ૧૩.૭ અબજ વરસને આપણા એક વરસ સાથે સરખાવ્યા છે. એ ધોરણે BIG BANG એ ૧લી જાન્યુઆરીની પહેલી સેકંડની શરૂઆત છે. અને આપણી આજ તે ૩૧ ડિસેમ્બરની છેલ્લી સેકંડનો અંત છે. **આ હિસાબે બ્રહ્માંડની એક સેકંડ આપણા ૪૩૦ વરસ, એક મિનિટ આપણા ૨૫,૦૦૦ વરસ અને બ્રહ્માંડનો એક કલાક આપણા ૧૫ લાખ વરસ જેટલો થાય છે.**

બ્રહ્માંડના આ કેલેન્ડર પ્રમાણે આપણા સૂર્યમંડળની રચના ઠેઠ સપ્ટેમ્બરમાં થઈ છે. એટલે જ સૂર્ય બીજી કે ત્રીજી પેઢીનો તારો હોવાનું મનાય છે. પૃથ્વી પર એકકોષીય જીવ ઓક્ટોબરમાં પ્રગટ્યા. બહુચર્ચિત મહાકાય ડાયનાસોર ૨૪ ડિસેમ્બરમાં દેખાયા અને ૨૯ ડિસેમ્બરની સાંજે એમનો અંત આવ્યો. ૩૦મી ડિસેમ્બરે મોટા મૅમલ દેખાયા અને આશરે મધરાતે આપણા દૂરના પૂર્વજ પ્રાઈમેટ્સ દેખાયા. હવે આપણે વરસના છેલ્લા દિવસમાં આવી ગયા છીએ. રાત્રે ૯ વાગે આપણા પૂર્વજો Ape થી છૂટા પડ્યા, રાત્રે ૧૧ વાગે બે પગે ચાલતા થયા, ૧૧ કલાક અને ૫૪ મિનિટે આધુનિક માણસ અસ્તિત્વમાં આવ્યો, ૧૧.૫૯ મિનિટે માણસ સ્થાઈ થઈ ખેતી કરવા લાગ્યો. મહાવીર, બુદ્ધ વગેરે ૧૧:૫૯:૫૪ સેકંડે થઈ ગયા છે. આ ઉદાહરણથી અબજના આંકડાની વિશાળતા, બ્રહ્માંડમાં આપણા આગમનની તાજેતરતા તેમજ આગળ વર્ણવ્યું છે એના પરથી બ્રહ્માંડના વિસ્તારનો ખ્યાલ આવી શકે છે.

સમસ્ત દુનિયાના પુરાતત્ત્વ વિભાગ દ્વારા થતા ખોદકામથી ભૂતકાળના મૃત જીવોના અશ્મિ (Fossils) પુષ્કળ પ્રમાણમાં મળી આવ્યા છે. એમનો સમયકાળ જાણવા માટે

*પૈસાથી તમે પથારી ખરીદી શકો, ઊંઘ નહિ.*

Carbon-14, Argon-39, Argon-AO જેવી વિવિધ ડેટીંગ પધ્ધતિઓ વિકસાવાઈ છે, જે ચોક્સાઈપૂર્વક સમયગણના કરી શકે છે. બધું જ વૈજ્ઞાનિક ઢબે થતું, પારદર્શક, બધા માટે ખુલ્લું જ્ઞાન છે. એમાં માન્યતાઓને કોઈ સ્થાન નથી. **ક્યાંથી પણ દોઢ લાખ વરસથી પુરાણા આધુનિક માણસના અશ્મિ મળ્યા નથી. માણસનું લાખો વરસનું આયુષ્ય ક્યારેય પણ નહોતું.**

આ બધી રજૂઆતનો હેતુ સરળ છે. જાણીતું બ્રહ્માંડ અતિ વિશાળ અને વિવિધ છે. જે હજી જાણી નથી શકાયું તે ઘણું અજબ ગજબ હોઈ શકે છે. આપણી આકાશગંગા અબજો ગેલેક્સીમાંની એક છે. એ બ્રહ્માંડના મધ્યમાં કે અન્ય કોઈ મહત્ત્વના સ્થાને નથી. આકાશગંગામાં સૂર્યનું સ્થાન પણ કોઈ મહત્ત્વની જગ્યાએ નથી. આકાશગંગાના કેન્દ્રથી ત્રીસ હજાર પ્રકાશવર્ષ દૂર એ આવેલો છે. પૃથ્વી એ સૂર્ય મંડળનો પહેલો કે છેલ્લો ગ્રહ નથી. સૌથી મોટો કે સૌથી નાનો પણ નથી. પૃથ્વીની એકમાત્ર વિશિષ્ટતા એના પર થવા પામેલ જીવસૃષ્ટિની છે. આ વિશિષ્ટતા આપણા માટે અતિ અગત્યની છે. પણ સૂર્ય કે બીજા કોઈને એનાથી કંઈ ફરક પડતો નથી. સૂર્ય, તારા, ગ્રહો વગેરેનું જીવનચક્ર એમના પોતાના નિયમો પ્રમાણે ચાલે છે. આપણું અસ્તિત્વ પૃથ્વી અને સૂર્યના લીધે છે. તે આપણા માટે સર્જાયા નથી.

ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ ગ્રહોની જે પણ માહિતી આ અને આગલા લેખમાં આપી છે એનાથી ઘણી જ વધુ માહિતી હવે ઉપલબ્ધ છે. માનવસર્જિત અવકાશયાનોએ શુક્ર, મંગળ, ગુરુ, શનિની સાવ નજીક જઈ કેટલાયે ફોટા અને અગત્યની માહિતી મોકલી છે. મંગળ પર તો માનવરહિત અવકાશયાનો ઉતર્યા છે અને એના વિષે વિસ્તૃત માહિતી મોકલી છે. જ્યારે ચંદ્ર ઉપર ઘણા અવકાશયાત્રીઓ જાતે જઈ આવ્યા છે. દુનિયાના બધા દેશ, ધર્મ અને સંસ્કૃતિના બધા જ ખગોળશાસ્ત્રીઓ આ બાબતે એકમત છે.

જ્યોતિષશાસ્ત્રની ગ્રહો વિશેની સમજ ખગોળશાસ્ત્રથી સાવ અલગ છે. તે ગ્રહોને દરેક વ્યક્તિ પર જુદી અસર કરતા પદાર્થો કે જીવો તરીકે જુએ છે. જુદી સભ્યતાના જ્યોતિષીઓ વચ્ચે ગ્રહોની અસરના અર્થઘટનમાં મતભેદ જોવા મળે છે. આ બધી પાયા વગરની વાતો છે. જ્યોતિષશાસ્ત્રમાં વર્ણવવામાં આવતા રાહુ અને કેતુ કોઈ મૃત વ્યક્તિઓના આત્મા નથી કે અન્ય ગ્રહો જેવા પથ્થરના કે વાયુના ગોળા નથી. તેઓ ચંદ્રની ભ્રમણકક્ષાના બે બિંદુમાત્ર છે.

પૃથ્વી અને સૂર્યની વચ્ચે ચંદ્ર આવતાં સૂર્યગ્રહણ થાય છે. ચંદ્રના આ સ્થાનને રાહુ કહેવાયો છે. ભૂતકાળમાં આવી સમજ નહોતી એટલે ગ્રહણ દરમ્યાન થોડી મિનિટ માટે સૂર્ય ન દેખાતાં "રાહુ ગળી ગયો" એમ માનવામાં આવતું. એજ રીતે જ્યારે સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવે છે, બીજા શબ્દોમાં ચંદ્ર પર પૃથ્વીનો પડછાયો પડે છે ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. ચંદ્રના આ સ્થાનને કેતુ કહેવાયો છે. અંતરિક્ષમાં આ બે કાલ્પનિક બિંદુઓ માત્ર છે.

**એ જાણવું જરૂરી છે કે સૂર્યગ્રહણ હંમેશાં અમાસના દિવસે થાય છે પણ દરેક અમાસમાં નથી થતું.** એ જ રીતે ચંદ્રગ્રહણ હંમેશાં પૂનમની રાત્રે થાય છે પણ દરેક પૂનમના નથી થતું. આની પાછળ ખગોળીય કારણ છે. કોઈપણ ગ્રહણ માટે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી સીધી લીટીમાં હોવા જરૂરી છે. દર મહિને આ સ્થિતિ બે વખત થાય છે કારણકે ચંદ્રને પૃથ્વી ફરતે એક આંટો મારતા એક મહિનો લાગે છે. દર મહિને બે ગ્રહણ ન થવા પાછળ એક વધારાનું પરિમાણ (Dimension) ભાગ ભજવે છે.

ચંદ્રની પૃથ્વી ફરતેની ભ્રમણકક્ષા અને પૃથ્વીની સૂર્ય ફરતેની ભ્રમણકક્ષા એક જ સપાટીમાં નથી. ચંદ્રની ભ્રમણકક્ષા ૫ ડિગ્રી જેટલી ઉપર નીચે થાય છે, ચકડોળની જેમ. જ્યારે બંને ભ્રમણકક્ષાઓ એક સપાટીમાં આવે ત્યારે જ ગ્રહણ થઈ શકે છે. જ્યોતિષ અને ગ્રહણ વિષેના પુરાણા ભ્રામક ખ્યાલોની પોકળતા ખુલ્લી પાડવા આટલા વિસ્તારથી વાત કરવી પડી છે.

પૃથ્વી પરની અન્ય જીવસૃષ્ટિના પ્રમાણમાં માણસનું આગમન સાવ તાજું છે, પણ છેલ્લું નથી. આ બ્રહ્માંડનો જે પણ કર્તાહર્તા હોય એના માટે આપણે જરા પણ વિશિષ્ટ હોવાની સંભાવના નથી. આપણું જે પણ મહત્ત્વ છે તે આપણે જાતે આપણને આપ્યું છે. **એટલાથી સંતોષ ન થતાં માનવ સમાજે દેશ, ધર્મ, જાતિ આધારિત અનેક ભાગ કરી બધાએ પોતપોતાને વધારે ઊંચા બતાવ્યા છે.**

બ્રહ્માંડના સંદર્ભમાં આપણા આ મામૂલીપણાથી જરા પણ ખોટું લગાડવા જેવું નથી. ઉલટાનું કુદરત સામે નમ્ર થવા માટેનું આ ઉત્તમ કારણ છે. નમ્રતા તો બધા ધર્મોની શીખ છે. નવકાર મંત્રમાં પણ નમવાની જ વાત છે. કમનસીબે, કુદરત સામે નમવાનું કે આદર્શો આગળ નમવાનું નથી કહ્યું.

સ્વર્ગ નરક જેવી કાલ્પનિક દુનિયા વિશે બધા વાતો કરે છે પણ કોઈએ જોઈ નથી. તે હોય અથવા ન પણ હોય. જે નજર સામે દેખાય છે તે સત્ય છે, ભ્રમ કે માયા નથી. આટલી વાસ્તવિક્તા તો બધાએ સ્વીકારવી જ રહી. બ્રહ્માંડની વિશાળતા અને જીવસૃષ્ટિનો ઉત્ક્રાંતિવાદ જે પણ સમજી શકે અને સ્વીકારી શકે એની ઈશ્વર વિષેની સમજ ધરમૂળથી બદલી શકે છે. એવા ઈશ્વરનું નિવાસસ્થાન જો બધે જ હોય તો એના માટે આપણે મહત્ત્વના ન હોઈ શકીએ. ઈશ્વર જો કોઈ એક જ ઠેકાણે હોય તો તે બ્રહ્માંડના કોઈ અતિ મહત્ત્વના સ્થાને હશે. પૃથ્વી પર હોવાનું કોઈ કારણ નથી. એક દાર્શનિકે કહ્યું છે કે, 'ઈશ્વરે માણસને બનાવ્યો છે કે નહીં એની મને ખબર નથી પણ માણસે ઈશ્વરને પોતાનું મનગમતું રૂપ આપ્યું છે એની મને ખાતરી છે.'

આ બધી ચર્ચા અત્યારે આપણે કરી, એ બ્રહ્માંડની હતી. વાસ્તવમાં બ્રહ્માંડ આનાથી ઘણું વિશિષ્ટ છે. એ શું હોઈ શકે, બ્રહ્માંડનો આકાર કેવો હોઈ શકે, એની બહાર શું હશે, એની નિયતિ શું છે, તારાઓની જેમ બ્રહ્માંડનો અંત પણ થઈ શકે વગેરે બાબતોની ચર્ચા અલગ લેખમાં કરવામાં આવશે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*ફોન : (૦૨૬૫) ૨૩૧૧૫૪૮*

*પૈસાથી તમે કલમ ખરીદી શકો, વિચાર નહિ.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : જગુબાપા અને ગગુબાપા વચમેં પૈસેજો ઝઘડો વો તેંમેં આંઉ વચમેં પેને જગુબાપાકે લેણેજી રકમજો ચેક દેરાયો વો ને બોય જણે વચ્ચે સમાધાન થે વ્યોવો તડે હાણે કુલા બઈયાર ઝઘડો થ્યો આય જરા તપાસ કરે ને ગાલ કર.

બચુડો : (તપાસ કરેનેં ચે) ગગુબાપા ચેક તા ડેનાં વા પણ જગુબાપા કે ચેક બ વખત મલ્યો... હકાર જગુબાપા ડેનાં ને બઈવાર બેંકવાળા ચેક પાસ ન ક્યાં ને ચેક પાછો ડેના. અતરે બોયજી વચમે બઈવાર ઝઘડો થ્યો આય... હકડો જ ચેક બ વાર મલ્યો પણ લેણું તા ઊભો જ ર્યો અતરે જગુબાપા બમણે જોરસે ઝઘડો કઈયેંતા.

## ખિલજા મ ભલા

આદિત્ય : મનમોહનસિંહને... શું વાત કરું! છેલ્લા ૪ વર્ષથી અમારી સ્કૂલમાં શિક્ષક કંઈ ભણાવતા જ નથી. તોફાની બાળકોને શિક્ષા નથી કરતા અને સારા બાળકોના વખાણ પણ નથી કરતા.

મનમોહનસિંહ : તો એવા શિક્ષકને કોઈ કાઢી કેમ નથી મૂકતા?

આદિત્ય : સાહેબ, આપને ક્યાં કોઈએ કાઢ્યા?!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : મૌનના ફાયદા જણાવો.

તનીષા : આમ તો ન બોલવાથી નવ ગુણ. પણ મોઢું બંધ રાખવાની કળામાં પાવરધા થઈ જઈએ તો એક દિવસ વડાપ્રધાન બનવાનો ચાન્સ મળે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : જ્યાં હવાની પણ કિંમત લેવાતી હોય એવી વસ્તુ જણાવો.

પર્વ : સાહેબ, વેફરનું પેકેટ.

શિક્ષક : એ કઈ રીતે?

પર્વ : સાહેબ, ૧૦ રૂપિયાના પેકેટમાં ૩ રૂપિયાની વેફર હોય છે અને ૭ રૂપિયાની હવા હોય છે.

☺ ☺ ☺ ☺ ☺

છોકરી : આજથી મારા પપ્પાએ મને અપાતી ખિસ્સાખર્ચીમાં કાપ મૂકી દીધો... બસભાડાના પૈસા આપવાના બંધ કરી દીધા...

છોકરો : આવું કેમ? આ તો રોજની જરૂરિયાત છે.

છોકરી : તારી વાત ખરી, પણ ગઈકાલે મારા પપ્પાએ મને તારી બાઈક ઉપર પાછળ બેઠેલી જોઈ લીધી હતી.

☺ ☺ ☺ ☺ ☺

પરદેશી સ્ત્રી (ભારતીય સ્ત્રીને) : તમે લોકો પણ ખરા છો... વ્રત કરીને પણ આવતા જન્મમાં એ જ પતિ મળે એવી પ્રાર્થના કેમ કરો છો?

ભારતીય સ્ત્રી : તને ખબર ન પડે... આટલી મહેનત કરીને આપેલી ટ્રેનિંગ થોડી કંઈ જવા દેવાય!!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ભારતીય અને અંગ્રેજ વિદ્યાર્થીમાં શું ફરક હોય છે?

આદિત્ય : અંગ્રેજ લોકો ક - ખ - ગ ને A - B - C કહે છે. આપણે એમને ગાંડા કહીએ તો એ આપણને મેડ કહે છે, જીવતી જાગતી મા ને 'મમી' કહે છે અને જીવતા જાગતા બાપને 'ડેડ' કહે છે.

☺ ☺ ☺ ☺ ☺

ઑબામા : અરે વાહ, ભારતના વડાપ્રધાનનો મને અભિનંદન આપતો ફોન આવ્યો.

ઑબામાના સેક્રેટરી : પણ સર, આમાં કોઈ કાંઈ બોલ્યું જ નહીં. તો તમને કેમ ખબર પડી કે આ મનમોહનસિંહનો ફોન છે?

ઑબામા : એ ક્યાં બોલે જ છે... મોટા ભાગે તો મૌન જ રહે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

# ફ્લેશ ચેનલ

*સંકલન : દિનેશ આર. મહેતા*

## આઈ.કે. ગુજરાલનું નિધન

નેવુંના દાયકાનાં અંતિમ વર્ષોમાં ડગમગપણે ચાલેલી ગઠબંધન સરકાર (એપ્રિલ ૧૯૯૭થી માર્ચ ૧૯૯૮)ના વડા રહેલા માજી વડાપ્રધાન ઈન્દરકુમાર ગુજરાલનું લાંબી બીમારી બાદ ગુડગાંવ ખાતે અવસાન થયું હતું. તેઓશ્રી ૯૩ વર્ષના હતા.

## • હાઈપાવર કમિટીના સૂચનો •
## મુખ્યમંત્રીના કાફલાથી ટ્રાફિકમાં ૩ મિનિટથી વધુ રૂકાવટ ન થવી જોઈએ

મુખ્યમંત્રી અને અન્ય વી.વી.આઈ.પી.ના કાફલા અંગે ટ્રાફિકના વહનમાં ત્રણ મિનિટથી વધુ સમય માટે રૂકાવટ કરવી જોઈએ નહીં અને એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવી ઈમરજન્સી સેવાઓને આવા સમયે પણ અગ્રીમતા આપવી જોઈએ તેવા હાઈપાવર કમિટીએ કરેલા સૂચનોને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે જરૂરી જાહેરનામું બહાર પાડવા ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં આદેશ આપ્યો છે અને જાહેર હિતની રીટનો નિકાલ કર્યો છે. રોડ ડીવાઈડર હોય તેવા રસ્તાઓ પર સામેની ચેનલમાં ટ્રાફિક વ્યવહાર ચાલુ રાખવો અને જોડાણના સ્થળે ઓછામાં ઓછી રૂકાવટ કરીને કાફલો પસાર થવા દેવો, તેવું પણ તેમાં સૂચન થયું છે.

## ડાયાબિટીસના દર્દીઓ માટે ટ્રેનમાં ખાસ પ્રકારના ભોજનની વ્યવસ્થા

ડાયાબિટીસના દર્દીઓને હવે ટ્રેનમાં પણ સુગર ફ્રી મીઠાઈઓની મોજ માણવા મળશે! રેલવેએ હવે ડાયાબિટીસના દર્દીઓ માટે ખાસ પ્રકારના ભોજનની વ્યવસ્થા ગોઠવી છે જેમાં બ્રાઉન બ્રેડ, લીલું પપૈયું, કોર્નફ્લેક્સ સહિતની ચીજોની સાથે સુગર ફ્રી મીઠાઈઓ પણ સામેલ છે.

## પ્રિયંકા ગાંધી અને વૃંદા કરાતે અંગદાન કરવાનું નક્કી કર્યું

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીની પુત્રી પ્રિયંકા ગાંધી અને સમાજવાદી નેતા વૃંદા કરાતે અંગદાન કરવાનું નક્કી કર્યું છે. લોકોમાં અંગદાન પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી તાજેતરમાં એક કાર્યક્રમમાં ૫૦૦ લોકોએ અંગદાન કરવાની તૈયારી બતાવી હતી. જોકે, કાર્યક્રમમાં હાજર ન રહી શકેલા પ્રિયંકાએ આયોજકોને મોબાઈલ મારફતે સંદેશો પાઠવીને અભિયાન અંગે ખુશી વ્યક્ત કરી હતી.

## પી.ટી. ઉષા અને ગોપીચંદ ભારતીય ઓલિમ્પિક સંઘના સલાહકાર

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (આઈ.ઓ.સી.)માંથી હકાલપટ્ટી થયા બાદ ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈ.ઓ.એ.)એ પોતાની છબી સુધારવા માટે ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય એથ્લીટ પી.ટી. ઉષા, બેડમિંટનના નેશનલ કોચ પી.ગોપીચંદ અને ભૂતપૂર્વ હોકી ખેલાડી દિલીપ તિડકેને તેમની સલાહકાર સમિતિમાં સામેલ કર્યા છે. આ ખેલાડીઓ આઈ.ઓ.એ.ના ખેલાડીઓને કેવી સમસ્યાનો સામનો કરવો પડે છે, તે જણાવશે. આ સિવાય નવ સભ્યોની એક એથ્લીટ સમિતિ બનાવાઈ છે, જે ખેલાડીઓની જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

## ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો
## નવા મિલકતદાર પાસેથી જૂના વીજ બિલનાં નાણાં વસૂલી ન શકાય

વીજળીનું બિલ ન ચૂકવનારી જૂની કંપની પાસેથી તેની મિલકત ખરીદનાર નવી કંપની પાસેથી તેના વીજ બિલના નાણાં વસૂલવાની વીજ કંપનીઓને છૂટ આપતા નિયમને ગુજરાત હાઈકોર્ટે ચોથી નવેમ્બરે એક ચુકાદાના માધ્યમથી રદ કર્યો છે. આ સાથે એક પાર્ટીનું બિલ બીજી નવી પાર્ટી પાસેથી વસૂલવાની વીજ કંપનીઓની પ્રવૃત્તિ પર પૂર્ણ વિરામ મૂકી દીધું છે.

ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમ-૫૦ અને ૪૧ની જોગવાઈ હેઠળ આ પ્રકારની પ્રક્રિયાને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી.

## • ચૂંટણી પંચનો નિયમ •
## મતદાનના ૪૮ કલાક પહેલાં બહારની વ્યક્તિઓએ વિસ્તાર છોડી દેવો પડે

ચૂંટણી પંચ દ્વારા એક એવો નિયમ પણ લાવવામાં આવ્યો છે કે, જે વિધાનસભા બેઠકમાં ચૂંટણી હોય તે વિધાનસભા વિસ્તારની બહારની કોઈપણ વ્યક્તિ ચૂંટણીવાળા વિસ્તારમાં રહી ન શકે. મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલાથી આ નિયમ લાગુ પડી જાય છે. આ નિયમમાં લગ્ન પ્રસંગ કે અન્ય કોઈ સારામાઠા પ્રસંગને અપવાદરૂપ ગણીને બાકાત રાખવામાં આવ્યા છે. જો રાજકીય પક્ષોના નેતાઓ કે અન્ય કોઈ સેલીબ્રિટી અન્ય કોઈ વિધાનસભા વિસ્તારમાં રોકાઈ શકે નહીં.

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

## ઈન્ટરનેટ પર અમેરિકાના એકહથ્થુ નિયંત્રણો સામે વિરોધ

રશિયાના નેતૃત્વમાં કેટલાક દેશોએ ઈન્ટરનેટના નિયંત્રણમાં અમેરિકાનું એકહથ્થુ નિયંત્રણ ઘટાડવાની તાજેતરમાં માંગ કરી છે. દુબઈમાં ૧૨ દિવસ સુધી ચાલેલી કોન્ફરન્સમાં આ અંગેના પ્રસ્તાવમાં રશિયા, ચીન, સાઉદી અરેબિયા, અલ્જીરિયા, સુદાન અને યુ.એ.ઈ.એ હસ્તાક્ષર કર્યા હતા. રશિયા અને તેના સમર્થકોએ ઈન્ટરનેટના વિવિધ પાસાઓ પર સંચાલન કરવા ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (આઈ.ટી.યુ.)નું નિયંત્રણ વિસ્તૃત કરવાની માંગ કરી છે.

## એક્સ્પાયરી ડેટની દવાઓનાં વિતરણનો મામલો વડોદરાની સયાજી હોસ્પિટલમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગના દરોડા

વડોદરાની સયાજી હોસ્પિટલના ઓ.પી.ડી. વિભાગના મેડિકલ સ્ટોરમાંથી દર્દીઓને એક્સ્પાયર થયેલી દવાઓનું વિતરણ કરાતું હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ તાજેતરમાં થયો હતો. જેથી હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓએ મેડિકલ સ્ટોરનું સર્ચ ઑપરેશન હાથ ધરાવ્યું હતું. જે દરમ્યાન મેડિકલ સ્ટોરમાંથી એક્સ્પાયર થયેલી દવાઓ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. આ બનાવ અંગે અહેવાલો પ્રકાશિત થયા બાદ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ત્રણ અધિકારીઓની ટુકડીએ સયાજી હોસ્પિટલમાં દરોડા પાડ્યા હતા. આ ટીમે મેડિકલ સ્ટોર તથા હોસ્પિટલના અન્ય વિભાગોમાં સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું.

## પંડિત રવિશંકરનું અવસાન

મહાન સિતારવાદક અને સંગીતકાર પંડિત રવિશંકરનું તા. ૧૨-૧૨-૨૦૧૨ના રોજ અમેરિકામાં અવસાન થયું હતું. તેમણે ભારતીય સંગીતને વિશ્વ ફલકમાં આગવું સ્થાન અપાવ્યું હતું. વર્ષ ૧૯૯૯માં તેમને દેશના સર્વોચ્ચ પુરસ્કાર 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા હતા. પંડિત રવિશંકરે હિંદી ઉપરાંત અંગ્રેજી અને બંગાળી ફિલ્મોમાં સંગીત પણ આપ્યું હતું.

## આપણા દેશમાં રોકડા રૂપિયા કેટલા છે?

આપણા દેશમાં પહેલાં સોનામહોરનું ચલણ હતું. પછી કાંસા ત્રાંબાના અને ચાંદીના સિક્કાનું ચલણ રહ્યું. ખોદકામમાં આ બધું મળી આવે છે. જ્યારે રૂપિયાનું ચલણ અંગ્રેજોએ નહીં પણ શેરશાહ સુરીએ શરૂ કરેલું.

ભારતમાં મોગલ વંશ એટલે બાબર હુમાયુની સત્તા પહેલાંનો છેલ્લો રાજા. પણ આ શેરશાહ સુરી એટલે સાચો વિકાસ પુરુષ, સાચો પ્રગતિ પુરુષ. અફઘાન સરહદેથી બંગાળ આસામ સુધીનો ગ્રાન્ટ ટ્રન્ક રોડ બાંધનાર એ.

પહેલાં રસ્તાઓ તો હતા જ પણ ખાબડખૂબડ રસ્તાઓ હતા. શેરશાહે રસ્તાઓ સીધા વ્યવસ્થિત બંધાવ્યા.

બીજો મહત્ત્વનો સુધારો એટલે રૂપિયાનું ચલણ. પેલા સિક્કાઓ હતા પણ રફ સિક્કા હતા. એને પણ શેરશાહે વ્યવસ્થિત રૂપ આપ્યું. કાગળના રૂપિયાનું ચલણ બેંક ઑફ હિંદુસ્તાને શરૂ કરેલું. એ બેંક ૧૭૭૦થી ૧૮૩૭ સુધીની હતી. રિઝર્વ બેંકનું એ પહેલાંનું રૂપ હતું. રિઝર્વ બેંકે ૧૯૬૧-૬૨ દરમ્યાન ફક્ત રૂપિયા ૨૨,૫૬,૦૦,૦૦,૦૦૦ બહાર પાડ્યાનો હિસાબ છે.

આજે એ ચલણના હિસાબે ૧૦.૨૬ લાખ કરોડ રૂપિયા આપણા દેશના નાગરિકો પાસે રોકડામાં છે. એમાંથી કોર્પોરેટ પાસે રૂપિયા ૫.૭૦ લાખ કરોડ છે.

રિઝર્વ બેન્કને રૂપિયા છાપવાનો ખર્ચ ૫ રૂપિયાની એક નોટ માટે ૪૭ પૈસાનો, ૧૦ રૂપિયાની ૧ નોટ માટે ૧૬ પૈસાનો, ૨૦ રૂપિયાની ૧ નોટ માટે ૧.૮૧ રૂા.નો, ૧૦૦ રૂા.ની ૧ નોટ માટે ૧.૭૯ રૂા.નો, ૫૦૦ની ૧ નોટ માટે ૩.૫૮ રૂા.નો અને ૧૦૦૦ રૂા.ની ૧ નોટ માટે ૪.૦૬ રૂપિયાનો ખર્ચ થાય છે.

## ટેબ્લેટ 'આકાશ-૨'નું વિતરણ વિદ્યાર્થીઓ માટે નહીં

તાજેતરમાં બહાર પાડવામાં આવેલા વિશ્વના સૌથી ઓછી કિંમતના ટેબ્લેટ 'આકાશ-૨'ની સુધારેલી આવૃત્તિ તેની ચકાસણી માટે અને શિક્ષકોને સજ્જ બનાવવા અર્થે જ છે. પહેલા તબક્કામાં તેને વિદ્યાર્થીઓને આપવાની કોઈ યોજના ન હોવાનું સરકારે લોકસભામાં એક સવાલના લેખિત ઉત્તરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

## ભારતના લેજન્ડરી હોકી ખેલાડી ક્લાઉડીઅસનું અવસાન

ઓલિમ્પિકમાં ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતનારી ભારતીય ટીમના ખેલાડી રહી ચૂકેલા લેજન્ડરી ખેલાડી લેસ્લી ક્લાઉડીઅસનું ૮૫ વર્ષની વયે તાજેતરમાં અવસાન થતાં ભારતીય હોકી જગતમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

૬૪ વર્ષ પહેલાં ૧૯૪૮ના લંડન ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનારી ટીમના જીવિત રહેલા પાંચ ખેલાડીઓમાં ક્લાઉડીઅસ ઉપરાંત કેશવ દત્ત, ગ્રહનંદન સિંઘ, જશવંત સિંઘ રાજપૂત અને બલબીરસિંઘ સીનિયરનો સમાવેશ થતો હતો. ક્લાઉડીઅસને ૧૯૭૧માં પદ્મશ્રી ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

*(સમાચાર પત્રો પર આધારિત)*

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રાપર સ્થિત 'કાસ્પ' સંસ્થાના બાળકોનું આનંદમય રોકાણ

કચ્છ વાગડની 'કાસ્પ' સંસ્થાના બાળકો પોતાના વિસ્તારની અને સમાજની સમસ્યાઓને સમજે અને વિવિધ પ્રસાર માધ્યમોના ઉપયોગથી તેવી સમસ્યાઓને પોતાના વિચારોમાં રજૂ કરે તે માટે અવારનવાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતા હોય છે.

ઉપરોક્ત અમારી સંસ્થાના બાળકો અને સ્ટાફ વર્ગ મળીને ૬૦ જણથી વધુ માત્રામાં તા. ૮-૧૨-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રોકાણ કર્યું હતું. અનેક પ્રતિકૂળતા હોવા છતાં, **અમારા આ રોકાણ અર્થે ઉત્તમ પ્રકારની વ્યવસ્થા અને જરૂરી તમામ સગવડો અમને પ્રાપ્ત થઈ હતી.** આ માટે અમે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સંચાલકો અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગના સ્ટાફવર્ગનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. કચ્છી માડુ માટે ઉપર મુજબની સેવા અને અંતરની લાગણી અન્ય સ્થળો માટે ખરેખર ઉદાહરણરૂપ છે.

અમારા ઉપરોક્ત રોકાણ દરમ્યાન શ્રી કચ્છી વિશ્રામગૃહમાં આવેલ **'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' બધાએ રસપ્રદ રીતે જોયું હતું.** સમગ્ર વિશ્વમાં કચ્છનું નામ ઉજાગર કરવાના તમારા પ્રયાસ સરાહનીય છે.

ફરીથી, અમારી ટીમ અને બાળકો વતી ખૂબ ખૂબ ધન્યવાદ. પરમાત્મા આપ સૌને આ પ્રકારના સદ્કાર્યો કરવા માટે હંમેશાં પ્રેરિત કરતા રહે તેવી પ્રાર્થના છે.

ભરતસિંહ જાડેજા, કાસ્પ-રાપરની ટીમ અને સંસ્થાના પ્રવાસી બાળકો

● ● ● ● ●

### શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતેનું રોકાણ આનંદદાયક કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ.... અદ્ભુત રચના


સવિનય જણાવવાનું કે વિકલાંગ વ્યક્તિઓની દેખભાળ કરવા અને તેવા લોકોને સામાજિક ક્ષેત્રમાં યોગ્ય ન્યાય મળે તેવા પ્રયાસ કરવાના મુખ્ય હેતુસર અમે ભુજ ખાતે એક વિકલાંગ મંડળ ચલાવીએ છીએ.

અમારા વિકલાંગ વ્યક્તિઓના એક સમુદાયે અમદાવાદ ખાતે તા. ૨૧-૧૦-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં રોકાણ કર્યું હતું. **ત્યાં અમારા માટે દરેક પ્રકારની ખાસ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. જેના કારણે અમને બધાને ખૂબ સંતોષ થયો હતો.**

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે **'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'** જોઈને ખૂબ આનંદ અનુભવ્યો હતો. આ રીતે, કચ્છનું નામ રોશન કરવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ધન્યવાદ ઘટે છે. અમદાવાદ આવનાર દરેક વ્યક્તિને આ મ્યુઝિયમ જોવાથી કચ્છની ઝાંખી થશે તેમાં બેમત નથી.

*રામજી બી. સોલંકી - ભુજ*
*વિકલાંગ મંડળ - કચ્છ. મો. ૯૫૮૬૭૪૭૨૦૮*

● ● ● ● ●




### Best Wishes for "Parichay Milan" Programme

I am extremely glad to know about the "Lagnotsuk Parichay Milan" organized by your esteemed trust on the event of the Golden Jubilee. And gladder am I to receive the invitation towards the same.

**Your contribution towards the Society is worth admiring.** I wish that all the members of the trust continue to offer their valuable commitments towards the Society and Social causes to the Jain & Kutchhi Samaj.

I wish to congratulate you all once again for taking an initiative & organizing such a great event.

*Jayesh B. Jain*
*Exim Transtrade (I) Pvt. Ltd. - Mumbai*
*Tel. : (022) 66800800*

● ● ● ● ●

### 'મંગલ મંદિર' માસ ડિસેમ્બરનો અંક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી નિમિત્તે 'મંગલ મંદિર'ના અંકો સુવર્ણ રીતે જ પ્રગટ થઈ રહ્યા છે એ આનંદની વાત છે. દરેક અંક જે ચીવટ, સુઘડતા અને નયનાકર્ષક મુખપૃષ્ઠ સાથે પ્રગટ થાય છે. છપાઈકામ અને સમાવિષ્ટ કૃતિઓ દાદ

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

માંગી લે તે પ્રકારની હોય છે.

માહે ડિસેમ્બરની વાંચન સામગ્રી વિષે જણાવું તો શ્રી અશોક મહેતાનો તંત્રી લેખ 'સામાજિક સંસ્થા – જીતો' અત્યંત માહિતીપ્રદ અને અનેક પ્રકારના વ્યવસાય, નોકરી, અભ્યાસ વગેરે ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી અને માહિતીસભર પ્રકાશ રેલાવે છે. ખરેખર, આપની સામાજિક સંસ્થા અત્યંત પ્રભાવશાળી કાર્ય બજાવી રહેલ છે.

અન્ય કૃતિઓમાં ડૉ. કાંતિ ગોરનો લેખ, ડૉ. ઊર્મિલા શાહ, 'દાંપત્યની દિવ્યતા' મનનીય અને સફળ જિંદગીની કેડી કંડારવામાં મદદરૂપ થાય તે પ્રકારનાં છે. શ્રી દિનેશ પાંચાલનો 'ડિપ્રેશન દૂર થઈ શકે છે!' થોડે ઘણે અંશે પણ જેઓ ડિપ્રેશનમાં જીવતા હોય તેવાઓએ તે લેખ ખાસ વાંચીને જીવનમાં બોધપાઠ લેવા જેવો છે. એકલતા, અનાદર, જટિલ પ્રશ્નો અને નિષ્ક્રિયતા માનવીને સહજ રીતે ડિપ્રેશનમાં ધકેલી શકે છે એટલે આ લેખનું મનન કરી પ્રવૃત્તિ, નિકટતા અને મનોબળ કેળવવું એ આ લેખનો ઉદ્દેશ જીવનમાં ઉતારવા જેવો છે.

'મંગલ મંદિર' શતાબ્દી જયંતી ઉજવવા તરફ ગતિ કરતું રહે એવી શુભેચ્છાઓ.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર (કચ્છ)*

• • • • •

## Oh, My God!

ક.વી.ઓ. સમાજ - મુંબઈની ખબર પત્રિકા આ સમાજનું અગત્યનું અંગ અને સારી સમાજસેવા છે.

પણ રોજ નેટ ઉપર પત્રિકા વાંચી મારો એક જ પ્રતિભાવ હોય છે – Oh, My God! લગભગ રોજ. અવસાન નોંધમાં અમુક વ્યક્તિની ઉંમર ૬૦ વર્ષથી ઓછી હોય છે. તેમની તંદુરસ્તી વિષે વધારે વિગતો નથી મળતી પણ મારું અનુમાન છે - તેમની જીવનશૈલી વિષે કંઈક બેદરકારી થઈ હશે - જાણતા - અજાણતા.

આખા ભારતની હમણાંની સરેરાશ આવરદા ૬૮ વર્ષ છે. કચ્છી સમાજ પૈસે-ટકે, ભણતરમાં, દાન-પુણ્યમાં અને બીજી સગવડોમાં ઉચ્ચત્તમ સ્તર પર છે. છતાં ૨૦-૨૫ ટકા અવસાન ૬૦ વર્ષથી નીચેના હોય છે. Oh, My God!

આ વિષે વિચાર - મંથન તાત્કાલિક કરવું જરૂરી છે.

મારા વિચારો અને અનુભવ નીચે મુજબ છે.

આપણો સમાજ કચ્છથી મુંબઈ લગભગ સોએક વર્ષથી આવેલ છે.આના મુખ્ય કારણો :

(૧) ૧૯૦ વર્ષ પૂર્વે કચ્છમાં આવતો જલપ્રવાહ ધરતીકંપથી બંધ થયો. આપણે બધા ત્યારે ખેતી ઉપર નભતા. એટલે જીવનનિર્વાહ મુશ્કેલ થયો.

(૨) તે જ વખતે અમેરિકામાં આંતરવિગ્રહ (સિવિલ વૉર) થયું. ઈંગ્લેડની રૂની આયાત પર મોટો કાપ આવ્યો. તેનો વિકલ્પ બ્રિટિશ રાજે ભારતમાં જોયો અને મુંબઈ બંદર શહેરને વિકસાવ્યું.

કચ્છી સમાજને વેપાર-ધંધા અને રહેવાની સારી તકો મુંબઈમાં મળી. આપણા સમાજનો સારો વિકાસ થયો. પણ આ વાતનો હવે સૂર્યાસ્ત થઈ રહ્યો છે. મુંબઈ જેવી અને તેનાથી વિશેષ સગવડો - તકો મુંબઈ બહાર ઊભી થઈ છે. મારો અને બીજા અનેક કચ્છીઓનો અનુભવ છે. (મેં ૧૯૭૮માં મુંબઈ છોડ્યું.)

૨૦મી સદીમાં, મુંબઈની સગવડો અને તકો આખા ભારતથી લોકોને આવકારતી રહી. એટલે વધી ગીચતા, પ્રદૂષણ, સ્પર્ધા. પરિણામ એ આવ્યું છે કે મુંબઈનું જીવન ધોરણ નીચે જ આવતું જાય છે અને જોખમો વધતાં જાય છે. જે આવદાર પર અસર કરે.

અત્યાર સુધી આપણે કહેતા હતા –

*'મુંભઈ વગર આરો નાય.'*

હવે કહેવું પડશે –

*'મુંભઈ છડે વગર આરો નાય.'*

આપણા સાહસિક સમાજના કોઈ યુવકોને મુંબઈ છોડવું હોય તો આંગળી ઝાલવા કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જરૂર પ્રયત્નો કરશે.

*હરખચંદ સાવલા - ગાંધીનગર (મો. ૯૯૦૪૨ ૯૨૦૫૦)*

• • • • •

**Shree Kutchhi Vishram Gruh – Excellent**

I alongwith two Sr. collegues have visited your Shree Kutchhi Vishram Gruh. If I say in one word for all the facilities, services and structure..... "Excellent."

Your Mr. Nitinbhai Gala has shown the entire bhavan. People from top management to staff member, everyone were found with smiling faces. As explained, they are providing the best services.

Occupants were very happy and feel comfort of staying in the said Bhavan.

My all good wishes....

***Baluram Lahoti, C.A. - Ahmedabad***
***M. 92275 40051***

• • • • •

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ગટરના પાણીનો શુધ્ધિકરણ પ્લાન્ટ ખેત-પેદાશ અને પર્યાવરણ ક્ષેત્રે સફળ પ્રયોગ

આણંદપર ગામ એ નખત્રાણા (કચ્છ) તાલુકાનું ગામ છે. ગામમાં હાલમાં ૭૫૦ની વસતિ અને ૧૬૦ ઘર આવેલા છે. જેમાં પટેલ, હરિજન, રબારી, દરબાર, સોની, ગોસ્વામી અને વાળંદ જાતિના પરિવારો વસવાટ કરે છે અને તેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે.

આ ગામ ૧00% સેનીટેશન તથા ગટરલાઈન ધરાવે છે. તેથી ગામનું સારું એવું પાણી ગટરમાં વહી જતું હતું જેનો કોઈ ઉપયોગ થતો ન હતો.

આશાપુરા ફાઉન્ડેશનના કર્મચારીઓ ગામના સંપર્કમાં આવતાં અને અવારનવાર ગામની મુલાકાત લેતા ગામના અગ્રણી શ્રી માવજીભાઈ પટેલે ગંદા પાણીના પ્રશ્નની ચર્ચા કરતા આશાપુરા ફાઉન્ડેશનના ટીમ લીડર શ્રી દાનાભાઈ ઝાપડિયાએ કહેલ કે ગટરના પાણીનો શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવવો. જેનાથી ગંદુ પાણી શુધ્ધ કરી તે ફરી ઉપયોગમાં લઈ શકાય તથા અન્ય લાભો વિશે ચર્ચા કરેલ. જે ગામલોકોને યોગ્ય લાગતા ગામમાં ૧ લાખ લીટર / દિવસની કેપેસિટીનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની તમામ જવાબદારી સમિતિએ લઈને વાસ્મો પ્રોજેક્ટ હેઠળ આ કામ પૂરું કરવામાં આવેલ.

આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પાણી — પાણી સમિતિ દ્વારા જાહેર હરાજી બોલાવીને તે પાણી ૧૨ મહિનાના રૂા. ૪૫૦૦/-ના ભાવે શ્રી નાનજીભાઈ અબજીભાઈ પટેલને આપવામાં આવેલ, જેઓ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની બાજુમાં આવેલી પોતાની જમીનમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાણી દ્વારા ખેતી કરે છે. તેઓ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ડીઝલ એન્જિન વડે પાણી ખેંચીને તેમની ૧૦ એકર જમીનમાં વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૫ એકર જમીનમાં એરંડા અને ૫ એકર જમીનમાં ગુવારનું વાવેતર કરેલ હતું. જેમાંથી તેમને ૭૦ ક્વિન્ટલ એરંડા અને ૧૬ ક્વિન્ટલ ગુવારનું ઉત્પાદન મળેલ હતું. ચાલુ વર્ષે આ ૧૦ એકર જમીનમાં કપાસનું વાવેતર કરેલું છે અને તે પાક પણ ખૂબ જ સારો ઊભો છે.

આમ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પાણી ખેતીમાં વપરાશ કરવાથી એક તો વેસ્ટેજ પાણીનો ખૂબ જ સારો ઉપયોગ થઈ જાય છે તેમજ પાકનું ઉત્પાદન પણ સારું આવે છે.

આ ગામના અનુકરણથી અન્ય ગ્રામ પંચાયતો પણ વેસ્ટેજ કે ગૌચર જમીન હોય તો ત્યાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણમાં સુધારો લાવી શકે અને પર્યાવરણમાં ભળતો અશુધ્ધ વાયુ પણ રોકી શકાય છે, તેમ આશાપુરા ફાઉન્ડેશન, ભુજની એક યાદીમાં જણાવાયું છે.

## અમદાવાદમાં 'સ્પ્રેડિંગ સ્માઈલ' નામનું ગ્રુપ વિવિધ સંસ્થાઓમાં કાર્યક્રમો યોજીને લોકોને ખુશ રાખવા પ્રયત્ન કરે છે

'સોશિયલ એક્ટિવિટી સાથે જોડાઈને જ્યારે જીવન જીવવામાં આવે ત્યારે જીવન જીવવાનો આનંદ અનેરો હોય છે.' આ શબ્દો છે અમદાવાદમાં વિવિધ સ્થળો પર સ્માઈલ ફેલાવતા ગ્રુપ 'સ્પ્રેડિંગ સ્માઈલ' ગ્રુપના. ૧૫ સભ્યોના સોશિયલ કોઈને કોઈ કારણોસર પોતાની ફેમિલીથી અલગ થઈ ગયેલા લોકોના જીવનમાં ફરી એકવાર સ્માઈલ લાવવાનું કામ આ યંગસ્ટર્સનું ગ્રુપ છેલ્લા પાંચ વર્ષોથી કરતું આવ્યું છે. સ્પ્રેડિંગ સ્માઈલ ગ્રુપ અમદાવાદમાં આવેલી વિવિધ સંસ્થાઓમાં જઈને જાદુગરના ખેલ, ગરબા, સંગીત કાર્યક્રમ, વિવિધ રમતો, અંતાક્ષરી વગેરે જેવા કાર્યક્રમો યોજીને ગરીબ બાળકો તથા વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલોના ચહેરા પર સ્માઈલ લાવવાનું સોશિયલ વર્ક કરે છે. કારણકે કોઈના ચહેરા પર સ્માઈલ લાવવું એનાથી મોટું કોઈ કામ નથી.

## જૈન કલ્ચરલ ગ્રુપ - અમદાવાદ દ્વારા જૈન સમૂહ લગ્નોત્સવનું આયોજન

સમાજમાં ચાલતા પરંપરાગત રિવાજો, દેખાદેખી અને પ્રણાલીઓને કારણે ભીંસાતા સામાન્ય માનવીને તેમાંથી બહાર લાવી તેના આત્મ સન્માનને જાગૃત કરી જાળવવાના પ્રયાસ સ્વરૂપે જૈન કલ્ચરલ ગ્રુપ દ્વારા નવતર પણ નિઃસ્વાર્થ અભિગમ સાથે છેલ્લા ૩૦ વર્ષોમાં સમૂહ લગ્નોત્સવનું આયોજન થયું છે. આ વર્ષે પણ આવા જ ૩૧મા સમૂહ લગ્નોત્સવનું તા. ૩૧-૧-૨૦૧૩ના રોજ આયોજન કરાયું છે. સંસ્થાના પ્રમુખ શ્રી રાકેશભાઈ શાહના જણાવ્યા અનુસાર આ સમૂહ લગ્નોત્સવમાં જોડાવવા ઈચ્છતા સગાઈના સેતુથી જોડાયેલા જૈન યુવક-યુવતીઓ, તે અંગેના ફોર્મ પ્રમુખની ઓફિસ, બીજે માળ, ગુજરાત વેપારી મહામંડળ બિલ્ડિંગ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતેથી મેળવી શકે છે.



'મંગલ મંદિર'ના જાણીતા કટારલેખક **શ્રી દિનેશ પાંચાલ**ના પુસ્તક 'અંતરના ઈન્દ્રધનુષ' માટે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઍવોર્ડ પ્રાપ્ત થયો છે. આ અગાઉ પણ શ્રી પાંચાલને એમના પુસ્તક 'મનના મોરપીંછ' માટે ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો. 'મંગલ મંદિર' પરિવાર તરફથી શ્રી પાંચાલને અભિનંદન અને હાર્દિક શુભકામના.

*ભ્રષ્ટાચાર ચારેબાજુએ છે. એમાં આપણા તરફથી ઉમેરો ન થાય એટલું જોવું.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**ડિસેમ્બર – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- શેખર એન. શાહ — રતલામ (એમ.પી.)
- હીરાવંતી હરીશ કુરુવા — કાંગાયમ (તામિલનાડુ)
- દીપક ભોગીલાલ મહેતા — ભુજ, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- ચંદ્રુ ગોવિંદરામ હીરનંદાની — આદિપુર, કચ્છ
- હર્ષેન્દ્ર વી. ધોળકિયા — ભુજ, કચ્છ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન — ભુજ, કચ્છ
- વિજય એલ. મોતા — ડોંબીવલી (ઈસ્ટ), મહારાષ્ટ્ર
- જયચંદ કે. ખોના — ડોંબીવલી (ઈસ્ટ), મહારાષ્ટ્ર
- મહેશ મણિલાલ હરિયા — સાંગલી (મહારાષ્ટ્ર)
- શ્રીમતી ક્રિષ્ના જગદીશ મહેતા — સાયન (વેસ્ટ), મુંબઈ
- મણિલાલ દેવજી છેડા — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- અનિલ એ. શાહ — કરનૂલ (એ.પી.)
- નાનજી વાલજી ભટ્ટી — કુબેરનગર, અમદાવાદ
- ભૂપેશ લાલચંદ શાહ — ગાંધીધામ, કચ્છ
- ચંપકલાલ શાંતિલાલ વોરા — ભુજ, કચ્છ
- ઉમરશી વેરશી શાહ — ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર
- ભદ્રેશ તનસુખલાલ સંઘવી — ભુજ, કચ્છ
- હર્ષદભાઈ શાહ — કલકત્તા
- હરિલાલ જે. ભણસાલી — ગાંધીધામ, કચ્છ
- હીરેન શામજી દંડ — અંકલેશ્વર

#### ૩ વર્ષનું લવાજમ

- રાઘવજી ભાણજી ગાલા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- શ્રીમતી ઉષા બી. સંઘવી — રાઉરકેલા, ઓરિસ્સા
- અશોકકુમાર ગોપાલજી સંઘવી — ધનબાદ, ઝારખંડ
- ભદ્રેશ બાબુલાલ શાહ — ભુજ, કચ્છ
- કાંતિલાલ હીરજી છેડા — વલસાડ
- જયેન્દ્ર એન. શાહ — ભચાઉ, કચ્છ
- કલાબેન કે. ગાલા — સામખિયાળી, ભુજ, કચ્છ

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લવાજમની વિગત

**જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

- ડૉ. જયંત વસા — ભુજ, કચ્છ
- મેહુલ બુધ્ધભટ્ટી — ભુજ, કચ્છ
- પ્રવીણ હરખોર ગાલા — ભચાઉ, કચ્છ
- સોમચંદ ધારશી નાગડા — ગાંધીધામ, કચ્છ
- પ્રેમચંદ સી. મહેતા — ગાંધીધામ, કચ્છ
- હીરેન ખીમજી વીરા — આદિપુર, કચ્છ
- બિહારીલાલ પી. પરમાર — આદિપુર, કચ્છ
- હિતેશ મોહનલાલ ઠક્કર — ગાંધીધામ, કચ્છ
- બાબુભાઈ ભીખાભાઈ મ્યાત્રા — અંજાર, કચ્છ
- ગંગારામ દીવાણી — નાની વિરાણી, કચ્છ
- મંજુલાબેન હંસરાજ ગોસર — માંડવી, કચ્છ
- રેખાબેન મહેન્દ્ર શાહ — આશ્રમ રોડ, અમદાવાદ
- જીગર કુલીન મહેશ્વરી — સેટેલાઈટ, અમદાવાદ
- કાંતિલાલ વિશનજી દેઢિયા — ઉધના, સુરત
- મનીષ નવીન મહેતા — રાંદેર રોડ, સુરત
- મેહુલ લક્ષ્મીકાંત ગડા — ઉમરગામ
- ધીરજલાલ અનુપચંદ મહેતા — માટુંગા (સે.રે.), મુંબઈ
- લીલાધર લખમશી વીસરિયા — સાયન (ઈસ્ટ), મુંબઈ
- વાડીલાલ ગાંધી — શિવાજી પાર્ક, મુંબઈ
- ડી. એલ. શાહ — વડાલા (ઈસ્ટ), મુંબઈ
- કપૂરચંદ રાયશી શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- પીયૂષ વિઠ્ઠલદાસ ચંદે — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- અશોક રામજી સાવલા — બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- વિશનજી માણેક શાહ — બોરીવલી (વેસ્ટ), મુંબઈ

## અનુરોધ

પુસ્તકો માટે આથી અગાઉ કરેલા અનુરોધ વાંચીને આપણા સૌ મિત્રોએ એ બધા પુસ્તકો ખરીદી જ લીધા હશે અને વંચાઈ ગયા હશે અને તેથી તે સૌના આત્માને અનેરો આનંદ અનુભવ્યો હશે.

હવે વધારાનો અનુરોધ :

પુસ્તકનું નામ : **"ધગધગતી ધખનાનું બીજું નામ"**

પ્રો. ડી. એસ. કેર

ગુર્જર પ્રકાશન ● પુસ્તકની કિંમત : રૂા. ૧૫૦/-

જે માણસ આ પુસ્તક વાંચશે તે કેર સાહેબને તો ભૂલી નહીં શકે પરંતુ આવું પુસ્તક સજેસ્ટ કરવા બદલ મને પણ આશિર્વાદ આપશે. (આમ પણ મને ઘણા બધાના આશિર્વાદની જરૂર છે.)

પુસ્તક ખરીદવામાં ક્યારેય કરકસર કરવી નહીં.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*હા, અંધારું બધે જ છે. તમે તો જરા દીવો સળગાવવાની કોશિશ કરો.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) બ્રિટનના અખબાર ડેઈલી મેઈલે કરેલા સર્વેક્ષણમાં જણાવેલ છે કે ત્યાંના ૮ થી ૧૫ વર્ષના બાળકો પોતાને મળેલી પોકેટ મનીમાંથી પોતાના મા-બાપને રકમ ઉધાર આપે છે! *(સાધના, તા. ૨૭-૧૦-૧૨)*

(૨) મુંબઈ હુમલાના આરોપી અબુ જુન્દાલ સામે મુંબઈની ક્રાઈમ બ્રાંચે ૫૬ વોલ્યુમમાં તેર હજાર પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. *(સાધના, તા. ૨૭-૧૦-૧૨)*

(૩) વર્ષ ૧૯૮૭માં માત્ર ૪૫૨૮ વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલી ઇંદીરા ગાંધી નેશનલ ઑપન યુનિવર્સિટીમાં આજે ૪૦ લાખ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે – જે એક વિક્રમ છે. *(ચિત્રલેખા, તા. ૧૩-૧૧-૧૨)*

(૪) 'મંગલ મંદિર'ના લેખક પરિવારના આદરણીય સભ્ય શ્રી નરેશભાઈ અંતાણી 'ગુજરાત ઇતિહાસ પરિષદ'ના ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. *(ઇતિહાસ પત્રિકા, તા. ૧-૧૧-૧૨)*

(૫) જોન્સન એન્ડ જોન્સન નામની જાણીતી કંપનીનો ભ્રષ્ટાચાર પકડાતાં અમેરિકામાં તેને સાત કરોડ ડોલરનો દંડ કરવામાં આવેલ છે. સામે કંપનીએ અન્ય કંપનીઓ સાથે મળીને એવી ચેતવણી ઉચ્ચારી છે કે તમે અમને જેટલો વધુ દંડ કરશો એટલી જ અમારી દવાઓ મોંઘી થશે! *(દિવ્ય ભાસ્કર, તા. ૯-૧૧-૧૨)*

(૬) કોકાકોલા કંપની એ એક જાયન્ટ કંપની છે. માત્ર એક મિનિટમાં ૭૦૦ બોટલ બનાવતી આ કંપની હવે પોતાનો પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપવા યોજના કરી રહી છે. *(જનસત્તા, તા. ૨૯-૯-૧૨)*

(૭) શ્રી નરેન્દ્ર મોદીના ટ્વિટર પર દસ લાખ પ્રશંસકો છે એમ જણાવવામાં આવે છે પરંતુ તેમાં ૪૬ ટકા બનાવટી છે અને ૪૧ ટકા નિષ્ક્રીય છે. *(ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, તા. ૨૭-૧૦-૧૨)*

(૮) વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યમાં ૪૪.૫૦ લાખ કુટુંબો એટલે કે આશરે બે કરોડ લોકો ખુલ્લામાં કુદરતી હાજતે જાય છે. ટકાવારી પ્રમાણે લગભગ ૩૩ ટકા લોકો. *(દલિત અધિકાર, તા. ૨૦-૧૧-૧૨)*

(૯) ગુજરાત રાજ્ય પરિવહનની (એસ.ટી.) બસોના છેલ્લા ૧૦ વર્ષના શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં ૫૯૯૬ બસ રૂટો બંધ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૦માં ૮૫૭૩ બસો હતી તે ઘટીને હવે ૬૫૧૪ એસ.ટી. બસો થઈ ગઈ છે. આ બસો પણ મુખ્યમંત્રીના કાર્યક્રમોમાં ભીડ એકઠી કરવાના કામમાં વપરાતી રહે છે. *(દલિત અધિકાર, તા. ૨૦-૧૧-૧૨)*

(૧૦) આફ્રિકાનો એક પછાત ગણાતો દેશ ટ્યુનિશિયા. ત્યાં બે પોલીસોએ એક સ્ત્રી પર બળાત્કાર કર્યો. વાત સાચી જાણીને ખુદ રાષ્ટ્રપ્રમુખે સમગ્ર દેશ વતી બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીની માફી માગી. બળાત્કારી પોલીસોની વિરૂધ્ધમાં ખુદ અન્ય પોલીસોએ જ સાક્ષી આપીને અદાલતમાં ન્યાય અપાવ્યો. *(દલિત અધિકાર, તા. ૨૦-૧૧-૧૨)*

(૧૧) ગુજરાત રાજ્યમાં દર હજારે લગભગ દોઢસો છોકરીઓ ગૂમ થઈ જાય છે. *(નિરીક્ષક તા. ૧૬-૧૧-૧૨)*

(૧૨) છેલ્લા ૩૬૫ દિવસમાં ૪૩૯ સ્ત્રીઓ પર ગુજરાતમાં બળાત્કાર થયા છે. *(નિરીક્ષક તા. ૧૬-૧૧-૧૨)*

(૧૩) ગુજરાત સરકારે કરેલા રોકાણોમાં તેને માત્ર ૦.૨૫ ટકા વ્યાજની ઉપજ છે જ્યારે સરકારે લીધેલા દેવામાં સરાસરી ૭.૬૯% ટકા વ્યાજ ચૂકવવું પડે છે. *(નિરીક્ષક તા. ૧૬-૧૧-૧૨)*

(૧૪) બાલ ઠાકરેના નામથી સૌ પરિચિત છે પણ તેઓ સારા તબલાવાદક તથા કી બોર્ડ પ્લેયર પણ હતા. *(સાધના, તા. ૨૪-૧૧-૧૨)*

(૧૫) ગુજરાતની સ્ટેટ પેટ્રોલિયમ કંપનીએ કેનેડાની ગ્લોબલ રિસોર્સીસ કંપની સાથે કૃષ્ણા ગોદાવરી બેઝીનમાં ચાલુ કરેલા ધંધાની ભાગીદારી કરારમાં માત્ર નફામાં કેનેડાની કંપનીની ભાગીદારી છે, નુકસાનીમાં ભાગીદારી નથી! *(નિરીક્ષક તા. ૧૬-૧૧-૧૨)*

(૧૬) ઉત્તર પ્રદેશના ભારતીય કિસાન મોરચાએ 'જે ગામમાં જાટ છોકરીઓ જીન્સ પહેરેલી જોવા મળશે તે ગામના સરપંચને વીસ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવશે' એવો ફતવો જાહેર કર્યો છે. *(સાધના, તા. ૨૪-૧૧-૧૨)*

(૧૭) સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગ શહેરમાં એક ચેરિટી સંસ્થાએ એવી સ્કીમ મૂકી છે કે જે કોઈ ૬૦ ઉંદર પકડી લાવશે તેને એક મોબાઈલ ફ્રી આપવામાં આવશે. *(દિવ્ય ભાસ્કર, તા. ૫-૧૨-૧૨)*

(૧૮) જાપાનમાં કોઈપણ વક્તાને કોઈપણ સભામાં ૪૦ મિનિટથી વધારે બોલવાની મનાઈ હોય છે. *(દિવ્ય ભાસ્કર, તા. ૭-૧૨-૧૨)*

TEJWALA ENGINEERING CO.
TENCO
9, Bengali Club Complex,
495, Marhatal, Opp. Vineet Cinema,
Jabalpur - 482 002 (M.P.)
Phones : Off. 0761-2404745, 4066664
Resi. 0761-2411834
Fax : 0761-2401902
Website : www.tejwala.com, Email : tejwala@airtelmail.in
Leading Industrial Products
Distributors in Central India
Contact : Jiten Khimji Lalan
(09827087528)
- Koday

## શબ્દ રમત-૭૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | | ૫ | | ૬ |
| | | ૭ | ૮ | | | | | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | ૧૨ | | ૧૨એ | | ૧૩ | | ૧૪ | ૧૫ | |
| | ૧૬ | ૧૭ | | | ૧૮ | ૧૯ | | | ૨૦ | | |
| ૨૧ | | | | ૨૨ | | | | ૨૩ | | | ૨૪ |
| ૨૫ | | | | ૨૬ | | | ૨૭ | | | ૨૮ | |
| ૨૯ | | | ૩૦ | | | ૩૧ | | | | ૩૨ | |
| | | ૩૩ | | | ૩૪ | | ૩૫ | | ૩૬ | | |
| | ૩૭ | | | ૩૮ | | ૩૯ | | | | | |
| ૪૦ | | | ૪૧ | | | ૪૨ | ૪૩ | ૪૪ | | ૪૫ | ૪૬ |
| | | ૪૭ | | | ૪૮ | | ૪૯ | | ૫૦ | | |
| ૫૧ | | | | ૫૨ | | | | | ૫૩ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧-૨૦૧૩*

### આડી ચાવીઓ

૧. સમય કે વિસ્તારનો ફરક (૩)
૩. રેલવેની સડક પર કામ કરનારો (૪)
૫. રસ્તામાં મુસાફરને પાણી પાવાની ધર્માદા જગ્યા (૩)
૭. ડાક, પોસ્ટ (૩)
૯. અવાજ, કોલાહલ (૨)
૧૦. ખેતર કે ગામની હદ (૨)
૧૨. તેજ, ભપકો (૩)
૧૪. રીંછ, માંકડા કે સાપ કેળવી ખેલ કરી બતાવનાર (૩)
૧૬. હોકારો, બૂમ (૨)
૧૮. મૂડી, પૂંજી (૩)
૨૦. પગ, દરજ્જો (૨)
૨૧. કારણ, સાધનરૂપે બનેલું (૫)
૨૩. અવાજ, સૂર (૨)
૨૫. ધૂળનો કણ, અણુ (૨)
૨૬. સોંઘું (૨)
૨૭. સ્વામી, માલિક (૨)
૨૮. બાળભાષામાં ખાવાનું (૨)
૨૯. બનાવટી વાત, તરકટ (૨)
૩૦. દોસ્ત, મિત્ર (૨)
૩૧. આકાશમાંથી પડતા કુદરતી બરફના ટુકડા (૨)
૩૨. હાથ, હસ્ત (૨)
૩૩. ખરાબ, હીન (૨)
૩૫. જઠરમાં ભરાતો પાચક રસ (૫)
૩૭. પરોઢિયું (૨)
૩૮. લાગણી, કામના (૩)
૪૦. રમત જેવી સાવ સહેલી વાત કે વસ્તુ (૫)
૪૨. તપાસવું તે (૩)
૪૫. જશ, યશ, કીર્તિ (૨)
૪૭. ક્રિકેટમાં દોડીને લેવાય (૨)
૪૯. સોના ચાંદીનું પાતળું પડ (૩)
૫૧. બાજુ, પક્ષ (૩)
૫૨. ઉપવાસ, આહાર બંધ કરવો તે (૪)
૫૩. વધેલું, ફાલતું (૨)

### ઊભી ચાવીઓ

૧. દવા બનાવવાની ઔષધશાળા (અં.) (૩)
૨. બારીક ભૂકો, આટો (૨)
૩. પાળવું તે (૩)
૪. કેશ (૨)
૫. મોક્ષ, મુક્તિ (૫)
૬. ઊલટીનો ઊબકો (૩)
૮. પારદ, માળાનો મણકો (૨)
૧૧. સોનું (૫)
૧૨એ વાર્તા, કહાણી (૨)
૧૩. વેરાન પ્રદેશ (૨)
૧૫. ફરિયાદ, અરજ (૨)
૧૭. દાણો, નાનો પરમાણુ (૨)
૧૯. પાંખોવાળી દેવતાઈ સુંદરી (૨)
૨૦. પગ, દરજ્જો (૨)
૨૧. બંદૂકમાં ભરી ફોડવાની ટોટી જેવી બનાવટ (૪)
૨૨. એક જાતનું રેશમી કાપડ (૩)
૨૩. સંઘાત, સોબત (૨)
૨૪. સોમવલ્લીનો માદક રસ (૪)
૨૭. નાખુશ (૩)
૨૮. રાશિ ચક્રની દશમી રાશિ (૩)
૩૦. યાદી, સ્મરણ (૨)
૩૩. નોકરીમાંથી કાઢી મૂકેલું (૫)
૩૪. શરીરની ગરમી વધવાનો એક રોગ (૨)
૩૬. સૂર્ય, સૂરજ (૨)
૩૭. ભૂમિ (૨)
૩૮. રાંધેલા ચોખા (૨)
૩૯. જ્ઞાતિ, જાત (૨)
૪૦. ખેલ, ક્રીડા (૩)
૪૧. વર્ણ, રંગ (૨)
૪૩. પવિત્ર, શુધ્ધ (૩)
૪૪. અંગ્રેજી રાજ્યમાં અપાતો ઈલકાબ (૨)
૪૬. સરળ, સીધું, નિખાલસ (૩)
૪૮. આલાપ, ધૂન (૨)
૪૯. જંગલ (૨)
૫૦. નાખુશ, ક્રોધાયમાન (૨)

**'શબ્દ રમત-૭૭'ના ઉકેલ તથા ઉકેલ મોકલાવનારના નામ માટે જુઓ પાના નં.-૬૮**

*હરેક પળને જીવવા પ્રયત્નશીલ રહો. કારણ કે, કઈ પળ ફળદાયી હશે તે કોણ કહી શકે છે!*

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

**• ટ્રસ્ટીશ્રીઓ •**

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

### નવેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૨નો સાચો ઉકેલ પાછળથી મોકલનારની નામાવલિ

૧૦. કિરણ હરખચંદ ગાલા - ઉમરગામ
૧૧. જયંતીલાલ વાલજી રાજગોર - ભુજપુર
૧૨. નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ

### ડિસેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૩નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૩. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૪. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૫. જયંતીલાલ વાલજી રાજગોર - ભુજપુર
૬. શીતલ ચંદ્રકાંત દેઢિયા - સાતારા
૭. હસમુખ ડી. દેઢિયા - અમદાવાદ

### નમ્ર બનો પરંતુ નમાલા નહીં

*નમ્રતા એટલે વિનયી - મૃદુ - સરળ. એક કહેવત બહુ જ પ્રચલિત છે કે 'નમે તે સહુને ગમે.' પરંતુ નમ્રતા ક્યાં કેળવવી એ ગુણ તમારામાં હોવો જોઈએ. નહિં તો લોકો તેનો પણ ગેરફાયદો ઉઠાવતા હોય છે. એટલા નમ્ર પણ ન બનો કે લોકો કે તમને આઘાત પહોંચાડે અને એટલા કઠોર પણ ન બનો કે તમારાથી લોકોને આઘાત પહોંચે. છતાંયે તમારી વિનમ્રતાનું સમર્પણ કરતા જ રહેજો.*

## સુડોકુ

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૦૩૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ફેબ્રુઆરી-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :*** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

**ક્રમાંક - ૧૦૩૪**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | | | | | | ૩ | ૨ |
| ૯ | | | ૮ | | ૩ | ૧ | | |
| | | | | ૫ | ૨ | ૭ | | |
| ૩ | | ૧ | | | ૮ | ૪ | | |
| | ૮ | | | ૪ | | | ૨ | |
| | | ૬ | ૭ | | | ૫ | | ૮ |
| | | ૭ | ૩ | ૨ | | | | |
| | | ૩ | ૪ | | ૫ | | | ૭ |
| ૫ | ૨ | | | | | | ૪ | ૩ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | | | ૭ | |
| | ૭ | | | ૮ | | ૧ | | ૪ |
| ૪ | ૮ | | ૨ | | ૧ | | | |
| ૮ | | ૧ | | | | | ૯ | |
| | | | ૮ | ૩ | ૪ | | | |
| | ૫ | | | | | ૪ | | ૮ |
| | | | ૯ | | ૭ | | ૨ | ૬ |
| ૭ | | ૫ | | ૨ | | | ૪ | |
| | ૬ | | | | | ૯ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૨ | | ૮ | |
| ૮ | ૩ | | | ૬ | | | ૧ | |
| | | ૨ | ૩ | | ૮ | ૫ | | |
| ૯ | | | | | ૧ | | | |
| | | ૮ | | ૪ | | ૧ | | |
| | | | ૭ | | | | | ૩ |
| | | ૧ | ૮ | | ૬ | ૪ | | |
| | ૫ | | | ૧ | | | ૬ | ૮ |
| | ૮ | | ૯ | | | | ૭ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૩ | | | |
| ૬ | | ૧ | ૨ | | | ૪ | | |
| | | ૭ | | | ૫ | | | ૬ |
| | ૮ | | | ૯ | | | | ૪ |
| | | ૪ | | ૫ | | ૯ | | |
| ૧ | | | | ૪ | | | ૬ | |
| ૯ | | | ૬ | | | ૮ | | |
| | | ૩ | | | ૪ | ૭ | | ૯ |
| | | | ૮ | | | | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૩૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૪ | ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૨ | ૯ | ૮ | ૬ | ૪ | ૭ |
| ૨ | ૬ | ૭ | ૩ | ૪ | ૧ | ૮ | ૯ | ૫ |
| ૫ | ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૯ | ૬ | ૧ |
| ૭ | ૯ | ૩ | ૧ | ૮ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૪ | ૬ | ૯ | ૫ | ૨ | ૭ | ૩ | ૮ |
| ૪ | ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૨ | ૮ | ૬ |
| ૬ | ૭ | ૧ | ૮ | ૨ | ૯ | ૪ | ૫ | ૩ |
| ૮ | ૫ | ૨ | ૬ | ૩ | ૪ | ૧ | ૭ | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૮ | ૬ | ૩ | ૫ | ૯ | ૪ | ૭ |
| ૪ | ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૫ | ૧ | ૮ |
| ૭ | ૯ | ૫ | ૮ | ૧ | ૪ | ૬ | ૩ | ૨ |
| ૮ | ૨ | ૪ | ૯ | ૫ | ૩ | ૭ | ૬ | ૧ |
| ૫ | ૭ | ૩ | ૧ | ૮ | ૬ | ૨ | ૯ | ૪ |
| ૧ | ૬ | ૯ | ૭ | ૪ | ૨ | ૩ | ૮ | ૫ |
| ૬ | ૮ | ૨ | ૩ | ૭ | ૧ | ૪ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૨ | ૯ | ૮ | ૭ | ૬ |
| ૯ | ૫ | ૭ | ૪ | ૬ | ૮ | ૧ | ૨ | ૩ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૧ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ | ૩ |
| ૯ | ૨ | ૩ | ૮ | ૬ | ૭ | ૧ | ૪ | ૫ |
| ૮ | ૫ | ૭ | ૪ | ૧ | ૩ | ૨ | ૬ | ૯ |
| ૩ | ૭ | ૮ | ૯ | ૫ | ૪ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૧ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૩ | ૪ |
| ૬ | ૯ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ | ૫ | ૭ |
| ૭ | ૮ | ૨ | ૫ | ૩ | ૬ | ૪ | ૯ | ૧ |
| ૫ | ૪ | ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૭ | ૬ |
| ૧ | ૩ | ૬ | ૭ | ૪ | ૯ | ૫ | ૨ | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૪ | ૭ | ૧ | ૮ | ૩ | ૨ | ૬ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૬ | ૫ | ૯ | ૭ | ૮ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૩ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૯ | ૧ | ૫ | ૮ | ૪ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૭ | ૧ | ૫ | ૯ | ૬ | ૮ | ૪ |
| ૭ | ૬ | ૨ | ૫ | ૯ | ૧ | ૮ | ૪ | ૩ |
| ૮ | ૪ | ૩ | ૬ | ૭ | ૨ | ૧ | ૫ | ૯ |
| ૧ | ૫ | ૯ | ૩ | ૮ | ૪ | ૭ | ૬ | ૨ |

*શબ્દો જ આગ ફેલાવે છે, શબ્દો જ શીતળતા બક્ષે છે.*

# સુખી હોવું એ તમારા પર નિર્ભર છે

નવાંગતુક માર્કેટિંગ ડિરેક્ટરના સ્વાગત સમારોહમાં એમની સાથે આવેલ એમની પત્નીને અન્ય સ્ત્રીઓએ પૂછ્યું, 'તમારા પતિથી તમે સુખી છો ને?'

નજીક જ બેઠેલા પતિદેવ અપેક્ષિત જવાબની આશામાં, વિશ્વાસ સાથે, થોડા ટટ્ટાર થઈ ગયા. એમને ખાતરી હતી કે એમની પત્નીનો જવાબ હકારમાં જ હશે. એમને અને બીજા બધાને પત્નીનો જવાબ સાંભળીને સખત આંચકો લાગ્યો, જ્યારે તેણે કહ્યું, 'ના. હું મારા પતિથી સુખી નથી!'

આખા રૂમમાં સ્તબ્ધતા છવાઈ ગઈ!

પતિદેવ તો જાણે પથ્થરનું સ્ટેચ્યુ!

એ માની જ નહોતા શકતા કે એમની પત્ની આવું કહેશે – એય આટલા બધા લોકોની વચ્ચે. પોતાના માથા પરનો સ્કાર્ફ સરખો કરતાં કરતાં એ સ્ત્રીએ આગળ કહ્યું : 'ના, હું એમનાથી સુખી નથી, હું જાતે સુખી છું!'

હું સુખી છું કે કેમ, એ બાબત એમના પર આધારિત નથી. એ બાબત મારા પર આધાર રાખે છે!

'મારું સુખ ફક્ત મારા પર આધાર રાખે છે.'

જિંદગીની હરેક પરિસ્થિતિમાં, હરેક ક્ષણમાં હું સુખનો અનુભવ કરવાનું પસંદ કરું છું. સુખનો અનુભવ કરવા માટે મારે બીજા લોકો પર, બીજી બાબતો પર કે પરિસ્થિતિઓ પર આધાર રાખવાનો હોય તો તો હું મુશ્કેલીમાં મુકાઈ જાઉં!

આપણી જિંદગીમાં અસ્તિત્વ ધરાવે છે એ તમામ વસ્તુઓ પરિવર્તનશીલ છે : માણસો, સંપત્તિ, શરીર, હવામાન, ખુશીઓ – આ તમામ પરિવર્તનશીલ છે.

મારી જિંદગીમાં હું કેટલીક બાબતો શીખી છું. હું સુખી છું એવો નિર્ણય હું કરી લઉં છું. બાકીની તમામ બાબતો 'અનુભવો' યા તો 'પરિસ્થિતિઓ'નો વિષય છે!

જેમ કે મદદરૂપ થવું, સમજવું, સ્વીકારવું, સાંભળવું, સધિયારો આપવો. મારા પતિ સાથે હું આમ જ જીવું છું.

સાચું સુખ મળે છે ક્ષમાવાન થવામાં અને તમારી જાતને ને બીજા બધાને ચાહવામાં.

...મને સુખી કરવાની જવાબદારી મારા પતિની નથી. એમની પાસે પણ એમના પોતાના અનુભવો કે પરિસ્થિતિઓ છે!

અમારા સંજોગો ગમે તે હોય પણ હું એને ચાહું છું, અને એ મને ચાહે છે. એ બદલાતા રહે છે, હું પણ. તમામ વસ્તુઓ બદલાતી રહે છે. ક્ષમાશીલતા હોય, સાચો પ્રેમ હોય અને પરિવર્તનો તો હંમેશાં આવે જ છે એ જોયું હોય તો બંનેએ એકબીજા માટે પોતાના હૃદયમાં રહેલા પ્રેમ વડે આવા પરિવર્તનોને ઝીલવા જોઈએ.

જો આપણે બેઉ એકબીજાને પ્રેમ કરતાં રહીએ અને માફ કરતાં રહીએ તો પરિવર્તનો એવા 'અનુભવો' યા 'પરિસ્થિતિઓ' બની રહેશે જે આપણને સમૃદ્ધ કરે અને શક્તિશાળી બનાવે.

એમ નહીં થાય તો આપણે ફક્ત 'સાથે જીવન ગુજારનાર' બની રહીશું.

સાચો પ્રેમ કરવો કઠિન છે. સાચો પ્રેમ એટલે અપેક્ષારહિત ક્ષમા આપવી. 'અનુભવો યા પરિસ્થિતિઓ'ને જેમ છે એમ જ સ્વીકારવા અને એમને સાથે રહીને ઝીલવા અને પરિણામથી ખુશ રહેવું.

એવા કેટલાય લોકો છે જે કહેશે :

હું સુખી થઈ શકું એમ નથી

.....કારણકે હું રોગગ્રસ્ત છું.

.....કારણકે ભયંકર ગરમી છે.

.....કારણકે મારી પાસે એક પણ પૈસો નથી.

.....કારણકે એમણે મારું અપમાન કર્યું છે.

.....કારણકે એ હવે મને પ્રેમ કરતો નથી.

.....કારણકે એ હવે મારા વખાણ કરતો નથી!

પણ તમને ખબર નથી કે રોગગ્રસ્ત હોવા છતાં, ભયંકર ગરમી હોવા છતાં, પૈસા ના હોવા છતાં, અપમાનિત થવા છતાં, પ્રેમ ના મળવા છતાં, ખ્યાતિ ના મળવા છતાં, તમે સુખી રહી શકો છો.

સુખી હોવું એ જીવન વિશેનું આપણું મનોવલણ છે અને એ આપણે નક્કી કરવાનું છે!

સુખી હોવું એ તમારા પર નિર્ભર કરે છે!

*સંકલન : વંદના મહેતા - વડોદરા*

*('લાફ્ટર એન્ડ હેલ્થ'માંથી સાભાર)*

*રજૂઆત : ચંદ્રિકા દેઢિયા - અમદાવાદ*

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

## વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીપદના કારભાર દરમ્યાનનો સમય

શ્રી નરેન્દ્ર મોદી ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી પદે સૌથી લાંબા સમય માટે એટલે કે ૪૦૦૦ દિવસ સુધી રહ્યા છે. અત્યાર સુધી ભારતના ઇતિહાસમાં સૌથી વધારે સમય મુખ્યમંત્રી પદે રહેવામાં વિક્રમ પશ્ચિમ બંગાળના શ્રી જ્યોતિ બસુના નામે છે. તેઓશ્રીએ કુલ ૮૫૪૦ દિવસ સુધી રાજ્યના મુખ્યમંત્રી પદનો કાર્યભાર સંભાળેલ હતો. ત્યારબાદ રાજસ્થાનના શ્રી મોહનલાલ સુખડિયાએ ૬૦૮૩ દિવસ માટે, બિહારના શ્રી ક્રિષ્ણા સિન્હાએ ૫૧૬૮ દિવસ માટે, દિલ્હીના સુશ્રી શીલા દીક્ષિતે ૫૦૩૯ દિવસ માટે જ્યારે કેરાલાના શ્રી એ.કે. નાયરે ૪૦૦૯ દિવસનો મુખ્યમંત્રી પદનો કાર્યભાર સંભાળેલ.

ગુજરાત રાજ્યની સ્થાપના ૧ મે, ૧૯૬૦ના રોજ થઈ ત્યારથી નીચેના મુખ્યમંત્રીશ્રીઓએ ગુજરાતનું સુકાન સંભાળેલ છે.

| ક્રમ | નામ | સમય |
|---|---|---|
| ૧. | ડૉ. જીવરાજ મહેતા | ૧-૫-૬૦ થી ૧૦-૯-૬૩ |
| ૨. | શ્રી બળવંતરાય મહેતા | ૧૯-૯-૬૩ થી ૧૯-૯-૬૫ |
| ૩. | શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ | ૧૯-૯-૬૫ થી ૧૩-૫-૭૧ |
| • | રાષ્ટ્રપતિ શાસન<br>રાજ્યપાલ ડૉ. શ્રીમન્નારાયણ | ૧૩-૫-૭૧ થી ૧૭-૩-૭૨ |
| ૪. | શ્રી ઘનશ્યામ ઓઝા | ૧૭-૩-૭૨ થી ૧૭-૭-૭૩ |
| ૫. | શ્રી ચીમનભાઈ પટેલ | ૧૭-૭-૭૩ થી ૯-૨-૭૪ |
| • | રાષ્ટ્રપતિ શાસન<br>રાજ્યપાલ શ્રી કે.કે. વિશ્વનાથન | ૯-૨-૭૪ થી ૧૮-૬-૭૫ |
| ૬. | શ્રી બાબુભાઈ પટેલ | ૧૮-૬-૭૫ થી ૧૨-૩-૭૬ |
| • | રાષ્ટ્રપતિ શાસન<br>રાજ્યપાલ શ્રી કે.કે. વિશ્વનાથન | ૧૨-૩-૭૬ થી ૨૪-૧૨-૭૬ |
| ૭. | શ્રી માધવસિંહ સોલંકી | ૨૪-૧૨-૭૬ થી ૧૧-૪-૭૭ |
| ૮. | શ્રી બાબુભાઈ પટેલ | ૧૧-૪-૭૭ થી ૧૭-૨-૮૦ |
| • | રાષ્ટ્રપતિ શાસન<br>રાજ્યપાલ શ્રીમતી શારદા મુખરજી | ૧૭-૨-૮૦ થી ૬-૬-૮૦ |
| ૯. | શ્રી માધવસિંહ સોલંકી | ૬-૬-૮૦ થી ૬-૭-૮૫ |
| ૧૦. | શ્રી અમરસિંહ ચૌધરી | ૬-૭-૮૫ થી ૯-૧૨-૮૯ |
| ૧૧. | શ્રી માધવસિંહ સોલંકી | ૧૦-૧૨-૮૯ થી ૩-૩-૯૦ |
| ૧૨. | શ્રી ચીમનભાઈ પટેલ | ૪-૩-૯૦ થી ૧૭-૨-૯૪ |
| ૧૩. | શ્રી છબીલદાસ મહેતા | ૧૭-૨-૯૪ થી ૧૪-૩-૯૫ |
| ૧૪. | શ્રી કેશુભાઈ પટેલ | ૧૪-૩-૯૫ થી ૨૧-૧૦-૯૫ |
| ૧૫. | શ્રી સુરેશચંદ્ર મહેતા | ૨૧-૧૦-૯૫ થી ૧૯-૯-૯૬ |
| • | રાષ્ટ્રપતિ શાસન<br>રાજ્યપાલ શ્રી કૃષ્ણપાલ સિંઘ | ૧૯-૯-૯૬ થી ૨૩-૧૦-૯૬ |
| ૧૬. | શ્રી શંકરસિંહ વાઘેલા | ૨૩-૧૦-૯૬ થી ૨૭-૧૦-૯૭ |
| ૧૭. | શ્રી દિલીપભાઈ પરીખ | ૨૮-૧૦-૯૭ થી ૪-૩-૯૮ |
| ૧૮. | શ્રી કેશુભાઈ પટેલ | ૪-૩-૯૮ થી ૭-૧૦-૨૦૦૧ |
| ૧૯. | શ્રી નરેન્દ્રભાઈ મોદી | ૭-૧૦-૦૧ થી ૨૧-૧૨-૦૨ |
| ૨૦. | શ્રી નરેન્દ્રભાઈ મોદી | ૨૨-૧૨-૦૨ થી ૨૪-૧૨-૦૭ |
| ૨૧. | શ્રી નરેન્દ્રભાઈ મોદી | ૨૫-૧૨-૦૭ થી આજ સુધી |

## ગાંધીજીનું દૂરંદેશીપણું

વર્ષ ૧૯૧૬માં મુંબઈના ગેઈટી થિયેટરમાં ગાંધીજીની સભા હતી. સભા સ્થાનની વ્યવસ્થા કરવાની ધમાલમાં ગાંધીજીના આવવા-જવાની વાહન વ્યવસ્થા કરવાનું હું ભૂલી ગયો. ગાંધીજી તો ચાલતા જ થિયેટર પર આવી ગયા. સભામાં તેમને સાંભળવા જામેલી મેદની પરથી તેમની લોકપ્રિયતાની વાત મેં કાઢી. અને પૂછ્યું કે ભવિષ્યમાં તમે સત્યાગ્રહની લડત ચલાવો ત્યારે પ્રજાના કેવા પીઠબળની આશા રાખો છો?

ગાંધીજીનો જવાબ : "મારી પાછળ હજારો માણસો લડતમાં ઝુકાવશે તેની મને જરાપણ શંકા નથી. પરંતુ આવી લડતો જંગલમાંના ઘાસની માફક સહેજમાં વધી જાય. પણ મને વિચાર તો એ આવે છે કે એવો વખત ભવિષ્યમાં આવે કે જ્યારે મારા જ અનુયાયીઓ મારા કડક સિધ્ધાંતોને સમજી ન શકે. તેથી તેઓ મને બાજુએ ફેંકી દે અને મારે એકલા અને અટુલા ટુકડા રોટલા માટે ઘરઘર રઝળવું પડે અને છતાં તે મને ન મળે." (આ વાત વર્ષ ૧૯૧૬ની છે.)

***– ઈન્દુલાલ યાજ્ઞિક, 'નયા માર્ગ', તા. ૧૬-૧૧-૧૨***

***રજૂઆત : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

★ **કચ્છમાં અગાઉની ચૂંટણીઓ :** કચ્છની અત્યાર સુધીની વિધાનસભાની ચૂંટણીઓમાં સૌથી મોટા વિજયનો વિક્રમ મુંદ્રાની અનામત બેઠક પર ૧૯૭૨માં શ્રી મેઘજીભાઈ મોથારિયાએ કુલ મતદાનના ૭૨.૪૬ ટકા મત હાંસલ કરીને સર્જ્યો હતો. કુલ ૧૯૭૧૭ માન્ય મતમાંથી શ્રી મેઘજીભાઈને ૧૪,૩૬૫ જ્યારે તેમના હરીફ અપક્ષ ઉમેદવાર શ્રી શામજી મહેશ્વરીને ૨,૪૬૪ મત મળ્યા હતા. મતલબ કે લગભગ ૫૯.૯૬ ટકા જેટલી જબ્બર સરસાઈથી શ્રી મોથારિયા ચૂંટાયા હતા.

ટકાવારી સિવાય માત્ર કુલ મતની સરસાઈને ધ્યાનમાં લઈએ તો સૌથી વધુ મોટી જીત શ્રી વાસણભાઈ આહીરની છે. ૧૯૯૫ની ચુંટણીમાં અંજાર બેઠક પર તેમણે ૩૦,૬૮૦ મતની સરસાઈથી કોંગ્રેસના શ્રી નવીનભાઈ શાસ્ત્રીને પરાજય આપ્યો હતો. યોગાનુયોગ ૨૦૧૨ની ચૂંટણી અગાઉ કચ્છમાં પચાસ હજાર મતનો આંક વટાવીને તેમને કુલ ૫૨,૩૪૫ મત મળ્યા હતા.

જો કે ટકાવારીની નજરે વ્યક્તિગત રીતે સૌથી વધુ મત મેળવવાનો કચ્છનો વિક્રમ ૧૯૫૭ની મુંબઈ વિધાનસભાની ચૂંટણી વખતે શ્રી જમિયતરાય વૈદ્યના નામે અબડાસાની બેઠક પર નોંધાયેલો છે. તેમને કુલ મતદાનના ૭૪.૩૮ ટકા (૧૭૨૨૬) મત મળ્યા હતા. હરીફ ઉમેદવાર શ્રી અમૃતપ્રસાદ અંતાણીને બાકીના ૨૫.૬૨ ટકા મત (૫૯૩૨) મળ્યા હતા.



**સંકલન : દિનેશ આર. મહેતા**

૧૯૬૭ની ચૂંટણીમાં માંડવી બેઠક પર કોંગ્રેસના શ્રી ઝુમખલાલ મહેતાએ સ્વતંત્ર પક્ષના મ.કુ. હિંમતસિંહજીને માત્ર ૭૬૦ મતે હાર આપી હતી. તે વખતે ૨૪૬૯ મત રદ થયા હતા. ૧૯૭૫માં રાપરમાં કોંગ્રેસના શ્રી હરિભાઈ પટેલે અપક્ષ શ્રી બાબુભાઈ મેઘજીને ૩૮૩ મતે હાર આપી હતી. ત્યારે ૩૩૮૮ જેટલા મત રદ થયા હતા.

સંખ્યાની દૃષ્ટિએ ૨૦૧૨ અગાઉની ચૂંટણીઓમાં સૌથી વધુ મત મેળવવાનો વિક્રમ ૨૦૦૭ની ચૂંટણીમાં અંજારની બેઠકના વિજેતા ડૉ. નીમાબેન આચાર્યના નામે છે. તેમણે એ ચૂંટણીમાં કુલ ૭૭૬૭૦ મત મેળવ્યા હતા.

૨૦૦૨માં સ્થિતિ બદલાતા ભુજના કોંગ્રેસી વિજેતા શ્રી શિવજીભાઈ આહીરે ૫૧,૪૮૦ મત મેળવ્યા હતા. એ સમયે અંજારમાં કોંગ્રેસ વતી વિજેતા નીવડેલા ડૉ. નીમાબેન આચાર્યને ૫૮,૬૧૯ મત મળ્યા હતા. ૨૦૦૭ની ચૂંટણીમાં ડૉ. નીમાબેનને જ અંજાર બેઠક પર ભાજપ વતી ૭૭,૦૦૦ મત મળ્યા હતા. બીજી તરફ શ્રી વાસણભાઈએ ભુજની બેઠક પર ૭૦,૩૯૮ મત મેળવ્યા હતા. અંજાર બેઠક પર જ ૧૯૯૮માં અપક્ષ ઉમેદવાર શ્રી કેશવજી દેવશીને માત્ર ૭૩ મત મળ્યા હતા.

★ **કચ્છમાં વિધાનસભાની ચૂંટણી અને દાવેદારો :** કચ્છમાં વિધાનસભાની ચૂંટણીનો પ્રારંભ ૧૯૫૭ની પહેલી ચૂંટણીથી થયો હતો. ચૂંટણી વર્ષ અને ઉમેદવારોની સંખ્યા જોઈએ તો ૧૯૫૭ – ૧૨, ૧૯૬૨ – ૧૪, ૧૯૬૭ – ૨૧, ૧૯૭૨ – ૩૩, ૧૯૭૫ – ૨૨, ૧૯૮૦ – ૩૦, ૧૯૮૫ – ૩૪, ૧૯૯૦ – ૫૩, ૧૯૯૫ – ૭૨, ૧૯૯૮ – ૩૮, ૨૦૦૨ – ૨૭, ૨૦૦૭ – ૪૯ અને ૨૦૧૨માં ૫૬ ઉમેદવારો હતા.

★ **મુંદ્રા બંદર :** ઑસ્ટ્રેલિયાના ઊર્જા અને કુદરતી સંસાધન મંત્રી શ્રી માર્ટિન ફર્ગ્યુસન અને ક્વિન્સલેન્ડ પ્રાંતના વડાપ્રધાન શ્રી કેમ્પબેલ ન્યુમેન એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે તાજેતરમાં મુંદ્રા આવ્યા હતા. અદાણી જુથના વડા શ્રી ગૌતમભાઈ અદાણીએ મુંદ્રામાં પાવર પ્રોજેક્ટ ઉપરાંત બંદર અને અન્ય સુવિધાઓની તેમને સ્થળ પર માહિતી આપી હતી.

★ **ટુંડા - વાંઢમાં પદવીદાન સમારોહ :** કચ્છની પરંપરાગત કલાકારી અને કારીગરોનું સંવર્ધન કરતી કલારક્ષા વિદ્યાલયનો બે દિવસીય ૭મો પદવીદાન સમારોહ તાજેતરમાં વાંઢ (ટુંડા) ખાતે સંપન્ન થયો હતો. સ્નાતક કક્ષાના ૧૮ છાત્રોને બ્લોક પ્રિન્ટિંગ, બાંધણી, વણાટકામ, ભરતકામમાં પારંગતતા બદલ ઉપાધિ અપાઈ હતી. અદાણી ફાઉન્ડેશન, ટાટા પાવર પ્રોજેક્ટ અને સોમૈયા ગ્રુપ - મુંબઈના સૌજન્યથી આ આયોજન થયું હતું.

★ **રણોત્સવ :** ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રતિવર્ષ ડિસેમ્બરમાં આયોજિત થતા રણોત્સવને કારણે દેશનો ઉત્તર-પશ્ચિમી હિસ્સો રીતસર જાગતો અને ગાજતો બની જાય છે. આ વર્ષે પણ આ ઉત્સવ ૧૫ ડિસેમ્બરથી ૩૧ જાન્યુઆરી, ૨૦૧૩ સુધી આયોજિત થયેલ છે.

સફેદ રણના મથક સમા ધોરડો ખાતે ઊભી કરાયેલી તંબુ નગરીમાં રહેવા માટે આગોતરી નોંધણી થતી હોય છે. પ્રવાસન તંત્ર અહીં પ્રવાસીઓને રણની સફેદ ભૂમિ સાથે ઓતપ્રોત થવાની તક આપતું હોવાથી દેશ ઉપરાંત વિદેશના પ્રવાસીઓ પણ કચ્છ તરફ ખેંચાઈ રહ્યા હોવાનું નિગમના સૂત્રોએ કહ્યું હતું.

તંબુ નગરીથી ઊંટગાડાં પર સફેદ રણ સુધીની સવારી, અફાટ રણ અને આકાશમાં પૂર્ણ ચંદ્રના શ્વેત પ્રકાશની વચ્ચે

*કોઈ સાંભળી ન શકે એવું બોલશો નહિ, કોઈ આપી ન શકે એવું માગશો નહિ.*

## ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૧૨

*ગુજરાત વિધાનસભાની ચૂંટણી - ૨૦૧૨માં કચ્છના નવ નિર્વાચિત ધારાસભ્યોની વિગત નીચે મુજબ છે.*

| વિસ્તાર | પક્ષ | નામ | વિજેતાની મત સરસાઈ |
|---|---|---|---|
| અબડાસા | કોંગ્રેસ | શ્રી છબીલભાઈ પટેલ | ૭૬૧૩ |
| માંડવી | ભાજપ | શ્રી તારાચંદભાઈ છેડા | ૮૫૦૬ |
| ભુજ | ભાજપ | ડૉ. નીમાબેન આચાર્ય | ૮૯૭૩ |
| અંજાર | ભાજપ | શ્રી વાસણભાઈ આહીર | ૪૭૨૮ |
| ગાંધીધામ | (અ.જા.) ભાજપ | શ્રી રમેશભાઈ મહેશ્વરી | ૨૧૩૧૩ |
| રાપર | ભાજપ | શ્રી વાઘજીભાઈ પટેલ | ૯૨૧૬ |

કચ્છી લોકગીત અને નાટકોની રજૂઆત અને કચ્છી ખાણું પ્રવાસીઓની આગવી પસંદ બન્યું છે.

★ **૧૩૦ લગ્નોત્સુક વિકલાંગો** : તા. ૩-૧૨-૨૦૧૨, વિશ્વ વિકલાંગ દિન નિમિત્તે નવા અંજારના રોટરી હોલ ખાતે બે દિવસીય ઉજવણી વિકલાંગ મંડળ - કચ્છ દ્વારા કરાઈ હતી. જેમાં ૧૩૦ લગ્નોત્સુક વિકલાંગજનો સંસાર માંડવા આગળ આવ્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન આગામી જાન્યુઆરી માસમાં યોજાનારા ખેલ મહાકુંભ અંગેની માહિતી આપવામાં આવી હતી તેમજ સુરતમાં યોજાનારા વિકલાંગ લગ્ન મેળાના ફોર્મનું વિતરણ પણ કરાયું હતું.

★ **રાજ્યનો સૌથી મોટો મત વિસ્તાર - અબડાસા** : ગુજરાત વિધાનસભાની ૨૬ જિલ્લામાં સમાવિષ્ટ ૧૮૨ બેઠકોની ચૂંટણીમાં કુલ ૩.૮૦ કરોડથી વધુ મતદારો ૪૪,૫૭૯ મતદાન મથકો ઉપરથી તેમના મતાધિકારનો ઉપયોગ કરે છે. જેમાં ૧,૯૯,૩૩,૫૪૩ પુરુષ મતદારો; ૧,૮૧,૪૩,૭૧૪ સ્ત્રી મતદારો તથા ૧૯૭ અન્ય મતદારોનો સમાવેશ છે તેવું ગુજરાત રાજયના મુખ્ય નિર્વાચન અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું. સૌથી વધુ મતદારો સુરત જિલ્લાની કામરેજ બેઠક ઉપર ૩,૦૪,૬૨૧ તથા સૌથી ઓછા મતદારો સુરત જિલ્લાની જ કારંજ બેઠક ઉપર ૧,૪૪,૧૬૧ મતદારો છે. જ્યારે વિધાનસભા મત ક્ષેત્રનો વિસ્તાર જોતા રાજ્યમાં સૌથી મોટો મત વિસ્તાર કચ્છ જિલ્લામાં સમાવિષ્ટ અબડાસા બેઠક અંદાજે ૬,૨૭૮ ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલો છે. કુલ મતદાન મથકો પૈકી ૧૭,૦૨૯ મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર થયા હતા.

ગત વિધાનસભાની ચૂંટણીમાં અંદાજે ૪૩,૨૬૫ જેટલા મતદાન મથકો ગુજરાત રાજયમાં હતા.

★ **રણોત્સવ – બુકિંગ માટે ધસારો** : કચ્છમાં રણોત્સવ શરૂ થઈ ગયું છે. રણોત્સવ-૨૦૧૨ પ્રવાસન મહોત્સવોમાં પસંદગીના ફેસ્ટિવલ તરીકે ઊભરી આવ્યું છે. વિદેશી પ્રવાસીઓએ મોટી સંખ્યામાં કરાવેલું બુકિંગ એ એની લોકપ્રિયતા છે અને વિશ્વના પ્રવાસન નકશામાં પણ મજબૂત સ્થાન હાંસલ કર્યું છે. આ વર્ષનું એડવાન્સ બુકિંગ થઈ ગયા પછી આવતા વર્ષના રણોત્સવ માટેની માંગ પણ વધી છે. ઑનલાઈન બુકિંગની વ્યવસ્થાને કારણે રણોત્સવ-૨૦૧૩ના બુકિંગ માટે ધસારો થયો છે.

★ **કચ્છની વધારાની બે ટ્રેનો** : કચ્છ અને મુંબઈ વચ્ચે દોડતી કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી બંને ટ્રેનોમાં ભારે ધસારો જોવા મળે છે. ક્યારેય પણ આરક્ષણ મળતું નથી. જાણીતા કચ્છી ઉદ્યોગપતિ અને કચ્છી અગ્રણી શ્રી દામજીભાઈ લાલજી એંકરવારા, કચ્છ યુવક સંઘના પ્રમુખ, મેનેજિંગ ટ્રસ્ટી વગેરેએ તાજેતરમાં જણાવ્યું હતું કે છેલ્લા રેલવે બજેટ વખતે કેન્દ્રીય રેલવે મંત્રીએ કચ્છ માટે વધારાની બે ટ્રેનોની તેમજ કચ્છમાં રેલવે કોચની ફેક્ટરી નાંખવા માટેનું વચન આપ્યું હતું. પરંતુ હજુ સુધી આ વિશે કોઈ હિલચાલ થઈ નથી. હવે તાત્કાલિક જાહેર થયેલી બંને ટ્રેનો શરૂ કરાય તે જરૂરી છે. જાણવા મુજબ, આ બાબતે અગ્રણીઓ ઉચ્ચ કક્ષાએ રજૂઆત પણ કરશે.

★ **કયા ઉમેદવારે કેટલો ખર્ચ કર્યો** : કચ્છની છએ છ વિધાનસભાની બેઠક ઉપર મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ અને પરિવર્તન પાર્ટીની સ્પર્ધા છે. ચૂંટણીપંચે આ વખતે રૂા. ૧૬ લાખના ખર્ચની મર્યાદા નક્કી કરી હોવાથી અત્યાર સુધી કયા ઉમેદવારે ક્યાં કેટલા નાણાં વાપર્યા છે તે આ મુજબ છે. આ આંકડા દરેક બેઠકના આર.ઓ. પાસેથી સત્તાવાર રીતે મળ્યા છે.

| બેઠક | ઉમેદવારનું નામ | પક્ષ | કરેલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|
| ભુજ | અમીરઅલી લોઢિયા | કોંગ્રેસ | ૧,૭૬,૨૧૧ |
| | ડૉ. નીમાબેન આચાર્ય | ભાજપ | ૪,૯૫,૦૩૧ |
| | અરુણભાઈ વચ્છરાજાની | જી.પી.પી. | ૧,૯૯,૧૨૯ |
| | આર. એસ. હીરાણી | અપક્ષ | ૩,૧૭,૦૪૮ |
| અંજાર | વેલજીભાઈ હુંબલ | કોંગ્રેસ | ૨,૩૧,૫૪૦ |
| | વાસણભાઈ આહીર | ભાજપ | ૩,૧૯,૦૬૫ |
| | માવજીભાઈ જાટિયા | જી.પી.પી. | ૩,૨૫,૨૫૦ |
| મુંદ્રા | કિશોરસિંહ પરમાર | કોંગ્રેસ | ૪,૪૩,૦૯૫ |
| | તારાચંદભાઈ છેડા | ભાજપ | ૪,૭૧,૫૪૧ |
| | વિજયભાઈ ગઢવી | જી.પી.પી. | ૨,૬૮,૧૩૦ |
| ગાંધીધામ | રમેશભાઈ મહેશ્વરી | ભાજપ | ૩,૩૩,૩૫૧ |
| | પ્રેમકુમાર ડાંગર | જી.પી.પી. | ૧,૮૬,૩૩૯ |
| અબડાસા | છબીલભાઈ પટેલ | કોંગ્રેસ | ૬,૦૦,૦૦૦ |
| | જયંતીભાઈ ભાનુશાલી | ભાજપ | ૩,૨૫,૦૦૦ |
| | મહેશોજી સોઢા | જી.પી.પી. | ૩,૦૦,૦૦૦ |
| રાપર | બાબુભાઈ શાહ | કોંગ્રેસ | ૧,૨૯,૦૦૦ |
| | વાઘજીભાઈ પટેલ | ભાજપ | ૧,૧૬,૭૫૮ |
| | દાનાભાઈ વાવિયા | જી.પી.પી. | ૯૧,૩૯૫ |

★ **અપંગ યુવાને મતદાનની ફરજ બજાવી** : કચ્છમાં પેરાપ્લેજીથી પીડાતા અનેક લોકોને ભૂકંપના ૧૧ વર્ષ બાદ પણ સરકારે સહાય ચૂકવી નથી. આમ છતાં આવા લોકોએ મતદાનને પોતાની રાષ્ટ્રીય ફરજ સમજીને તાજેતરની ગુજરાત વિધાનસભાની ચૂંટણીના સમયે વોટિંગ કર્યું હતું. ભૂકંપના સમયે અંજારમાં નગર પંચાયત સંચાલિત પ્રાથમિક શાળામાં જેની કેડ ભાંગી ગઈ છે

તેવા વિકલાંગ મતદાર અશોકભાઈ ઠક્કર, વ્હીલચેરમાં બેસીને મતદાન કરવા માટે ગયા હતા. મતદાન કર્યા બાદ તેમણે સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કચ્છમાં ભૂકંપના કારણે હાથ પગ ગુમાવનારા અનેક લોકો અત્યારે અત્યંત કફોડી સ્થિતિમાં જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે.

પેરાપ્લેજીથી પીડાતા લોકો જરૂરી સહાય અર્થે સરકાર સામે લડત ચલાવી રહ્યા છે. છતાં સરકાર દ્વારા આજદિન સુધી કોઈ જ પ્રકારની સહાય આપવામાં આવી નથી. જેથી તેઓએ ઉગ્ર આક્રોશની લાગણી વ્યક્ત કરી હતી.

વિધાનસભા ચૂંટણી - ૨૦૧૨ના સમયે કચ્છમાં ઐતિહાસિક રીતે ૬૭.૯૨ ટકા મતદાન થયું હતું. જે છેલ્લી પાંચ ચૂંટણીઓ કરતા સૌથી વધુ હતું.

## ગુજરાત વિધાનસભા – કચ્છના પૂર્વ અધ્યક્ષશ્રીઓ

★ **સ્વ. કુંદનલાલ ધોળકિયા :** સ્વ. શ્રી કુંદનલાલભાઈ ધોળકિયા બે તબક્કામાં અધ્યક્ષપદે રહ્યા હતા. પ્રથમ તા. ૨૮-૬-૧૯૭૫થી તા. ૨૮-૩-૧૯૭૭ અને પછી તા. ૨૧-૪-૧૯૭૭થી તા. ૨૦-૬-૧૯૮૦. કાયદાના સ્નાતક એવા કુંદનલાલભાઈ ૧૯૫૭થી ૧૯૬૦ મુંબઈ વિધાનસભામાં ચુંટાયા હતા. ત્યારબાદ નવરચિત ગુજરાત વિધાનસભામાં ૧૯૬૨ સુધી રહ્યા પછી પાંચમી વિધાનસભામાં ચૂંટાયા હતા. શિસ્ત, સાદગીના આગ્રહી અને સ્પષ્ટ વક્તાની છાપ તેમની હતી. કચ્છની વિવિધ સંસ્થાઓના આગેવાન એવા કુંદનલાલભાઈએ વિધાનસભા અને રાજકીય ઘટનાઓને ઈતિહાસબધ્ધ કરવાનું મોટું કામ કર્યું હતું. 'સમયના સથવારે ગુજરાત' એ પુસ્તક એમની રચના છે. તેમના અન્ય પુસ્તકોમાં 'પ્રજાના પ્રશ્નોનો પડઘો - ગુજરાત વિધાનસભા પ્રશ્નોત્તરી' અને 'વિધાનસભા અંતરંગ' જાણીતા દસ્તાવેજી અને ઈતિહાસ સંબંધી પુસ્તક છે.

★ **સ્વ. ધીરુભાઈ શાહ :** દસમી ગુજરાત વિધાનસભાના ૧૯-૩-૯૮થી તા. ૨૭-૧૨-૨૦૦૨ના અધ્યક્ષ તરીકે આવેલા સ્વ. ધીરુભાઈ એક સારા ઑડીટર હતા. ૧૮ ડિસેમ્બર, ૧૯૫૨માં કચ્છના બેલામાં તેમનો જન્મ થયેલ. કાયદાના સ્નાતક એવા સ્વ. ધીરુભાઈએ ગાંધીવાદી નગરપાલિકાથી રાજકીય કારકિર્દી શરૂ કરેલી. વિધાનસભામાં શેર-શાયરી, કવિતાઓ, જાણીતી વ્યક્તિઓના ક્વોટેશન સાથે છવાઈ જતા એકંદરે ધારાસભ્યોના પ્રિય બની ગયા હતા. જોકે, એક તબક્કે વિરોધપક્ષના સભ્યોને એમને ઘેરાવ કર્યો હોય તેવો બનાવ પણ વિધાનસભા ઈતિહાસમાં નોંધાયેલ છે અને સ્વ. ધીરુભાઈએ તે સામે પ્રતીક ઉપવાસનું આંદોલન કર્યું હતું. કવિ દિલ સ્વ. ધીરુભાઈનું તા. ૧૮-૩-૨૦૦૮ના રોજ અવસાન થયું. તે પહેલાં લાંબો સમય કોમામાં રહ્યા હતા.

*(વર્તમાનપત્રો પર આધારિત)*

## શબ્દ રમત-૭૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ક | મા | ન | | પ્ર | કા | શ | | જા | વ | ક |
| ન | પા | સ | | | સ | ર | ક | સ | | ર | મ |
| ર | સ | | ગૌ | ર | વ | | રો | | | દા | ન |
| ક | | ન | | ક્ષા | | હ | | સ્ત | વ | ન | |
| | | હે | ત | | ભા | વ | | ર | ક્ત | | વા |
| | ઝ | ર | મ | ર | | ન | ર | | | રા | ત |
| વા | ટ | | | જ | ગ | | ગ | તા | ગ | મ | |
| ન | | આ | શા | | વા | લી | | વ | ર | | ભા |
| ર | ત | | ણ | | ર | | ના | | મ | | વ |
| | સ | ગ | પ | ણ | | પ | ક | ડ | | | તા |
| ચા | વી | | ણ | | વા | ત | | | મ | જા | લ |
| ક | ર | મ | | સ | હ | ન | | ક | ન | ક | |


*નવેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૬ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | | |
|---|---|---|---|---|
| ૭. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - | સેટેલાઈટ, અ'વાદ | બધા સાચા |
| ૮. | જયંતીલાલ વાલજી રાજગોર | - | ભુજપુર | બધા સાચા |
| ૯. | કિશોર જે. શાહ | - | ભુજ | બધા સાચા |
| ૧૦. | પ્રતિમા ગિરીશ શાહ | - | અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | જયચંદ માણેકજી લોડાયા | - | મુંબઈ | બધા સાચા |
| ૧૨. | નવીન શામજી લાલકા | - | ગદગ | બધા સાચા |
| ૧૩. | લક્ષ્મીચંદ વી. ધરમશી | - | બીજાપુર | બધા સાચા |

*ડિસેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૭ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - | અમદાવાદ | બધા સાચા |
| ૨. | શાંતિલાલ વ. શાહ | - | અમદાવાદ | બધા સાચા |
| ૩. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - | ભદ્રા, અમદાવાદ | બધા સાચા |
| ૪. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - | સેટેલાઈટ, અ'વાદ | બધા સાચા |
| ૫. | જયંતીલાલ વાલજી રાજગોર | - | ભુજપુર | બધા સાચા |
| ૬. | શ્રીમતી વસંત મણિલાલ મલ | - | વલસાડ | બધા સાચા |
| ૭. | હસમુખ ડી. દેઢિયા | - | અમદાવાદ | બધા સાચા |
| ૮. | રોહિત આર. ગાંધી | - | અમદાવાદ | ૧ ભૂલ |
| ૯. | સૂરજબેન શાંતિલાલ ત્રેવાડિયા | - | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૦. | સરોજ જયેશ શાહ | - | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૧. | અરવિંદ જે. ભટ્ટ | - | અમદાવાદ | ૪ ભૂલ |

Sathwara Construction
Engineers & Contractors
C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
Ph. : (079) 27525366
Mobile : 98985 76892




## સરનામા ફેરફાર

- **કેકીન અમૃતલાલ પોલડિયા**
  બંગલા નં.-૬, પેરેડાઈઝ વિલા,
  સેક્ટર-એફ, સ્ટર્લિંગ સિટી,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

- **વિશાલ વશનજી મેઘજી ગડા**
  ૪, અવંતિ બંગ્લોઝ, બિલેશ્વર મહાદેવ રોડ,
  સિટી ગોલ્ડ સિનેમા પાસે, સેટેલાઈટ,
  જોધપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

- **કિરણ ઈન્દ્રજિત ત્રેવડિયા**
  ૧૦૩-બી, પુષ્કર-૪, વિતરાગ સોસાયટી સામે,
  પ્રભુદાસ ઠક્કર કૉલેજ રોડ, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## શરણાઈ

- **શુક્રવાર, તા. ૩૦-૧૧-૨૦૧૨**
  **ચિ. અમિત ચંદ્રકાંત ભાણજી મૈશેરી (બાંઢિયા - અમદાવાદ)**
  **ચિ. પ્રિયા જીવરાજભાઈ જૈન (ઔરંગાબાદ - અમદાવાદ)**

- **શુક્રવાર, તા. ૩૦-૧૧-૨૦૧૨**
  **ચિ. અમન જ્યોતીન્દ્ર રવિલાલ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)**
  **ચિ. મમતા બુલચંદ ચંદાની (જયપુર - સુરત)**

- **બુધવાર, તા. ૯-૧૨-૨૦૧૨**
  **ચિ. દર્શન દિલીપ શાંતિલાલ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)**
  **ચિ. માનસી હિમાંશુ અમરકુમાર શાહ (માંડવી - કરનૂલ)**

- **બુધવાર, તા. ૯-૧૨-૨૦૧૨**
  **ચિ. ગૌરવ હસમુખભાઈ ઉગરચંદભાઈ ગઢેચા (ફતેહગઢ - અમદાવાદ)**
  **ચિ. નિધિ જીગીશભાઈ દોશી (અમદાવાદ)**

  *અભિનંદન!*

## અવસાન નોંધ

- **સૂરજબેન મણિલાલ પ્રેમચંદ વસા (મુંદ્રા - અમદાવાદ)** (ઉં.વ. ૮૨)
  બુધવાર, તા. ૨૮-૧૧-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **ખીમચંદભાઈ ખીંયશી મુરજી છેડા (જસાપર - અમદાવાદ)** (ઉં.વ. ૬૪)
  બુધવાર, તા. ૯-૧૨-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયેલ છે.

સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

## કચ્છ દર્શન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો ૧૦મો મુખ્ય કાર્યક્રમ એટલે ભુજ ખાતેનો એક દિવસીય સેમિનાર અને કચ્છ દર્શન. કચ્છ દર્શન માટે ૪૦ વ્યક્તિઓના નામ ફાઈનલ થઈ ગયા છે.

તેઓનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- શુક્રવાર, તા. ૪-૧-૨૦૧૩ — સાંજના ૭.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પરથી ઉપડી રાત્રે ૧૧.૦૦ વાગે કટારિયા રાત્રિ રોકાણ.
- શનિવાર, તા. ૫-૧-૨૦૧૩ — કટારિયાથી વહેલી સવારે રવાના થઈ ધોળાવીરા વિસ્તારની મુલાકાત લઈને રાત્રે ભુજ ખાતે આગમન.
- રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ — ભુજ ખાતે 'કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ' વિષયે આયોજિત સેમિનારમાં ઉપસ્થિતિ.
- સોમવાર, તા. ૭-૧-૨૦૧૩ — કાળો ડુંગર, કચ્છનું રણ, ધોરડો વગેરેની મુલાકાત.
- મંગળવાર, તા. ૮-૧-૨૦૧૩ — લખપતનો કિલ્લો, નારાયણ સરોવર વગેરેની મુલાકાત.
- બુધવાર, તા. ૯-૧-૨૦૧૩ — માંડવી બીચ અને વિજયરાજજી પેલેસ નિહાળીને મુંદ્રા ખાતે અદાણી પોર્ટની મુલાકાત લઈ રાત્રિના અમદાવાદ પરત.

શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર વગેરે લોકો આ કાર્યક્રમનું આયોજન સંભાળી રહ્યા છે.

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

## સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે – મુખ્ય કાર્યક્રમ અંતર્ગત

# યુવાવર્ગ દ્વારા રંગારંગ મનોરંજન કાર્યક્રમની અદ્‌ભુત સફળતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ ટાઉનહોલ મધ્યે બપોરના ૩.૦૦ કલાકથી સાંજના ૭.૦૦ કલાક સુધી સમાજના યુવાવર્ગ દ્વારા મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવેલ. સ્ટેજ ઉપર વિવિધ પ્રકારના મનોરંજનની આઈટમો રજૂ કરીને એક અનેરું આકર્ષણ ઊભું કરેલ હતું. આ રંગારંગ કાર્યક્રમનો આનંદ ૮૦૦થી વધુ વ્યક્તિઓએ માણેલ હતો.

બપોરે બરાબર ૩.૦૦ કલાકે શ્રીમતી જિગીષા મહેતાની પ્રાર્થનાથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સમાજના સભ્યોએ જૂના તથા નવા ફિલ્મી ગીતો દ્વારા પોતાનું કૌશલ્ય દાખવી ઉપસ્થિત શ્રોતાઓને સંગીતની દુનિયામાં ઝુમતા કરી દીધા હતા. કાર્યક્રમને આગળ ધપાવતા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ દ્વારા નિર્દેશિત અને કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરતા 'બનજારા' ગરબાની રમઝટમાં કચ્છી ગીતો અને કચ્છી શબ્દોની સળંગ રજૂઆત કચ્છી માહુને ડોલાવી ગઈ. કચ્છીઓની અલગ અલગ કોમ - જ્ઞાતિઓના પોશાકની ખાસિયત દર્શાવતા 'ફેશન શો'થી ઉપસ્થિત જનમેદની પ્રભાવિત થઈ હતી.

મધ્યાંતર સમયે કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી હરખચંદ કુંવરજી સાવલાનું કલાકારો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પર્યાવરણને સ્પર્શતી નૃત્ય નાટિકા દ્વારા માનવીએ વેરેલ વિનાશની કથા રજૂ કરવામાં આવી હતી. પૃથ્વીની ઉત્પત્તિથી કરીને સજીવ સૃષ્ટિનું આગમન, તેનું અવતરણ, ડાર્વિનના સિધ્ધાંત દ્વારા થયેલ જીવોની ઉત્ક્રાંતિ, ત્યારબાદ માનવ જીવનના પૃથ્વી પરના અવતરણ અને મનુષ્ય દ્વારા થયેલ પર્યાવરણના વિનાશની વાત પ્રકાશ અને અવાજના માધ્યમ દ્વારા સુંદર રીતે કરવામાં આવી હતી. વન - જંગલોનું નિકંદન કરીને મનુષ્ય દ્વારા પર્યાવરણની સમતુલા કેવી રીતે ખોરવી નાખવામાં આવી છે, તેની આબેહૂબ રજૂઆત થઈ હતી. જંગલોના નિકંદનથી વન્ય સૃષ્ટિનું પણ નામાશેષ થઈ રહ્યું છે. નૃત્ય નાટિકામાં ભાગ લેનાર કલાકારોએ પશુ-પંખી, વન્ય જીવનની વેશભૂષા ધારણ કરીને તેની વેદના વ્યક્ત કરતાં બતાવ્યું હતું કે.... 'હે માનવ! તારા સ્વાર્થ ખાતર તું પર્યાવરણનો વિનાશ વેરવા બેઠો છે તે કેટલા અંશે યોગ્ય છે? અમારા જેવા જીવો ક્યાં જશે?' નૃત્ય નાટિકાના અંતમાં વૃક્ષારોપણનો પ્રેરણાત્મક સંદેશો આપી પર્યાવરણના બચાવની ગાથા રજૂ કરી હતી. નાટિકાની કથા-વસ્તુથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની ગયા હતા.

અંતમાં સમાજના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતાએ આ સમગ્ર કાર્યક્રમ સ્ટેજ પર રજૂ કરતાં અગાઉ છેલ્લા દોઢ-બે માસથી ખંતપૂર્વક કરેલ મહેનત માટે બધા કલાકારો તેમજ તેમને તૈયાર કરનાર નિષ્ણાત ટીમના સભ્યોને અભિનંદન આપ્યા હતા.

આ સુંદર કાર્યક્રમના સંપૂર્ણ નિર્દેશન કાર્ય તેમજ સમાજના યુવાવર્ગની અંદર છુપાયેલી કલા શક્તિ મુજબ તેમના પાસે રજૂઆત કરાવવાના પ્રયત્ન અર્થે શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહની સરાહના કરવામાં આવી હતી. તે રીતે કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થાની કામગીરી માટે આ કાર્યક્રમના કન્વીનર શ્રી રજનીકાંત પારેખની પણ સરાહના કરવામાં આવી હતી.

અંતમાં 'અર્લી બર્ડ' કૂપનોનું ડ્રો કરીને વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. તે રીતે બધા જ કલાકારોને પણ પ્રોત્સાહનરૂપે ભેટ આપવામાં આવી હતી.

સંસ્થાના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગીતની શાન જાળવીને કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

*કાર્યક્રમ કન્વીનર : રજનીકાંત પારેખ*

# યુવા પરિચય મિલન સંબંધી પુસ્તિકા

રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ના યોજવામાં આવેલ યુવા પરિચય મિલન સમારંભમાં અનેક લોકો ભાગ લઈ શક્યા નહીં કારણકે કેટલાક લોકોને મોડેથી ખ્યાલ આવ્યો હતો અને કેટલાક લોકો મૂંઝવણ અનુભવતા હોવાના કારણે પોતાના પાલ્ય (યુવક કે યુવતી)ને આ મિલન સમારંભમાં સામેલ કરી શક્યા નહીં. પરંતુ આ બધા જ મહાનુભાવોને પોતાના યુવક-યુવતીની સગાઈનો પ્રશ્ન તો છે જ.

ઉપરોક્ત હકીકતને નજર સમક્ષ રાખીને એ સમયે બહાર પાડવામાં આવેલ યુવા પરિચય મિલનની પુસ્તિકાનું વિતરણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી ચાલુ રાખવામાં આવેલ છે. જેઓને આ પરિચય મિલન પુસ્તિકા પ્રાપ્ત કરવાની હોય તેઓ રૂા. ૨૦૦/- ભરીને શ્રી કચ્છી જૈન ભવન પરથી તે પુસ્તિકા મેળવી શકે છે.

પરિચય મિલન પુસ્તિકાનો સ્ટોક હશે ત્યાં લગી તેનું વિતરણ કરવાનું ચાલુ રાખવામાં આવશે.

**હીરજી પાસુ શાહ**
**કન્વીનર - પરિચય મિલન સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*સંસારની બધી કડવાશ અને ખારાશનું મૂળ છે અભિમાન.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
# પંચમ પરિચય મિલન સમારોહનો અહેવાલ

*લગ્ન પ્રાણ વિકાસનું પર્વ છે*
*સ્વર્ગ પંથનું પગથિયું છે*
*માનવ બાલનો ધર્મ માર્ગ છે*
*પરણવું તે તો પ્રભુતામાં પગલા માંડવા*

– કવિ ન્હાનાલાલ

લગ્ન એટલે પવિત્રતાનું આજીવન પર્વ. પ્રાર્થનામાં બે હાથ જોડાય છે. લગ્નમાં બે હૈયા જોડાય છે. જોડાવું એ જ પવિત્રતાનો પર્યાય છે. આમ, લગ્ન એક અત્યંત જટીલ જવાબદારી છે અને આજના યુગમાં સ્ત્રી પુરુષનું સ્નેહપૂર્ણ સહજીવન બંને માટે ઘણી યોગ્યતાઓ માંગી લે છે. લગ્નમાં સંવાદ અને સુખ સિધ્ધ કરવામાં ઘણો પુરુષાર્થ અને હૈયાઉકલત જોઈએ છે. લગ્નવિધિના રહસ્યોની રોમાંચક વાતોનો સાગર એટલે 'પરિચય મિલન'નું પ્રથમ સોપાન.

આજના યુવક-યુવતીમાં જીવનસાથીના ખ્યાલ અંગેના માહોલમાં આ 'પરિચય મિલન' લગ્ન જીવનની વ્યવસ્થા ગોઠવવામાં સહાયરૂપ થાય છે. બંને અજાણ ઉરમાં પરિચયતાની કેડીઓ મંડાય છે.

આ કેડી ઉપર પગરણ માંડવા તા. ૧૬-૧૨-૨૦૧૨ને રવિવારના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ભવનના પટાંગણમાં ભારતભરનાં સમગ્ર કચ્છી જૈન પરિવારોના લગ્નવાંછુક યુવા-યુવતી ઉમેદવારો માટે પંચમ પરિચય મિલન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૧ યુવાનો તેમજ ૭૨ યુવતીઓએ પોતાના મનપસંદ જીવનસાથી મેળવવા ઉમેદવારી નોંધાવેલ. આ પરિચય મિલનમાં અમદાવાદના ૧૭ યુવકો તેમજ ૩૭ યુવતીઓ, કચ્છથી ૧૬ યુવકો તેમજ ૯ યુવતીઓ, ગુજરાતમાંથી ૧૨ યુવકો અને ૧૧ યુવતીઓ તથા મુંબઈથી ૧૪ યુવકો તેમજ ૪ યુવતીઓ અને અન્ય રાજ્યોમાંથી આવેલ ૨૨ યુવકો અને ૧૧ યુવતી ઉમેદવારોએ પોતાની નોંધણી સંસ્થામાં કરાવેલ. જેમાંથી પોતાના અંગત કારણોસર ૧૩ યુવકો અને ૧૫ યુવતીઓ હાજર રહી શકેલ નહીં.

સવારના ૯.૩૦ કલાકે પંચમ પરિચય મિલનનું શુભારંભ શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના પ્રમુખ ડૉ. ઈલાબેન મનોજ દેઢિયાના પ્રમુખપણા હેઠળ શરૂ થયેલ. પ્રારંભમાં આ પરિચય મિલનમાં પધારેલ અતિથિશ્રીઓ (૧) શ્રી ક.વી.ઓ. સમાજ - જબલપુરના શ્રી જીતેનભાઈ લાલન, (૨) શ્રી ક.દ.ઓ. મહાજન - મુંબઈના ટ્રસ્ટી શ્રી પારસભાઈ પદમશી મૈશેરી, (૩) શ્રી ક.દ.ઓ. મહારાષ્ટ્ર એકમ - ભુસાવળના માનદ્ મંત્રી શ્રી દીપકભાઈ દામજી પોલડિયા, (૪) શ્રી વીસા ઓ.જૈન ગુર્જર જ્ઞાતિ સમાજ - ભુજના પ્રમુખ શ્રી ભદ્રેશ બાબુલાલ શાહ તથા (૫) શ્રી જૈન ગુર્જર સમાજ - સુરતના ટ્રસ્ટી શ્રી કિરણભાઈ ધરમશી પારેખનું સ્ટેજ પર અભિવાદન કરવામાં આવ્યું. જયારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતના પ્રમુખ શ્રી લહેરચંદભાઈ મહેતા અનિવાર્ય કારણોસર હાજર રહી શકેલ નહીં.

સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આવકાર અભિવાદન કરતાં જણાવ્યું કે સંસ્થાના સુવર્ણ જયંતી મહોત્સવ દરમ્યાન ૭૦ જેટલા નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. દીપ પ્રાગટ્ય બાદ પધારેલ અતિથિશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. જેમાં ડૉ. ઈલાબેન મનોજ દેઢિયાનું સંસ્થાના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા દ્વારા, શ્રી જીતેનભાઈ લાલનનું પરિચય મિલનના કન્વીનર શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ દ્વારા, શ્રી પારસભાઈ પદમશી મૈશેરીનું સભ્ય શ્રી જશવંત કોઠારી દ્વારા, શ્રી દીપકભાઈ દામજી પોલડિયાનું સભ્ય શ્રી મહેન્દ્ર વિશનજી શાહ દ્વારા, શ્રી ભદ્રેશભાઈ બાબુલાલ શાહનું સભ્ય શ્રીમતી અમીબેન શાહ દ્વારા તેમજ શ્રી કિરણભાઈ ધરમશી પારેખનું સભ્ય શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

સંસ્થાના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ દ્વારા સમાજ દ્વારા ચલાવાતી મેડિકલ પ્રવૃત્તિઓ, બાળ કલ્યાણ પ્રવૃત્તિઓ તથા શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતે નવનિર્મિત કચ્છ મ્યુઝિયમ અને અન્ય પ્રવૃત્તિઓની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના આમંત્રણને માન આપીને પોતાની જ્ઞાનભરી શૈલીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી - દિલ્હી દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કોર્પોરેટ વ્યક્તિઓને માર્ગદર્શન આપવા માટે નિયુક્ત થયેલ શ્રી નંદક પંડ્યાએ પરિચય મિલન વિશે ઉમેદવારો તેમજ વાલીઓને સમજણ આપેલ.

ત્યારબાદ અતિથિ વિશેષ શ્રી જીતેનભાઈ લાલને પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે લગ્ન, એ આત્માનું મિલન છે, જે નક્કી થાય છે આસમાનમાં અને તેની ઉજવણી ધરતી પર થાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે સમાજને તંદુરસ્ત અને સુસંસ્કૃત રાખવા અર્થે લગ્ન, સમાજની વ્યક્તિઓ વચ્ચે જ થાય તે જોવું જરૂરી છે.

*દુશ્મન બનાવવા છે? સામાની વાત કાપીને તમારું જ ગાણું ગાયા કરો.*

શ્રી પદમશીભાઈ મૈશેરીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે સંબંધમાં યોગ્ય પાત્રની વરણી વૈચારિક સમાધાન દ્વારા થાય તે જરૂરી છે. તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આ જાતના પ્રોગ્રામો અવારનવાર ગોઠવાતા રહે જેથી તંદુરસ્ત સમાજ નિર્મિત થાય. આ બાબતે તેમણે સમાજની પ્રશંસા કરી હતી.

સમારંભના અધ્યક્ષ શ્રી ડૉ. ઈલાબેન દેઢિયાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા યોજવામાં આવેલ 'પંચમ પરિચય મિલન'ની સરાહના કરતાં જણાવેલ કે ખરેખર સમાજની વિગત - નામ ગીનીસ બુકમાં નોંધાવું જોઈએ. વધુમાં તેમણે કહ્યું કે આટલા બધા ઉમેદવારોની માહિતી યોગ્ય રીતે પ્રકાશિત કરવા માટે સંસ્થાની પરિચય મિલન સમિતિને બિરદાવેલ હતી. ઉમેદવારોને પોતાની અંગત તેમજ પરિવારોની જરૂરિયાત મુજબ યોગ્ય પાત્રની વરણી ઘરના સદસ્યો સાથે સંવાદ કરી, સ્નેહ મેળવી લગ્ન જીવન આનંદ મંગલ બને તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

સંસ્થાના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે આભાર પ્રવચનમાં આ કાર્યક્રમના મુખ્ય દાતા શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા અને શ્રીમતી વર્ષાબેન અનિલ હરિયાનો આભાર માનેલ તથા આ પ્રસંગને માટે આવેલ ઉમેદવારો તથા તેમના વડીલોનું તેમજ પોતાનો કિંમતી સમય ફાળવી આ પ્રસંગને દીપાવવા પધારેલ અતિથિશ્રીઓનું તેમજ આ કાર્યક્રમ માટે છેલ્લા કેટલાયે મહિનાથી તૈયારી કરી પ્રસંગને સુંદર ઑપ આપવા બદલ પરિચય મિલન સમિતિનો અને કાર્યક્રમમાં ખડેપગે હાજર રહેલા સંસ્થાના કર્મચારીઓનો — આમ દરેકનો ખૂબ ખૂબ આભાર માનેલ. આજના દિવસે સંસ્થાના વડીલ અને પરિચય મિલન સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુભાઈ શાહના જન્મ દિન ઉજવણી નિમિત્તે તેમને અભિનંદન આપેલ.

ત્યારબાદના કાર્યક્રમમાં ઉમેદવારોએ પોતાના સ્વ-મુખે પરિચય આપેલ જેથી દરેકને પોતાના જીવનસાથી પસંદગી કરવામાં યોગ્યતા રહે. જેના ફળ સ્વરૂપે બપોરના ભોજન બાદ ઉમેદવારોએ પસંદ કરેલ પાત્રો સાથે ગોષ્ઠી - વાતચીતનો દોર રાખેલ. જેથી પસંદગીમાં સરળતા રહે.

આ પ્રસંગે બહારગામથી પધારેલ સર્વે ઉમેદવારોને તેમના વડીલો સાથે રહેવાની વ્યવસ્થા સંસ્થાના ત્રણે ભવન — શાહીબાગ ભવન, ગીતામંદિર એકમ ભવન અને પાલડી ભવન ખાતે કરવામાં આવેલ. જ્યારે સર્વે મહેમાનોને પાલડી ભવન ખાતે ઉતરવાની વ્યવસ્થા કરવામાં આવેલ. આ બાબતે ત્રણે ભવનના કર્મચારી ગણે આપેલ સુંદર સાથ સહકારનો સમિતિ આભાર માને છે.

અંતમાં સાંજે ૭.૦૦ કલાકે કાર્યક્રમની પૂર્ણાહુતિ થયેલ અને સૌ ઉમેદવારો પોતાના દ્વારા પરિચય મિલનની વાતોને મમળાવતા, ભવિષ્યના વિચારોનું ભાથુ બાંધી પોતપોતાના ગંતવ્ય સ્થાને રવાના થયા.

યુવક - યુવતીઓનું પરિચય મિલન — ૨૦૧૨ની પુસ્તિકા રૂા. ૨૦૦/-ની કિંમતે સ્ટોક હશે ત્યાં સુધી પાલડી ભવન ખાતે મળશે.

*અહેવાલ : દિનેશચંદ્ર જગજીવન શાહ*

## "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### આગામી કાર્યક્રમો

★ રવિવાર, તા. ૨૪-૩-૨૦૧૩ અને સોમવાર, તા. ૨૫-૩-૨૦૧૩ એમ બે દિવસનો પાલીતાણાની "છ ગાઉ"ની જાત્રાનો પ્રવાસ રાખેલ છે. જેની માહિતી 'મંગલ મંદિર'ના આગામી અંકમાં આપવામાં આવશે. આ જાત્રામાં પંચતિથિ તથા પાલીતાણામાં રહેવા, ખાવાપીવાની વ્યવસ્થા 'સંકલ્પ' દ્વારા કરવામાં આવશે.

★ ગુરુવાર, તા. ૨૮-૩-૨૦૧૨ના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમ્યાન ધૂળેટીના એક કાર્યક્રમનું આયોજન કરેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમોમાં સમાજનાં દરેક વયના સભ્યોને ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

**વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર :**

*પીયૂષ સાવલા : મો. ૯૮૭૯૪ ૯૬૧૩૯*
*નીતિન શાહ : મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧*
*જીનય શાહ : મો. ૯૦૯૯૫ ૩૪૭૯૮*

*પ્રમુખ / મંત્રી — 'સંકલ્પ'*

**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કટીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

❀

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સામૂહિક શ્રદ્ધાંજલિ સભા

રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ના સવારમાં ૯.૩૦થી ૧૧.૦૦ દરમ્યાન સામૂહિક શ્રદ્ધાંજલિ સભાનું શ્રી કચ્છી જૈન ભવન પર આયોજન ગોઠવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૨ દરમ્યાન સદ્‌ગતિ પામેલ આપણા જ સમાજ પરિવારના સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પવા સૌએ ઉપસ્થિત રહેવાનું અનિવાર્ય બની રહે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે છેલ્લા કેટલાક વર્ષથી સામૂહિક શ્રદ્ધાંજલિ સભાની પ્રણાલી શરૂ કરેલ છે. સમાજના પરિવારો દ્વારા તેનો યોગ્ય પ્રતિસાદ મળેલ છે અને મળતો પણ રહેશે.

અમદાવાદ સ્થિત આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગાયક **શ્રીમતી માયાબેન દીપક** દ્વારા ભાવનામય ગીત-સંગીતની સૂરાવલિ દ્વારા સદ્‌ગત આપ્તજનોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવશે.

વર્ષ ૨૦૧૨ દરમ્યાન સદ્‌ગત આપ્તજપનના પરિવારના સભ્યોએ તથા અન્ય સભ્યોએ સમયસર એટલે કે ૯.૧૫ કલાકે ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે. શ્રદ્ધાંજલિ ગીતો બરાબર ૯.૩૦ વાગે શરૂ કરી દેવામાં આવશે.

દરેક સ્વર્ગસ્થની મોટી સાઈઝની છબી તા. ૧૧-૧-૨૦૧૩ અગાઉ ભવન પર મોકલી આપવી જરૂરી છે. શ્રદ્ધાંજલિ સભા બાદ તે છબી પરત લઈ જઈ શકાશે.

અમારા લિસ્ટ પ્રમાણે સ્વર્ગસ્થોની યાદી નીચે મુજબ છે. એ સિવાયના નામો બાકી રહી જતા હોય તો વહેલાસર મોકલાવી આપવા વિનંતી.

| **ક્રમ** | **સભ્યશ્રીનું નામ** | | | **અવસાનની તારીખ** | |
|---|---|---|---|---|---|
| ૧. | કિશોર વાલજી હીરજી છેડા | જસાપુર | - અબડાસા | મંગળવાર, | તા. ૧૦-૦૧-૨૦૧૨ |
| ૨. | રવિલાલ પોપટલાલ પારેખ | મુંદ્રા | - અમદાવાદ | શુક્રવાર, | તા. ૦૩-૦૨-૨૦૧૨ |
| ૩. | શાંતિલાલ વેલજી કરમશી ગાલા | સાડાઉ | - અમદાવાદ | સોમવાર, | તા. ૨૦-૦૨-૨૦૧૨ |
| ૪. | પ્રવીણ પ્રેમજી લોડાયા | સુજાપુર | - અમદાવાદ | સોમવાર, | તા. ૧૨-૦૩-૨૦૧૨ |
| ૫. | હિંમતલાલ કેશવજી શાહ | ભુજ | - અમદાવાદ | સોમવાર, | તા. ૧૯-૦૩-૨૦૧૨ |
| ૬. | દેવકુંવરબહેન માણેકજી જેઠાભાઈ દંડ | વરાડિયા | - અમદાવાદ | રવિવાર, | તા. ૧૩-૦૫-૨૦૧૨ |
| ૭. | સૂરજલાલ મોતીલાલ મહેતા | માંડવી | - અમદાવાદ | શુક્રવાર, | તા. ૦૮-૦૬-૨૦૧૨ |
| ૮. | સુંદરબહેન લક્ષ્મીચંદ દેવરાજ દંડ | સાંધવ | - અમદાવાદ | શુક્રવાર, | તા. ૨૯-૦૬-૨૦૧૨ |
| ૯. | પ્રેમીલાબહેન માયાચંદ સંઘવી | આડેસર | - અમદાવાદ | શનિવાર, | તા. ૧૮-૦૭-૨૦૧૨ |
| ૧૦. | મગનલાલ ધનજી ગડા | નાના ભાડિયા | - અમદાવાદ | મંગળવાર, | તા. ૦૪-૦૯-૨૦૧૨ |
| ૧૧. | પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | - અમદાવાદ | શનિવાર, | તા. ૦૮-૦૯-૨૦૧૨ |
| ૧૨. | સૂરજબન મણિલાલ પ્રેમચંદ વસા | મુંદ્રા | - અમદાવાદ | બુધવાર, | તા. ૨૮-૧૧-૨૦૧૨ |
| ૧૩. | ખીમચંદ ખીંયશી મુરજી છેડા | જસાપર | - અમદાવાદ | રવિવાર, | તા. ૦૯-૧૨-૨૦૧૨ |

આ પ્રસંગનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

નકરાની યોજનામાં કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકે છે.

વધુમાં વધુ પાંચ નકરા લેવામાં આવશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

*કેટલીક સાદી, સામાન્ય વાતો પચાવીને અમલ કરી શકો તો પણ કોઈ ધર્મગુરુની પાછળ દોડવાની જરૂર નથી.*

# Expressions (એક્સ્પ્રેશન્સ) – ઈન્ટરનેશનલ ફોક ડાન્સ ફેસ્ટિવલ

'સ્પંદન' ગ્રુપ દ્વારા ઈન્ટરનેશનલ ફૉક ડાન્સ ફેસ્ટિવલની તૈયારી સંપૂર્ણ રીતે થઈ ગઈ છે. તે માટે ઉઝબેકિસ્તાનથી ૨૬, ઈસ્ટોનિયાથી ૨૨, કેનેડાથી ૧૩ અને ઝેક રીપબ્લિકથી ૩ કલાકારો તા. ૨-૧-૨૦૧૩ સુધીમાં અમદાવાદ આવી જનાર છે.

લાયન્સ ક્લબ ડિસ્ટ્રિક્ટ - ૩૨૩બી દ્વારા આ બધા જ કલાકારોને બે કે ત્રણના ગ્રુપમાં પોતાના ૧૫થી ૨૦ લાયન્સ સભ્યોને ત્યાં રાખવાના પ્રબંધો થઈ ગયેલ છે. સાથે સાથે 'સ્પંદન' - અમદાવાદ ગ્રુપ પણ પરફોર્મન્સ આપનાર છે.

કાર્યક્રમ સંબંધી પ્રારંભિક વિગત 'મંગલ મંદિર'ના ગયા અંકમાં પ્રસિધ્ધ થઈ છે.

***સંપૂર્ણ કાર્યક્રમ લગભગ નીચે મુજબ ફાઈનલ થઈ રહેલ છે.***

| | | |
|---|---|---|
| ★ બુધવાર, | તા. ૨-૧-૨૦૧૩ | અલગ અલગ ૪ દેશોમાંથી આર્ટિસ્ટો અમદાવાદ આવશે. |
| ★ ગુરુવાર, | તા. ૩-૧-૨૦૧૩ | સાંજના ભાગે કર્ણાવતી ક્લબ ખાતે ગ્રાન્ડ ઓપનિંગ. |
| ★ શુક્રવાર, | તા. ૪-૧-૨૦૧૩ | પરદેશી કલાકારોને અમદાવાદ તથા તેની આજુબાજુના જોવાલાયક સ્થળોની મુલાકાતે લઈ જવામાં આવશે. |
| ★ શનિવાર, | તા. ૫-૧-૨૦૧૩ | સવારના ભાગે – ડી.એમ.ડી. સ્કૂલ ખાતે એક ગ્રુપનો કાર્યક્રમ<br>સાંજના ભાગે – ગુલમહોર ગ્રીન ખાતે કાર્યક્રમ |
| ★ રવિવાર, | તા. ૬-૧-૨૦૧૩ | સવારના ભાગે – ટ્રાફિક અવેરનેસનો કાર્યક્રમ<br>સાંજનો કાર્યક્રમ હવે પછી નક્કી થશે. |
| ★ સોમવાર, | તા. ૭-૧-૨૦૧૩ | સવારના ભાગે - સ્કૂલ ખાતેનો કાર્યક્રમ<br>સાંજના ભાગે - લાયન્સ ડિસ્ટ્રિક્ટ ૩૨૩/બી આયોજિત કાર્યક્રમ. |
| ★ મંગળવાર, | તા. ૮-૧-૨૦૧૩ | વડોદરા ખાતે – સવારના ભાગે સ્કૂલમાં કાર્યક્રમ<br>સાંજના ભાગે - જાહેર કાર્યક્રમ |
| ★ બુધવાર, | તા. ૯-૧-૨૦૧૩ | ફ્રી ડે. વિવિધ ભારતીય કુટુંબોની મુલાકાત. |
| ★ ગુરુવાર, | તા. ૧૦-૧-૨૦૧૩ | કાર્યક્રમ નક્કી કરવાનો બાકી છે. |
| ★ શુક્રવાર, | તા. ૧૧-૧-૨૦૧૩ | સુરત ખાતે કાર્યક્રમ |
| ★ શનિવાર, | તા. ૧૨-૧-૨૦૧૩ | સુરત ખાતે કાર્યક્રમ |
| ★ રવિવાર, | તા. ૧૩-૧-૨૦૧૩ | ચારે દેશના કલાકારોની ભારતમાંથી વિદાય. |

ઉપરોક્ત કાર્યક્રમને આયોજનબધ્ધ રીતે પાર પાડવા ફાલ્ગુની હીરેન, હીરેન કે. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, પ્રદીપ મહેતા, સંદીપ મહેતા, સંદીપ ઝવેરી, નિમેષ પરમાર, ચિંતકભાઈ, મૂકેશભાઈ ઠક્કર વગેરે લોકો દરરોજ સાંજના મળીને યોગ્ય ઑપ આપી રહ્યા છે.

એક કચ્છી જૈન કલા સંસ્થા દ્વારા એકલે હાથે, કોઈ પણ સરકારી મદદ વગર, જ્યારે અમદાવાદમાં ૪ દેશોના કલાકારોને બોલાવીને 'ઈન્ટરનેશનલ ફૉક ડાન્સ ફેસ્ટિવલ' ઉજવાઈ રહેલ છે ત્યારે તેની મહેનતને આપણે સૌ સફળતા ઈચ્છીએ. તેમની જરૂરિયાતમાં સહભાગી બનીએ.

***– તંત્રી મંડળ, 'મંગલ મંદિર'***

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps
**કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**
સ્થાપના ૧૯૫૮
ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

# બાળ કલ્યાણ સમિતિ

## તારા દર્શન અને ઘુડખર અભયારણ્યનો આનંદદાયી પ્રવાસ

★

**બાળ કલ્યાણ સમિતિ દ્વારા આયોજિત તારા દર્શન અને ઘુડખર અભયારણ્યના પ્રવાસનો અહેવાલ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી નિમિત્તે સમિતિ દ્વારા સમાજના ૪૪ બાળકો અને ૧૨ વાલીઓ સાથે તા. ૧૫ અને ૧૬ ડિસેમ્બરના રોજ 'અલૌકિક ઉપવન' — તારા દર્શનનો તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના બજાણા ખાતે આવેલા ખારાઘોડાના ઘુડખર અભયારણ્યના બસ દ્વારા એક રસપ્રદ અને માહિતીગાર પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

સાંજે 'ધાકડી' મુકામે સાંજનું ભોજન લઈ સૌ ઉપરિયાળા નજીક આવેલ 'અલૌકિક ફાર્મ' પહોંચ્યા હતા. ત્યાંની વ્યવસ્થા અને આહ્લાદયુક્ત વાતાવરણથી સૌ પ્રભાવિત થયા હતા.

નૈસર્ગિક સ્થળે બનાવેલ કચ્છના ભૂંગાઓ, ખાટલાના હીંચકા, સાપસીડી જેવી લપસણી અને વોલીબોલ વગેરે રમતની સૌએ મજા માણી.

રાત્રિના ખગોળવિદ્ શ્રી પ્રથમભાઈએ ટેલિસ્કોપ દ્વારા બાળકોને 'તારા દર્શન' નિહાળવાનો અમૂલ્ય લહાવો આપ્યો હતો. તેમણે ધ્રુવ તારા સાથે વિવિધ તારા, નક્ષત્ર, રાશિ વગેરેની રસપ્રદ રીતે ઓળખ કરાવીને તેના સંબંધી જરૂરી વિગતની જાણકારી આપી હતી.



સમિતિ વતી શ્રી રજનીકાંત પારેખ દ્વારા
ખગોળવિદ્ શ્રી પ્રથમભાઈ (વચ્ચેના ભાગમાં)નું બહુમાન



તારા દર્શને આવેલા બાળકો

વિજ્ઞાન અને રોકેટ વિશે જેમને રસ હોય તેવા ૧૧થી ૧૬ વર્ષની વયના યુવાનોને તેઓ જરૂરી માર્ગદર્શન આપીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત થાય તેવી તાલીમ આપતા હોય છે.

અલૌકિક વાતાવરણમાં બાળકોએ મોડી રાત્રિ સુધી વિવિધ પ્રકારની રમતગમતની મજા માણી હતી.

સવારે ઉપરિયાળાથી બજાણા ખાતે આવેલા ઘુડખરના રણની મુલાકાત લીધી હતી. ફોરેસ્ટ ઓફિસર શ્રી મકવાણા અમારી સાથે હતા. તેમણે ઘુડખર અને ફ્લેમિંગો બતાવીને રણની માટી, નીમક તથા ત્યાં આવતા દરિયાના પાણી વિશે સૌને માહિતગાર કર્યા હતા.

આ રીતે સમગ્ર પ્રવાસ સૌએ આનંદપૂર્વક માણ્યો હતો અને જ્યારે અમદાવાદ પરત આવ્યા ત્યારે દરેકની એક જ વાત હતી કે 'આવો પ્રવાસ બીજી વખત ક્યારે કરશો?'

*રજૂઆત : રજનીકાંત પારેખ, બાળ કલ્યાણ સમિતિ*

# વયસ્ક સમિતિ

## 'ડાયરા'ના કાર્યક્રમનું આયોજન

લોક સંસ્કૃતિથી રસબોળ થવા, સમિતિ દ્વારા 'ડાયરા'ના એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

**કાર્યક્રમની વિગત**

*શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩*

*સ્થળ :* શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

*સમય :* સાંજે ૬.૩૦ — ભોજન (વડીલો માટે) (ચૌવિહારની વ્યવસ્થા છે.)

રાત્રે ૮.૦૦ — ડાયરો.

રસપ્રદ ડાયરાના કાર્યક્રમને માણવા માટે સમાજના સર્વે પરિવારજન સભ્યોને પણ આમંત્રિત કરવામાં આવે છે. તેઓશ્રીએ રાત્રિના ૭.૪૫ વાગે ઉપરોક્ત સ્થળે પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવાનું રહેશે.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

*દુનિયામાં ભલે બધું જ ખરાબ હોય, તમારા પૂરતું તમે કેટલું સારું કરી શકો?*

## નવનીત મેડિકલ સેન્ટર તથા
## શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરમાં સમાજના નોંધાયેલ સભ્ય પરિવારજનોના દસ વર્ષ સુધીની વયવાળા બાળકોને જરૂરી રસીઓ નિઃશુલ્ક નિયમિત ધોરણે આપવાની યોજના લાંબા સમયથી અમલમાં છે.

આ યોજના હેઠળ ચાલુ વર્ષ (એપ્રિલ ૨૦૧૨થી નવેમ્બર ૨૦૧૨) દરમ્યાન નીચે પ્રમાણેની રસીઓ સમાજના લાભાર્થી બાળકોને મૂકવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| • ઈમીફાઈવ | હીપેટાઈટીસ-બી + એચ.આઈ.બી. + ટ્રીપલ | ૨૯ |
| • ઈમીફોર | એચ.આઈ.બી. + ટ્રીપલ | ૧૪ |
| • હીપેટાઈટીસ-એ | કમળાની રસી | ૧૩ |
| • હીપેટાઈટીસ-બી | કમળાની રસી | ૩ |
| • એચ.આઈ.બી. (હીબ) | મગજના તાવની રસી | ૧ |
| • ચીકનપોક્ષ | અછબડાની રસી | ૫ |
| • મિઝલ્સ | ઓરીની રસી | ૧૦ |
| • એમ.એમ.આર. | ગાલ પચોળિયું, ઓરી, રુબેલા | ૯ |
| • ઓ.પી.વી. | ઑરલ પોલિયો | ૪૯ |
| • ટ્રીપલ | ડિપ્થેરિયા, હુપીંગ કફ, ધનુરની રસી | ૬ |
| • ટાઈફોઈડ | ટાઈફોઈડ પ્રતિકારક રસી | ૫ |

સમાજના નોંધાયેલા સભ્ય પરિવારજનોના બાળકો માટે ઉપરોક્ત રસીકરણ ઉપરાંત નીચે મુજબ બે પ્રકારની રસીઓની એક ખાસ યોજના આ અગાઉ જાહેર કરવામાં આવી છે.

- ન્યુમોકોકલ (ન્યુમોનિયાની રસી)
- રોટા વાઈરસ (ઝાડાની રસી)

સમાજના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે માસ એપ્રિલ-૨૦૧૩ સુધી જ ઉપરોક્ત બે રસીઓ નિઃશુલ્ક ધોરણે આપવાની આ ખાસ યોજના છે. જેમાં અનુક્રમે ૧૬ અને ૧૫ સમાજના બાળકોએ માસ નવેમ્બર-૨૦૧૨ સુધી લાભ લીધેલ છે.

આ રીતે સમાજના નોંધાયેલા બાળકોને ઉપર જણાવેલ સમય દરમ્યાન કુલ રૂા. ૧,૧૪,૭૧૦ની રસીઓ મૂકવામાં આવી છે.

### આગામી તબીબી નિદાન કેમ્પ

★ આંખની તપાસનો નિઃશુલ્ક નિદાન કેમ્પ

★ રાહત દરે મોતિયાના ઑપરેશન

ઉપરોક્ત વિષયે વધુ વિગત અર્થે મેડિકલ સેન્ટરનો સંપર્ક કરી શકાય છે.

*કન્વીનર : કાંતિલાલ સાવલા, તબીબી સેવા સમિતિ*

## યુવા વિકાસ સમિતિ

### વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ

તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા સારી સંખ્યામાં પરિવારજનો ઉપસ્થિત હતા.

વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાઓના નામ નીચે મુજબ છે.

**શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)**

- *પ્રથમ* : સ્તુતિ ઉદયભાઈ કારાણી
- *દ્વિતીય* : કેતકી નિખિલભાઈ મહેતા
- *તૃતીય* : કુશ હીરેન શાહ

**સુજાકો સંગીત હરીફાઈ (નૃત્ય)**

- *પ્રથમ* : રિયા મહેક સંઘવી
- *દ્વિતીય* : હેત સંદીપ મહેતા

**શ્રી ગૂર્જર સંગીત હરીફાઈ (વાદ્ય)**

આ સ્પર્ધામાં ફક્ત એક જ સ્પર્ધક જય મનીષ છાડવા હતા, તેથી સ્પર્ધા રદ કરી હતી. પરંતુ જય એ તેમના વાદ્ય - કેશિયો પર લયબદ્ધ ગીતની ધૂન બજાવીને દરેકના દિલ જીતી લીધા હતા.

**શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ**

પરિણામ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં જાહેર કરાશે.

દરેક વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન.

નૃત્ય અને કંઠ્ય હરીફાઈમાં હર્ષ પટેલ, દર્શિન શાહ અને ધવલ મોદીએ નિર્ણાયક તરીકેની સેવા આપેલ હતી.

*— કન્વીનર*

*જીવનને ગુલાબ બનાવવું કે ડુંગળી, એ તમારા પોતાના હાથની વાત છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૨

- **સોમવાર, તા. ૨૬-૧૧-૨૦૧૨**

'મંગલ મંદિર'ના તંત્રી મંડળના શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતાએ સવારમાં 'ગુજરાત મેગેઝિન ક્લબ'ના અગ્રણી શ્રી પી.કે. લહેરીની મુલાકાત લીધેલ હતી. વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫ની વચ્ચે પોસ્ટ કરવામાં આવેલ મેગેઝિન 'મંગલ મંદિર' પર લગભગ રૂા. ૧,૨૩,૦૦૦/-નું લેણું કેગના ઑડિટ રિપોર્ટના આધારે પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા કાઢવામાં આવેલ છે. તે સંબંધી સલાહ લેવા આ મુલાકાતનું આયોજન હતું. ચર્ચાના નિષ્કર્ષ પછી શ્રી ક.જૈ.સે.સ. દ્વારા પોસ્ટલ ડિપાર્ટમેન્ટ પર જરૂરી પત્ર લખવામાં આવેલ હતો.

★

ત્યારબાદ શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી પરાશર વ્યાસ પોસ્ટલ ડિપાર્ટમેન્ટની નવરંગપુરા અને ખાનપુર ખાતેની ઓફિસે વિભાગીય ઓફિસર સાથે જરૂરી ચર્ચા કરવા ગયેલ હતા. નવરંગપુરા પોસ્ટલ ઓફિસ દ્વારા જણાવવામાં આવેલ કે આ બાબતે લેખિત જાણ કરવામાં આવશે.

★

કચ્છથી શ્રી લીલાધરભાઈ ગડા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતેના સેમિનારમાં સ્વાસ્થ્ય વિષયે તેઓશ્રી વક્તવ્ય આપશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૨૭-૧૧-૨૦૧૨**

શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી પરાશર વ્યાસ આજે પણ નવરંગપુરા પોસ્ટ ઓફિસે જઈ આવ્યા. 'મંગલ મંદિર'ના પોસ્ટિંગ બાબતે ચર્ચા કરી. તેઓએ મોકલવાનો પત્ર હજુ સુધી તેઓ દ્વારા તૈયાર થયેલ નથી તેવું જણાવવામાં આવ્યું હતું.

★

હરિદ્વારથી શ્રી ભરત ઝુનઝુનવાલા શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. શ્રી ભરત ઝુનઝુનવાલા 'જન્મભૂમિ' તથા 'કચ્છમિત્ર' વર્તમાનપત્રોના કટાર લેખક છે. તેઓના સંશોધન અનુસાર આજે જેને આપણે 'ધોળાવીરા' તરીકે ઓળખીએ છીએ, તે તેઓના હિસાબે ભૂતકાળમાં રામાયણમાં દર્શાવેલ 'લંકા' હતી. આ બાબતે તેઓએ વિગતવાર ચર્ચા કરેલ હતી.

★

'કચ્છી યલો પેજિસ' બાબતે શ્રી મનુભાઈ શાહ સાથે વિગતવાર ચર્ચા થઈ હતી.

- **બુધવાર, તા. ૨૮-૧૧-૨૦૧૨**

રાત્રે કચ્છી યલો પેજિસ અને લાઈબ્રેરી સમિતિની સંયુક્ત મીટિંગ મળેલ હતી. શ્રી મનુભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી, શ્રી મહેન્દ્ર વ. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. યલો પેજિસના આવેલ ફોર્મ, ભવિષ્યમાં મંગાવવાના ફોર્મ, યલો પેજિસનો કોઠો વગેરે અંગે ચર્ચા કરવામાં આવી હતી. લાઈબ્રેરી સભ્યોની બુકના વપરાશ અંગે ચર્ચા કરવામાં આવી હતી. લગભગ ૧૫૦ સભ્યો લાઈબ્રેરી બુક્સનો વાંચન કરવા માટે ઉપયોગ કરે છે તેની નોંધ લેવામાં આવી હતી.

- **ગુરૂવાર, તા. ૨૯-૧૧-૨૦૧૨**

શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી પરાશર વ્યાસ આજે પણ નવરંગપુરા અને ખાનપુર સર્કલ પોસ્ટ ઓફિસમાં વિભાગીય અધિકારીશ્રીને મળી આવ્યા. શ્રી ક.જૈ.સે.સ.ને આપવાની વિગતોનો પત્ર હજુ પણ પોસ્ટ ખાતા દ્વારા તૈયાર થયેલ ન હતો.

- **શનિવાર, તા. ૧-૧૨-૨૦૧૨**

'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૧૨ના અંકમાં અમૂલ આઈસ્ક્રીમમાં અન્ય વસ્તુઓનો વપરાશ થાય છે તેવા લેબોરેટરી પરીક્ષણવાળી માહિતી પ્રસિધ્ધ થતાં અમૂલ ડેરીના વકીલ શ્રી નાણાવટી દ્વારા આવેલ નોટીસનો જવાબ આપવા આજરોજ જરૂરી વિગત ઍડવોકેટ શ્રી ધન્વીન કાંતિલાલ પૂજને મોકલી આપવામાં આવી હતી.

★

આજ રોજ રાત્રે ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. ૧૩ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં ઈમ્પેક્ટના પ્રશ્નો અંગે, નવનીત ભવનની બી.યુ. પરમિશન અંગે, પર્યાવરણ સમિતિના વૃક્ષારોપણ તથા કાગળની થેલીઓ બનાવવાના કાર્યક્રમ અંગે, માતૃવંદના - બિદડાના ટ્રસ્ટ વિષે,તા. ૨-૧૨-૧૨ના સમાજના બાળકો દ્વારા યોજાનાર મનોરંજન કાર્યક્રમ અંગે, તા. ૧૬-૧૨-૧૨ના યોજાનાર યુવક-યુવતી પરિચય મિલન અંગે, તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતે યોજવામાં આવનાર સેમિનાર બાબતે, તા. ૪-૧-૨૦૧૩થી તા. ૯-૧-૨૦૧૩ના કચ્છ દર્શન પ્રવાસ અંગે, ફેબ્રુઆરી-૨૦૧૩માં અમદાવાદમાં યોજવામાં આવનાર 'કચ્છી મેળા' અંગે, તા. ૧૭-૩-૨૦૧૩ના અમદાવાદ સ્થિત મહાનુભાવોના સન્માન અંગે તથા કચ્છમાં ઉગાડવામાં આવનાર ઘાસચારા વિષે તથા અમૂલ ડેરીના ઍડવોકેટની આવેલ નોટીસ અંગે વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨**

આજરોજ ટાઉનહોલ ખાતે સમાજના બાળકો દ્વારા એક મનોરંજન કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ હતો. અંદાજિત ૮૦૦ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. લગભગ ૭૦ જેટલા કલાકારોએ ભાગ

*આખી દુનિયા તમને તરછોડીને ચાલી જાય ત્યારે તમારી પાસે આવીને ઊભો રહે તે જ ખરો મિત્ર!*

લીધેલ હતો. શ્રીમતી ફાલ્ગુની હીરેને આ કાર્યક્રમની કોરિયોગ્રાફી કરેલ હતી. કાર્યક્રમ ખૂબ જ સફળ રહેવા પામેલ હતો. ત્યારબાદ બધા જ કલાકારો સાથે શ્રી કચ્છી જૈન ભવન પર સમૂહ ભોજન ગોઠવવામાં આવેલ હતું. દરેક કલાકારોને પ્રોત્સાહક ઈનામો સમાજ તરફથી આપવામાં આવેલ હતા.

- **સોમવાર, તા. ૩-૧૨-૨૦૧૨**
ઑનલાઈન ઈન્ફોકોમવાળા શ્રી રાગેશભાઈ શાહ સાથે આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. મેડિકલ સમિતિ તથા યુવા વિકાસ સમિતિના સભ્યો શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી અશ્વિન સાવલા, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રી હીરેન કે. શાહ, શ્રી કિરીટ નંદુ, શ્રી પંકજ ગોગરી, શ્રી બૉબી વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી રાગેશભાઈ શાહે ઑનલાઈન મશીન અંગે જાણકારી આપેલ હતી કે જેના કારણે દર્દી કોઈપણ સ્થળે હોય પરંતુ મશીન જે સ્થળે મૂકવામાં આવે (દા.ત. શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં) ત્યાંના ડૉક્ટર તેના રોગનું નિદાન કરીને તેના ઉપચાર માટે જરૂરી સૂચનો આપી શકે.

- **મંગળવાર, તા. ૪-૧૨-૨૦૧૨**
ઘાટલોડિયા - અમદાવાદ ખાતે ૨૦૦ વારના પ્લોટમાં ડૉ. અતુલ શાહ એક મેડિકલ સેન્ટર ચલાવે છે કે જે તેમણે વેચવાનું હોવાથી તેઓ આજે શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેમની સાથેની મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી અશ્વિન સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી દિનેશ મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મેડિકલ સેન્ટર શ્રી ક.જૈ.સે.સમાજ વેચાતું લઈ લે તે અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૫-૧૨-૨૦૧૨**
આજરોજ સાંજના શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી નરેન્દ્ર ખોનાએ ડૉ. અતુલ શાહના ઘાટલોડિયા ખાતેના મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ, તેઓ સાથે જરૂરી ચર્ચા કરી હતી.

- **ગુરૂવાર, તા. ૬-૧૨-૨૦૧૨**
આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી વીરેન ધીરજલાલ શાહ (ભુજ) શ્રી નરેન્દ્ર છ. શાહની ઓફિસે મળેલ હતા અને રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના સેમિનાર અંગેની જરૂરી ચર્ચા કરેલ હતી. વિવિધ સૌજન્ય દાતાશ્રીઓ, આમંત્રિતો, જમણવાર, વોલન્ટિયર, પ્રોજેક્ટર, ફોટોગ્રાફર, ઍંકર વગેરે અંગે વિસ્તૃતપણે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★

આજરોજ શ્રી વિમેશ શાહે આવતા કાર્યક્રમોમાં જોઈતા વોલન્ટિયર્સ અંગે શ્રી અશોક મહેતા સાથે ચર્ચા કરેલ હતી.

- **શુક્રવાર, તા. ૭-૧૨-૨૦૧૨**
આજરોજ ભુજ ખાતે શ્રી અશોક મહેતા તથા શ્રી વીરેન ધીરજલાલ શાહ શ્રી હિંમતભાઈ દામા તથા શ્રી રજનીભાઈ પટવાને તા. ૬-૧-૨૦૧૩ના સેમિનારના અનુસંધાને મળેલ હતા. સૌજન્યના લિસ્ટમાં તેમના નામોનો સમાવેશ કરવાનું બંનેએ સ્વીકારેલ હતું.

★

આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી મહેન્દ્રભાઈ ગઢવી તથા શ્રી તારાચંદભાઈ છેડાની માંડવી ખાતે એક જરૂરી મીટિંગ ગોઠવવાનું આયોજન કરવામાં આવેલ હતું. જરૂરી ચર્ચા વિચારણા કરી આવતા દિવસોના આયોજનો ફાઈનલ કરવામાં આવેલ હતા.

- **શનિવાર, તા. ૮-૧૨-૨૦૧૨**
આજરોજ ભુજ ખાતે શ્રી મૂકેશભાઈ ઝવેરીને શ્રી અશોક મહેતા રૂબરૂ મળેલ હતા. તા. ૬-૧-૨૦૧૩ના સેમિનાર વિષે ચર્ચા કરવામાં આવેલ. શ્રી મૂકેશભાઈ ઝવેરીએ શ્રી એસ. જગદીશન, આઈ.એ.એસ., મેનેજિંગ ડાયરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. સાથે ફોનથી સેમિનાર અંગે જરૂરી ચર્ચા કરેલ હતી.

★

વધારાના પાણીના આયોજન વિષે વક્તવ્ય આપવા કચ્છ સિંચાઈ વર્તુળના એન્જિનિયર સાથે શ્રી અશોક મહેતાએ જરૂરી ચર્ચા કરેલ હતી.

★

શ્રી અશોક મહેતા તથા શ્રી વીરેન શાહે વાગડ બે ચોવિસી મિત્ર મંડળના પ્રમુખ શ્રી ભદ્રેશભાઈ ગણેશભાઈ દોશીને તા. ૬-૧-૨૦૧૩ના સેમિનાર નિમિત્તે તેમની ભુજની જગ્યાના વપરાશ અંગે જરૂરી ચર્ચા કરેલ હતી.

- **સોમવાર, તા. ૧૦-૧૨-૨૦૧૨**
આજરોજ ગાંધીનગર સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટર શ્રી એસ. જગદીશનને મળી તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતેના સેમિનારમાં પધારવાનું તેમની સાથે નક્કી કર્યું હતું.

★

ત્યારબાદ ડૉ. એમ.બી. જોષી, શ્રી આર.જી. આચાર્ય તથા શ્રી બી.પી. સુતરિયાને પણ નર્મદા નિગમ ખાતે મળ્યા. કચ્છમાં પાણી મંડળીઓ બનાવવા વિષે પણ ચર્ચા કરેલ હતી.

- **મંગળવાર, તા. ૧૧-૧૨-૨૦૧૨**
રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ની સામૂહિક શ્રધ્ધાંજલિ સભામાં ગીતો / સ્તવનો ગાવા શ્રીમતી ફાલ્ગુની હીરેને આજે શ્રીમતી માયાબેન દીપક સાથે વાત કરેલ હતી.

★

આજરોજ શ્રી કે.આર. શાહ તથા શ્રી પ્રતાપ નારાણજી દંડ કચ્છી મેળાની તૈયારી માટે બે-ત્રણ દિવસના પ્રોગ્રામ સાથે ભુજ ગયેલ છે.

- **બુધવાર, તા. ૧૨-૧૨-૨૦૧૨**
આજરોજ એચ.કે. ટ્રાવેલ્સના શ્રી વિનોદભાઈ હરૂભાઈ પટેલ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેઓની ઉદેપુરથી માંડવી જતી લક્ઝરી બસ શ્રી

કચ્છી વિશ્રામ ગૃહ પર સ્ટોપેજ કરે તે બાબતે ચર્ચા કરી નક્કી કર્યું. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના કચ્છના મુસાફરોનું બુકિંગ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરથી જ કરે તેવું નક્કી કર્યું. બસ રાત્રે ૯.૩૦ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર આવશે. તેનો રૂટ ઉદેપુર - શ્રી કચ્છી વિશ્રામ ગૃહ (શાહીબાગ) - પાલડી - ધ્રાંગધ્રા - ગાંધીધામ - મુંદ્રા - માંડવી રહેશે. તેજ રીતે ભુજના પેસેન્જરોને તે બસ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરથી લાવી, પાલડીથી ભુજની બસમાં બેસાડશે. આ રૂટ તા. ૧૩-૧૨-૧૨થી જ શરૂ કરવાનું નક્કી કરેલ હતું. ત્યારબાદ શ્રી વિનોદ પટેલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જઈ શ્રી નીતિન ધનજી ગાલાને પણ મળેલ હતા.

★

શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહ કચ્છી મેળાના અનુસંધાને ભુજમાં તથા તેની આજુબાજુના ગામોમાં અનેક લોકોને મળેલ હતા.

- **ગુરૂવાર, તા. ૧૩-૧૨-૨૦૧૨**

તા. ૧૭-૩-૧૨ના સન્માન કાર્યક્રમ અંગે તે સમિતિની મીટિંગ આજરોજ ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી નરેન્દ્ર છ. શાહ ઉપસ્થિત રહેલ હતા. વિવિધ વિભાગોમાંથી સન્માનને પાત્ર એવા અંદાજિત ૭ નામો નક્કી કરવામાં આવેલ હતા.

★

તા. ૧૬-૧૨-૧૨ના પરિચય મિલન સમયના જમણવાર માટે જમણવાર સમિતિની એક મીટિંગ, આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રી સંદીપ મહેતા, શ્રી પીયૂષ સાવલા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી તથા શ્રીમતી અમીબેન શાહ ઉપસ્થિત રહેલ હતા. જરૂરિયાત અનુસારના નિર્ણયો લેવામાં આવેલ હતા.

★

આજરોજ સવારમાં શ્રી કલ્યાણજી રવજી રાંભિયા, શ્રી નીતિન ધનજી ગાલા, ઈન્ટીરિયર ડિઝાઈનર શ્રી શૈલેષભાઈ તથા વર્ક કન્સલ્ટન્ટ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેઓએ શ્રી અશોક મહેતા સાથે શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ૬ રૂમ રીનોવેટ કરવા અંગે ચર્ચા કરેલ હતી.

- **શનિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૨**

શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહ કચ્છના ત્રણ દિવસના પ્રવાસ પછી આજરોજ અમદાવાદ પરત આવ્યા. અમદાવાદ ખાતે ફેબ્રુઆરી-૨૦૧૩ના યોજવામાં આવનાર કચ્છી મેળાના અનુસંધાને તેઓએ ભુજ, નીરોણા, લોડાઈ, માંડવી વગેરે સ્થળે અલગ અલગ વિભાગના લગભગ ૩૦ જેટલા કસબીઓની મુલાકાત લીધેલ હતી. તેઓ બધા કચ્છી મેળામાં ભાગ લે તે પ્રકારની ચર્ચા તેઓએ આ કસબીઓ સાથે કરેલ હતી.

- **રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨**

આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર યુવક - યુવતી પરિચય મિલન સમારંભ યોજવામાં આવેલ હતો. આ સમારંભમાં ૮૧ યુવકો અને ૭૨ યુવતીઓએ ભાગ લીધેલ હતો. ૧૫૩ યુવક-યુવતીઓની વિગત દર્શાવતી બુક પણ આ સમયે બહાર પાડવામાં આવેલ હતી. શરૂના ઉદ્‌ઘાટન ફંકશનમાં મંચ પર સમારંભ અધ્યક્ષ, અતિથિ વિશેષશ્રીઓ, શ્રી ક.જૈ.સે.સ.ના હોદ્દેદારો તથા પરિચય મિલન સમિતિના સભ્યો બિરાજમાન હતા. ત્યારબાદ ઉપસ્થિત દરેક યુવક તથા યુવતીઓએ સ્વમુખેથી પોતાનો પરિચય આપેલ હતો. લંચ બાદ જરૂરિયાત મુજબની યુવક-યુવતીઓની મીટિંગનો દોર ચાલુ રાખવામાં આવેલ. સમગ્ર દિવસનો કાર્યક્રમ ખૂબ જ રસમય બની રહેલ હતો.

- **સોમવાર, તા. ૧૭-૧૨-૨૦૧૨**

કચ્છી મેળા અંગેની પ્રેસનોટ શ્રી કે.આર. શાહ તથા શ્રી પ્ર.ના. દંડે સાથે રહીને તૈયાર કરેલ હતી. ત્યારબાદ તેને પ્રસારિત કરવા કચ્છમિત્ર - ભુજ પર મોકલી આપવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૧૮-૧૨-૨૦૧૨**

આજરોજ સવારમાં શ્રી કે.કે. ગજ્જર ભવન પર આવેલ હતા. તેમની સાથેની મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. ઈમ્પેક્ટનું ફોર્મ તાત્કાલિક ભરી દેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★

વર્તમાનપત્રમાંથી કાગળની બેગ બનાવવા પાપા ટ્રસ્ટના શ્રી સિધ્ધાર્થભાઈ સાથે આજરોજ ફોન પર વાત થયેલ હતી. તેઓ હવે પછીના દિવસોમાં આ કાર્ય ભવન પર શરૂ કરાવશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

★

આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા, શ્રી વીરેન મોરબિયા તથા મોદી લેબોરેટરીવાળા શ્રી અલ્પેશભાઈ શ્રી અતુલ સોનીને મળવા તેમની સી.જી. રોડ પરની ઓફિસે ગયેલ હતા. વિવિધ સ્ટાન્ડર્ડ આઈસ્ક્રીમ લેબોરેટરીમાં ટેસ્ટ કરવા અંગે ટેકનીકલ ચર્ચા કરવામાં આવેલ હતી.

★

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે લખાવેલ કચ્છના સર્વાંગી ઈતિહાસનું રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતે વિમોચન કરવાનું શ્રી દામજીભાઈ એંકરવાલા, શ્રી મનુભાઈ શાહ તથા શ્રી હંસરાજભાઈ કંસારા સાથે ફોન પર વાત કરી, ફાઈનલ નિર્ણય લેવામાં આવેલ હતો. શ્રી શશીકાંત ઠક્કર, શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા સાથે પણ ફાઈનલ નિર્ણય લેતા અગાઉ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરૂવાર, તા. ૨૦-૧૨-૧૨**

મુંબઈના અતિથિ ભવનનો પૂનમ બિલ્ડર્સ સાથે એગ્રીમેન્ટ કરવાનો ડ્રાફ્ટ પૂનમ બિલ્ડર્સના શ્રી પારસે અગાઉ મોકલી આપેલ હોવાથી શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી પ્ર.ના. દંડે ચર્ચા કરી તેની વિગતો સમજેલ હતી. આ ડ્રાફ્ટ સમાજના સોલીસીટર શ્રી શશાંકને મુંબઈ મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★

આજરોજ પાલડીના ૫૭૪ ચો.વારના પ્લોટ માટે એસ્ટેટ એજન્ટ શ્રી ઈસ્માઈલભાઈ ભવન પર આવેલ હતા. તેમની સાથે વિગતો સમજી લીધેલ હતી. મકાન માલિક શ્રી દેવાંગ ઠક્કરને શનિવાર, તા. ૨૨-૧૨-૧૨ના રોજ મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૨૧-૧૨-૧૨**

રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતેના સંમેલનની ૭૫૦ આમંત્રણ પત્રિકા આજરોજ કુરિયરથી મોકલી આપવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૨**

પાલડી ખાતેના ૫૭૪ ચો.વારના બંગલાના માલિક શ્રી દેવાંગ ઠક્કરને આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કાંતિલાલભાઈ સાવલા મળેલ હતા. તેમના મકાનમાં જે કંઈ બાંધકામ કરવામાં આવે તેની એફ.એસ.આઈ. પૂરેપૂરી બાંધી શકાશે નહીં તેની વિગતો જાણી. નિર્ણય લેવાનું બાકી રહેલ છે. ■

## ઊડતી નજરે....

**નવેમ્બર-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>કે જેમાંથી – | **૭,૧૧૧** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૩૧૬** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૫૪** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન .......... **૧૪** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૬૦૬** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૨૧** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૨૨૨** | |
| | (છ) | અન્ય .......... **૫,૮૭૮** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૨૦૪**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ ... **૭,૪૦૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .......... **૬૯૯**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૧૧૩** | **૧૨,૪૧૬** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૯૯૧**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૬૮૪** | **૩,૬૭૫** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૬૫૮** | **૬૫૮** |
| | | નવેમ્બર - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૩,૮૬૦** |